


સંતશ્રી ઓધવરામજી મહારાજ



સંતશ્રી ઓધવરામજી મહારાજ



પ. પૂ. ગુરૂવર્ય શ્રી ઓધવરામજી મહારાજ



સમાધિ : ઈશ્વર નગર, વાંઢાય - કચ્છ
જન્મ : ચૈત્ર શુક્લ પક્ષ ૯ (રામનવમી) સવંત ૧૯૪૫
દેહોત્સર્ગ : પોષ સુદ ૧૨ રવિવાર, મકર સક્રાંતિ, સં. ૨૦૧૩ / ૧૩.૧.૫૭



શ્રી કડછી આશ્રમ

પ. પૂ. સંત શ્રી વાલરામજી મહારાજ



સમાધિ : સમાધિ મંદિર, વાંઢાય - કચ્છ


જન્મ : ચૈત્ર શુક્લ પક્ષ ૪, શુક્રવાર, સવંત ૧૯૮૩, તા. ૧૬.૪.૨૬

દેહોત્સર્ગ : જેઠ વદ ૧૧ (અગિયારસ), મંગળવાર, તા. ૧૬.૬.૯૩




શ્રી શિવ મંદિર
શ્રી કચ્છી આશ્રમ, હરિદ્વાર

પ. પૂ. હરિદાસજી મહારાજ ગુરૂશ્રી વાલરામજી મહારાજ




અધ્યક્ષ : શ્રી કચ્છી લાલરામેશ્વર આશ્રમ - હરિદ્વાર
શ્રી રામ મંદિર - શ્રી સમાધિ મંદિર
વાંઢાય - તિર્થધામ (કચ્છ)





શ્રી કૃષ્ણ મંદિર
શ્રી કચ્છી આશ્રમ, હરિદ્વાર


કૈલાશ દર્શન - હિમાલય

સંત શ્રી ઓધવરામજી મહારાજ

※

: પ્રકાશક :

શ્રી કચ્છી લાલરામેશ્વર આશ્રમ તથા અન્નક્ષેત્ર ટ્રસ્ટ
સપ્ત સરોવર, હરિદ્વાર, ઉત્તરાંચલ - ૨૪૯૪૧૦

※

: પ્રસ્તાવના :

શ્રી ભવાનજી અ. ખીમજી (M.P.)

પ્રથમ આવૃત્તિ	પ્રત ૧૫૦૦	વર્ષ ૧૯૫૯
દ્વિતીય આવૃત્તિ	પ્રત ૨૦૦૦	વર્ષ ૧૯૭૦
તૃતીય આવૃત્તિ	પ્રત ૧૦૦૦	વર્ષ ૨૦૦૫
ચતુર્થ આવૃત્તિ	પ્રત ૨૦૦૦	વર્ષ ૨૦૦૬

: પુસ્તક પ્રાપ્તિ સ્થાન :

શ્રી કચ્છી આશ્રમ - હરિદ્વાર
શ્રી વાલરામજી મહારાજ સમાધી મંદિર - વાંઢાય
શ્રી વાલરામ તીર્થધામ ચેરીટેબલ ટ્રસ્ટ - મૂરચબાણ

કિંમત : અમૂલ્ય

: મુદ્રક :

ઓધવ ગ્રાફીક્સ
૪/દાવડે ચાલ, ૯૦ ફીટ રોડ, ન્યુ પંત નગર, ઘાટકોપર (ઈ), મુંબઈ - ૭૫.
ફોન : ૨૫૦૬ ૬૦૯૦ / ૩૨૯૩ ૬૧૬૩ / ૯૮૬૯૦ ૮૦૩૪૫

: અનુક્રમણીકા :

" શ્રી સદગુરુ સ્તુતિ"

શ્રી ગુરૂદેવ ઓધવરામ, તમને વારંવાર પ્રણામ,
તમને વારંવાર પ્રણામ, પ્રભુ છો અંતરના આરામ ...ટેક

પાવન નામ પવિત્ર તમારું,
ઉર અજ્ઞાન તિમિર હરનારું,
એકજ ઠરવાનું છે ઠામ, તમને વારંવાર પ્રણામ - ૧

સદગુરુ અદભુત શક્તિ તમારી,
નિજ મહિમા કેરી બલીહારી,
કીધા પરોપકારી કામ, તમને વારંવાર પ્રણામ - ૨

ઘટ ઘટ જ્યોત તમારી ઝળકે,
તેજ તમારું સઘળે છલકે,
ગુરૂ છો સ્વયં જ્યોતિ સુખધામ, તમને વારંવાર પ્રણામ - ૩

છે એક અચલની અરજી,
શ્રી ગુરૂ પછી તમારી મરજી,
આપો દરશન પૂરણ કામ, તમને વારંવાર પ્રણામ - ૪

શ્રી કચ્છી લાલરામેશ્વર આશ્રમ
સપ્ત સરોવર, હરિદ્વાર, ઉત્તરાંચલ

પ્રસ્તાવના

મહારાજ શ્રી ઓધવરામજી સ્મારક સમિતિ તરફથી પ્રસિદ્ધ થતાં સંત ઓધવરામજીના જીવનને લગતા આ પુસ્તક માટે બે બોલ લખવાનું મેં સ્વીકાર્યું ત્યારે મને સહેજ સંકોચ થયો હતો. સાધુ સમાજ, તેની કામગીરી, તેની સામાજીક ઉપયોગિતા વગેરે વિષયો, મારા સામાન્ય કાર્યક્ષેત્ર બહારના છે પરંતુ ભાઈશ્રી પ્રેમજી ભવાનજી ઠક્કર દ્વારા ઓધવરામજીનો મને પરિચય થયેલો અને કચ્છની ઝડપથી પલટાતી પરિસ્થિતિ વચ્ચે ઓધવરામજી જે રીતે પોતાનું કાર્ય આગળ ધપાવી રહ્યા હતાં અને જે રીતે સંજોગો સાથે સુમેળ સાધીને પોતાના કાર્યની સામાજિક ઉપયોગીતા વધારી રહ્યાં હતાં. તેની મારા ઉપર સારી છાપ પડી હતી. એટલે આ વિષય ઉપર કાંઈ લખવાનો અધિકાર ન હોવાં છતાં ઓધવરામજીના કાર્યને મેં જે દ્રષ્ટિએ જોયું તેની ઓછી રૂપરેખા આપવાનો મેં અહીં પ્રયત્ન કર્યો છે.

આઝાદી પછી આપણા દેશમાં જે નવરચના થઈ રહી છે તેમાં સાધુ સંસ્થા અને વ્યક્તિગત સાધુ મહારાજો ધારે તો ખૂબ ઉપયોગી અને પ્રેરક કાર્ય કરી શકે તેમ છે. સાધુઓ પણ સમાજનાં એક અંગ છે. પ્રજાની ધર્મભાવનાના કારણે વિશાળ અનુયાયી સમુદાય તેમને અનુસરતો હોય છે. ખાસ કરીને ગ્રામ-જનતાના મન ઉપર તેઓ ઉંડી અસર પાડતા હોય છે. તેથી સાધુઓ પણ જૂની પરંપરાને બદલે, નવા યુગના પ્રવાહો ઝીલીને સામાજિક ઉત્કર્ષમાં

ફાળો આપવાનો નિરધાર કરે તો નવરચનાના કાર્યની આડે આવતા કેટલાક માનસિક અવરોધો સહેલાઈથી દૂર કરી શકાય અને શ્રધ્ધાળુ પ્રજાને સામાજિક ફરજો અદા કરવાની પ્રેરણા પ્રાપ્ત થાય.

સંત ઓધવરામજીનું જીવન વર્તમાન યુગમાં એક અનોખો આદર્શ રજુ કરે છે. આજના પલટાતા યુગ-પ્રવાહોને ઝીલીને, સનાતન ધર્મ અને સામાજીક સેવાનો પ્રવૃત્તિશીલ સુમેળ કેવી સુંદર રીતે સાધી શકાય તેનું જ્વલંત ઉદાહરણ સંત ઓધવરામજીના જીવનમાંથી પ્રાપ્ત થાય છે. વિકાસ અને પરિવર્તનની પ્રક્રિયાઓ તળે સમાજના મૂલ્યો બદલાતા હોય, સેવાનું ક્ષેત્ર વિસ્તાર પામતું હોય, રાજકારણના તખ્તા ઉપર અવનવા રંગો પથરાતા હોય એ બધા ઝંઝાવાતની વચ્ચે, સમતોલપણે પોતાનો ધર્મ અને પોતાની ફરજ વિચારીને, યુગબળો સાથે તેનો સમન્વય કર્યાની કામગીરી પાર પાડવી એ એક મહાન સિદ્ધિ ગણાય. તેમની આ સાધના અને સિદ્ધિ ધાર્મિક ક્ષેત્રે જેટલાં ઉન્નત હતાં તેટલાં જ બલકે તેથીયે વધુ, સામાજિક સેવાના ક્ષેત્રે કામયાબ નીવડ્યાં. સંત ઓધવરામજીની સાચી મહત્તા આમાં જ રહેતી હતી.

કચ્છના આ સાધુ પુરુષનો જન્મ જખૌમાં સંવત ૧૯૪૫ના રામનવમી પવિત્ર દિને, ખેતીના વ્યવસાયવાળા ભાનુશાલી કુટુંબમાં થયો હતો. તેમના પિતા હેમરાજ અને માતા ચાગબાઈ અત્યંત ધર્મપરાયણ હતાં. ધર્મ ભાવના અને ભજનોની ધૂન-આ રીતે ઓધવરામજીના જીવનમાં જન્મથી જ વણાયેલાં હતાં. એમની બાલ્યાવસ્થા વડિલોના આવા ધાર્મિક સંસ્કારોની અસર તળે પસાર થઈ અને દિનપ્રતિદિન વિકાસ પામતી રહી. ગામડામાં પ્રાપ્ત થઈ શકે એટલું શિક્ષણ અને પિતાના ખેતીના ધંધાની તાલીમ લેવા સાથે સાથે, ઓધવરામજીએ સારા ભજનિક અને કથાકારની કુશળતા પણ પ્રાપ્ત કરી.

પિતાના અવસાન બાદ કુટુંબનો બોજો પોતાના માથે આવ્યો અને

તેમણે એ ઉપાડ્યો પણ ખરો. પરંતુ એમનું ચિત્ત તો ધર્મ-ભક્તિના રંગે વધુ ને વધુ રંગાતું ગયું. સંવત ૧૯૫૯માં તેઓ મુંબઈ ગયા. ત્યાં હરિશ્ચંદ્રની કથા દ્વારા તેમણે પોતાનું અંતર ખોલવા માંડયું; છતાં એમના આત્માને ક્યાંય ચેન પડતું ન હોતું. મન વૈરાગ્ય તરફ ઢળતું હતું. મુંબઈ છોડીને વતન પાછા ફર્યા બાદ મંજલમાં સાધુ પૂર્ણરામજીનું સાન્નિધ્ય મેળવ્યું. મુંબઈ-કચ્છના પર્યટનો અને એ અરસામાંની વિવિધ ભજનિક પ્રવૃતિઓ પણ તેમના આત્માને, શાંતિ આપી શક્યાં નહીં, તેથી તેમણે સારાય કચ્છમાં પરિભ્રમણ-પદયાત્રાનો આરંભ કર્યો.

આ રીતે ફરતાં ફરતાં વાંઢાયમાં સંત ઈશ્વરરામજીના આશ્રમે તેઓ આવી પહોંચ્યા. ત્યાં સંત લાલરામજી આશ્રમનો વ્યવહાર સંભાળતા હતા. ઓધવરામજીને આ સ્થળ ગમ્યું. અને લાલરામજી પ્રત્યે હૃદયમાં પૂજ્યભાવ પ્રગટ્યો. સંવત ૧૯૭૧માં સંત લાલરામજીનો દેહવિલય થતાં, આશ્રમનાં સંચાલનનો ભાર ઓધવરામજી ઉપર આવ્યો તેમણે પોતાના ગુરૂના માર્ગે ચાલીને શ્રધ્ધાપૂર્વક આશ્રમનું સંચાલન કર્યું. તેઓ આ સમય દરમિયાન આત્માના કલ્યાણના માર્ગે પ્રવૃત્ત થયા અને કથાકાર-ભજનિકની કક્ષામાંથી નીકળીને સાધક બન્યા. ધ્યાન, ચિંતન, મનન વગેરે માર્ગોદ્વારા તેમણે આત્મતત્વની ઉપાસના શરૂ કરી અને વર્ષો સુધી તે ચાલુ રહી.

આ બધા સમય દરમિયાન ઓધવરામજીને લાગ્યું કે ધર્મના સુપ્રચાર માટે શિક્ષણ આવશ્યક સાધન છે, તેથી તેમણે વાંઢાયના આશ્રમમાં ગુરૂકુળ સ્થાપવાનું નક્કી કર્યું. સંવત ૧૯૯૨ના અક્ષય તૃતીયાના શુભ દિને ગુરૂકુળના મકાનનું ખાતમુહૂર્ત તેમણે કર્યું.

આ બધા સમય દરમિયાન ઓધવરામજીની સાધુ તરીકેની ખ્યાતિ પ્રસરી રહી હતી. પરંતુ આ સાધુ કાંઈક જુદી જ કક્ષાનો હતો. સનાતન ધર્મનાં નિશ્ચિત વર્તુળોમાં એનું કોઈકની ઉશ્કેરણીથી આ સાધુની નિર્દોષ પ્રવૃત્તિ પણ

કાંઈક ભયભરેલી જણાઈ. આથી કચ્છના રાજ્યે એમના આશ્રમને સીલ કરી દેવાનો હુકમ છોડ્યો.

રાજ્યસત્તાના આવા આકરા પ્રહાર સામે પણ સાધુ ઓધવરામજી એક સાચા સાધુને છાજે તેવી જ રીતે વર્તન કર્યું. સત્ય અને અહિંસાનો સિધ્ધાંત તેમણે આ પ્રસંગે આચરણમાં મૂકી બતાવ્યો. એમના આવા ઉંચી કોટીના વ્યક્તિત્વનો પરિચય થતાં, રાજ્યના કર્મચારીઓએ પણ કહ્યું કે આશ્રમ સામે આક્રમણ કરવામાં રાજ્ય ભૂલ કરે છે; તેથી તેમણે આશ્રમની પ્રવૃત્તિઓ અંગેની સાચી હકીકત મહારાવશ્રી સમક્ષ રજુ કરી. પરિણામે રાજ્યોનો હુકમ પાછો ખેંચાયો, આશ્રમ ઉપરનાં સીલ દૂર થયાં અને ગુરૂકુળનાં મકાનનું બાંધકામ આગળ ચાલ્યું. સાધુ ઓધવરામજીના તપોબળે મહારાવશ્રીનો હૃદયપલટો કરાવ્યાનો આ પ્રસંગ એક ચમત્કારીક ઘટના ગણાય તેવો છે. છતાંય એવા પ્રકારની નામના મેળવવાના મોહથી ઓધવરામજી તદન દૂર જ રહ્યા હતાં. એ કારણે આવા ઐતિહાસિક પ્રસંગને તેમણે જીવનની એક સામાન્ય ઘટના તરીકે જ સ્વીકારીને પોતાનું કાર્ય આગળ ચલાવ્યે રાખ્યું. સંવત ૧૯૯૩ના વર્ષમાં વસંતપંચમીના દિને આ મકાનનું બાંધકામ પુરૂં થતાં, ગુરૂકુળનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું; ત્યારથી આશ્રમનો સ્વદેશીય વિકાસ થતો રહ્યો.

ઓધવરામજીની રાહબરી તળે ગુરૂકુળ તો ફાલ્યું ફૂલ્યું એ ઉપરાંત અંધશાળા, નિવાસગૃહ, પરિવારગૃહ, ભોજનશાળા, દવાખાનું, વ્યાયામશાળા, અતિથિગૃહ, વગેરે...વગેરે વિભાગો આશ્રમમાં એક પછી એક ઉમેરાતા ગયા અને એ આશ્રમનું એક જીવંત, પ્રાણવાન સંસ્થામાં પરિવર્તન થયું.

આ અરસામાં જ દેશમાં આઝાદીનાં મંગળાચરણ થયાં હતાં, અને દેશી રિયાસતોનું વિલીનિકરણ શરુ થયું હતું. આઝાદી અને આબાદીની આ નવી હવા કચ્છને પણ સ્પર્શી ચૂકી હતી અને ઓધવરામજીની કામગીરી ઉપર નવયુગનો પ્રકાશ પથરાઈ રહ્યો હતો. એમની ધર્મભાવનાનું ક્ષેત્ર દિનપ્રતિદિન

વિશાળ થયું હતું અને માનવસેવા એ પણ એક પરમ ધર્મ છે એ ભાવનાને તેઓ મૂર્તિમંત કરવા લાગ્યા હતાં. આત્મકલ્યાણના ક્ષેત્રે તેઓ સાધકમાંથી જેમ જેમ વધુ ઉચ્ચ સિદ્ધની કક્ષાએ પહોંચતા ગયા તેમતેમ સનાતન ધર્મ, માનવધર્મ અને રાષ્ટ્રધર્મ વચ્ચેના ભેદ ભૂંસાવા લાગ્યા અને તેઓ પરમ સાધુની સાથે સાથે પરમ માનવ-સેવક બની રહ્યાં.

એમની આ સેવાવૃત્તિનું જ્વલંત દ્રષ્ટાંત સંવત ૧૯૯૬ના દુષ્કાળમાં જોવા મળ્યું. કચ્છની જનતા અને કચ્છના પશુધન ઉપર આવી પડેલી આ ભયંકર કુદરતી આફતથી ઓધવરામજીનું દિલ દ્રવી ઉઠ્યું. આત્માના કલ્યાણ માટેની સાધના બાજુ ઉપર મૂકીને તેમણે દીન-દુઃખીઓની, મુંગા પશુઓની સેવા-સાધના શરૂ કરી. પહેલું માનવસેવા, ગૌસેવાનું કર્તવ્ય, પછી આત્મકલ્યાણ એ સૂત્ર એમણે સ્વીકાર્યું. ઓધવરામજીએ એ રીતે દુષ્કાળ નિવારણ માટે પોતાનાથી શક્ય તેટલી સહાય કરીને સાચા સાધુ પુરુષ તરીકેની પોતાની પ્રતિષ્ઠાને ઉજ્જવળ બનાવી.

દુષ્કાળ રાહતનું કાર્ય સમેટાઈ જતાં, પાછો તેમણે આત્મકલ્યાણનો દોર પકડી લીધો અને એ માટે બદ્રીનાથની જાત્રાએ પણ જઈ આવ્યા.

પરંતુ સંત ઓધવરામજીના આત્માનું સાચું તેજ સંવત ૨૦૦૨ના વર્ષમાં ઝળહળી ઉઠ્યું. એ વર્ષ રવિશંકર મહારાજનું કચ્છમાં આગમન થયું. તેઓ અસ્પૃશ્યતા નિવારણ માટે ઉપદેશ કરતા તેની ઓધવરામજીના મન ઉપર ઉંડી અસર થઈ. આભડછેટ એ અધર્મ છે, ઈશ્વરના સંતાન સૌ સરખાં એ સત્ય ઓધવરામજીએ સ્વીકાર્યું અને ઈશ્વર આશ્રમ, ઈશ્વર સરોવર અને આશ્રમ સાથેની બધી જ સંસ્થાઓ હરિજનો માટે ખુલ્લી મૂકવાનો તેમણે નિર્ણય કર્યો. ધર્મચૂસ્ત-રૂઢીચૂસ્ત જનતા માટે આ નિર્ણય જેટલો આશ્ચર્યજનક હતો તેટલો જ અણધાર્યો હતો. એ નિર્ણય સામે રૂઢીચૂસ્ત અનુયાયીઓમાં વિરોધ જાગ્યો, પરંતુ સંત ઓધવરામજીના આત્માએ જે હકીકતનો સ્વીકાર કર્યો હોય

તેને ખુલ્લા દીલે વ્યવહારમાં મૂકવા જેટલું નિશ્ચયબળ તેમણે દાખવ્યું, અને સંવત ૨૦૦૨નો રામનવમીનો વાર્ષિક ઉત્સવ અસ્પૃશ્યતા નિવારણ કરીને તેમણે ઉજવ્યો આ રીતે નૂતન યુગના પ્રવાહોને ઝીલીને સામાજિક પ્રગતિમાં સક્રિય ફાળો આપનારા ધાર્મિક અગ્રગણીઓમાં સંત ઓધવરામજીનું નામ મોખરે રહેશે.

ઓધવરામજીએ એમના આશ્રમ, તેની સાથેની સંસ્થાઓની પ્રવૃત્તિઓને પણ નૂતન યુગને અનુરૂપ થાય એ રીતે વિકસાવી છે. ખેતીવાડી, આરોગ્ય, ખાદી-ગ્રામોદ્યોગ, વર્ધા તાલીમ યોજનાનો અમલ વગેરે પ્રવૃત્તિઓ તેમણે આશ્રમમાં શરૂ કરી હતી. ખેતીવાડીના વિકાસ માટે વાંઢ્યની આજુબાજુના પ્રદેશમાં તેમણે સક્રિય માર્ગદર્શન આપ્યું હતું. આશ્રમની ૪૦ એકર જમીનમાં ત્રણ કૂવા ઉપર પંપ-મશીનો ગોઠવીને ખેતી સુધારણાનો પ્રત્યક્ષ પ્રયોગ તેમણે કચ્છમાં કરી બતાવ્યો; એટલું જ નહીં પણ વિદ્યાર્થીઓને શ્રમદાનનો મહિમા શીખવીને, નૂતન ભારતના ઘડતરમાં ફાળો આપે એવા નાગરિકો તૈયાર કરવાનું કાર્ય પણ તેમણે હાથ ધર્યું હતું.

કચ્છ''ક'' વર્ગનું રાજ્ય થયું ત્યારે ઈશ્વર આશ્રમ સાથે સંકળાએલી બધી સંસ્થાઓ સરકારને સોંપવામાં આવી. સામાન્ય રીતે આવા સંજોગોમાં સંસ્થાને જન્મ આપીને તેનું પોષણ કરનાર માનવી તેની નજીકજ રહેવાનો મોહ છોડી શકતો નથી, પરંતુ ઓધવરામજી એવી કોઈ લાલસાને વશ થયા નહીં. અને આત્મકલ્યાણની સાધના અર્થે હરિદ્વાર પહોંચ્યા. પરંતુ ત્યાં પણ એમનો સેવાભાવી આત્મા, આત્મકલ્યાણની સાથે સાથે સેવાના ક્ષેત્રમાં વિચરવા લાગ્યો. ત્યાં તેમણે સપ્ત સરોવર વિસ્તારમાં કચ્છી લાલરામેશ્વર આશ્રમની સ્થાપના કરી. મહાત્મા ગાંધીજીની વિચારસરણીને અનુરૂપ એવી આ આશ્રમની નિયમાવલી રાખવામાં આવી. જેઓ દુન્યવી મિલ્કતનો ત્યાગ કરીને આવે તેમને જ આશ્રમમાં રહેવાનો હક્ક પ્રાપ્ત થાય. એ રીતે મહાત્માજીના સેવાગ્રામના આશ્રમનાં ધોરણે આ આશ્રમને સ્વાવલંબી

બનાવવાનું ધ્યેય એમણે આશ્રમમાં મૂક્યું હતું. આમ નિવૃતિ વચ્ચે પણ પ્રવૃતિ ચાલુ રાખીને સાધુ જીવન અંગેના વર્તમાન યુગને અનુરૂપ થાય એવો એક સુંદર આદર્શ સંત ઓધવરામજીએ પૂરો પાડ્યો.

ધર્મપ્રેમ, કેળવણી પ્રેમ, માનવ પ્રેમ, રાષ્ટ્ર પ્રેમ એમ ઉત્તરોત્તર વિસ્તાર પામતાં ક્ષેત્રમાં વિચરતાં સંત ઓધવરામજી અંતે તો સર્વ દૂન્યવી સાધનોનો ત્યાગ કરીને નિસ્પૃહ તપસ્વી બની હરિદ્વારમાં જ વિદેહી જેવું જીવન જીવતા હતાં. એ બધાનો વિચાર કરીએ છીએ ત્યારે, એમના હૃદયની વિશાળતા અને આત્માની નિર્મળતાનાં દર્શન થાય છે. અસ્પૃશ્યતાના નિવારણના કાર્યમાં તેમણે સક્રિય સાથ આપવાથી ક્ષણભર માટે તેમનો વિરોધ કરનાર જનસમુદાય ખરેખર તો તેમના પ્રત્યે કેટલી ઊંડી ચાહના ધરાવતો હતો તેનો પૂરાવો તેમના પાનમૂર્તિ પ્રતિષ્ઠા સમારંભ પ્રસંગે પ્રાપ્ત થયો. સંત ઓધવરામજી પાનમૂર્તિ પ્રતિષ્ઠા સમારંભમાં વાંઢાયમાં તા. ૭.૪.૧૯૫૭ના ઉજવાયોએ પ્રસંગે પચાસ હજાર ઉપરાંત કચ્છી જનસમુદાયે એમને અંતિમ અજલી આપી હતી. સનાતન ધર્મ, રાષ્ટ્ર ધર્મ અને માનવ ધર્મ વચ્ચે સુયોગ-સુમેળ સાધવો મુશ્કેલ નથી. એવો સુમેળ સ્થપાય તો જનતા તેને હંમેશા આવકારે છે એ સત્ય સંત ઓધવરામજીના જીવનમાં અને તેમના દેહ વિલય પછી પણ અચૂકપણે પુરવાર થયું.

એક માનવ વ્યક્તિ આથી વિશેષ કઈ સિદ્ધિ પ્રાપ્ત કરી શકે?

ભવાનજી અરજણ ખીમજી
તા. ૩૧.૫.૧૯૫૯

ઉપોદ્‌ઘાત

परोपकाराय शतां विभूतय

સંત પુરૂષો પોતાનું જીવન નિરંતર પરોપકારનાં કાર્યોમાં જ વીતાવે છે. પૂજ્ય સાધુ શ્રી ઓધવરામજી એક સાધુ પુરૂષ, પવિત્ર પુરૂષ, સંત પુરૂષ હતાં. જે કોઈ એમના પરિચયમાં આવ્યા છે તે સૌ જાણે છે કે એમના જીવનની દરેક પળ સમાજના ભલામાં કે દુઃખી અને દીન વ્યક્તિઓનાં દુઃખો દૂર કરવામાં જ ગઈ છે.

એમનું હૃદય કુમળું હતું. બીજાઓનાં દુઃખ તેઓ સહન કરી શકતા નહિ અને જ્યાં જ્યાં દુઃખ કે કષ્ટ જોતા ત્યાં અંતરની તાલાવેલીથી દૂર કરવા તે હમેશાં તત્પર રહેતા હતાં.

ભારતદેશની એ પ્રણાલી રહી છે કે આ દેશમાં ખૂણે ખૂણે સાધુ સમાજે એવી વ્યક્તિઓ આપી છે કે જેમણે પોતાનું જીવન સમાજમાં, ન્યાય, નીતિ અને ધર્મનાં પ્રચારમાં આપ્યું છે. હજારો વર્ષોથી આપણા દેશની સંસ્કૃતિ આજ દિવસ સુધી ટકી રહી હોય તો તે આવા સાધુ પુરૂષોને જ કારણે છે. કચ્છ પ્રદેશમાં પણ પ્રણાલિકા મુજબ એવા અનેક સંતો પાક્યા છે, જેમણે કચ્છ પ્રદેશનાં જીવનમાં અગત્યનો ભાગ ભજવ્યો છે.

પૂજ્ય ઓધવરામજી પણ એવી વિરલ વ્યક્તિઓ પૈકીના હતાં. ઘણી વખત સાધુ સમાજમાં આપણે એક જાતની જડતા કે રૂક્ષતા જોઈએ છીએ. જે સમુદાય કે મઠમાં સાધુ રહે છે તેમાંથી તે બહાર નીકળી શકતા નથી; પરિણામે પવિત્ર જીવન હોવા છતાં એ વિચારોમાં અને કાર્યોમાં તે તે સમુદાયની મર્યાદા આવી જાય છે. એનું પરિણામ એ આવે છે કે સમાજજીવનના ઉત્કર્ષમાં તેઓનો ફાળો એકાંગી બની જાય છે. પૂજ્ય ઓધવરામજી ધર્મ, સંપ્રદાય કે વાડાથી પર હતા. એક દ્વારામાં એમનું જીવન વિકસેલું હોવા છતાંય તથા પોતે મઠાધીશ હોવા છતાંય તેઓ બધાએથી પર રહી મુક્ત સંગી અને બ્રહ્મનિષ્ઠ બન્યા હતાં. તેમનું જીવન અને વિચારધારા નિરંતર વિકાસશીલ રહ્યું હતું. આજના યુગમાં સમાજને ઉંચે લાવનાર એક સાધુ કેવા હોઈ શકે તેનો આદર્શ પદાર્થપાઠ પોતાના જીવનથી અને કાર્યોથી તેમણે આપ્યો હતો.

મારા સદ્ભાગ્યે છેલ્લા વીસ વર્ષથી હું એમના પરિચયમાં આવ્યો હતો અને એમની સંસ્થાઓમાં એમના સાથી તરીકે મેં કામ પણ કર્યું છે. એમનો ખૂબ નજીક આવેલો હતો તથા એમના જીવનને, અને કાર્યને ઘનિષ્ટતાથી જોવાનો મને ઘણો લાભ મળ્યો છે મેં જે જોયું છે તેનાથી મને હંમેશાં ગર્વ પૂર્વક એ લાગણી રહી છે કે પૂજ્ય મહારાજશ્રીએ કચ્છ જેવા પછાત દેશને જે આપ્યું છે તેની નોંધ ઈતિહાસમાં મૂકવી મુશ્કેલ છે. પ્રસિદ્ધિથી તેઓ દૂર રહેતા. સેવાકાર્ય એ, દિનચર્યા જેમ સરળતાથી તેમનાં જીવનમાં વણાયેલું હતું અને તેઓ જે કંઈ કરતા તેમાં હમેશાં આજ સદ્વૃત્તિ રહ્યા કરતી હતી.

કચ્છ પ્રદેશ વિષે તેમને અંગત મમતા હતી. પ્રદેશની પછાત સ્થિતિ અને તેમાં પણ વસ્તી અણવિકસિત અને પછાત જ્ઞાતિઓ માટે તેઓ કાર્ય કરવામાં મશગુલ રહેતા હતાં.

ધનથી મહારાજશ્રી હમેશાં દૂર રહેવા છતાં યે ધનિકો તેમના પાસે

આકર્ષાઈ જતા હતા અને મહારાજશ્રીના કોઈ પણ પ્રવૃત્તિ માટે હમેશા એમને સાથ અને સહકાર મળ્યા કરતો હતો. પ્રણાલિકા મુજબના કાર્યો જેવાં કે ગરીબોને અન્નવસ્ત્ર આપવાં, એ જાતની પ્રવૃત્તિઓ કરતા, તેમજ આજના યુગધર્મ પ્રમાણે સમાજને ઉંચે લાવવાની જે જે પ્રવૃત્તિઓ છે તે તરફ એમણે વધારે ધ્યાન આપ્યું છે. કચ્છ જેવા પછાત પ્રદેશને કેળવણીની ખૂબ જરૂર છે એમ તેઓ માનતા. કેળવણીમાં પણ, સાચી કેળવણી કચ્છના બાળકોને મળે એ માટે એમની નજર હંમેશા એ દિશા તરફ રહ્યા કરતી. કચ્છમાં સરસ્વતી સદન નામની સંસ્થા ખોલવામાં એમનો મોટો ફાળો હતો અને ત્યાર બાદ બાળકોને ધાર્મિક, નૈતિક અને વ્યવહારિક જીવનની કેળવણી મળે એ માટે ઈશ્વરરામજી ગુરૂકુળની સંસ્થામાં સંરક્ષક સમિતિનાં સભ્ય તરીકે હું જોડાયેલો હોવાથી આ એમની પ્રવૃત્તિ વિષે મારા પર સારી છાપ પડી હતી. ઈશ્વરરામજી ગુરૂકુળનાં બાળકોને તેઓ પોતાનાં બાળકો જ સમજતા. દરેક બાળકના જીવનનાં ઝીણામાં ઝીણા પ્રશ્નોને તેઓ સ્પર્શતા હતાં, અને ગુરૂકુળની વ્યવસ્થામાં ઝીણીમાં ઝીણી બાબત તરફ પણ બારીક લક્ષ આપવાનું કાર્ય ઉપાડી લેતા હતાં. આ કામ માટે બહારની મદદ તથા સાથ સદાય તેમને વણમાંગ્યા મળ્યાજ કરતાં હતાં. એમની એ લાક્ષણિકતા હતી કે જે કંઈ શુભ પ્રવૃત્તિ એમના મગજમાં બેસતી તેનો તરત જ અમલ પણ શરૂ કરી દેતા. અમે તેમના સાથીઓ ઘણી વાર અકળાતા હતા કે મહારાજશ્રી પૂરતી યોજના વિના કે પૂરતી વ્યવસ્થા વિના કે પૂરતી મદદ વિના પ્રવૃત્તિ શરૂ કરી દે છે પણ દરેક વખતે અમે જોયું છે કે શુભ પ્રવૃત્તિ માટે એમની પ્રભુ પ્રત્યેની અતૂટ શ્રદ્ધા હમેશાં ફળતી હતી અને જે જે કામમાં અમે અચકાતા હતા કે નિરાશ થતા હતાં તે તે કામોમાં મહારાજશ્રી દરેક જાતની મદદ મેળવવામાં સફળ થતા હતાં. એવા ઘણાએ પ્રસંગો છે જે પ્રસંગોને શ્રદ્ધાળુ માણસો ચમત્કાર કહી શકે. ઘણી વખતે એમની પાસે પૂરતાં નાણાં ન હોવા છતાં જવાબદારી ઉપાડી લેતા. હવે શું થશે? કેમ થશે? એની વિમાસણ સૌને થતી હતી; પણ તે વખતે જ કોણ જાણે કેવી રીતે મનીઓર્ડરો અને અન્યથા રીતે મદદ મળતી કે જેથી સર્વને આનંદ અને આશ્ચર્ય થતું. તેઓ હંમેશાં કહેતા કે, સારું કામ લાખે તો

તરત જ પ્રભુને નામે શરૂ કરી દ્યો. એની ચિંતા એ જ કરવાનો છે. આપણે વળી કોણ ચિંતા કરનારા? આ એમનું સૂત્ર હતું અને એમનાં જીવન કાર્યો પૂરતું આપણે જોયું છે કે એમનાં કાર્યો માટે પ્રભુએ જ ચિંતા રાખી છે.

કેળવણીની દિશામાં એમનો ફાળો બીજો પણ છે. સરસ્વતી સદનની સંસ્થા ઈશ્વરરામજી ગુરુકુળ, અંધશાળા એમણે શરૂ કરાવી હતી. વાંઢાયમાં ખેતીશાળા પણ એમણે શરૂ કરાવી હતી. આ ઉપરાંત કાંતણ વિભાગ, વણાટ વિભાગ પ્રત્યે એમનો ખૂબ જ પક્ષપાત હતો. કચ્છમાં કેળવણીમાં પછાત કોમો પોતપોતાનાં છાત્રાલયો શરૂ કરે એ પ્રવૃતિ પણ એમણે ઉપાડી હતી. એમના પ્રયત્નોથી જ પાટીદાર ભાઈઓએ છાત્રાલયનું કામ ઉત્સાહ ભેર ઉપાડી લીધું હતું અને નખત્રાણામાં આજે આપણે એક સરસ છાત્રાલય જોઈ શકીએ છીએ તે પૂજ્ય મહારાજશ્રીની પ્રેરણાનું જ પરિણામ છે. તેવી જ રીતે ભાનુશાલી ભાઈઓને પણ તેમણે પ્રેરણા આપી હતી અને આજે એ જ્ઞાતિ માટે બે છાત્રાલયો અસ્તિત્વમાં આવ્યા છે તે પણ મહારાજશ્રીની જ પ્રેરણાનું પરિણામ છે. કચ્છની આહિર કોમ માટે એવું છાત્રાલય શરૂ કરવા માટે મહારાજશ્રીની ખૂબ ઈચ્છા હતી. એ જ્ઞાતિના ઘણા ભાઈઓ એ બાબતમાં પ્રયત્નો કરવા મહારાજશ્રીને વચન પણ આપેલ.

સમાજને ઉપયોગી એવી શિક્ષણની સંસ્થાઓ શરૂ કરવામાં અને સાથે સાથે શુદ્ધ જ્ઞાન પ્રચારમાં પણ મહારાજશ્રીને ખૂબ જ રસ હતો. જે કોઈ વ્યક્તિ જ્ઞાન સંપાદન અર્થે એમની પાસે જતી તે વ્યક્તિને સમય કાઢીને પણ તેઓ શીખવતા અને પોતાના આશ્રમમાં ઘણી વ્યક્તિઓને તેમણે સંસ્કૃત ભાષા શીખવી છે એટલું જ નહિ પણ ધર્મશાસ્ત્રનાં પઠનપાઠનમાં પણ તેમણે અંગત મદદ કરી છે. તેમને સંસ્કૃત ભાષાનું સારું જ્ઞાન હતું અને ધર્મશાસ્ત્રોનો ઉંડો અભ્યાસ હતો. પોતે જ્ઞાની હોવા છતાં દરરોજ શાસ્ત્રાભ્યાસમાં જ સમય વીતાવતા અને જ્યારે જ્ઞાનચર્ચા થતી ત્યારે ઉત્સાહભેર તેમાં ભાગ લેતા હતાં. નીરંતર દરરોજ જ્ઞાન મેળવ્યા કરવું, નવા નવા વિચારો સમજવા અને

અપનાવવા અને પોતાના જીવનનો વિકાસ વધતો રહે એ એમની દ્રષ્ટિ હતી. એમની એ ખાસ હથરોટી હતી કે સાદામાં સાદા ગામડીયા સાથે જેટલી સરળતાથી વાતો કરી શકતા તેટલી જ સરળતાથી ઉચ્ચ કેળવાયેલા પુરૂષો સાથે પણ ચર્ચા કરતા.

એમનાં જીવનમાં મને જે વધારે ગમ્યું એ તત્વ એ છે કે મહારાજશ્રી પૂરેપૂરા રાષ્ટ્રવાદી હતા. ભારત દેશ જ્યારે પરતંત્ર હતો તે વાત એમને સાલ્યા કરતી ગાંધીજીના મહારાજશ્રી ભક્ત હતાં. ગાંધીજીની ઘણી વાતો તેમણે પોતાનાં જીવનમાં અપનાવી હતી. તેઓ હંમેશા રેંટીઓ કાંતતા, ખાદી સિવાય અન્ય વસ્ત્ર પરિધાન કરતા નહિ. હરિજનો માટે તેમણે અંગત મમતા કેળવી હતી. જે જમાનામાં હરિજનને સ્પર્શવાની વાત કરવી એ મઠાધીશ માટે ભયંકર વસ્તુ ગણાતી તે જમાનામાં પણ હિંમતથી તેમણે હરિજનોને પોતાના દ્વારામાં દાખલ કર્યા હતા તેમ જ ઈશ્વરરામજી ગુરૂકુળમાં હરિજન વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યો હતો. આ કાર્યો માટે મહારાજશ્રીની ઘણી નિંદા થઈ હતી. પણ તેની દરકાર મહારાજશ્રીએ રાખી નહી. છેવટ સુધી ગાંધી વિચારસરણીનો એક નમુનેદાર ભક્ત તેઓ રહ્યાં હતાં.

રાષ્ટ્રવાદની પ્રવૃત્તિને મહારાજશ્રીએ હંમેશા હુંફ આપી છે. ભારત દેશની સ્વતંત્રતાની ચળવળ પ્રત્યે હંમેશા તેમની મીઠી નજર હતી. મારા જેવા રાજકારણના કાર્યકર્તાને પણ મહારાજશ્રીની પ્રેરણા અને હુંફ મળતી. સ્વતંત્રતા મેળવ્યા બાદ રાજકારણની પ્રવૃતિથી મહારાજશ્રી હંમેશા દૂર રહેતા હતા તે છતાંએ જ્યાં જ્યાં ગાંધીજીની કે કોંગ્રેસ સંસ્થાની નિંદા થતી-મહારાજશ્રીને સાંભળવા મળતી ત્યારે તેઓ દુઃખી થતા અને ઘણી વખત સ્પષ્ટ વક્તા તરીકે નિંદા કરનારને સંભળાવી દેતા હતાં. મને એક પ્રસંગ યાદ આવે છે કે, એક સભામાં કોઈ એક વ્યક્તિએ સહેજ નિંદાત્મક ભાષણ કર્યું. મહારાજશ્રી તે સભામાં બોલવાનાં પણ નહિ હતા તે છતાં પોતે ઉભાં થઈ બોધદાયક રીતે એવો તો સરસ જવાબ આપ્યો કે શ્રોતાઓના મન તેમણે પીગળાવી નાખ્યા

 હતાં. મહારાજશ્રીનું માનવું હતું કે આજના યુગમાં સાધુ પુરુષોએ બહાર આવી જ્યાં જ્યાં સારી પ્રવૃત્તિઓ થતી હોય ત્યાં ત્યાં તે પ્રવૃત્તિઓને ટકાવવી તથા તે પ્રવૃત્તિ વિરૂદ્ધા થતા હુમલાથી તે પ્રવૃત્તિને બચાવવી.

મહારાજશ્રીનું જીવન, તેઓ મુક્ત સંગી અને નિર્લેપ જીવન જીવતા હોવા છતાંય અનેક પાસાઓથી ભરપુર હતું.

રાષ્ટ્રવાદ પ્રત્યે પ્રીતિ, દાર્મિક જ્ઞાન પ્રચાર, સમાજના દરેક ક્ષેત્રમાં નીતિ અને ધર્મનું અવલંબન થાય એ તરફની પ્રવૃત્તિ ઉપરાંતમાં પણ ગ્રામોદ્યોગો, હરિજન ઉદ્ધાર, બાળકોનો વિકાસ, ખેતી સુધારણા, ગ્રામ સંગઠન, સ્ત્રી વિકાસ પ્રવૃત્તિ, ગૃહ સંરક્ષણ, જ્ઞાતિ સુધારણા, પંચાયત પ્રવૃત્તિ આવી અનેક પ્રવૃત્તિઓમાં મહારાજશ્રી રસ લેતા અને પોતાની પ્રેરણા તેતે પ્રવૃત્તિઓને આપતાં. મહારાજશ્રીના જીવનમાં ખૂબ સાદાઈ અને નમ્રતા તેમણે કેળવી હતી છતાં એ જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે સ્પષ્ટ વક્તા પણ બની જતાં. કચ્છ પ્રદેશમાં લોકોનો આદર તેમના પ્રત્યે એટલો બધો હતો કે મહારાજનું પડેલું વચન ઉપાડી લેવામાં સૌ કોઈ ગર્વ અનુભવતા.

આજે પણ અંગત પરિચયમાં આવેલા મહારાજશ્રીના એટલા બધા ભક્તો છે કે તેઓને મહારાજશ્રીની ખોટ સાલ્યા જ કરે છે.

જે કંઈ વિચારવું કે બોલવું તે કરી બતાવવું એ ખ્યાલ એમણે હમેશાં રાખ્યો હતો. બીજાઓને ઉપદેશ કરતી વખતે પોતાના જીવનમાં એમાનું પાલન પૂરેપૂરું કરવું જરૂરી છે અને પોતાનાં જીવનમાં ઉતારેલા ગુણો એ જ સાચામાં સાચો જ્ઞાનપ્રચાર છે એ એમના વિચારો હતા. એને માટે જે કંઈ તપશ્ચર્યા કરવી પડે એટલી તપશ્ચર્યા પૂરી કરતાં. મને એક પ્રસંગ યાદ આવે છે. ગુરુકુળ સંસ્થા પાસે કેટલાંક ખેતરો હતાં. સંસ્થા દ્વારા ચાલતી આ ખેતીમાં નુકસાન આવતું હતું એટલે સંસ્થાએ આ ખેતી-પ્રવૃત્તિ બંધ કરવી જ જોઈએ એવો

સંરક્ષક સમિતિએ નિર્ણય લઈ લીધો. મહારાજશ્રીને એ વાત ગમી ન હતી અને તરતજ તેઓએ બધી ખેતી તેમણે ચલાવી અને ખેતીમાં નુકસાન જતું નથી, એવું સિદ્ધા કરી બતાવ્યું. ખેતીની જવાબદારી એમણે સંભાળી લીધી ત્યારે એક મજૂર તરીકે મહારાજશ્રી કામ કરતા હતા એ, જોનારને એ અનેરૂં દ્રષ્ય લાગતું.

મહારાજશ્રીનાં છેલ્લાં વર્ષો આધ્યાત્મિકતાની ઉચ્ચ કક્ષાનાં હતાં. મહારાજશ્રીએ બ્રહ્મદશા પ્રાપ્ત કરી હતી કે કેમ તેનો નિર્ણય તો એ વિષયમાં સમજનાર ભાઈઓ આપી શકે. પણ છેલ્લાં દિવસોમાં મહારાજશ્રીએ અંગત વાતોમાં મને એમ કહ્યાનું યાદ આવે છે કે, ''પ્રેમજીભાઈ, હવે તો હું મારા ભગવાનની પાસે જઈ રહ્યો છું. આ શરીરે ઘણું કામ કર્યું. હવે જે થોડો વખત છે તે વખતનો ઉપયોગ તો બ્રહ્મદર્શનમાં જ ગાળવો એવું મન થયા કરે છે.'' છેલ્લાં બે વર્ષો તેમણે હરિદ્વારમાં ગંગાકિનારે સપ્તર્ષિ આશ્રમની બાજુમાં પોતાનો **કચ્છી લાલરામેશ્વર** આશ્રમ બનાવી તેમાં ગાળ્યો હતો અને નિરંતર પ્રભુમાં લીન થવાની અવસ્થામાંજ રહેતા હતાં. છેલ્લા દિવસોમાં મહારાજશ્રીને ચક્ષુમાં મોતિયાના દર્દને કારણે જોવાની તકલીફ થઈ હતી. પણ મહારાજશ્રી હસતાં હસતાં હમેશાં કહેતા કે, પ્રભુએ હવે મને સગવડ કરી આપી છે. બહાર જોવાને બદલે અંતરમાં જોવાની સગવડ કરી આપી છે.

કચ્છભૂમિ તરફ મહારાજશ્રીનું મમત્વ હતું અને તે કારણે હરિદ્વારનાં આશ્રમને છોડી કચ્છ વાંઢાય આશ્રમમાં આવી રહ્યા અને ત્યાંજ પોતાનો દેહ છોડ્યો હતો. મહારાજશ્રીના પરમધામ જવાના આગલા દિવસે જે જે ભાઈઓ એમને મળ્યા છે તેઓ મહારાજશ્રીની શાંતિ, પ્રસન્નતા અને વાત્સલ્યનાં આજે પણ વખાણ કરે છે. મહારાજશ્રીનાં પરમધામ જવાથી એમના ભક્ત-સમુદાયને ખૂબજ આઘાત પહોંચ્યો છે અને કચ્છ પ્રદેશની વસતિને તેમના જવાથી મોટી ઉણપ ઊભી થઈ છે.

મહારાજશ્રી એક ઉચ્ચ કોટીના સાધુ પુરુષ હતાં, ગાંધી ભક્ત હતા, રાષ્ટ્રપ્રેમી હતા અને સૌથી વિશેષ કચ્છપ્રેમી હતા. કચ્છની ભૂમિએ એક સંત અને સાધુ પુરૂષ, અને પોતાનો જ પનોતો સપુત ખોયો છે. પ્રભુ, આવા સાધુ પુરુષોનું જીવન ચરિત્ર, બીજાનાં જીવનને ઉજવાળવામાં સહાય કરો.

પ્રેમજી ભવાનજી ઠક્કર

તા. ૮.૮.૧૯૫૯

નિવેદન

સંત ઓધવરામજી એ આપણા કચ્છની મહામૂલી શક્તિ હતા. એમના બ્રહ્મલીન થવાથી કચ્છ દેશને મોટી ખોટ પડી છે. એમનો ભક્ત-સમુદાય કચ્છમાં અને કચ્છ બહાર મોટા સમુદાયમાં છે. એમના ભક્તો, સહાયકો અને પ્રસંશકોનાં દિલમાં સંત ઓધવરામજી પ્રત્યે હંમેશા પૂજ્યભાવ રહ્યો છે. એમના બ્રહ્મલીન થવાને કારણે આ સમુદાયનાં દિલમાં સંતનું કંઈક સ્મરણ કરવાની ભાવના જાગી.

આ ભાવનાને અનુરૂપ એક જાહેર શોકસભા મુંબઈમાં તા. ૩૧.૧.૧૯૫૭ના દીને મુંબઈ સરકારના નાયબ પ્રધાન માનનીય શ્રી પ્રેમજી ભવાનજી ઠક્કરના પ્રમુખપદે બોલાવવામાં આવી હતી. તે સભામાં પૂજ્ય સંત ઓધવરામને તેમણે કચ્છને આપેલા સેવાઓ બદલ ભાવભરી અંજલીઓ આપવામાં આવી હતી, તથા એક સ્મારક ઉભું કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. તે માટે નીચે દર્શાવેલા ભાઈઓની એક સ્મારક સમિતિ નીમવામાં આવી હતી.

પ્રમુખ	ઉપ-પ્રમુખ
૧. શ્રી હરિદાસ વેલજી જોઈશર	૨. શ્રી રતનશી ખીમજી પટેલ

ખજાનચી

૩. શ્રી છગનલાલ વેલજી જોઈશર

માનદ્ મંત્રીઓ

૪. શ્રી વીશનજી કાનજી શ્રોફ ૫. શ્રી અર્જુન ખીમજી સેજપાલ

૬. શ્રી શીવદાસ કાનજી પટેલ

સભ્યો

૭. શ્રી પ્રેમજી ભવાનજી ઠક્કર, (નાયબ પ્રધાન, રસ્તા, ઈમારતો બાંધકામ ખાતું, મુંબઈરાજ્ય)

૮. શ્રી. ગોરધનદાસ આણંદજી ઠક્કર (ન્યાયમૂર્તિ, સીટી સીવીલ કોર્ટ)

૯. શ્રી નરસિંદાસ માધવજી માથકવાલા

૧૦. શ્રી છોટાલાલ ધર્મસિંહ જોષી

૧૧. શ્રી નરસિંહભાઈ મનજી જેરામ

૧૨. શ્રી જમનાદાસ ખીમજી કોઠારી

૧૩. શ્રી ભીમજી રતનશી રૂપારેલ

૧૪. શ્રી કૃષ્ણદાસ હીરજી પંજુઆણી (M.L.C.)

૧૫. શ્રી ઠાકરશી નરશી કોઠારી

૧૬. શ્રી ખીમજી શામજી પોપટ

૧૭. શ્રી શિવગણ રાજા પટેલ

આ સ્મારક સમિતિએ સંતના ભક્તો અને પ્રેમીજનો પાસેથી સ્મારક ભંડોળ એકત્ર કરવાનું નક્કી કર્યું, અને એ ભંડોળમાં કુલે રૂા. ૭૬૨૪.૫૦ની રકમ એકત્ર થઈ હતી. સ્મારક સમિતિએ સંત ઓધવરામજીનાં સંભારણા તરીકે એમના જીવન ચરિત્ર તથા જીવનનાં પ્રસંગો આલેખતો એક સ્મારક-ગ્રંથ પ્રકાશિત કરવાનું નક્કી કર્યું.

આ પુસ્તક સંપાદન કરવાનું કાર્ય શ્રી પ્રેમજી ભવાનજી ઠક્કર તથા શ્રી રસિકલાલ જોષીને સોંપવામાં આવ્યું તથા સંત ઓધવરામનાં પ્રસંગોમાં જે જે ભાઈઓ આવ્યા હોય તેમની પાસેથી, સંતનાં જીવનપ્રસંગો તથા સંતને લગતું જે કંઈ સાહિત્ય હોય તે મેળવવા જાહેર અપીલ કરવામાં આવી, તેમજ વ્યક્તિગત પત્રોથી પણ વિનંતીઓ કરવામાં આવી. આ વિનંતીનો યથેચ્છ જવાબ પણ મળ્યો અને સ્મારક સમિતિની પાસે ઠીક ઠીક સાહિત્ય એકત્ર થયું.

આ બધી સામગ્રી પરથી તથા બીજી રીતે ઉપલબ્ધ માહિતીઓના આધારે શ્રી રસિકલાલ જોષીને આ સ્મારકગ્રંથ લખવાનું કાર્ય સોંપવામાં આવ્યું.

એમણે પરિશ્રમ લઈને આ ગ્રંથ તૈયાર કર્યો છે, જે જાહેર જનતા સમક્ષ મૂકતાં અમને ગૌરવ થાય છે. સમિતિની કલ્પના સંતના સંભારણા પુસ્તકાકારે બહાર પડે એવી હતી. આ પુસ્તકમાં એવા ઘણા પ્રસંગો અને સંસ્મરણો સંકલિત કરવામાં આવ્યા છે. આ પુસ્તકથી સંતના ભક્ત સમુદાયને તથા જાહેર જનતાને સંત વિષે ઘણું જાણવાનું મળશે એવી શ્રદ્ધા છે.

આ પુસ્તકનું સંપાદન કાર્ય કરવામાં ઘણા મિત્રોએ ખૂબ ખૂબ મહેનત લીધી છે તેમનો જાહેર રીતે આભાર માનવાની અમે તક લઈએ છીએ તેમજ પુજ્ય સ્વામી શ્રી માધવતીર્થજી અને જે જે ભાઈઓએ સાહિત્ય મોકલાવ્યું હોય તેમના અમે ઋણી છીએ. આ પુસ્તક તૈયાર કરવામાં ભાઈશ્રી રસિકલાલ જોષીએ જે પ્રેમપૂર્વક મહેનત લીધી છે તે બદલ તેમની આભારપૂર્વક નોંધ પણ અમારે લેવી જોઈએ.

સ્મારક ભંડોળમાં અમને દાતાઓએ સામેથી આવીને મદદ કરી હોવાના પ્રસંગો પણ બન્યા છે. અજાણી રીતે સીધી મદદ પણ પોતાની મેળે આ ભંડોળમાં આવી છે. આ બધા દાતાઓ અને સહાયકોનો આભાર માનીને આ પ્રસંગે અમે અમારૂ ઋણ અદા કરીએ છીએ. ભંડોળમાં એકઠા થયેલ રૂા. ૭૬૨૪.૫૦ માંથી રૂા. ૪૦૦૦/- વાંઢાય મુકામે ઉજવાયેલ સંતનાં પાનમૂર્તિ સમારંભ ઉત્સવ પ્રસંગે સ્થાનિક સમિતિનાં ભંડોળમાં સ્મરક સમિતિ તરફથી સમિતિના મંત્રી શ્રી વિશનજી કાનજી શ્રોફ મારફતે મોકલવામાં આવેલ. બાકી રહેલ રકમમાંથી આ પુસ્તક પ્રકાશન અંગે ખરચવામાં આવેલ છે. જેનો હિસાબ જુદો બહાર પાડવામાં આવશે. આ પુસ્તકમાંથી થોડી નકલો સંસ્થાઓને તથા નિશ્ચિત સજ્જનોને ભેટ મોકલવામાં આવશે. અને બાકીની નકલો પડતર કીંમત કરતાં ઓછી કીંમતે વેચવાનું સમિતિએ નક્કી કર્યું છે. આ પુસ્તક મોટા પ્રમાણમાં વંચાય એ જોવાની સામતિની ભાવના છે.

પુસ્તકની પ્રસ્તાવના લખવાનું કાર્ય અમારી નમ્ર વિનંતીને માન આપીને પોતાના મૂલ્યવાન સમયનો ભોગ આપીને શ્રી ભવાનજી અરજણ

ખીમજીએ સ્વીકાર્યું અને લખી આપી તે બદલ એમનો આભાર માનીએ છીએ. પુસ્તકનાં પ્રુફો તપાસી સુધારા કરવામાં શ્રી છગનલાલ વેલજીએ જે પરિશ્રમ લીધો છે તેમનો તથા પુસ્તક ઝડપથી છાપી તૈયાર કરનાર શ્રી દિનેશભાઈ મોતીવાલાનો આભાર માનીએ છીએ.

સ્મારક સમિતિનાં ફાળામાં જે ભાઈઓએ પોતાના તરફથી ફાળો આપી સહકાર આપ્યો છે તે બદલ તેમનો અમે ફરી આભાર માનીએ છીએ.

સંત ઓધવરામજીનું જીવન એટલું બધું ભવ્ય હતું, (એમની પ્રવૃત્તિઓ એટલી બધી પરમાર્થી અને પ્રેરણાદાયી હતી) એમનાં જીવનપ્રસંગો એટલા બધા ઉદાત્ છે તથા એમની સીધી અને સ્પષ્ટવાણી એટલી બધી અર્થગ્રાહી છે કે એ બધાને એક પુસ્તકમાં વણી લેવાનું કાર્ય કોઈ પણ લેખકને માટે વિકટકાર્ય બની જાય. પરંતુ અમે અમારા નમ્ર પ્રયાસ તરીકે એ મહાન સંતનું સંભારણું આપણી વચ્ચે રહી જાય એ શુભ હેતુથી આ પુસ્તકનું પ્રકાશન કર્યું છે. અમને આશા છે કે અમારો આ પ્રયાસ સૌને ગમશે, સૌ કોઈ આ પુસ્તક વાંચશે અને તેમાંથી પ્રેરણા મેળવશે.

અસ્તુ

લી. સેવકો
વિશનજી કાનજી શ્રોફ
અર્જુન ખીમજી સેજપાલ
શીવદાસ કાનજી પટેલ
પ. મ. શ્રી ઉ. સ્મારક સમિતિ,
સહમંત્રીઓ

મુંબઈ,
તા. ૧૫ ઓગષ્ટ ૧૯૫૯
(સ્વાતંત્ર્ય દિન)

પૂ. મ. શ્રી. ઓધવરામજીનાં સ્મરક ફંડમાં ફાળો ભરનારની નામાવલી

૫૦૧.૦૦	મેસર્સ પ્રેમજી હરિદાસની કું
૫૦૧.૦૦	મેસર્સ કાનજી જાદવજીની કું
૫૦૧.૦૦	શ્રીયુત નરશીદાસ માધવજી માથકવાલા
૩૦૧.૦૦	'' શામજી કલ્યાણજી
૩૦૧.૦૦	'' હીરજી કેશવજી કેસરવાલા
૨૫૧.૦૦	'' છોટાલાલ ધર્મસિંહ જોષી
૨૫૧.૦૦	'' રણછોડદાસ વેલજી
૨૫૧.૦૦	'' ગોવિંદજી રાઘવજી
૧૫૧.૦૦	'' ખીમજી વીરજી
૧૫૧.૦૦	'' વિશનજી કાનજી શ્રોફ
૧૫૧.૦૦	'' રામજી લક્ષ્મીદાસ
૧૦૧.૦૦	'' હરજી પારપ્યા
૧૦૧.૦૦	'' લાલજી અરજણ
૧૦૧.૦૦	'' આઈલદાસ મેઘરાજ
૧૦૧.૦૦	'' પ્રધાન વેલજી
૧૦૧.૦૦	'' કરમશી ત્રીકમજી
૧૦૧.૦૦	મેસર્સ કરસનદાસ ખીમજી એન્ડ બ્રધર્સ
૧૦૧.૦૦	શ્રીયુત ગોવીંદજી મોનજી
૧૦૧.૦૦	મેસર્સ એન. દયાલજી
૧૦૧.૦૦	શ્રીયુત ગોવીંદજી મોનજી
૧૦૧.૦૦	મેસર્સ એન. દયાલજી
૧૦૧.૦૦	શ્રીયુત મોનજી ચાંપશી
૮૨૬.૨૫	ખાંડ બજારનાં બાંકડાવાલાભાઈઓ પાસેથી
૭૫૫.૨૫	ખાંડ બજારનાં શીવનાર ભાઈઓ પાસેથી
૩૫૧.૦૦	શ્રી જુના બારદાન રીપેર કરનારા ભાઈઓ પાસેથી
૧૦૨.૫૦	શ્રી ભાચુંડા સેવા સમાજ તરફથી
૫૦૧.૦૦	મીસ્ત્રી ભાઈઓ તરફથી, શ્રી હા. શીવદાસ કાનજી પટેલ
૫૧.૦૦	શ્રીયુત ઠાકરશી નરશી કોઠારી
૬૮૦૭.૦૦	ટોટલ

૬૮૦૭.૦૦	આગલા પાનાનો સરવાળો
૫૧.૦૦	" પ્રાગજી ગોપાલજી
૫૧.૦૦	" અરજણ કેશવજી
૫૧.૦૦	" લક્ષ્મીદાસ અરજણ કોઠારી
૨૧૬.૦૦	" પરચુરણ. રસીદ નં. ૨૭ થી ૮૨
૨૫.૦૦	" શ્રીયુત શુરજી ત્રીકમદાસ કોઠારી
૨૫.૦૦	" ભાણજી દેવજી નંદા
૨૫.૦૦	મેસર્સ કાનજી મનજી કોઠારી
૨૫.૦૦	શ્રીયુત વિશ્રામ માધવજી ભદ્રા
૨૫.૦૦	એક સદગૃહસ્થ, હા. શ્રી હીરજી ખેતશી
૨૫.૦૦	શ્રી વલભજી જેવત
૨૫.૦૦	" ટોપણ પરસોત્તમ
૨૫.૦૦	" કેશવજી જાદવજી વાડીના
૨૫.૦૦	" ત્રીકમદાસ નારાણદાસ
૧૧.૦૦	" મેઘજી જશરાજ
૧૧.૦૦	" પ્રેમજી હીરજી
૧૫.૦૦	" શામજી કરમશી
૧૫.૦૦	" પારપ્યા રતનશી, મોથારા
૧૧.૦૦	" ત્રીકમદાસ રામજી, ગજરા
૧૦.૦૦	" દામજી શીવજી
૧૦.૨૫	" કાલીદાસ ભાણજી ઘેલા
૧૦.૨૫	" ખીમજી શીવજી, હાજાપર
૧૦.૨૫	" ચત્રભુજ દેવજી વમોટીવાલા
૧૦.૨૫	" ચત્રભુજ સુંદરજી, શીરવા
૧૦.૨૫	" વેલજી પરસોતમ, બીટીઆરી
૧૦.૦૦	" હરજી મેઘજી, મોથારા
૧૧.૦૦	શ્રીમતી પ્રેમાબાઈ જાદવજી દેવકરણ
૧૦.૦૦	શ્રીયુત મોરારજી રમણલાલ જોશી
૧૫.૦૦	નારાણજી રાઘવજી
૫૩.૨૫	રૂપિયા પાંચ અને તેથી ઓછી રકમોનો ફાળો.
૭૬૨૪.૫૦	કુલે રૂપિયા



શ્રી વાલરામ તીર્થધામ મૂરચબાણ
ટૂંક પરિચય

પરમ ભાગવત મહાપુરુષો તથા પરમ કૃપાળુ પરમાત્માનાં દિવ્ય ચરિત્રો તથા દિવ્ય નામો અને ધામ ભક્તોનાં અંતઃકરણમાં અંકિત થઈ જાય છે. ભગવત્પાદ શ્રી વાલરામજી મહારાજનું દિવ્ય નામ, દિવ્ય ચરિત્ર તથા દિવ્ય વાલરામ તીર્થધામ - મૂરચબાણ, કચ્છ ભક્તોનાં અંતઃકરણમાં અંકિત થઈ ગયા છે. શ્રી વાલરામ તીર્થધામ - માતાનાં મઢ - કચ્છથી વાયા માતાનાં મઢ કોટડા થઈને જવાય છે. માતાનાં મઢથી ૧૩ કિલોમીટર થાય છે.

શ્રી વાલરામ તીર્થધામ, ભગવત્પાદ શ્રી વાલરામજી મહારાજની માતૃભૂમિ છે. પ્રાકૃતિક આપદાઓને કારણે આ ભૂમિ અનેક વર્ષો પૂર્વે વસાહત વિહીન થઈ ગયેલ હતી. ઈ. સ. ૧૯૯૩થી પૂર્વ ભગવત્પાદ શ્રી વાલરામજી મહારાજ સેવકો સાથે માતૃભૂમિનાં દર્શને આવેલ, ત્યારે જનવિહીન ભૂમિનાં દર્શન કરી વિહ્વળ થઈ ગયાં હતાં.

ભગવત્પાદ શ્રી વાલરામજી મહારાજને ભગવાન સ્વરૂપે હૃદય સિંહાસન પર સ્થાપિત કરી તેઓની ભક્તિ કરતાં ભાવિક ભક્તોનાં હૃદયમાં પ્રેરણારૂપે પ્રગટ થયા અને એ પ્રેરણારૂપે આજે પ્રગટ થયું છે, શ્રી વાલરામ તીર્થધામ, મૂરચબાણ - કચ્છ. શ્રી વાલરામ તીર્થધામ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત આ તીર્થધામ શ્રી હરિદાસજી મહારાજ તથા ભાવિક ભક્તોનાં સફળ પ્રયાસોથી નિત્ય નિરંતર વિકસિત થઈ રહ્યું છે.

તીર્થધામમાં ભગવાન શ્રી વાલરામ મંદિર, શ્રી ક્ષેત્રપાળદાદાનું મંદિર, વીર જશરાજદાદાનું મંદિર છે. સ્નાન માટે શ્રી વાલરામ કુંડ તથા ગોમતી કુંડ છે. નજીકમાં માતાના મઢ સંચાલિત શ્રી શિવ મંદિર તથા શ્રી આશાપુરા મંદિરો છે.

દર્શનાર્થે આવતા દર્શનાર્થીઓ માટે ભોજન, ચા-પાણીની વ્યવસ્થા કરવામાં આવે છે. સવાર સાંજ નિયમિત સંધ્યા - આરતી આદિ નિત્યક્રમ થાય છે.

મહંતશ્રી પુરૂષોત્તમદાસજી તથા સેવા - સાધના કરતાં ભાવિક ભક્તો આગંતુકોની સારી સાર-સંભાળ રાખે છે. ભાવિક ભક્તોની તીવ્ર ઈચ્છા છતાં રાત્રીરોકાણ માટેની આવાસીય વ્યવસ્થા કરવામાં હજી સફળતા મળી નથી. આવાસીય માત્ર પાંચ જ રૂમો છે, જેમાં સેવકો અને સંતો નિવાસ કરે છે. શ્રી વાલરામ તીર્થધામ સંકુલ લગભગ પાંચ એકરમાં વિસ્તાર પામેલ છે.

સરકારશ્રી દ્વારા તથા ટ્રસ્ટનાં સહકારથી લાઈટ-પાણી તથા રોડ-રસ્તાની વ્યવસ્થા સમ્યક રૂપથી કરવામાં આવેલ છે. પરિવહન નિગમ દ્વારા એક બસ પણ દોડાવવામાં આવે છે.

અહીં, ભગવત્પાદ શ્રી ઓધવરામજી મહારાજનો નિર્વાણ મહોત્સવ પોષ સુદ ૧૨, ભગવત્પાદ શ્રી વાલરામજી મહારાજનો નિર્વાણ મહોત્સવ જેઠ વદ ૧૧, ગુરૂપૂનમ મહોત્સવ અષાઢ સુદ પૂનમ ધામધૂમથી મનાવવામાં આવે છે. તે સિવાય અહીં દરરોજ આરતી, સંધ્યાપાઠ તથા સત્સંગ થાય છે.

શ્રી વાલરામ તીર્થધામ આવતાં આગંતુકોને આવકારે છે તથા સૌને પધારવા હાર્દિક નિમંત્રણ પણ પાઠવે છે.

અસ્તુ...



પ. પૂ. બ્રહ્મલીન
શ્રી વાલરામજી મહારાજનો

સંક્ષિપ્ત પરિચય

કરૂણા અને વાત્સલ્યની મૂર્તિ એવા આપણાં લોકપૂજ્ય ગુરૂદેવ બ્રહ્મલીન પરમ પૂજ્ય સંતશ્રી વાલરામજી ગુરૂ શ્રી ઓધવરામજી મહારાજ (પૂર્વાશ્રમનું નામ શ્રી વાલજીભાઈ)નો જન્મ તા. ૧૬.૪.૧૯૨૬ના કરાંચી શહેર (વર્તમાન પાકિસ્તાનનું કરાંચી)માં થયો હતો. પૂજ્ય ગુરૂદેવના વડીલો મૂળ કચ્છ માતાના મઢવાળા કોટડાની બાજુમાં મૂરચબાણ ગામના વતની હતા. આજીવિકા હેતુ કરાંચી પધારેલા. કુલદિપક પૂજ્ય ગુરૂદેવના પિતા ઠક્કર શ્રી ગાંગજીભાઈ રૂપારેલ તથા માતાજી ગોમામા સતત ઈશ્વર પરાયણ રહેતા. જેથી પૂજ્ય ગુરૂદેવના જીવનમાં નાનપણથી જ જ્ઞાન-ભક્તિ અને વૈરાગ્યના સંસ્કારોનું સિંચન થયું હતું.

ભારત પાકિસ્તાન ભાગલા થતાં આ પરિવારે મુંબઈ વસવાટ કર્યો, જેથી પૂજ્ય ગુરૂદેવનું શેષ શિક્ષણ મુંબઈમાં પૂર્ણ થયું. બી.એસ.સી. સ્નાતક થયા પછી પૂજ્ય ગુરૂદેવે અમદાવાદમાં ડી.એસ.પી. કચેરીમાં દેશ સેવા કરી. પરંતુ ઈશ્વર પ્રાપ્તિની તીવ્ર ઝંખનાથી પ્રેરાઈ હિમાલયની ગોદમાં, ગંગાના સુરમ્ય કિનારે સ્થિત શિવાનંદ આશ્રમમાં પધાર્યા. પૂજ્ય સ્વામી શિવાનંદજી સાથે સત્સંગ કર્યો. થોડાક દિવસ પંજાબ સિંધ ક્ષેત્ર ઋષિકેશમાં મેનેજર પદે રહી સેવા કરી પરંતુ ઈશ્વર અનુભૂતિ માટે સાચા સદ્ગુરૂની જીવનમાં પ્રાપ્તિ અત્યંત જરૂરી છે એ સમજી સદ્ગુરૂની શોધમાં નીકળી પડ્યા.

શ્રી કચ્છી લાલ રામેશ્વર આશ્રમ સપ્ત સરોવર હરિદ્વારની સ્થાપના કર્યા

પછી પૂજ્ય ઓધવરામજી મહારાજને સતત ચિંતા રહેતી કે આ પવિત્ર આશ્રમની જવાબદારી કોને સોંપવી ? સત્ શિષ્યની શોધમાં એક દિવસ પૂજ્ય શ્રી ઓધવરામજી મહારાજની ભેટ સદ્ગુરૂની શોધમાં નીકળેલ પૂજ્ય શ્રી વાલરામજી સાથે થઈ. બન્ને ગુરૂ શિષ્યની કામના પૂર્ણ થઈ. પૂજ્ય શ્રી ઓધવરામજી મહારાજે શ્રી વાલરામજી મહારાજને પવિત્ર દિવસ રામનવમીના દિવસે સાધુ દિક્ષા આપી શિષ્યપદે સ્થાપ્યા. પૂજ્ય શ્રી ઓધવરામજી મહારાજે શ્રી કચ્છી લાલરામેશ્વર આશ્રમનાં સંરક્ષણ અને વહીવટી તંત્ર હેતુ ટ્રસ્ટની રચના કરી આશ્રમનો ભાર પૂજ્ય ગુરૂદેવ શ્રી વાલરામજી મહારાજને સોંપી કચ્છ પધાર્યા. તથા તા. ૧૩.૧.૧૯૫૭ મકરસંક્રાંતીના શ્રી ઈશ્વર આશ્રમ, વાંઢાય તીર્થધામ - કચ્છ ખાતે બ્રહ્મલીન થયાં.

પૂજ્ય શ્રી ઓધવરામજી મહારાજના બ્રહ્મલીન થયા પછી પૂજ્ય શ્રી વાલરામજી મહારાજે ત્યાગ, તપસ્યા અને ભજનના પ્રભાવથી શ્રી કચ્છી આશ્રમ, હરિદ્વારનો ખૂબ જ વિકાસ કર્યો. આશ્રમમાં નિવાસ કરતાં સંતો, સાધકો, સેવકો અને હિમાલયની યાત્રાએ આવતાં તીર્થયાત્રીઓ માટે વિશાળ અન્નક્ષેત્રની સ્થાપના કરી. સંસ્કૃતિની ધરોહર એવી સંસ્કૃત ભાષાના પ્રચાર અર્થે એક છાત્રાવાસનું નિર્માણ કર્યું જેના ફળ રૂપે આજે અનેક સ્નાતકો આચાર્યપદની ઉપાધીથી સન્માનિત થઈ ઓસ્ટ્રેલિયા, નેપાલ આદિ દેશોમાં તથા આપણા દેશમાં ભારતીય સંસ્કૃતિનો પ્રચાર કરી રહ્યાં છે. શાસ્ત્રોના અધ્યયન તથા ઉપાસના હેતુ એક પુસ્તકાલય તથા એક શિવ મંદિર અને શ્રી કૃષ્ણ મંદિરની સ્થાપના કરી. ભારતીય વ્યવસ્થા હેતુ સંત નિવાસ તથા અતિથિ નિવાસ જેવા અદ્યતન વ્યવસ્થા ધરાવતા વિશાળ ભવનો નિર્માણ કર્યા.

પરમાર્થ સાધન જ જીવનનું લક્ષ હોવું જોઈએ એવો નિશ્ચય કરી શ્રી કચ્છી આશ્રમની સંપૂર્ણ જવાબદારીઓ આશ્રમના ટ્રસ્ટીઓ તથા કારોબારી સમિતિ તથા સલાહકાર સમિતિને સોંપી ઈશ્વર આરાધીન થઈ લોક સેવાના કાર્યો કરતાં રહ્યાં.

realpatidar.com

માદરે વતન કચ્છમાં ભીષણ દુષ્કાળથી પીડાતાં મૂંગા પ્રાણીઓની પીડાથી પ્રેરાઈ આપશ્રી કચ્છ પધાર્યા. અને અનેક સ્થાનોમાં વાડા, ગૌશાળા અને પાંજરાપોળો બનાવવાની ભક્તોને પ્રેરણા આપી. આજે એ સંસ્થાઓ નિરંતર એ સેવાકાર્યને આગળ ધપાવી રહી છે.

માનવ સમાજના ઉત્થાન હેતુ છાત્રાલયો, પાઠશાળાઓ, ઉચ્ચ શિક્ષા હેતુ કોલેજો, કન્યા હિક્ષણ હેતુ કન્યાશાળાઓ અને કન્યા છાત્રાલયો તથા જાતપાતના ભેદભાવ ભૂલી સનાતન ધર્મ સ્થાપના હેતુ શ્રી લક્ષ્મીનારાયણ, શિવ મંદિર આદિ દેવાલયો નિર્માણ કરવાની સેવકોને પ્રેરણા આપી અને આપના કરકમળોથી ભૂમિ પૂજન અને પ્રતિષ્ઠા આદિ મહોત્સવો સંપન્ન થયા. જીર્ણ થયેલા મંદિરોનો જીર્ણોદ્ધાર કરવાની સેવકોને પ્રેરણા કરી.

અનેક સમાજોને પ્રેરણા આપી સમાજ વાડીઓનું નિર્માણ ભારતન અનેક સ્થાનોમાં કરાવ્યું. ભૂમિ પૂજન તથા ઉદ્‌ઘાટન વિધિ સંપન્ન કરી તથા સંધ્યાપાઠ અને સત્સંગ આદિના આયોજનો અનેક વાર કરી સેવકોમાં આધ્યાત્મિક સંસ્કારોનું સિંચન કર્યુ તથા સમાજમાં અંધશ્રદ્ધા, કુરિવાજો આદિ દૂર કરવા સમજાવ્યાં.

રામ રાજ્યની સ્થાપના સાકાર કરવા વાંઢાય તીર્થધામે શાસ્ત્રિય શિલ્પ પદ્ધતિથી વિશાળ શ્રી રામ મંદિરની સ્થાપના કરી. ગુજરાતમાં એક આગવી શૈલીનું શ્રી રામ મંદિર આ પ્રથમ છે જેની કીર્તિના ગાન સાંભળી દૂરદૂરથી દર્શનાર્થીઓ આવી દર્શનનો લાભ લઈ રહ્યાં છે.

શ્રી ગુરૂભક્તિથી પ્રેરાઈ શ્રી ઈશ્વર આશ્રમ સેવા ટ્રસ્ટની પ્રેરણા આપી શ્રી ઈશ્વર આશ્રમનો જીર્ણોદ્ધાર કર્યો તથા અન્નક્ષેત્ર ટ્રસ્ટની સ્થાપના કરી અન્નદાનના મહિમા સેવકોને સમજાવ્યો. પાટીદાર સમાજની કુળદેવી શ્રી ઉમિયા માતા સંસ્થાનનો વિકાસ કરવા તથા શ્રી ઈશ્વરરામ અન્નક્ષેત્રની પ્રેરણા

આપી જે નિરંતર અન્નદાનની સરિતા પ્રવાહિત કરી રહ્યું છે.

શ્રી નારાયણ સરોવર તીર્થમાં આવતા સંતો તથા દર્શનાર્થીઓની સુવિધા હેતુ અન્નક્ષેત્ર અને ભોજનાલયની સ્થાપના કરી એક ટ્રસ્ટની રચના કરી જે આજે પણ ગૌ સેવા તથા અન્નદાન માટે શિરમોર રહ્યું છે.

અનાથાલયો, અંધપાઠશાળાઓ, કન્યા કેળવણી સંસ્થાઓ, સંત મહંતોના ધર્મસ્થાનો તથા તીર્થસ્થાનોની અવારનવાર મુલાકાત લઈ યોગ્ય માર્ગદર્શન આપતાં રહ્યાં. ઠેકઠેકાણે સમાજોના નિમંત્રણોને માન આપી પૂજ્ય ઓધરામજી મહારાજની નિર્વાણ તિથિ મહોત્સવનું આયોજન કરી ગુરૂભક્તિનો પ્રચાર કર્યો તથા સનાતન ધર્મનો પ્રચાર કર્યો.

કચ્છના વિકાસનું એકમાત્ર કિરણ નર્મદાના નીર કચ્છમાં આવે એ ઝંખનાથી સમય સમય પર જલ સંકટ નિવારણ સમિતિને માર્ગદર્શન તથા આશીર્વચન આપતા રહેતા. સત્ય સંકલ્પ મહાપુરુષનો સંકલ્પ જરૂર પૂરો થશે એવી આપણે આશા રાખીએ.

અંતે સમગ્ર રાષ્ટ્રના હિતચિંતક તથા જ્ઞાતિઓ, શિક્ષણ સંસ્થાઓ, સેવા સંસ્થાનોની ચાહના મેળવનાર એવા ધર્મ, ભક્તિ અને જ્ઞાનના મૂર્ત સ્વરૂપ, રાષ્ટ્રીય સંત ગુરૂવર્ય પરમ પૂજ્ય શ્રી વાલરામજી મહારાજ સંવત ૨૦૪૮ જેઠ વદ ૧૧ ઈ.સ. ૧૯૯૩ તા. ૧૫ જૂનના સાંજે સાડા આઠ વાગે વાંઢાય તીર્થધામ, કચ્છમાં પંચ ભૌતિક દેહનો ત્યાગ કરી બ્રહ્મપદમાં લીન થયાં.

શિષ્યો, સંતો સાધુઓ, સાધ્વીઓ તથા સૌ ભક્તો સાથે મળી પૂજ્ય ગુરૂદેવનાં શિષ્ય શ્રી હરિદાસજી મહારાજે પૂજ્ય ગુરૂદેવનાં શ્રી ચરણોનો ગંગાજલ દ્વારા અભિષેક પૂજન કર્યા. તત્પશ્ચાત વર્તમાન વાંઢાય તીર્થસ્થાન, સાધના કુટીરમાં સમાધિ મંદિરમાં પૂજ્ય ગુરૂદેવનાં પાર્થિવ શરીરને શાસ્ત્રોક્ત

વિધિથી સંતોની હાજરીમાં વેદપાઠ તથા જયઘોષ સાથે સમાધિ આપવામાં આવી.

સંવત ૨૦૪૮ અષાઢ સુદ ૧૧ તા. ૩૦.૬.૯૩નાં સંતો ભક્તો તથા શિષ્યોએ ઉત્સાહપૂર્વક પૂજ્ય શ્રી ગુરૂદેવનો ભદ્રા - ઉત્સવ કર્યો. તેમજ તે જ દિવસે શ્રી કચ્છી આશ્રમના પ્રમુખ શ્રી પ્રેમજી વેલજી ભાનુશાલી તથા અન્ય ટ્રસ્ટીઓ તેમજ સૌ ભક્તો તથા સંતોએ પૂજ્ય ગુરૂદેવનાં ઉત્તરાધિકારી રૂપે પૂજ્ય ગુરૂદેવનાં શિષ્ય શ્રી હરિદાસજી મહારાજની વરણી કરી. પ્રથમ પૂજ્ય શ્રી કરશનદાસજી મહારાજે ચાદર ઓઢાડીને ચાદરવિધિ કરી. તદોપરાંત પધારેલા સૌ સંતો તથા ભક્તોએ ચાદર ઓઢાડી પરંપરાનું પાલન કરી શ્રદ્ધા વ્યક્ત કરી. અંતે ગુરૂદેવના ગુણ ગાતા સૌ પોતપોતાના સ્થાને વિદાય થયાં.

પૂજ્ય ગુરૂદેવના ચમત્કારી જીવનનું વર્ણન કરવા તો એક સ્વતંત્ર ગ્રંથની રચના કરવી પડે તે આપ સૌ સેવકો સમજી શકો છો.

અસ્તુ... હરિૐ

પૂજ્યપાદ મહારાજ શ્રી ઓધવરામજી અંતિમ દર્શન



પ્રાકટ્ય : સંવત ૧૯૪૫ ચૈત્ર સુદ ૯

સ્વરૂપાવસ્થાત : સંવત ૨૦૧૩ પોષ સુદ ૧૨

પૂજ્યપાદ બ્રહ્મવિદ્વરિષ્ઠ મહારાજ શ્રી ઈશ્વરરામજી



પ્રાકટ્ય : સંવત ૧૮૯૫ આસો સુદ ૩

સ્વરૂપાવસ્થાત : સંવત ૧૯૫૩ આષડ વદ ૨

સંત ઓધવરામ
નિર્માણ

ભુજથી નખત્રાણા જતાં પંદર માઈલ આગળ ડાબી બાજુએ નજર કરીએ તો ટેકરી ઉપર અને ટેકરીની તળેટીમાં ઉંચે ડોકિયું કરી રહેલાં આલિશાન મકાનો ઉભાં છે. આ સ્થળ ઈશ્વરરામજી ગુરૂકુળના નામે ઓળખાય છે. એ ગુરૂકુળના સર્જક હતા સંત ઓધવરામજી.

એ સંતે આમ તો સનાતન ધર્મની દિક્ષા લીધી હતી, પરંતુ ક્રમેક્રમે એમની ધાર્મિક ભાવના સાથે નવા યુગના પ્રવાહો પણ એ ઝીલવા લાગ્યા. કેળવણીનું મહત્વ, ખેતી વિકાસ, પડેલાઓને ઉંચે લાવવાની વાંચ્છના, ખાદીનું મહત્વ અને અસ્પૃશ્યતાની નાબૂદી આ બધા યુગ પ્રવાહો એમણે ઝીલ્યા અને આધુનિક સમયના એક સાચા સંત બન્યા. સારૂં એટલું ગ્રહણ કરવાની એમની મનોવૃત્તિએ એમને એક દર્શક બનાવ્યા અને તેથીજ કચ્છની પ્રજામાં હજારો લોકોના હૃદયમાં એમણે સ્થાન મેળવ્યું. સંત ઓધવરામજી ખૂબજ લોકપ્રિય બન્યા.

આ સંત પુરુષની બાલ્યાવસ્થાની એક વાત જાણવા જેવી છે. કોઠારા પાસે આવેલા ખીરસરા ગામમાં શંકરાનંદજી નામના એક સાધુ પુરુષ વસતા હતાં. આ સાધુ પુરુષની નજરમાં કિશોર ઓધવે કોણ જાણે કેમ ભારે ઊંડું સ્થાન મેળવી લીધું અને કિશોર ઓધવને શંકરાનંદજીએ પોતાની પાસે રાખી લીધા અને વિદ્યાભ્યાસ કરાવવા માંડ્યો.

એક દિવસ બાલ્યવયના ઓધવરામજી કુવા પર પાણી ભરવા ગયા અને અકસ્માત પગ લપસી પડતાં કુવામાં પડી ગયા કુવાની અંદરનો એક ધારવાળો પત્થર તેમના મસ્તકમાં વાગ્યો અને મસ્તક ચીરાઈ ગયું. શંકરાનંદજી આ વખતે શ્રીમદ્ ભાગવતની કથા વાંચતા હતા. તે સફાળા ઉઠયા અને કુવામાં ઝંપલાવ્યું. ઓધવરામજીને બહાર તો કાઢ્યા પરંતુ તે બેશુદ્ધ હતા. બે કલાકના સતત્ ઉપચારો પછી તે ભાનમાં આવ્યા. શંકરાનંદજીને આનંદ થયો. પરંતુ ત્યારે એ સાધુ પુરુષ શંકરાનંદજીને ખબર ન હતી કે જેમનું જીવન બચી જવા પામ્યુ હતું તે સંત ઓધવરામજી એક વખત સારાય કચ્છના પૂજનીય સંત ઓધવરામજી બનશે અને કચ્છના હજારો અનુયાયીઓ એમનો પડ્યો બોલ ઝીલશે.

અને એક વખત તો અગ્નિએ પણ આ સંત પુરુષને ભરખી જવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ અંતરયામીએ તો આ સંત પુરુષને હાથે ઘણા સત્કાર્યો કરાવવાનું નિર્માણ કર્યું હતું એટલે એમના શરીરની આસપાસ વીંટળાઈ વળેલા અગ્નિને પણ આખરે ત્યાંથી નાસી છૂટવું પડ્યું હતું. આ પણ ઓધવરામજીની એ જ કિશોર અવસ્થામાં બન્યું હતું. શ્રાવણ માસ હતો. સંવત ૧૯૫૬ની સાલ હતી. સાધુ પુરુષ શંકરાનંદજી ગીતાનું વાંચન કરી રહ્યા હતા. કિશોર વયના ઓધવરામજી બાજુમાં ગાયો માટે રંધાતું ખાણ જોવા ગયા. કોણ જાણે કેમ ચૂલા નજીક પહોંચતા તેમના વસ્ત્રોને એકાએક આંચ લાગી. વસ્ત્રો બળવા લાગ્યાં અને ઓધવરામજીએ દોટ મૂકી. તેમણે બૂમાબૂમ કરી મૂકી. શ્રોતાજનો અને શંકરાનંદજી દોડી આવ્યા, બળતાં કપડાં બુઝાવી નાખ્યા અને ઓધવરામજીને છાતી સરસા ચાંપ્યા.

આમ સંત ઓધવરામજી કિશોર વયના હતા ત્યારે બે વખત મૃત્યુએ તેમની સામે મ્હોં ફાડ્યું હતું. પણ કચ્છને ઉપકારક એવી પ્રવૃત્તિઓ એમના હાથે કરવાનું અંતરયામીએ નિર્માણ કરેલું હોઈ એ મૃત્યુ ત્યારે ક્યાં ને ક્યાં

અંધકારમાં ધકેલાઈ ગયું હતું.

મહારાજશ્રી ઓધવરામજીને આમ તો બધી જ ભૂમિ સમાન હતી પરંતુ એમનો જન્મ જખૌની ભૂમિ પર થયો હતો. અને તે દિવસ હતો એ કે જે હજારો વર્ષોથી ભારતના લોકહૃદય પર આરૂઢ થયેલો છે. 'રામનવમી'નો પવિત્ર દિવસ એ એમનો જન્મદિન અને સવંત ૧૯૪૫નું એ વર્ષ હતું. ધર્મભાવના પ્રત્યેના સંસ્કાર મહારાજશ્રી ઓધવરામજીને વારસામાં મળ્યા હતા. એમના પિતા હેમરાજ અને માતા હતાં ચાગબાઈ. એમ કહેવાય છે કે ખૂબજ ધર્મપરાયણ હતાં અને પહેલાં ઈશ્વર પ્રત્યેની ભક્તિ વિષે ઉદાસીન રહેનાર હેમરાજને માતા ચાગબાઈએ જ ધીમે ધીમે ભક્તિ માર્ગ લેતા કર્યા હતા. પાછળથી તો હેમરાજે એ માર્ગને ઉમંગભેર અપનાવ્યો હતો અને દિવસનો મોટો ભાગ એ ભજનમંડળી અને કથા વાર્તાના શ્રવણમાં ગાળતા થયા હતા. ભાનુશાલી કુટુંબમાં જન્મ્યા હોઈને સંત ઓધવરામજીના પૂર્વજોનો વ્યવસાય તો ખેતીનો હતો. પરંતુ વારસામાં મળેલા ધર્મના સંસ્કાર અને બાલ્યાવસ્થામાં મળેલા ધાર્મિક શિક્ષણને કારણે મહારાજશ્રી ઓધવરામજીનું મન ખેતીમાં લાગ્યું નહિ. વારસામાં મળેલા ધર્મના સંસ્કારને કારણે મહારાજશ્રી બાલ્યાવસ્થામાં હતા ત્યારે ભજનો ગવાતા ત્યાં દોડી જતા અને કલાકો સુધી ભજનમંડળી વચ્ચે બેસી ધુન જમાવતા. તેઓ પોતે પણ ઘણીવાર ભજનો ગાવા લાગી જતા અને તન્મય થી કલાકો સુધી ભજનો ગાતા. ભજનોની ધુનમાં તેમને ખાવા પીવાની પડી ન હતી. તેમનું આ જાતનું વલણ તુરત જ તેમના માતાપિતાના ધ્યાનમાં આવ્યું હતું અને પુત્રનું વલણ કઈ બાજુ જઈ રહ્યું છે તે તેમને સમજાયું હતું.

મહારાજશ્રીના પિતાશ્રી હેમરાજ મુંબઈમાં હતા ત્યાં બિમાર પડ્યા. તેમણે મહારાજશ્રીને અને મહારાજશ્રીના માતુશ્રી ચાગબાઈને મુંબઈ બોલાવ્યો. પથારી પાસે જ્યારે મહારાજશ્રી અને તેમના માતુશ્રી ચાગબાઈ બેઠા હતા ત્યારે ભક્ત હેમરાજે ચાગબાઈને કહ્યું, 'તું જાણે છે ને કે આ છોકરાનું વલણ

ધર્મભાવના તરફ વધુ ઢળતું છે. આ પૂર્વના સંસ્કારોનું પરિણામ હોવું જોઈએ એમ હું માનું છું. એને એ માર્ગે જવું હોય તો જવા દેજે, આડે નહિ આવતી.' આટલું બોલી ભક્ત હેમરાજે પોતાની આંખો ફેરવી દીધી.

મહારાજશ્રી પછી કચ્છ તો આવ્યા પણ થોડા સમયમાં જ એમને સમજાયું કે ધંધો કર્યા વિના ચાલે તેમ નથી. કારણ કે કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના પર આવી પડી હતી. ધર્મ તરફ ઢળેલું મન આમ સંજોગોના દબાણને વશ થઈ સંસાર તરફ ઢળ્યું અને મહારાજશ્રીએ મુંબઈની વાટ લીધી. એ વર્ષ હતું સંવત ૧૯૫૯નું.

મુંબઈમાં તેઓ ધંધામાં તો લાગ્યા પરંતુ એમનું મન તો મુંબઈમાં પણ ભજનકીર્તન, કથા-વાર્તા અને હરિકીર્તન સાંભળવા મળે તેની પાછળ જ દોડતું હતું. અને એક દિવસ અનાયાસે મહારાજશ્રીને હરિશ્ચંદ્રનું આખ્યાન સાંભળવા મળી ગયું. આ આખ્યાન સાંભળતાં જ મહારાજશ્રીમાં ફરીને પૂર્વસંસ્કાર જાગૃત થયા. તેમને થયું કે ક્યાં સત્યને માટે સર્વસ્વ હોમનાર હરિશ્ચંદ્ર અને ક્યાં આપણે માયાવી માનવીઓ !

સત્યવાદી હરિશ્ચંદ્રના અદ્‌ભુત ચારિત્ર્યબળે મહારાજશ્રીના હૃદયમાં ભારે તોફાન જાગ્યું. તેમને થયું-શું આ દેહ માત્ર રોટલો રળવા માટેજ સર્જાયો હશે ? ના, ના, એમ ન બને ! જ્ઞાન મેળવી ભાન ભૂલેલાઓને સાચો માર્ગ બતાવવો, દુઃખીયાઓની વહાર કરવી અને લોકોને સદ્‌માર્ગે દોરવવા ધર્મભાવના ફેલાવવા ગામેગામ પરિભ્રમણ કરવું, એજ સાચો માર્ગ છે. પોતાના માટે નહિ પરંતુ બીજાઓ માટે જીવીએ તો જીવનની સાર્થકતા. તે રાત્રે ઘરે આવ્યા મહારાજશ્રીના હૃદયમાં આવું જબ્બર મનોસંથન ચાલ્યું હતું અને આ અત્યારનું જીવન એ જીવન નથી એમ વિચારતાં તેમની આંખમાંથી અશ્રુપ્રવાહ ચાલ્યો હતો. તમેણે અંતરયામીને પ્રાર્થના કરી કે, 'હે પ્રભુ! આ વ્યવહારની

આપત્તિમાંથી મને મુક્ત કરો તો આજેજ આપનું ભજન અને સતત સ્મરણ આ મોહમયી નગરીને છોડીને ચાલ્યો જાઉં.'

હૃદયમાં જાગેલા તોફાનના ઝંઝાવાતે આખરે મહારાજશ્રીજી પર વિજય મેળવ્યો. તેમણે મુંબઈ છોડ્યું. કચ્છમાં ગુરૂની શોધમાં પણ તેઓ સફળ થયા અને કચ્છ હમલામાં સાધુ પુરુષ પૂર્ણરામજીના સાન્નિધ્યમાં રહી તેઓ ધાર્મિક ગ્રંથોનું અધ્યયન કરવા લાગ્યા. મહારાજશ્રીએ અહીં અભ્યાસ કરી સંસ્કૃત પર પ્રભુત્વ મેળવ્યું. પરંતુ થોડો સમય નીકળ્યો અને વૈરાગ્ય તરફ ઢળતી જતી મહારાજશ્રીની મનોવૃત્તિની ફરી કસોટી થઈ.

વાત એમ બની કે સાધુ પુરુષ પૂર્ણરામજી મુંબઈ ગયા. સાથે મહારાજશ્રીને લેતા ગયા, પરંતુ એકાંત, વૈરાગ્ય અને ચિંતન તરફ ખેંચાતી જતી મહારાજશ્રીની મનોવૃત્તિને મુંબઈની ધમાલ, લોકોની ઠઠ્ઠ ગમી નહિ. મહારાજશ્રીએ પૂર્ણરામજી પાસે એક બે વખત વાત પણ મૂકી કે મને એકાંત વધુ પ્રિય છે. લોકોની આ ધમાલ મને ફાવતી નથી. પરંતુ પૂર્ણરામજી હસીને એ વાત કાઢી નાખતા હતા. પરંતુ મહારાજશ્રીના અંતરમાં વધતી જતી એકાંતપ્રિયતાની વૃત્તિએ એવું તો જોર કર્યું કે મહારાજશ્રી છેવટે પૂર્ણરામજીને જણાવ્યા સિવાય, કોઈક પાસેથી રૂપિયા દશ ઉછીના લઈ કચ્છ જવા રવાના થઈ ગયા.

મહારાજશ્રીએ કોઈ ન જાણે તેમ મુંબઈથી કચ્છ જતી આગબોટમાં કચ્છ તરફ પ્રયાણ કર્યું. મુંબઈમાં પૂર્ણ રામજીને ખબર પડી કે શિષ્ય ઓધવનો ક્યાંય પત્તો નથી ત્યારે તે ખૂબ જ ચિંતામાં પડી ગયા. તેમણે મુંબઈમાં ચારે બાજુ માણસો દોડાવ્યા. જ્યાં પણ શિષ્ય ઓધવની ભાળ કાઢી શકાય ત્યાં શોધ માટે દોડાદોડ કરી પરંતુ કોઈએ પણ પૂર્ણરામજીને એવા ખબર આપ્યા નહિ કે, તેનો પ્યારો શિષ્ય ઓધવ તો અત્યારે મધદરિયે માનીનીની અદાથી

સાગરના નીર કાપતી આગબોટનો એક યાત્રી બની કચ્છ જઈ રહ્યો છે.

એક બાજુ મુંબઈમાં મહારાજશ્રીની આમ શોધાશોધ ચાલી રહી હતી ત્યારે બીજી બાજુ આગબોટના કઠેરાને અઢેલીને મહારાજશ્રી દૂરદૂર ક્ષિતિજમાં નજર નાખી વિચારમગ્ન ઉભા હતા. તેમને વિચારો આવતા હતા કેઃ ગુરુશ્રી પૂર્ણરામજીને કહ્યા સિવાય હું ચાલી નીકળ્યો એ ઠીક તો ન કર્યું. પણ શું કરૂં ? મુંબઈના લોકોની ધમાલ મને ગમતી જ ન હતી. મેં ઘણી વાર ગુરૂજીને કહ્યું કે મને અહીં ફાવતું નથી-કચ્છ મોકલાવી દો. પણ ગુરુજી મારી એ વાત હસીને કાઢી નાખતા હતા. એમને મન જે વાતનું મહત્વ ન હતું તે વાત મને ગુંગળાવતી હતી. માણસ જેમ ઉંડા પાણીમાં ડૂબવા લાગે અને બચી જવા માટે તરફડિયાં મારે તેવી મારી માનસિક સ્થિતિ હતી. આ સ્થિતિમાં માણસ બીજું શું પગલું ભરે ? જાતને બચાવી લેવાનો તો સૌ કોઈનો ધર્મ છે ને? તો મેં આ શું ભગલું ભર્યું ? ગુરૂજીને કહ્યા સિવાય ચાલ્યો આવ્યોએ ગુન્હો કર્યો, પાપ કર્યું કે ના, જાતનેં ગુંગળામણમાંથી બચાવી લેવાનો ધર્મ બજાવ્યો ?' મહારાજશ્રીના મનમાં ને મનમાં આમ ગડમથલ ચાલી હતી. ગુરુજીને કહ્યા સિવાય ચાલ્ય આવવા માટે એને ભારે દુઃખ થતું હતું. ભારે સંતાપ થતો હતો. આ સંતાપને પરિણામે મહારાજશ્રીની આંખમાં આંસુ આવ્યાં. પરંતુ એ આંસુ લૂછનાર ગુરૂ પૂર્ણરામજી તો ત્યાં ન હતા એટલે મહારાજશ્રીએ કોઈ ન દેખે તેમ જાતેજ એ આંસુ લૂછી નાખ્યાં.

મહારાજશ્રીએ ત્યાર પછી ક્ષિતિજમાં ડૂબતા સૂર્યને કયાંય સુધી જોયા કર્યો. ક્ષિતિજ પર બદલાતા જતા રંગોને તેમણે અનિમિષ નયને જોઈ રાખ્યા. મહારાજશ્રી વિચારવા લાગ્યા કે, સંધ્યાના રંગો કેટલા સુંદર છે. કલ્પકો અને કવિઓ ઉષા અને સંધ્યાના આવા રંગો જોઈ ગાંડા બને છે પણ મહાન તો સૂર્યદેવજ છે, જે વિશ્વને તેજ આપે છે અને એ તેજ દ્વારા માનવીને જીવનશક્તિ આપે છે. સૂર્યદેવનો વિચાર આવતાંજ મહારાજશ્રીના ગળામાં ગાયત્રીનો મંત્ર

ગુંજવા લાગ્યો અને આંખો મીંચી તેમણે ક્ષિતિજની પેલે પાર જઈ રહેલા સૂર્યદેવને નમસ્કાર કર્યા.

રાત્રિ પડી. અંધારાએ સાગરને લપેટી લીધો. મદભર ચાલથી ચાલી જતી આગબોટે પણ અંધારાનો અંધકાર પછેડો ઓઢ્યો. મુસાફર માનવીઓ નિંદ્રાધીન થવા લાગ્યાં. સૌ નિંદ્રામાં પડ્યા પરંતુ કિશોર વયના કુમાર મહારાજશ્રી જાગતા એમજ પથારીમાં પડ્યા હતા. તેમને ઉંઘ આવતી ન હતી, કારણ કે તેમનું મન વિચારે જ ચઢેલું હતું.

રાતના અગિયાર થયા હશે. આગબોટમાં એકાએક ખલાસીઓની દોડધામ વધી પડી. શું બની રહ્યું છે તેની કોઈને સમજ પડતી નહોતી. કારણ કે સૌ નિંદ્રામાં હતા. પરંતુ જાગતા પડેલા મહારાજશ્રી સફાળા બેઠા થઈ ગયા. જોયું તો ખલાસીઓ તાબડતોબ આગબોટની બન્ને બાજુએ કનાતો બાંધી રહ્યા હતાં.

મહારાજશ્રીને થયું કે કંઈક લાગે છે. એટલે તેમણે હિંમ્મત કરીને એક ખલાસીને પૂછ્યું : ''ભાઈ ! આ બધી ધમાલ શાની છે ?'' ખલાસીએ અણગમાભરી દ્રષ્ટિ મહારાજશ્રી તરફ નાખી અને કહ્યું : 'છોકરા ! સુઈ જા, તને ખબર ન પડે. જો હમણાં તોફાન આવી પડશે અને આ આગબોટ હાલકડોલક થવા માંડશે. મુસાફરો ભીંજાય નહિ એટલે આ કનાતો બાંધી રહ્યા છીએ.'

આગબોટ મધદરિયે હતી. તોફાન આવતું હતું અને તેમાં આગબોટ સપડાવાની હતી એટલે સૌને સાબદા રહેવા કપ્તાને હુકમ છોડ્યા હતા. મહારાજશ્રી માટે આ નવો અનુભવ હતો.

થોડીવારમાં તો આગબોટ હાલકડોલક થવા લાગી. મુસાફરો જાગી ગયા. સાગરનાં મોજાં ડુંગર જેવડાં બની આગબોટ સાથે પછડાટો ખાવા લાગ્યા.

પાંચ મિનિટ પહેલાં જયાં શાંતિ હતી ત્યાં ઝંઝાવાત મચ્યો.

આગબોટમાં મુસાફરોનો પડેલો સામાન ઉછળી ઉછળી આમતેમ ફેંકાવા લાગ્યો. મુસાફરો સ્તબ્ધ બની આવી પડેલી આ આફત સામે જોવા લાગ્યા. બાળકોએ રડારોડ કરી મૂકી. કેટલાંક બૈરાંઓ છાનાં ડુસકા ભરવાં લાગ્યાં તો કેટલાંક બૈરાંઓએ ભયના ડરથી ચીસાચીસ કરી મૂકી. શું કરવું તે કોઈને સૂઝતું ન હતું. થોડી થોડી વારે મોંજાઓ અંદર આવી મુસાફરોને પછાડી જતાં હતાં અને આગબોટના હાલહવાલ કરી જતાં હતાં. હમણાં ડૂબી જઈશું એમ સૌને થવા લાગ્યું. જેમ જેમ તોફાન વધતું ગયું તેમ તેમ આગબોટમાંના મુસાફરોનુ આક્રંદ વધતું ગયું.

આવા ઝંઝાવાત વચ્ચે સ્વસ્થ મનનો કોઈ માનવી હોય તો તે મહારાજશ્રી ઓધવરામજી હતા-કિશોર વયના ઓધવરામજી હતા.

આક્રંદની માત્રા પછી એટલી તો વધી ગઈ કે કોઈનાં હૈયાં હાથ ન રહ્યાં મહારાજશ્રી સ્વસ્થ મનથી અને અતૂટ એવી શ્રદ્ધા સાથે મુસાફરો વચ્ચે ઘુમવા લાગ્યા અને મુસાફરોને કહેવા લાગ્યાઃ 'ગભરાઓ નહિ, ઈશ્વર સ્મરણ કરો. ઈશ્વર મહાન છે, શ્રદ્ધા રાખો, ઈશ્વર આપણને જરૂર બચાવી લેશે.'

મહારાજશ્રી આમ આગબોટમાં બધે જ ઘુમીને મુસાફરોને સમજાવી રહ્યા હતાં. પરંતુ સૌને માટે નજર સામે મોત ડાચું ફાડીને ઉભું હતું. એક ભયંકર મોજું અને આખીયે આગબોટ દરિયામાં ગરક એવી સ્થિતિ ઉભી થઈ હતી. કોઈના હૈયાં હાથ ન હતાં.

ત્યાં વળી કપ્તાને આવીને બુમો પાડી. કપ્તાન કહેવા લાગ્યો. 'એક બાજુ ભેગા ન થાઓ. આગબોટ એક બાજુ નમતી જાય છે. પણ મુસાફરો માને શેના! સૌ ભયમાં હતા. શું કરવું તે કોઈને સૂઝતું ન હતું. કપ્તાને આગબોટ

એક બાજુ ભારે નમી ગઈ હતી તે જોયું. તરત જ તેણે ખલાસીઓને હુકમ કર્યો કે તુરત કરો. સામી બાજુ નીરમ ફેંકો: જલ્દી, અને આગબોટને સીધી કરો. ખલીસીઓ કામે લાગ્યા.

મહારાજશ્રી તો પછી અતૂટ એવા બળ સાથે મુસાફરો વચ્ચે ઘૂમવા લાગ્યા અને કહેવા લાગ્યાઃ હિમ્મત રાખો. બચી જશું, તોફાન હમણાં ચાલ્યું જશે. ઈશ્વરનું નામ લો. અને આમ કહી મહારાજશ્રીએ રામનામ લેવા મુસાફરોને કહેવા માંડ્યું. મુસાફરો તો હજુ એજ રીતે બાઘા બની આમતેમ દોડી રહ્યા હતાં. મહારાજશ્રીએ આમ તેમ ફરતા અને બહાવરા બનેલા મુસાફરો વચ્ચે જઈ ધૂન શરૂ કરીઃ 'રઘુપતિ રાઘવ રાજારામ, પતીત પાવન સીતારામ.' મહારાજશ્રીએ પાંચેક મિનિટ તો આમ એકલાજ ધૂન કરી પરંતુ પછી એમાં બે પાંચ વૃદ્ધો ભળ્યા. ધૂનનો અવાજ મોટો અને વ્યાપક થવા લાગ્યો. ભારે ઝંઝાવાત વચ્ચે રામનામની ધૂન ચાલી.

અને પછી તો એકએક મુસાફર, આબાલ-વૃદ્ધ સૌ ધૂનમાં ભળ્યા. ધૂનનો મહાન ધ્વનિ ઘુઘવાતા સાગર સામે ટકરાવા લાગ્યો અને જાણે ઝંઝાવાતને આહ્વાન આપતો હોય તેમ ગુંજવા લાગ્યો.

ધૂન ભારે જામી. ખલાસીઓ અને કપ્તાન પણ આવી ધૂનમાં ભળ્યા. ધૂનની જમાવટ પરાકાષ્ટાએ પહોંચી. બીજી બાજી તોફાનનું પ્રમાણ પણ ઘટવા લાગ્યું. આખરે તોફાન સમી ગયું. સૌ મુસાફરો પછી ગેલમાં આવી ગયા. ધૂન જમાવનાર સ્વસ્થ બનતા માનવી મહારાજશ્રી ઓધવરામજી સામે ધ્યાનથી જોવા લાગ્યા.

અને બીજી સવારે મહારાજશ્રીએ માંડવી બંદરતી ધરતી પર પગ મૂક્યો.

પરિભ્રમણ

(૨)

મહારાજશ્રીએ કચ્છમાં આવી કચ્છભરમાં પરિભ્રમણ કર્યું. આખરે તેઓ દેશલપુર નજીક વાંઢાય આશ્રમમાં આવી પહોંચ્યા, ચારે બાજુથી નાની ગિરિકંદરાઓથી વીંટળાએલું શાંત સરોવર, એકલતાની ભવ્યતા, ઝાડોની ઘટા અને સંત ઈશ્વરરામજીની સુવાસથી મહેકતા આ એકાંત સ્થળે મહારાજશ્રીના હૃદય પર ભારે પ્રભાવ પાડ્યો. શ્રી ઈશ્વરરામજી આદર્શો અને ધર્મભાવનાનો પ્રચાર કરતા ત્યારે તેમના શિષ્ય મહારાજ શ્રી લાલરામજી આશ્રમ સંભાળી રહ્યા હતા. મહારાજશ્રીએ તેમના ચરણોમાં વદન કર્યું. તેમને ગુરૂપદે સ્થાપ્યા અને એક આશ્રમવાસી બની અભ્યાસી જીવન ગાળવા લાગ્યા.

ઈશ્વરસાગર સરોવરના સુરમ્ય તટ પર, સુંદર વનરાઈ વચ્ચે મહારાજશ્રીએ સત્ય શોધન અને ઈશ્વરના દર્શન માટેની આરાધના આદરી. અભ્યાસ, મનન અને ચિંતનમાં એક પછી એક દિવસો પસાર થવા લાગ્યા. સંત ઈશ્વરરામજીની તપોભૂમિ મહારાજશ્રી ઓધવરામજી માટે પણ તપોભૂમિ બની અને આ રમ્ય સ્થળે કાયમને માટે આસન જમાવી તેમણે આત્મદર્શનની ખોજ શરૂ કરી.

થોડા સમય પછી શ્રી પૂર્ણરામજી ઈશ્વરનગર-વાંઢાય આશ્રમે આવ્યા. એમને પૂછ્યા સિવાય અથવા જાણ કર્યા સિવાય મહારાજશ્રી કચ્છ

ચાલી આવ્યા હતા એનું શ્રી પૂર્ણરામજીને ભારે દુઃખ હતું. તેમણે ખૂબ શોધાશોધ કરાવી કારણ કે મહારાજશ્રી પર એમનો અપાર પ્રેમ હતો. ઈશ્વરરામજીના આશ્રમમાં જ્યારે મહારાજશ્રી એમને મળવા ગયા અને વંદન કર્યા ત્યારે પૂર્ણરામજીએ આવેશમાં આવી જઈ તેમના પર ચરણનો પ્રહાર કર્યો અને કહ્યું, 'હે જડ ! તને ક્યાં ખબર છે કે કહ્યા સિવાય તારા ચાલ્યા જવાથી મને કેટલો બધો સંતાપ થયો છે? તેં મને કેટલાય ઉજાગરા કરાવ્યા છે અને તું ચોક્કસ કચ્છ તરફ ગયો છે એવી પાકી ભાળ મળી ત્યાર પછી જ મારૂ મન સ્વસ્થ અને શાંત થયું છે.'

ખામોશીને વરેલા મહારાજશ્રીને પૂર્ણરામજીના ચરણપ્રહારથી જરા પણ આઘાત થયો નહિ. તેઓ બધોજ બનાવ જાણે કંઈજ નથી બન્યું એમ ગળી ગયા અને વંદન કરી કહ્યું, 'ગુરૂદેવ ! હું આજે પણ આપનો જ છું. ત્યાં મને ઉપાધી જેવું લાગ્યું એટલે આપને કહ્યા વિના અહીં ચાલ્યો આવ્યો. ગુરુદેવ! આ આશ્રમ પણ આપનો જ છે. મારા ભાગ્યમાં આપની સેવાનો લાભ મને જેટલો લખ્યો હતો તેટલો મળ્યો. મારૂં અન્નોદક હવે અહીં હોવાથી અહીં આવી ચડ્યો. હવે મારા પર રોષ ન કરતાં મને આપ પોતાનો કરો.'

મહારાજશ્રીના નમ્ર વચનો સાંભળી પૂર્ણરામજીનો રોષ ઉતરી ગયો. તેમનાં નેત્રોમાં પ્રેમનાં આંસુ આવ્યાં. ગદ્ગદ્ કંઠે તેમણે મહારાજશ્રીને પોતાના બાહુમાં લઈ લીધા. મહારાજશ્રીના નેત્રોમાં પણ હર્ષના આંસુ આવ્યા અને તેમણે પૂર્ણરામજીના ચરણોમાં ભક્તિપૂર્વક મસ્તક નમાવી દીધું.

પૂર્ણરામજીએ મહારાજશ્રીની પીઠ પર વાત્સલ્ય ભર્યો હાથ ફેરવતાં કહ્યું, 'તને અહી ગમે છે એમજ ને ! તો ખુશીથી અહીં રહેજે. વાંઢાય અને હમલા એક જ છે એમ જ જાણજે.'

વાંઢાય આશ્રમના સૂત્રધાર શ્રી લાલરામજીની પાવન પ્રેમછાયા નીચે

...હી મહારાજશ્રી વિદ્યાભ્યાસ કરવા લાગ્યા અને શાંતિથી દિવસો પસાર કરવા લાગ્યા. તેમણે શ્રી લાલરામજીની ખૂબ સેવા કરી. તેમને પોતાના ગુરૂપદસ્થાને સ્થાપ્યા અને એક બાજુ અભ્યાસ અને બીજી બાજુ ગુરૂની સેવા કરતા કરતા મહરાજશ્રી જીવન ગાળવા લાગ્યા. શ્રી લાલરામજીનું મમત્વ પછી તો મહારાજશ્રી પ્રત્યે ખૂબ જ વધી ગયું. તેમણે મહારાજશ્રીને ચિંતન, મનન, આત્મદર્શન અને ઈશ્વરના સાન્નિધ્ય અંગે ઘણું ઘણું શિખવ્યું. આત્મસાક્ષાત્કારનું રહસ્ય પણ શ્રી લાલરામજીએ મહારાજશ્રી પાસે છતું કર્યું.

પરંતુ કાળ તો કોઈનો રોક્યો રોકાતો નથી. મહંત લાલરામજીનું સ્થૂળ શરીર ધીમે ધીમે જીર્ણ થવા લાગ્યું અને તેમના અંતિમ પ્રયાણનો દિવસ જાણે આવી ગયો. નજર સામે દેખાતો આ ભય મહારાજશ્રીને દુઃખી કરવા લાગ્યો. તેમના ચહેરા પર ખિન્નતા અને કરૂણતા આવી વસી. એકવાર તો આને કારણે આંસુ પણ આંખમાંથી સરી પડ્યાં. પથારીમાં પડ્યે પડ્યે સાધુવર્ય લાલરાજીએ આ જોયું. તેમને પણ ભારે દુઃખ થયું. પણ હૃદય આડે એક ભારે શીલા મૂકી દઈ તેમણે મહારાજશ્રીને નજીક ખેચ્યાં અને ગુરુમંત્ર આપતાં કહ્યું. 'પુત્ર ! તારી સેવા સફળ થઈ છે. તારા સાત્વિક સ્વભાવથી તેમજ ગુરુભક્તિથી મારૂં અંતઃકરણ ઘણુંજ પ્રસન્ન થયું છે. જેથી પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ ગુરૂદેવ શ્રી ઈશ્વરરામજીએ મને અંકાંતમાં ગુઢ આત્મજ્ઞાન તેમજ આત્માનંદનો અપરોક્ષ અનુભવ કરવા માટે આત્મસાક્ષાત્કાર થવા સંબંધી, જે રહસ્ય કહ્યું હતું તેજ હું તને અત્યારે આ પ્રયોગ સમજાવું છું. જ્યારે નિવૃત્તિ પરાયણ સમય મળે ત્યારે આ પ્રયોગ અવશ્ય સિદ્ધ કરી લેવો. અત્યાર સુધી આ રહસ્ય પૂર્ણ અધિકારના અભાવે મેં કોઈને પણ કહ્યું નથી. ભવિષ્યમાં તારા હાથે પરોપકારના મોટાં મોટાં ઘણા કાર્યો થવાનાં છે. પણ માયામાં બંધાવું નહિ. સંયમ, આસ્તિકભાવ અને શ્રી ગુરૂદેવમાં પૂર્ણ શ્રદ્ધાને પોતાનો મુખ્ય ધર્મ માનવો. આ વૃદ્ધ રામદાસજી તને સોંપુ છું. તેમને ગુરૂ જાણીને સેવા કરજે.' આમ કહી એમણે પોતાના પંચ

ભૌતિક દેહનો પરિત્યાગ કર્યો. ગુરૂવર્ય શ્રી લાલરામજી સંવત ૧૯૭૧ ના મહા વદ ૨ ને દિવસે વિદેહ કૈવલ્ય પામ્યા.

ગુરૂ લાલરામજી જતાં વાંઢાય આશ્રમ ચલાવવાની જવાબદારી મહારાજશ્રી પર આવી પડી. તેમણે એ જવાબદારી ખૂબજ પ્રેમપૂર્વક સ્વીકારી. આશ્રમને તેમણે સારી રીતે વિકસાવ્યું. સાથે સાથે તેમણે સારાય કચ્છમાં ફરીને ધર્મનો, સત્યનો પ્રચાર કર્યો અને સદાય જિજ્ઞાસુ રહી પોતાનો અભ્યાસ પણ ઉત્તરોતર વધાર્યો.

મહારજશ્રી સાથે અભ્યાસ કરતા એમના એક પ્રશંસક શ્રી અચલદાસજી એક જગ્યાએ લખે છે કે, શાસ્ત્રી શ્રી રઘુનાથ મુલજી શર્માની પાસેથી મહારાજશ્રી પાણિની વ્યાકરણ, કાવ્યકોશ વગેરે શાસ્ત્રનો અભ્યાસ અધિકારપુરઃસર કરવા લાગ્યા. હું પણ તેમની સાથે અભ્યાસ કરતો હતો. માતુશ્રી ચાગબાઈનો અમારા પર ઘણોજ પ્રેમ હતો. તે અમારે માટે રસોઈ બનાવતા. મહારાજશ્રીની ધારણાશક્તિ અપાર હતી એ યાદ આવતાં હજી પણ મને આશ્ચર્ય ઉપજે છે. લગભગ ચાર કે પાંચ પુસ્તકો તેઓશ્રી અભ્યાસમાં સાથે રાખતા છતાં પણ શાસ્ત્રીજી પાસેથી વ્યાકરણ વિષય મને બરાબર સમજાતો નહિ ત્યારે તે સમજાવવા માટે તેઓ ઘણો પ્રયાસ કરતા. મને કંઠસ્થ કરવા માટે અભ્યાસના શાસ્ત્રો પણ વાંચી આપતા. રાત્રે પોતે પુસ્તક વાંચતાં વાંચતાં જ્યારે નિંદ્રાવશ થઈ જતા અને પુસ્તક એમની છાતી પર પડ્યું રહતું ત્યારે હું પાસે જઈ તે પુસ્તક ઉપાડી બાજુએ રાખી દેતો. સવારે પણ મહારાજશ્રી મારાથી વહેલા ઉઠી પુસ્તક વાંચન કરતા. આમ લગભગ અઢી વર્ષમાં પ્રત્યેક સંસ્કૃત શાસ્ત્રમાં પ્રવેશ થઈ શકે એવો ઘણો સારો અભ્યાસ તેમણે કરી લીધો.'

આશ્રમની પ્રગતિ જોઈ જ્યારે મહારાજશ્રીના અનુયાયીઓ પ્રશંસાના શબ્દો કહેતા ત્યારે મહારાજશ્રી ફક્ત એટલું જ કહેતા કે, 'આ બધું ચલાવનાર

શ્રી ગુરુદેવ જ છે. હું તો એક નિમિત્ત માત્ર જ છું.'

ઊંડું ચિંતન અને ધ્યાનસ્થ અવસ્થા પર મહારાજશ્રીનું સતત અભ્યાસબળે સારૂં પ્રભુત્વ સ્થપાયું. ધ્યાનસ્થ અવસ્થા અંગે એક પ્રસંગ બન્યો હતો. એક વખત ઈશ્વરરામજી આશ્રમની આબુબાજુ ફરી આવીને સાંજે પાંચ વાગે પોતાના ઓરડાના દ્વાર બંધ કરી તેઓ એકધ્યાન અને ચિંતનમા બેઠા. લગભગ રાત્રે દશ વાગે તેઓ ધ્યાનમુક્ત બન્યા પણ કેટલો સમય ગયો હતો તેમનો ખ્યાલ તેમને રહ્યો નહિ. ધ્યાનમુક્ત થતાં જ તેમણે તો કહ્યું, 'ચાલો, હવે જમી લઈએ.' પરંતુ ત્યાં તો સામેના ઘડિયાળમાં, રાત્રિના દશના ટકોરા થયા. મહારાજશ્રી પછી કંઈજ ન બોલ્યા. પરંતુ આ વાત પરથી એ પ્રતિતિ થાયછે કે મહારાજશ્રી સિદ્ધ હતા અથવા સાધક હતા.

ચિંતન અને મનન માટે મહારાજશ્રીએ ઈશ્વરરામજી ગુરુકુળથી ચારેક ફર્લાંગ દૂર એવી એક સાદી છતાં સ્વચ્છ અને સુઘડ એવી પર્ણકુટી બાંધી હતી. આ પર્ણકુટીમાં મહારાજશ્રી કલાકો સુધી બેસી ધ્યાન ધરતા હતા. તેઓ જ્યારે ધ્યાનસ્થ અવસ્થામાં બેસતા ત્યારે કોઈ આવી તેમને ડખલ કરતું નહિ.

એક વખત મહારાજશ્રી ટેકરી પર પર્ણકુટીમાં હતા. તોફાન સાથે ભારે વરસાદ થયો. પવનના એવા સુસવાટા આવવા લાગ્યા કે જાણે હમણાં ટેકરીની ટોચ પરની પર્ણકુટીને એ પવન કોણ જાણે ક્યાંય ઉપાડી જશે.

તોફાન સાથે વરસતા મુશળધાર વરસાદથી ઈશ્વરરામજી આશ્રમમાં રહેતા મહારજશ્રીના અનુયાયીઓને ભારે ચિંતા થઈ. કાળી મેઘલી રાત, વીજળીના સબકારા, મેઘની ગર્જના, પવનના સુસવાટા અને મુશળધાર વરસાદ અને જંગલ. અનુયાયીઓને થયું કે મહારાજશ્રી ત્યાં ટેકરી પર પર્ણકુટીમાં એકલા છે. આપણે તરત ત્યાં પહોંચી જઈએ. આઠથી દશ અનુયાયીઓ એકઠા મળ્યા. હાથમાં લાકડીઓ લીધી. ફાનસ લીધાં અને સૌ ઉપડ્યા ટેકરી તરફ.

વરસાદે તો માઝા મૂકી હતી. ચારે દિશાના મેઘ તૂટી પડ્યા હતાં. ટેકરી પર પહોંચવુ એ પણ ભારે મુશ્કેલ કામ હતું. પણ અનુયાયીઓ પાસે દશેક જણાનું સંઘબળ હતું. મહામહેનતે અને તરબોળ કપડે તેઓ માંડમાંડ ટેકરી પર પહોંચ્યા.

ટેકરી પર પહોંચી તેમણે પર્ણકુટીમાં જોયું. પર્ણકુટીમાંનો દીવો તોફાન સામે નહિ ટકી શકતાં બુઝાઈ ગયો હતો. મહારાજશ્રી એક ખુણામાં આસન વાળી બેઠા હતા. વરસાદના પાણીએ સારીયે પર્ણકુટીને ભીંજવી નાખી હતી. મહારાજશ્રીનું આસન, કપડાં બધું જ તરબોળ હતું પરંતુ મહારાજશ્રી તો ઉંડી એવી ધ્યાનસ્થ અવસ્થામાં હતા. અનુયાયીઓ આવ્યા, સાથે ફાનસનું તેજ લાવ્યા, મહારાજશ્રી સામે ગોઠવાઈને બેઠા. બધું બન્યું તેનો મહારાજશ્રીને ખ્યાલ જ ન હતો. બ્રહ્મ પામવા જાણે સમાધિ લીધી ન હોય તેવી ધ્યાનસ્થ અવસ્થા તેમની હતી.

બહાર હજુએ પવનનું તોફાન ચાલુ હતું. વરસાદ મુશળધાર પડતો હતો. વીજળી માનવીને ડારી જાય તેમ ઝબકારા કરી રહી હતી અને ગર્જના માનવીઓને હલાવી નાખતી હતી પરંતુ આ બધા વચ્ચે એક સ્થિર, સ્વસ્થ અને શ્રદ્ધાબળથી ઓપતો માનવી આ ઝંઝાવાતથી જરા પણ અસ્વસ્થ થયા સિવાય સ્થિર અને અડગ બની આસનવાળી ધ્યાનસ્થ અવસ્થામાં મગ્ન હતો. આવા ચિંતક હતા સંત ઓધવરામજી.

અનુયાયીઓ અર્ધોએક કલાક બેઠા હશે. ત્યારપછી મહારાજશ્રીએ ધ્યાનસ્થ અવસ્થા પૂરી કરી આંખો ખોલીને જોયું તો તેમને નવુંજ દ્રશ્ય નજર સામે જોવા મળ્યું. પર્ણકુટી ભીંજાએલી હતી, પોતાના કપડાં ભીંજાઈને તરબોળ થઈ ગયાં હતાં. સામે અનુયાયીઓ અને શિષ્યો બેઠા હતા. બહાર કાળી ભમ્મર મેઘલી રાત હતી. વરસાદ વરસી રહ્યો હતો.

આંખો ખોલતાં મહારાજશ્રીએ તુરત પોતાના ભક્તોને પ્રશ્ન કર્યો:

'કેમ ! અત્યારે અર્ધી રાત્રે તમે બધા અહીં શા માટે?' મહારાજશ્રીના ભક્તોમાંથી એક બોલ્યો : મહારાજશ્રી ! તોફાની વરસાદ શરૂ થયો છે. વળી રાત છે, પવનનું તોફાન પણ ભારે છે અમને થયું કે આવા તોફાન વચ્ચે મહારાજશ્રી ટેકરી પરની પર્ણકુટીમાં એકલા હોય એ સારૂ નહિ એટલે આપ અમારી સાથે ચાલો અને ઈશ્વરરામજી આશ્રમમાં રાતવાસો ગાળો.'

મહારાજશ્રી હસ્યા. થોડીવાર શાંત રહ્યા અને પછી કહ્યું:

'તમારા પ્રેમ માટે તો આભાર. પણ હું તમને બધાયને સામો પ્રશ્ન પૂછું છું કે શું તમે મને તેડવા આવ્યા છો તે તમે બધા મને સાચવી શકશો ? તમે મારૂં રક્ષણ કરી શકશો?

અનુયાયીઓમાંથી કોઈ કશું બોલ્યું નહિ. થોડીવાર રહી મહારાજશ્રીએ જ પછી કહ્યું:'

'ભાઈઓ સૌને રાખનારો તો રામ છે અને એ રામ તો જંગલ વચ્ચેની આ પર્ણકુટીમાં પણ છે. તમારે તમારા રામમાં તો ભરોસો રાખવો હતો ? પરંતુ એમાં તમારો દોષ નથી. પ્રેમ એ જુદી વસ્તુ છે. મારા પ્રત્યેના અપાર પ્રેમમાં તમે સૌ રામને વીસરી ગયા અને અહીં દોડી આવ્યા. આ કંઈ હું તમારો દોષ નથી કહેતો. આવું તો સંસારમાં બને છે અને તેથીજ આપણે એને સંસાર કહીએ છીએ. તમે બધા સુખેથી પાછા ફરો અને આશ્રમમાં જઈ નિંદ્રા લો. મારી સાથે તો મારો રામ છે તમે ચિંતા ન કરો.'

'મહારાજશ્રી! તમે કહો છો તે તો સાચું છે. તમારી રક્ષા કાજે રામ તમારી સાથે છે. પરંતુ વીજળીના આ ઝબકારા, આ ભયાનક ગર્જના, પવનનો

આ ઝંઝાવાત આ બધા વચ્ચે તમને એકલા મૂકીને જવાનું અમારૂં હૈયું કેમ ચાલે ?'

મહારાજશ્રીએ સામે બેઠેલા ભક્તમંડળ પ્રત્યે એક પ્રેમભરી દ્રષ્ટિ નાખી અને કહ્યું:

'હું કહું છું ને કે તમારા મારા પ્રત્યેના અપાર પ્રેમને કારણેજ તમને વીજળી, ગર્જના, પવન વગેરેના આવો ડર લાગે છે. પણ તમને હું શું કહું? તમને જે ડરાવે છે તે તો મને આનંદ આપે છે. ભક્તો, તમને હું શું કહું ? આ વીજળીના ઝબકારામાં તો હું રામના ધનુષ્યનો ટંકાર જોઉં છું અને એ જોઈને કૃતકૃત્ય થાઉં છું. આ મેઘ-ગર્જનામાં તો મને સારી યે રામાયણના જાણે જીવંત દર્શન થઈ રહ્યાં છે. ગર્જનાના નાદે તો રામ અને લક્ષ્મણ, હનુમાન અને વિભિષણ, સીતા અને જટાયુ-રામાયણના એ વીરલ પાત્રો મારી સામે આવી નજર સામે ખડા થાય છે. આ પવનના તોફાન તો જાણે મને નાગાધિરાજ હિમાલય પર કૈલાસના દર્શન માત્ર કરાવી રહ્યાં ન હોય તેમ લાગે છે. તમને જે ડરાવે છે, એનાથી તો હું ધન્યતા અનુભવું છું. બોલો ! હવે તમારો સૌનો ડર દૂર થયો ? તમે સુખેથી આશ્રમમાં જાઓ અને નિરાંતે ઉંઘ કરો તોફાન, વીજળી, ગર્જના એ તો હવે થોડીવારમાં સમી જવાનાં છે. હું ટેકરી પર અહીં નિશ્ચિંત છું. સલામત છું. સાથે મારો રામ છે. તમે મને એકલો માનો છો, પણ હું એકલો નથી. આસપાસનું જંગલ, આ કાળી બિહામણી રાત્રી, આકાશના તારા, આજુબાજુના વૃક્ષો સૌ મારી સાથે છે. સૌ મારાં છે. સૌ મારા પ્રેમી છે. મારે અહીં આજુબાજુ તો શું પણ આ જગત પર કોઈ દુશ્મન નથી. આમ છે તો પછી મારે ચિંતા કોની?

મહારાજશ્રીનાં પ્રેમભર્યા વાંક્યોથી ભક્તવૃંદના હૈયાં પલટ્યાં. સૌ સંતોષી બની મહારાજશ્રીની વિદાય લઈ ત્યાંથી પાછા ગુરૂકુળ તરફ ગયા.

ભક્તો જતાં જ મહારાજશ્રીએ બહાર આવી આકાશ તરફ દ્રષ્ટિ નાખી. મેઘલી રાત, વીજળીના સબકારા, ગર્જના અને પવનનો સુસવાટ, મહારાજશ્રીએ થોડીવાર આ દ્રશ્ય જોયું. અને પછી મનને કહ્યું, 'રામ! તું અદભુત છે!'

રામને યાદ કરી મહારાજશ્રી પછી પાછા અંદર પર્ણકુટીમાં ગયા. પર્ણકુટીના ખુણામાં પડેલો એકલતારો તેમણે ઉપાડ્યો. એક હાથમાં મંજીરા અને બીજા હાથમાં એકલતારો લઈ મહારાજશ્રીએ ભજન ઉપાડ્યું. મહારજશ્રી ગાતા હતાઃ 'કોઈ પીએ પ્રેમરસ પ્યાસા, કોઈ પીએ રામરસ પ્યાસા.'

દૂરદૂર આશ્રમમાં પણ મહારાજશ્રીના ભજનના શબ્દો ગુંજવા લાગ્યા. મહારાજશ્રીનું ભક્તવૃંદ એ ભજન સાંભળવા લાગ્યું. વાતાવરણને ભરી દેતા શબ્દો વૃંદ સાંભળવા લાગ્યું. એ શબ્દો હતાઃ

'કોઈ પીએ પ્રેમરસ પ્યાસા
કોઈ પીએ રામરસ પ્યાસા

અભ્યાસ અને ચિંતન

(3)

ધનના સંચયની વાતને મહારાજશ્રી તિરસ્કારતા હતા. અનુયાયીઓ જેટલા પણ પૈસા આપતા એ પૈસા તેઓ આશ્રમના વિકાસમાં ખર્ચી નાખતા. ઉદાર સ્વભાવ અને સંચય પરત્વે અણગમો-આ કારણે તેઓ પૈસા આવે કે તુરતજ કોઈને કોઈ કામમાં ખર્ચી નાખતા.

સનાતન ધર્મ પ્રત્યેની પ્રબળ ભાવનાને પરિણામે મહારાજશ્રીએ આશ્રમમાં વિષ્ણુયાગ યજ્ઞ કર્યો. મહારાજશ્રીએ સાધેલી પ્રગતિના ઘણા કારણો છે. તેમાં એક કારણ તે તેમનામાં રહેલી લગન. કોઈ પણ વાતની મહારાજશ્રીને લગન લાગતી તો પછી એ કાર્ય પૂરૂં કરીને જ તેઓ જંપતા. અને આવા કાર્યની પૂર્ણતા માટે અથાગ પરિશ્રમ, દોડધામ, પ્રવાસ, રાત દિવસ ઉજાગરા વગેરે કંઈ પણ કરવું પડે તો તેઓ તે હોંશે હોંશે કરતા. વિષ્ણુયાગ યજ્ઞ કરવાની એમને લગન લાગી અને આખરે ઈશ્વરરામ આશ્રમની ભૂમિ પર એમણે વિષ્ણુયાગ-યજ્ઞ કર્યો. આવો એમની લગનનો પ્રભાવ હતો.

એક બાજુ મહારાજશ્રીમાં લગનનો ગુણ હતો તો બીજી બાજુ તેમની પાસે શ્રદ્ધાનું બળ હતું. એક પ્રસંગ બન્યો.

યજ્ઞની તૈયારીઓ ચાલતી હતી. હજારો માણસો યજ્ઞમાં હાજરી આપનારા હોઈ તેમને માટે ખુલ્લામાં બધી વ્યવસ્થા કરવામાં આવી હતી. હજારો માણસોને સમાવી શકાય તેવાં મકાનો તો તે વખતે આશ્રમમાં હતાં નહિ એટલે બધી વ્યવસ્થા નીલાંબર આકાશ નીચે જ થઈ. પણ બન્યું એવું કે યજ્ઞની આગલી રાતે એકાએક આકાશમાં ઘનઘોર વાદળો ચડી આવ્યાં. પવન ફૂંકાવા લાગ્યો. વીજ ઝબુકવા લાગી અને જાણે હમણાં જ ચારે મેઘ તૂટી પડશે એમ લાગ્યું. આશ્રમના સંખ્યાબંધ વ્યવસ્થાપકોને ચિંતા પેઠી. સૌ મહારાજશ્રી પાસે દોડ્યા અને કહ્યુ: મહારાજશ્રી 'આ તો બારે મેઘ તૂટી પડશે એવું વાતાવરણ સર્જાયું છે તો શું કરવું? હજારો માણસોને બીજે સમાવવાની કે બીજી સગવડો આપવાની આપણી પાસે તો કોઈ જ સગવડ નથી, તૈયારી નથી.'

મહારાજશ્રીએ શાંતિ અને સ્વસ્થતાથી ઉત્તર આપતા કહ્યું: 'ચિંતા ન કરો. મને શ્રદ્ધા છે કે આ મુસિબતમાંથી આપણે જરૂર ઉગરી જઈશું. આવાં મહાન કાર્યો તો કેવળ શ્રદ્ધાના ઝનુનથી થઈ શકે છે. જે શ્રદ્ધાબળે અહીં આટલું મોટું સર્જન કર્યું એ શ્રદ્ધાબળ વાદળને પણ હટાવી દેશે.' આમ મહારાજશ્રી અખૂટ શ્રદ્ધાબળ સાથે હંમેશા કામ કરતા હતા. તે રાત્રે સ્હેજ છાંટા થયા પણ કાળાં ભમ્મર વાદળ તો વરસ્યા વિના જ ક્ષિતિજની પેલે પાર ચાલ્યા ગયા.

ઈશ્વરરામજી આશ્રમની બાજુમાં થોડા સમય પછી એક રાષ્ટ્રીય સંસ્થાનો જન્મ થયો. 'સરસ્વતી સદન' એ સંસ્થાનું નામ શારદાનુ જ્યાં પૂજન થવાનું છે એવા કામ માટે મારે ઉપયોગી થવું જ જોઈએ એવો વિચાર મહારાજશ્રીને આવ્યો. તેમણે આ સંસ્થાના ઉદ્ભવ કાર્યમાં ખૂબ જ સહયોગ આપ્યો અને સંસ્થાના આલિશાન મકાનોના બાંધકામમાં રાતદિવસ એકસરખો શ્રમ લીધો. સંસ્થાએ મૂર્તસ્વરૂપ લીધું ત્યારે મહારાજશ્રી તે જોઈ ખૂબ પ્રસન્ન થયા કેળવણી પ્રત્યેનું મમત્વ દિવસો દિવસ વધવા લાગ્યું.

એક સમય મહારાજશ્રી ફરતા ફરતા સુપા ગુરૂકુળ પહોંચી ગયા. ત્યાં

ગુરુકુળનું સંચાલન જોઈ તેમને ભારે આનંદ થયો. સનાતન ધર્મની તેમનામાં રહેલી ભાવના જાગૃત થઈ અને એમને એક વિચાર આવી ગયો કે, ઈશ્વરરામજી આશ્રમમાં ઈશ્વર સરોવરના રમ્ય તટે આવું એક ગુરુકુળ ઉભું કર્યું હોય તો !

મહારાજશ્રીને આમ જ્યારે પ્રવૃત્તિ માટેનો કોઈ વિચાર આવતો ત્યારે વિચારબળ કરતાં પણ તેને ત્વરીત ગતિએ અમલમાં મૂકવાની તેની તાલાવેલીનું બળ કયાંય વધી જતું. ગુરુકુળની સ્થાપના બાબતની એમની વિચારધારાનું પણ આમજ બન્યું અને કચ્છ આવી ઈશ્વર સાગરને તીરે ગુરુકુળનું સર્જન કરવા તેમણે પ્રયાસો શરૂ કર્યા. ધ્યેય સિદ્ધિ અર્થે આકાશ-પાતાળ એક કર્યા.

કોણે કેટલા પૈસા આપ્યા એ બાબત ગૌણ છે. પણ મહારાજશ્રીને ગુરુકુળની સ્થાપના માટે સૌએ પૈસા આપ્યા. હજારો રૂપિયા એકઠા થયા અને ગુરૂકુળનું સર્જન હાથવેંતમાં દેખાયું. ગુરુકુળની સ્થાપના કરવા મહારાજશ્રીએ જે અવિરત શ્રમ ઉઠાવ્યો હતો અને જે અદમ્ય ઉત્સાહ એકધારો ચાલુ રાખ્યો હતો એની ભારે તારીફ આજે પણ મહારાજશ્રીના સેંકડો પ્રશંસકો કરી રહ્યા છે. આખરે ગુરુકુળના ખાત મુહુર્તનો પ્રસંગ આવ્યો. અને સંવત ૧૯૯૨ના વૈશાખ માસની અક્ષય તૃતીયાને દિવસે અનેરા ઉત્સાહ વચ્ચે ખાત મુહુર્તનો યાદગાર સમારંભ યોજાઈ ગયો.

એક બાજુ ઈશ્વરરામજી ગુરુકુળના આલિશાન મકાનોના પાયા પડી રહ્યા હતા ત્યારે મહારાજશ્રીના એક શિષ્યે કચ્છના ત્યારના મહારાવશ્રીને એક અરજી કરીને જણાવ્યું કે મહારાજશ્રી ઈશ્વર અશ્રમની બધી મિલ્કત ગુરુકુળ અર્થે બરબાદ કરી નાખે છે. આ વાત બહુ આગળ વધી અને ઈશ્વર આશ્રમની મિલ્કતને સીલ લગાડી દેવાનો હુકમ છૂટ્યો. મહારાજશ્રી તો મજૂરો વચ્ચે ઓતપ્રોત થઈ તેમની વચ્ચે જ રહેતા હતા અને દિવસ ઉગે ને મજૂરોને ઝડપથી કામ કરવાનો ઉત્સાહ આપતા હતા. એક દિવસ મહારાજશ્રી આવી જ રીતે

કાર્યમાં રોકાયેલા હતા ત્યાં રાજ્યના એક કર્મચારી મહારાજશ્રી પાસે આવી પહોંચ્યા અને તેમના હાથમાં રાજ્યનો એક હુકમ મૂક્યો. મહારાજશ્રીએ કવર ખોલ્યું વાંચ્યું. લખ્યું હતું કે 'આ આશ્રમને સીલ દેવા હજુર ફરમાન થયું છે.'

આ હુકમ સાંભળી મહારાજશ્રીની આજુબાજુ ઉભેલા તેમના પ્રશંસકો ખિન્ન થયા. સૌને થયું કે આવાં સારાં કામમાં આમ વિઘ્ન નાખવાથી મહારાજશ્રીના એ શિષ્યના હાથમાં શું આવ્યું ? પરંતુ મહારાજશ્રી તો આ હુકમ વાંચ્યા પછી તેટલા જ સ્વસ્થ રહ્યા. તેમણે આંખો મીચી અંતરયામીને યાદ કર્યા અને પછી સ્થિર ભાવે તેમણે રાજ્યના કર્મચારીને કહ્યું, 'ખુશીથી તમે આશ્રમને સીલ લગાડો. હજુર હુકમ મારે શિરોમાન્ય છે. મેં આ જગતમાં મારૂં કંઈ માન્યું જ નથી. અંતરયામી દોરવે છે તેમ દોરાઉં છું. ઈશ્વરરામનું ગુરુકુળ સ્થાપવામાં હું તો માત્ર નિમિત્ત રૂપ છું.' અને પછી તેમણે આશ્રમમાં જેટલા પણ સંતો હતા તેમને આદેશ આપતાં કહ્યું, 'સંતો ! તમે બધા આશ્રમની બહાર નીકળી આવો. ત્રણ લુગડે જ બહાર આવજો સાથે કોઈ કશું ન લાવે કારણ કે આશ્રમને સીલ દેવાનો હજુરશ્રીનો હુકમ છે; અને સંતો ! જે થયું તે ઘણું સારૂ થયું. આપણે હવે ઝાડ નીચે બેસી ઈશ્વર ભજન કરીશું. આ આશ્રમ જેનો છે તે પોતેજ તેનું રક્ષણ કરશે કારણકે તે શ્રી ગુરુદેવ પોતે સમર્થ છે.'

રાજ્યના કર્મચારીએ પછી આશ્રમ જોયો. પ્રવૃત્તિઓ જોઈ. મહારાજશ્રી સાથે વાતો કરી, પૂછપરછ કરી બધું તપાસ્યું. આ કર્મચારીને આબધું જોયા પછી ખાત્રી થઈ કે આ આખાય કિસ્સા પાછળ ખટપટ સિવાય કંઈ નથી. આશ્રમમાં જનકલ્યાણ માટે થતી પ્રવૃત્તિ જોઈ, સાધકો જોયા, મહારાજશ્રીની સરળતા અને સત્યતા જોયાં. કર્મચારીએ પાછા જતાં પહેલાં મહાયરાજશ્રીને વંદન કર્યાં અને કહ્યુંઃ 'હું આવ્યો તો સીલ દેવા પણ મેં જોયું કે આપ નિર્દોષ છો, આપના શિષ્યે આ બધી ખટપટ કરી છે. હું અત્યારે જ પાછો જાઉં છું અને ભુજ જઈ હજુરશ્રીને સાચી હકીકત જણાવું છું. મને ખાત્રી છે કે હજુરશ્રી

સાચી હકીકત જાણ્યા પછી સીલ દેવાનો હુકમ જરૂર રદ કરશે અને ઈશ્વર-આશ્રમને સીલ દેવાનો હુકમ રદ કર્યો.

મહારાજશ્રી પછી તો રાતદિવસ ઈશ્વરરામજી ગુરુકુળના મકાનોના બાંધકામ પર દેખરેખ રાખવા લાગ્યા. તેમણે પોતાના અનુયાયીઓ પાસેથી લાખો કોરી મેળવી અને મકાનોના બાંધકામ પાછળ ખર્ચી. આખરે મકાનોના ઉદ્‌ઘાટન માટેનો દિવસ આવી પહોંચ્યો. પોતાનું સ્વપ્ન સિદ્ધ થતું જોઈ મહારાજશ્રી પરમ આનંદ અનુભવવા લાગ્યા. અને સને ૧૯૯૩ના મહા માસની વસંતપંચમીને દિવસે શ્રી ઈશ્વરરામજી ગુરુકુળની ઉદ્‌ઘાટન ક્રિયા અદમ્ય ઉત્સાહ અને આનંદના વાતાવરણ વચ્ચે થઈ, તે દિવસે સમગ્ર કચ્છભરમાંથી સેંકડોનો જનસમુદાય ગુરુકુળને આંગણે આવી પહોંચ્યો અને જ્યાં માતા શારદાનું સતત સ્તવન અને કવન થવાનું હતું એ ગુરુકુળનું દર્શન કરી કૃતકૃત્ય થવા લાગ્યો.

મહારાજશ્રી પછી પોતાનો બધો જ સમય ગુરુકુળ પાછળ આપવા લાગ્યા અને જોતજોતામાં તેમણે ગુરુકુળમાં અંધશાળા, નિવાસગૃહ, પરિવારગૃહ, ભોજનશાળા, દવાખાનું, વ્યાયામશાળા અને અતિથિગૃહ વગેરે સ્થાપ્યાં.

ગુરુકુળ મહારાજશ્રીના વડપણ નીચે ખૂબ ફાલ્યું અને ફૂલ્યું એટલે પછી મહારાજશ્રીનું મન ફરી ચિંતન અને અંતરયામીની ખોજ પાછળ લાગ્યું. તેમણે ફરીને એકાંત સેવી. વધુ ને વધુ ધ્યાનસ્થ અવસ્થા ગાળવા માંડી સારી એવી ધ્યાનસ્થ અવસ્થા અને અંતરયામીની ખોજ-આ એમનું પછી મુખ્ય ધ્યેય બન્યું અને તેઓશ્રી લગભગ સાધક અવસ્થામાંથી આગળ વધી સિદ્ધ અવસ્થાએ આવી પહોંચ્યા.

પણ ત્યાં ૧૯૯૬નો દુષ્કાળ પડ્યો.

ઈશ્વરરામજી ગુરુકુળના સર્જન પછી સંતુષ્ટ પૂ. મહારાજશ્રી મોટે ભાગે એકાંત સેવતા હતા અને ચિંતનશીલ રહેતા હતાં. સાંજે ચારેક વાગે તેઓ ગુરુકુળની આસપાસના વિસ્તારમાં થોડોક વખત ફરતા અને પછી પાછા પોતાની પર્ણકુટીમાં જઈ ધ્યાનમગ્ન થઈ જતા.

૧૯૯૬ના કપરા દુષ્કાળની વાત મહારાજશ્રીને કાને તો આવી હતી. તેમને થતું પણ હતું કે વરસાદનો છાંટોય ન પડવાથી લોકો ભારે દુઃખી છે પરંતુ આમ છતાં બ્રહ્મને પામવા તેઓ વધુને વધુ ધ્યાનસ્થ અવસ્થામાં રહેતા હતાં.

એક દિવસની સાંજ પડી હતી. મહારાજશ્રી દેશલપુર અને સદનવાડી વચ્ચેના રસ્તા પર ચાલી રહ્યા હતાં. સાથે બે શિષ્યો હતા. મહારાજશ્રી તેમને કહી રહ્યા હતાઃ 'સ્થિતપ્રજ્ઞની અવસ્થા પામવી એ કંઈ સહેલું કામ નથી અનાસક્તિ યોગ દ્વારા સ્થિતપ્રજ્ઞની અવસ્થા પામી શકાય; પરંતુ તે માટે માનવીએ પ્રથમ તો સંસારી માયાના બંધનો તોડી આગળ જવું જોઈએ.'

આમ વાત ચાલતી હતી ત્યાં બે ત્રણ માલધારીઓ ચાલીશ જેટલી ગાયોને લઈને ત્યાંથી પસાર થયા. ગાયોમાં લોહી ન હતું. માત્ર હાડકાં દેખાતાં હતાં. માલધારીઓ તેમને બળજબરીથી આગળ ને આગળ હાંકી જતા હતા. એક માલધારી તો ગાયને ફટકારતો આગળ ચલાવી રહ્યો હતો.

મહારાજશ્રીએ આ જોયું. માલધારીને પડકારતાં તેઓ બોલ્યા, 'ગઉતરીને મારે શા માટે છે? જોતો નથી એના પગમાં જોર નથી? હાડકાંનું માળખું જ માત્ર છે? તું ફટકારીશ તેથી એના પગમાં જોર ક્યાંથી આવી જવાનું છે? ગૌ તો માતા છે. એનાં તો પૂજન હોય? એને કંઈ માર હોય!'

પૂજ્યપાદ બ્રહ્મવિદ્વરિષ્ઠ મહારાજ શ્રી લાલારામજી



પ્રાકટ્ય : સંવત ૧૯૧૩ વૈશાખ સુદ ૨

સ્વરૂપાવસ્થાત : સંવત ૧૯૭૧ મહા વદ ૨



ડાબી બાજુથી બેઠેલા : શ્રી ખીમજી શામજી પોપટ, શ્રી ભીમજી રતનશી રૂપારેલ, શ્રી મોનજી ગાંગજી પોપટ, પૂજ્ય મહારાજશ્રી ઓધવરામજી (આદ્યસ્થાપક) શ્રી હરિદાસ વેલજી (પ્રમુખ), શ્રી કાનજી મોતીભાઈ, શ્રી ગોરધનદાસ આણંદજી (O.S)

ડાબી બાજુથી ઉભેલા : શ્રી ગાંગજી જયરામ વકીલ, શ્રી કૃષ્ણદાસ હીરજી પંજુઆણી, શ્રી છગનલાલ વેલજી (ખજાનચી), શ્રી વીશનજી કાનજી શ્રોફ (મંત્રી), શ્રી છોટાલાલ ધર્મસિંહ (મંત્રી), શ્રી માંડણ ભાણજી પરમાર (મંત્રી), શ્રી ઠાકરશી નરશી કોઠારી, શ્રી જાદવજી રતનસિંહ. પાછળ ઉભેલા : બ્રહ્મચારી ગોપાલ

મહારાજશ્રીના વાક્યોથી માલધારી ઝંખવાણો પડી ગયો. મહારાજશ્રીના વાક્યોએ એના પર એટલી બધી તો અસર કરી કે એનું હૃદય હલી ગયું. એની આંખમાં પાણી આવ્યાં. એણે મહારાજશ્રીના પગમાં પડી ચરણસ્પર્શ કર્યો અને કહ્યું:

'મહારાજશ્રી, હું એ સમજુ છું કે ગૌતરીને મારવું એ પાપ છે; પણ હું શું કરૂં ? છન્નુઓ દુકાળ પડ્યો છે. ઠેઠ ગરડામાંથી આ ગાયોને ખેંચતો આવું છું. મારગમાં ક્યાંય ખાવા ઘાસ નથી. મને એમ કે જલદી જલદી ગુજરાતમાં પહોંચી જાઉં તો ગાયો જીવી જાય. દુકાળ વરસ ત્યાં કાઢીશ અને ફરી આવતે વરસે વરસાદ થશે ત્યારે ગાયો પાછી લાવીશ. પણ મહારાજશ્રી! રસ્તામાં ચાર ગાયો તો થાકી પડી. એમને એમ જંગલમાં મૂકીને બાકીની ગાયો લઈને આગળ વધ્યો જાઉં છું. ભગવાન જાણે! ગુજરાતમાં પહોંચીશ ત્યારે કોણ જાણે કેટલી ગાયો જીવતી રહી હશે? અને મહારાજશ્રી! મારી મૂડી એ આ મારી ગાયો છે. ગાયો જો હાથમાં ન રહી તો મારૂં આખું કુટુંબ ભૂખે મરવાનું.'

માલધારીના શબ્દો સાંભળી મહારાજશ્રીનું હૃદય ભારે કરૂણા અનુભવવા લાગ્યું. એમનાંથી કંઈ બોલાયું નહિ. એ ગાયો નજીક ગયા અને ગાયોના શરીરે હાથ ફેરવવા લાગ્યા. હાડપિંજર જેવી ગાયો જોઈ મહારાજશ્રીની આંખમાં ઝળઝળીયાં આવ્યાં.

થોડીવાર રહી સ્વસ્થતા આવ્યા પછી મહારાજશ્રીએ માલધારીને કહ્યું, 'ભાઈ! ભગવાનને ગમે એ માથા માથે હિંમત હારવાથી કંઈ રસ્તો નથી નીકળવાનો. ઈશ્વર ઈચ્છા હશે તો તારી બધી ગાયો બચી જશે.'

સૂર્ય હવે ક્ષિતિજની પેલી પાર જવા લાગ્યો હતો. ગામમાં પાછા ફરતા આતૂર બનેલું-ઉતાવળે ગામમાં જવા મથતું ગામનું પશુધન ધૂળની

ડમરીઓ ઉડાડતું ઉડાડતું ગામ ભણી જઈ રહ્યું હતું. પક્ષીઓ પોતાના માળા તરફ તીરની ઝડપથી પાછા ફરવા માંડ્યાં હતાં. મંદિરોમાં સંધ્યા આરતીના ઘંટારવ શરૂ થયા હતા. તેવે વખતે રસ્તા પર મહારાજશ્રી અર્ધોએક કલાક સુધી મૌન સેવી એમને એમ ઉભા રહ્યા.

માલધારીએ આખરે હિંમત કરી શાંત વાતાવરણને વાચા આપી. તેણે મહારાજશ્રીના ચરણોને સ્પર્શી કહ્યું:

'મહારાજશ્રી! હવે આપ આશીર્વાદ આપો એટલે હું આગળ વધું આપની આશિષે હશે તો મારી ગાયો બચી જશે.

મહારાજશ્રીએ ધીર ગંભીર વાણીએ કહ્યું:

'તને અને તારી ગાયોને હવે હમણાં હું અહીંથી જવા નહિ દઉં. તું તારી ગાયોને લઈને આ સામે દેખાય તે ઈશ્વરરામજી આશ્રમમાં ચાલ. તારી ગાયો ત્યાં અઠવાડિયું બરાબર ચરશે. ચારો, પાણી, ખાણ બધું એને બરાબર મળશે. અઠવાડિયામાં ગાયોના પગમાં જોર આવી જશે. અને પછી તારી ગાયો સહેલાઈથી ગુજરાતમાં પહોંચી જશે. 'ચાલ, ગાયોને હાંક આશ્રમ તરફ' આમ કહી મહારાજશ્રીએ હાથમાંના દંડથી માલધારીને આશ્રમનો રસ્તો બતાવ્યો. માલધારીની આંખમાં હર્ષના આંસુ આવ્યાં તેને થયું કે રસ્તામાં જાણે ભગવાનનો ભેટો થયો. મહારાજશ્રીએ બતાવેલા ઉપકાર તળે તે એવો તો દબાઈ ગયો હતો કે તે કશુંજ બોલી શક્યો નહિ. આભારની લાગણીની રેખાઓ તેના ચહેરામાં તરવરવા લાગી. મહારાજશ્રીએ એ જોયું અને કહ્યુઃ

'ગાંડા! આ કંઈ હું નથી કરતો. આ કરનારો તો સર્વશક્તિમાન ઈશ્વર જ છે, મારો અને તારો રામ છે. હું તો માત્ર નિમિત્ત છું.'

માલધારીની ચાલીશ જેટલી ગાયો તે રાત્રે ઈશ્વરરામજી આશ્રમમાં

આવી પહોંચી. ગાયોને પેટ ભરાય તેટલો ઘાસચારો અને ખાણ આપવામાં આવ્યા. માલધારીનો આનંદ તો ક્યાંય માતો ન હતો.

તે રાત્રે જ્યારે મહારાજશ્રી ધ્યાનસ્થ અવસ્થામાં બેઠા ત્યારે તેમનું ચિત્ત સ્વસ્થ થતું જ ન હતું. સંધ્યા ટાણે નજર સામે હાડપિંજર જેવી જોયેલી ગાયો તેની નજર સામે તરવર્યા કરતી હતી. મહારાજશ્રીને થતું હતું કચ્છમાં તો આવું અબોલ એવું કેટલુંય પશુધન પડ્યું છે. આ બધાનું શું થશે? આ બધાંને કોણ બચાવશે? અને તેવી જ માનવીઓની દશા હશે! કચ્છમાં એવાં કેટલાંય માનવીઓ હશે, દુઃખી હશે, ગરીબ હશે જેમને અ છન્નુઆ દુકાળમાં બે ટંક તો શું પણ એક ટંક પણ ખાવા મળતું નહિ હોય !

આમ સ્વસ્થ થવા માંગતા મહારાજશ્રી આજે સાંજે જોયેલા ચિત્ર પછી વધુને વધુ અસ્વસ્થ થતા જતા હતા. ચિંતન માટે, ધ્યાન માટે તેઓ પ્રયત્ન કરતા હતા પરંતુ તેને બદલે તેઓ વધુને વધુ અસ્વસ્થ બનતા જતા હતા. આખરે તેમણે રામને સંભાર્યા અને કહ્યું: 'હે રામ! કંઈક તો પ્રકાશ પાળ્યો'

થોડીવાર પછી મહારાજશ્રીને જાણે કંઈ પ્રકાશ લાધ્યો હોય તેમ તે વિચારવા લાગ્યા, 'શું સાચું ! મારા આત્માના કલ્યાણ માટે સતત ચિંતન કરું તે કે આવા કપરા દુષ્કાળના સમયમાં દીન અને દુઃખીયાં છે, જે અબોલા જીવ છે તેની સેવા કરું તે ?

મહારાજશ્રીએ ઘણીવાર સુધી આ પરિસ્થિતિ પર વિચાર કર્યો અને આખરે જાણે તેમને અંતરમાંથી અવાજ સંભળાયો હોય તેમ તેમણે પોતાના મનને કહેવા માંડ્યું. હું બ્રહ્મ ઓળખવા કે પામવા પર્ણકૂટિના દ્વાર બંધ કરી અંદર ધ્યાનમગ્ન થઈ બેસી રહું એ સારી વાત તો છે; પરંતુ આજે જ્યારે કચ્છમાં ભયંકર દુકાળ પડ્યો છે ત્યારે કચ્છમાંના દુઃખીયાં છે અને જે અબોલાં છે

તેની સેવા કરવામાં સમય આપું તો તે શું વધારે સારું નથી? આત્માનું કલ્યાણ તો કરીશ પરંતુ અત્યારે માનવસેવા કરવાની જ્યારે ફરજ આવી પડી છે ત્યારે એ સેવા પાછળ લાગી જવું એ શું ઓછું કામ છે? કદાચ ઈશ્વર જો મને એની વાચા સંભળાવે તો પણ એમ જ કહે કે જે સેંકડો દુ:ખીયા છે અને સેંકડો અબોલાં જીવ છે તેની સેવા કરવાનો આ સમય છે ત્યારે પહેલાં એ કર્તવ્ય બજાવ પછી જ આત્માના કલ્યાણની વાત કરજે.

મહારાજશ્રીએ આમ મનથી દ્રઢ નિશ્ચય કર્યો કે છન્નુના દુકાળમાં અત્યારે સૌથી પ્રથમ કર્તવ્ય દુષ્કાળગ્રસ્ત માનવીઓ અને પશુઓની સેવા કરવી તે છે. મહારાજશ્રીએ એ પછી પર્ણકુટીના દ્વાર બંધ કરી ક્યારે પણ ધ્યાનસ્થ અવસ્થાને આવકારી નહિ; પરંતુ કચ્છ અને કચ્છ બહારથી સેંકડો અને હજારો રૂપીઆ એકઠા કરી લોકોની સેવાના કાર્યમાં તે મશગૂલ બન્યા.

સરળતા અને સત્યનો વિજય

(૪)

મહારાજશ્રીના દિલમાં ગરીબો અને દુઃખીયાં પ્રત્યે આપ ભાવે અનુકંપા હતી. છન્નુના દુકાળમાં ઘણાં ગરીબો રોટલો મેળવ્યા સિવાય રાતના પેટમાં ગુડા ઘાલી સૂઈ રહે છે. એવી વાતો મહારાજશ્રીને કાને આવી. મહારાજશ્રીને થયું ચિંતન અને અંતરયામીની ખોજ એ તો ખરું પરંતુ આ દુકાળમાં ગરીબો માટે પણ કંઈ કરવાની મારી ફરજ ખરી કે નહિ? દિલમાં માણેલા મનોમંથનમાં આખરે ફરજને એમણે આગળ મૂકી. પોતાના સેંકડો અનુયાયીઓને એમણે કાગળો લખ્યાં. અંદર લખ્યું કચ્છમાં ભયંકર દુકાળ છે. ગરીબો અન્ન વિના ટળવળે છે. તમારાથી જે પણ કંઈ મોકલાય તે મોકલો. હું એ પૈસામાંથી જેટલા વધુમાં વધુ ગરીબોને રોટલો અને ખીચડી આપી શકાશે તેટલી આપીશ.

અને પછી મહારાજશ્રીએ ઈશ્વરરામજી ગુરુકુળમાંથી ગરીબોને અન્ન આપવાનું શરૂ કર્યું. જોતજોતામાં તો ચારે બાજુ વાત ફેલાઈ ગઈ કે મહારાજશ્રી ઓધવરામજી ગરીબોને અન્ન આપે છે. આ વાત ફેલાતાં જેઓ ભૂખ્યા હતાં, દીન હતા, એવા ગરીબોના સમૂહોના સમૂહ ગુરુકુળમાં આવવા લાગ્યા અને

મહારાજશ્રી તેમને ખોળા ભરીને અન્ન આપવા લાગ્યા.

ઘણીવાર તો પછી એવું બનતું કે મહારાજશ્રી પાસે પાઈ ન મળે અને ગરીબો તો એક પછી એક મોટા સમૂહોમાં આવ્યા જ કરે; પરંતુ મહારાજશ્રીએ ક્યારે કોઈને પાછા ન વાળ્યા કે શ્રદ્ધાને ન ઓસરવા દીધી.

એક વખત મહારાજશ્રી પાસે બાજરો ન મળે. પૈસા પણ ન મળે. તેમણે પોતાના શિષ્યોને આજુબાજુના ગામડાઓમાં ગમે ત્યાં જઈ ખૂંદી વળી એક ગાડું બાજરો ભરી આવવાનું કહ્યું અને આદેશ પણ આપ્યો કે બાજરો લીધા વિના ઠાલા ન આવજો. શિષ્યો ગામેગામ ફરી વળ્યા. ક્યાંયથી બાજરો ન મળે. શિષ્યો મુંઝાયા. આખરે એક ગામમાં બાજરો હાથ આવ્યો પણ બાજરાનો માલિક કહે કે પેલા પૈસા ને પછી બાજરો. ભાવ પણ મનમાન્યો માંગ્યો. શિષ્યોએ કહ્યું ગુરુકુળ જઈ પૈસા મોકલી આપીશું પણ બાજરાનો માલિક એમ શેનો માને! શિષ્યો મુંઝાયા. પૈસા તો પાસે હતા નહિ. આખરે એક શિષ્ય દોડ્યો મહારાજશ્રી પાસે!

મહારાજશ્રીને આવીને કહે કે, 'બાજરો તો મળ્યો છે પણ એ પૈસા પહેલા માંગે છે.' મહારાજશ્રી હસ્યા, પછી બોલ્યા, 'પૈસા તો એક રાતી પાઈ પણ પાસે નથી' અને પછી અતૂટ એવા શ્રદ્ધાબળ સાથે કહ્યું: 'અંતરયામી, પૈસાને અભાવે કામ નહિ અટકાવે. પૈસા તો આવી જશે તમે ગાડું ભરાવો. પૈસા મોકલાવું છું. એને કહેજો કે પૈસા હાથમાં આવે પછી ગાડું હાંકવા દે' શિષ્ય પાછો ગામડે ગયો. આ બાજુ મહારાજશ્રીને થયું પૈસાનું હવે શું કરવું. થોડી મૂંઝવણ, થોડી શ્રદ્ધા અને થોડી આસ્થા આમ ત્રિવિધ સ્થિતિ મહારાજશ્રી અનુભવતા હતા ત્યાં પરદેશથી મહારાજશ્રીના નામનું એક મોટી રકમનું મનીઆર્ડર આવી પહોંચ્યું. મહારાજશ્રીએ તુરત પૈસા આપી એક માણસને ગામડે દોડાવ્યો અને થોડા સમય પછી ગાડું ભરીને બાજરો ઈશ્વરરામજી ગુરુકુળને

આંગણે ઠલાવ્યો. મહારાજશ્રીએ કહ્યું: 'અંતરયામીની મારા પર કેટલી બધી કૃપા છે? તે ક્યારે પણ મારું કામ અટકાતો નથી જ.' પણ આકાશી મદદથી આવી પ્રવૃત્તિઓ હાથ ધરનાર અને નિભાવનાર એ સંત પુરુષનું આત્મબળ, મનોબળ અને શ્રદ્ધાબળ કેટલું હશે !

મહારાજશ્રીના ધર્મ વિષેના ખ્યાલો પાછળ પણ ભારે વિશાળ દ્રષ્ટિ હતી. તેઓ કહેતા કે, 'એક જ પ્રભુને પ્રાપ્ત કરવાને માટે સર્વે ધર્મો છે. જેનાથી પ્રભુની પ્રાપ્તિ થતી નથી તે ધર્મ ગમે તેવો હોય છતાં પણ તે બરાબર નથી.'

ઈશ્વરરામજી ગુરુકુળને ચાલતું કર્યા પછી તેમનું વલણ દિવસોદિવસ એકાંતવાસ અને ધ્યાન તરફ વધુ ઢળતું જતું હતું. તેમના દિલમાં એક પ્રકારનું મંથન ચાલતું હતું. આ મંથન એ હતું કે, મારે હવે મારો બધો જ સમય ધ્યાનમાં ગાળવો જોઈએ અને આમ કરવું હોય તો મારે આશ્રમ છોડી ભારતની ભવ્ય તીર્થભૂમિ બદ્રિનાથમાં જઈ ત્યાં રહેવું જોઈએ. આ વિચાર ઉત્તરોતર તેમનામાં દ્રઢ થતો ગયો. આખરે તેમણે એક દિવસ મૈયાજીને કહ્યું: 'મૈયાજી ! ઈશ્વરરામ આશ્રમ, અને ઈશ્વરરામજી ગુરુકુળનું મારું કર્તવ્ય પુરું થયું છે હવે તો મારે બદ્રિનાથ જઈ બાકી રહેતું શેષ જીવન ધ્યાનમાં ગાળવું જોઈએ અને મૈયાજી ! મેં તેવો નિર્ણય પણ કરી નાંખ્યો છે' મહારાજશ્રીના બદ્રિનાથ જવાના વિચારની આમ જોતજોતામાં ગુરુકુળ અને આશ્રમમાં સૌને જાણ થઈ. બધાને થયું કે મહારાજશ્રી અહીં જ રહે અને એકાંતવાસ ગાળે પરંતુ બદ્રિનાથ તો તેમણે નહિ જવું જોઈએ. પરંતુ આ બધામાં સૌથી વધુ સંતાપ હોય તો તે વૃદ્ધ રામદાસજીને હતો અને તેવો જ સંતાપ તેમના વૃદ્ધ માતુશ્રીને હતો. મહારાજશ્રીના બદ્રિનાથ જવાના નિર્ણયથી આ બંને વૃદ્ધ હૈયાં ભારે કરુણ બન્યા હતા અને તેમના દિલની કરૂણતા સૌને દ્રષ્ટિગોચર થતી હતી. મૈયાજીએ પણ એક દિવસ આ કરુણાના દર્શન કર્યા. કરુણાના દર્શનથી તેમની આંખમાં આંસુઓ આવ્યાં. મહારાજશ્રીને મળી તેપણે કહ્યું, મહારાજશ્રી ! આપના આત્માના ઉત્કર્ષ માટે અને

અંતરયામીની ખોજ માટે આપ બદ્રિનાથ જઈ વસો એ તો સર્વથા શ્રેષ્ઠ છે પણ મહારાજશ્રી ! આપે બાપુ રામદાસજી અને વૃદ્ધ માતુશ્રીનો વિચાર કર્યો છે ? બદ્રિનાથ જવાના તમારા નિર્ણયની જાણ પછી એ બંનેમાંથી નથી કોઈ પેટ ભરી જમતું કે નથી કોઈ નિરાંતે ઉંઘતું! આપને સતત નજર સમક્ષ જોવા એ એમનો આજે મોટામાં મોટો આનંદ છે. જીવનને આરે આવી ઉભેલાં આ બે વૃદ્ધ હૈયામાં આપનો નિર્ણય જાણ્યા પછી કેટલી બધી કરૂણતા આવી ચડી છે એ આપે ક્યારે જોયું છે? મહારાજશ્રી બદ્રિનાથ ભારતની ભવ્ય તપોભૂમિ છે, એની ના નહિ, ત્યાં જઈ વસવાનું પુણ્ય પણ મહાન છે એ પણ ખરું. પરંતુ મહારાજશ્રી! વૃદ્ધ હૈયાંને સંતોષવાં, રાજી કરવાં અને આનંદમાં રાખવાં એ પુણ્ય પણ કંઈ ઓછું નથી. મહારાજશ્રી ! હું તો એટલે સુધી કહું છું કે એ વૃદ્ધોને સંતોષવા આપ આપની અંતરયામી વિષેની ખોજ થોડા સમય પૂરતી પડતી મૂકો તો એ નિર્ણય મારે મન વધુ મહાન, વધુ ભવ્ય લેખાશે. એમનો આધાર આપ એક માત્ર છો.' મહારાજશ્રીનું નિર્મળ હૃદય મૈયાજીની આ વાણી સાંભળી હર્ષા ઉઠયું. બદ્રિનાથ જવાનો વિચાર તેમણે પડતો મૂક્યો.

મહારાજશ્રી આ પછી ઈશ્વરરામજી ગુરુકુળમાં જ રહ્યા અને થોડે દૂર આવેલી ટેકરી પરની એક નાનકડી કુડિરમાં રહી પોતાનો સમય ઈશ્વરની સ્તુતિ અને એની ખોજમાં ગાળવા લાગ્યા.

મહારાજશ્રી ધર્મપરાયણ હતા તેવા જ ક્રાંતિદર્શક પણ હતા. સંવત ૨૦૦૨માં ગુજરાતના પ્રખર કર્મયોગી શ્રી રવિશંકર મહારાજ કચ્છ આવ્યા. કચ્છની જનતાએ એમની અમૃતવાણી દ્વારા પૂ.ગાંધીજીનો પ્રેરક સંદેશો સાંભળ્યો. જનતાને એમાંથી એક અનેરી પ્રેરણા મળી. જનતાએ જાણ્યું કે અસ્પૃશ્યતા એ હિંદુ ધર્મનું એક મહાન કલંક છે. મહારાજશ્રી ઓધવરામજીની ક્રાંતિકારી દ્રષ્ટિમાં પણ આ વાત આવી વસી ગઈ. અને કચ્છના એ સંતે-એ ધર્મગુરૂએ એક માહન અને મક્કમ પગલું ભર્યું.

२६७

ગુજરાતના પ્રખર કર્મયોગી શ્રી રવિશંકર મહારાજના મુખેથી અસ્પૃશ્યતાના કલંક વિષે સાંભળ્યા પછી મહારાજશ્રીજીના હૃદયમાં ભારે મથામણ જાગી. એક બાજુ સનાતન ધર્મની એમણે દિક્ષા લીધી હતી તો બીજી બાજુ અસ્પૃશ્યતા એ હિંદુ ધર્મ માટે કલંક સમાન છે એવી શ્રી રવિશંકર મહારાજના મુખેથી સાંભળેલી વાણી એમનાં હૃદયમાં બરાબર વસી ગઈ હતી. અસ્પૃશ્યતા એ સમાજ માટે કલંકરૂપ છે એ વાત એમણે મનમાં નક્કી કરી લીધી અને તેથી એ કલંક ધોઈ નાખવા તેમણે દ્રઢ નિર્ધાર કર્યો.

શ્રાવણ માસની અગિયારસ હતી. મહારાજશ્રીના સંખ્યાબંધ અનુયાયીઓ મહારાજશ્રીની વાણી સાંભળવા દ્વારામાં એકઠા મળ્યા હતા. એમાં પુરુષો હતા, સ્ત્રીઓ પણ હતી. મહારાજશ્રીએ ભાગવત વાંચવુ શરૂ કર્યું. એમની વાણી સાંભળવામાં શ્રોતાજનો લીન હતાં. મહારાજશ્રીનું જ્ઞાન, કહેવાની ઢબ, વાણીની છટા, આ બધાં વચ્ચે ભારે સુમેળ હતો અને તેથી મહારાજશ્રી જ્યારે ભાગવતની કથા વાંચતા ત્યારે ત્યાં ભારે શાંતિ પથરાઈ જતી.

આજે એવીજ શાંતિમાં મહારાજશ્રીએ પોતાની કથા પૂરી કરી અને કથા પૂરી કર્યા પછી તેમણે પોતાના અનુયાયીઓને અને ભાવિકોને કહ્યું:

'આજે તમને બધાયને મારે એક વાત કહેવી છે. એ વાત તમને ગમશે કે નહિ એની મને ખબર નથી પણ મારા આત્માના અવાજ પ્રમાણે મારે આગળ જવું જોઈએ અને તેથી તમને એ વાત કહેવી જ જોઈએ.

મહારાજશ્રીએ આજ સુધીમાં પોતાના ભક્તોને એમ ક્યારે પણ કહ્યું ન હતું કે, 'મારી આ વાત તમને ગમશે કે નહિ.' આજે મહારાજશ્રીના આવાં વાક્યો સાંભળી તેમના ભક્તો તાજુબ થયા અને મહારાજશ્રી શું કહેવા માંગે છે તે ધ્યાન દઈ સાંભળવા લાગ્યા.

મહારાજશ્રીએ આગળ ચાલતાં કહ્યું, 'જુઓ, આજે કેટલાય દિવસથી હું મંથન કરી રહ્યો છું અને એ મંથન પછી મને એ ખાત્રી થઈ છે કે આભડછેટ એ હિંદુ ધર્મ કે હિંદુ સમાજ માટે એક કલંકરૂપ છે. હરિજનોને દૂર રાખીને સમાજે એક મહાપાપ કર્યું છે. અને હવે એ પાપ આપણે સૌએ વહેલી તકે દૂર કરવું પડશે. આપણે જેવા માનવીઓ છીએ તેવા જ હરિજનો પણ માનવીઓ છે. એને માટે મંદિરો, તળાવો, કૂવાઓ બધું બંધ શા માટે ? મનુષ્યની જેમ એ પણ ઈશ્વરી ભેટ છે. એમને તરછોડાય નહિ, એમને અસ્પૃશ્ય પણ ગણાય નહિ. જેવા આપણે તેવા એ. જે હક્કો આપણે ભોગવીએ તે હક્કો એ પણ ભોગવે. મારે તેમને સૌ સમાન ગણવા છે અને ઈશ્વરરામજી આશ્રમ અને આજુબાજુના વિસ્તારમાં અસ્પૃશ્યતાનું કલંક ધોઈ નાખવું છે. અને તમને બધાયને કહું છું કે મારો આ વિચાર નથી, દ્રઢ નિર્ધાર છે. બોલો! તમારે કોઈને કંઈ કહેવું છે?'

મહારાજશ્રીની વાણીમાં એટલી તો મક્કમતા હતી કે સૌ થોડો વખત અવાક બની એમ જ બેસી રહ્યાં. મહારાજશ્રીએ સામે બેઠેલા સંખ્યાબંધ ભક્તો સામે નજર ઠેરવી અને જોયું કે કોઈ કંઈ બોલવા માંગે છે! તેમને તેમનો પોતાનો એક શિષ્યજ જરા સળવળતો દેખાયો મહારાજશ્રીએ તરતજ તેને માપી લીધો અને કહ્યું : 'બોલ! ગભરાય છે શા માટે? તારે જે કંઈ કહેવું હોય તે કહે.'

શિષ્યને આથી હિમ્મત આવી. તે કહેવા લાગ્યો, 'મહારાજશ્રી! અછૂતો મંદિર પ્રવેશ કરે તો હિંદુધર્મ રસાતળ જાય. ધર્મના પુણ્ય તો પરવારી ગયાં જ સમજો.'

શિષ્યની વાણી પછી મહારાજશ્રીએ ફરીને સામે બેઠેલા ભક્તવૃંદ તરફ નજર નાખી. તેમને તરત સમજાયું કે પોતાના શિષ્યની વાત ઘણાં જણને ગમી છે. પરંતુ મહારાજશ્રીને એમાં જરા પણ નવાઈ ન લાગી. તેમણે ફરી

એજ મક્કમતાથી કહ્યું :

'તમે બધા ભૂલો છો. હિંદુ ધર્મમાંથી અસ્પૃશ્યતા દૂર નહિ થાય તો સમજજો કે હિંદુ ધર્મ ભયમાં છે. પણ એ કલંક દૂર થયું તો પછી એ ધર્મ સામે કોઈજ ભય નથી.'

મહારાજશ્રીનાં વાક્યો પછી કોઈ કંઈ બોલ્યુ નહિ પરંતુ મહારાજશ્રીએ એક નજર ફેરવીને એ જોઈ લીધું હતું કે તેમની વાત ભક્તોને રુચિ નથી. પણ મહારાજશ્રી જે કંઈ નિર્ણય કરતા તે પહેલાં ખૂબ વિચારતા પરંતુ એક વખત નિર્ણય કરી લીધા પછી તેમાંથી પાછા ક્યારે પણ હટતા નહિ. મહારાજશ્રીના અડગ આત્મવાદની આ ખૂબી હતી.

સૌ વિખરાયા. મહારાજશ્રીની આ નવી વાતે સૌને વિચાર કરતા કરી મૂક્યા હતા. ઈશ્વરરામજી આશ્રમ અને આજુબાજુમાં ગામોમાં જાણે ઉલ્કાપાત મચી ગયો. જૂનવાણી માનસનું આ વિસ્તારમાં પ્રભુત્વ હતું. મહારાજશ્રીની વાત કોઈને ગળે ઉતરતી ન હતી. તેઓ આ શું કરી રહ્યા છે એમ જ્યાં ત્યાં બોલાવા લાગ્યું. મહારાજશ્રીને કાને પણ આ બધી વાત આવી.

ધીમ ધીમે મહારાજશ્રીના ભક્તો પણ મહારાજશ્રી પાસે આવીને કહેવા લાગ્યા કે મહારાજશ્રી, અસ્પૃશ્યતાની વાતને હમણાં છોડી દો તો! બહાર તો બધું બનતું હશે પણ કચ્છ તો હજુ બહુ પાછળ છે. કચ્છમાં આપની આ વાત કોઈને સમજાતી નથી. રૂઢિચુસ્ત ભક્તો તો કહી રહ્યા છે કે મહારાજશ્રીને મ્હોંએ આવી વાત હોય કંઈ! શું પૃથ્વી રસાતળ જવા બેઠી છે ? શું ઈશ્વરરામજી આશ્રમને મહારાજશ્રી હરિજનોનો પ્રવેશ કરાવીને અભડાવશે?

પરંતુ આવી બધી વાતો સાંભળીને તો મહારાજશ્રી ઉલટા વધુ મક્કમ બન્યા. તેમણે ભક્તોને કહ્યું કે, 'મેં જે કંઈ નિર્ણય કર્યો છે તે બહુ વિચાર પછી

કર્યો છે. હવે એ નિર્ણયમાંથી તો હું એક ડગલું પણ પાછો હટનાર નથી.' આટલું કહ્યા પછી એમણે મક્કમતાથી કહ્યું: 'અને મારા ભક્તો મને છોડી જશે તો એ પરિસ્થિતિને હું ખુશીથી શિરોમાન્ય ગણીશ. પણ જે સિદ્ધાંત મેં સ્વીકાર્યો છે તે માનવ જાતના ભલા માટેનો છે, એમાંથી તો હવે હું પીછેહટ નહિ કરું.'

મહારાજશ્રીની મક્કમતા આગળ બધા લાચાર બન્યા. ત્યારે મહારાજશ્રીના એક ગુરૂભાઈએ આવીને મહારાજશ્રીને કહ્યુ, 'મહારાજશ્રી! આપ જાણો છો કે કચ્છમાં અને બૃહદ કચ્છમાં આપનાં સેંકડો ભક્તો આપને છૂટે હાથે નાણાં મોકલે છે. પણ મહારાજશ્રી! આપના આ બધા ભક્તો સનાતન ધર્મપ્રેમી ભક્તો છે. હરિજનોને અપનાવવાની આપની વાતથી એ બધા ચોંકી ઉઠશે અને સમાજહિત માટે આપ જે છૂટે હાથે નાણાં ખર્ચો છો તે આવતાં બંધ થશે. આમ આપની પ્રવૃત્તિ જોખમાશે. આપને જે કંઈ કરવું હોય તે ધીમે ધીમે અને ક્રમે ક્રમે કરો તો સારું.'

ગુરૂભાઈની આ વાતથી મહારાજશ્રીનું હૃદય ઉલટું વધુ વ્યથિત થયું. એમણે ગુરુભાઈને મક્કમતાથી કહ્યું, 'હું જે કંઈ કરી રહ્યો છું તે યોગ્ય જ કરી રહ્યો છું. ભવિષ્યની હું ચિંતા નહિ કરું. મારો રામ મારી સાથે છે. એ સૌનાં દિલમાં જઈ વસશે અને મને ખાત્રી જ છે કે છેવટ સૌ સારા વાનાં થશે. સમાજહિતના આવા કાર્યમાં એકલા પડી જઈએ તો ય શું? સૌને સત્ય સમજાશે એટલે પાછા આવીને મને મળશે.

અને પછી તો વળતે દિવસે જ મહારાજશ્રીએ જાહેર કર્યું કે ઈશ્વરરામજી સરોવર, ઈશ્વરરામજી આશ્રમ નએ ગુરુકુળ વિસ્તારમાં જેકૂવાઓ છે તે હરિજનો માટે ખુલ્લા છે. કોઈ પણ હરિજન ગમે ત્યાંથી પાણી ભરી શકશે અને ગમે ત્યાં જઈ શકશે અને હરીફરી શકશે.

મહારાજશ્રીની આ જાહેરાતથી પહેલાં તો ઘણાને માથે વીજળી પડી હોય તેવું થયું. પરંતુ મહારાજશ્રીના દ્રઢ મનોબળ આગળ ધીમે ધીમે બધું ઓસરવા લાગ્યું ધીમે ધીમે હરિજનો સામેનો રોષ શાંત થવા લાગ્યો અને પછી થોડા સમયમાં જ હરિજનો સૌ સાથે એક સામાન્ય માનવી જેમ હળવાભળવા લાગ્યા.

સનાતન ધર્મની દિક્ષા લેનારા સંત ઓધવરામજી હરિજનપ્રેમી બન્યા. મહારાજશ્રી કેવા ક્રાંતિકારક હતા એ માટે આ એક દ્રષ્ટાંત બસ થશે. સનાતનીઓએ હરિજનોને હડધૂત કર્યાના દાખલાઓ તો જોઈએ એટલા મળશે. ત્યાં આ ક્રાંતિકારક સનાતની સંતે હરિજનોને ગોદમાં લીધા એ સમયની આ વાતનું મુલ્ય સૌએ સમજવા જેવું છે. અને એ સમજવા લાગીએ છીએ ત્યારે સંત ઓધવરામજીના ચરણોમાં સૌ કોઈનું મસ્તક સહેજે નમી જાય છે.

ક્રાંતિદર્શી

(૫)

ઈશ્વરરામજી ગુરૂકુળનો વાર્ષિક ઉત્સવ હતો. સંવત ૨૦૦૨ની રામનવમીનો એ દિવસ. મહારાજશ્રી ઓધવરામજીએ ઈશ્વરરામજી ગુરૂકુળમાં હરિજન છાત્રાલયની સ્થાપના કરી. વિદ્યાલયનાં દ્વારે હરિજન બાળકો માટે ખુલ્લાં મૂક્યાં. તે દિવસે તેમણે કરેલું લાગણીભર્યું પ્રવચન ક્યારે પણ ભુલાય તેમ નથી. તેમણે ઘોષણા કરતાં કહ્યું, હું સાચો હિંદુ છું, અને હિંદુત્વ પરના એ ડાઘને દૂર કરવા મારું સર્વસ્વ અર્પણ કરીશ.' મહારાજશ્રીએ એજ અરસામાં ગુરૂકુળની ભૂમિ પર પાટીદાર છાત્રાલય પણ શરૂ કર્યુ. મહારાજશ્રીની દ્રષ્ટિ આમ એટલી બધી વિશાળ હતી કે કોઈ પણ નવી વાત કે નવા પ્રવાહને વેગેલી અપનાવી લેતી હતી. મહારાજશ્રીએ આજ રીતે સારસ્વત એજ્યુકેશન સોસાયટીના નિર્ણયને પણ આવકાર્યો અને અર્ધા શુલ્કના ધોરણે ઘણા વિદ્યાર્થીઓને ગુરૂકુળમાં દાખલ કર્યા.

મહારાજશ્રીએ એ પણ જોયું કે કેળવણી સાથે યુગબળને પણ પિછાનવું પડશે અને નવા યુગના નૂતન પ્રવાહોને ઝીલવા પડશે. અને પછી એક બાજુ સનાતન ધર્મથી ઓતપ્રોત એવા આ યુગના આ સંતે ખેતીવાડી, આરોગ્ય, ખાદી સંચાલન વર્ગ, ગ્રામોદ્યોગ, વર્ધા યોજના તાલીમ વગેરે નવા પ્રવાહોને ઝીલ્યા અને આ પ્રવાહોને સાધ્ય બનાવવામાં પણ પોતાનો કિંમતી

ફાળો આપ્યો. થોડા સમયમાંજ ગુરુકુળને આંગણે ગુરુકુળની વાડીમાં અદ્યતન ખેતીના અખતરા શરૂ થયા, આરોગ્ય માટે રમતગમતો શરૂ થઈ, ખાદીને પ્રોત્સાહન આપવા અસંખ્ય રેટિંયા ગુરુકુળમાં આવ્યા.

મહારાજશ્રીની દ્રષ્ટિ જેવી સારગ્રાહી તેવી સર્વગ્રાહી પણ હતી. તેમણે ઈશ્વરરામજીનુ ગુરુકુળ તો સ્થાપ્યું પરંતુ તેના દેશના નૂતન પ્રવાહોને ઝીલી ઝીલીને અપનાવવા માંડ્યા. તેમણે ખાદીને દાખલ કરી અને બીજી બાજુ નાના ગૃહ ઉદ્યોગોને પણ ગુરુકુળમાં સ્થાન આપ્યું.

મહારાજશ્રી કહેતા કે ભારત ખેતી પ્રધાન દેશ છે. કોઈ પણ વિદ્યાર્થી સંસ્થામાં ખેતીને તો અમુક સ્થાન આપવું જ જોઈએ કે જેથી વિદ્યાર્થીઓમાં બાળપણથી જ ખેતી વિષે રસ જાગે, પ્રેમ જાગે અને આ વાત જાહેર કર્યા પછી ઈશ્વરરામજી ગુરુકુળની બાજુમાં ખેતી વિકાસવા મહારાજશ્રીએ ભારે પ્રયાસો કર્યા.

મહારાજશ્રી એક વાત લે તો પછી તેને પરિપૂર્ણ કર્યા વિના મૂકેજ નહિ. મહારાજશ્રીના આવા આગ્રહી સ્વભાવને કારણે જીવનમાં તેઓ જ્યાં જ્યાં હાથ નાખતા ત્યાં સફળ થતા તેમણે એક વાર નક્કી કર્યું કે ગુરુકુળને પાદરે લીલીછમ વાડીઓ સર્જાવી જોઈએ અને લીલાંછમ ખેતરો હિલોળા લેતો હોવા જોઈએ. ફળ અને ફૂલથી ઈશ્વરરામજીની વાડીઓ લચી જવી જોઈએ. બસ, આ નિર્ણય પછી મહારાજશ્રી એ કામ પાછળ એવા તો લાગી ગયા કે કેટલાય સમય સુધી પછી તેમણે બીજું કામ હાથમાં લીધું જ નહિ.

તેમણે વાંઢાયના ઠકરાઈ ભાઈઓને બોલાવ્યા. દેશલપુરના કણબી ભાઈઓને બોલાવ્યા, ખેતીમાં રસ હોય તેવા સૌને બોલાવ્યા અને ગુરુકુળને પાદરે પડેલી વિશાળ જમીનને બતાવીને કહ્યું, 'આ જમીનમાં પોયરો કરો, ધરતીની રાત દિવસ સેવા કરો અને એમાંથી ઉત્પન્ન કરો. તમે જેમ કહેશો

તેમ કરીશ પણ આ ધરતીની રસાળતા વધારવા રાત દિવસ શ્રમ આદરો.'

મહારાજશ્રીએ આમ આજુબાજુના ખેડૂતોને ખૂબ ઉત્તેજ્યા. તેમને તમામ પ્રકારની સગવડો આપી. ખેડૂતો રાત દિવસ એકસરખી મહેનત કરવા લાગ્યા. એક બાજુ મહારાજશ્રીનો સતત આગ્રહ, ખેડૂતોને જોઈતી તમામ સગવડો અને મહારાજશ્રીનો જાતે રસ લેવો, આ બધાનું પરિણામ એ આવ્યું કે થોડા મહિનામાંજ ગુરુકુળની પાદરની એ ધરતીની ભારે કાયાપલટ થઈ. ધરતીને ખેડ મળી, શ્રેષ્ઠ એવું ખાતર મળ્યું, જોઈએ એવું પાણી મળ્યું; અને એનું સારું પરિણામ એ આવ્યું કે, એ ધરતીમાંથી જોઈએ તેવું ઉત્પાદન શક્ય બન્યું.

ઈશ્વરરામજીની વાડીઓ પછી તો સૌને માટે એક જોવાનું સ્થાન બની. અહીં બાજરાનો કણ આવો સરસ કેમ પાકે છે ? શેરડી આવી મીઠી કેમ થાય છે ? ટમાટા આટલા સરસ કેમ ઉતરે છે? મરચાં અને વેંગણની આટલી બધી પેદાશ કેમ થતી હશે ? વગેરે અનેક વાતો લઈને આજુબાજુના ખેડૂતો અને વાડીઓના માલિકો ગુરુકુળની વાડીઓ પર આવતા અને કલાકો સુધી બેસી એ બધું જોતા, સમજતા અને આ અખતરાઓ પોતાને ત્યાં વાડીઓમાં કરવાની હોંશ લઈને જતા.

એક વખત ગુરુકુળની વાડીઓના બે ખેડૂતો મહારાજશ્રી પાસે આવ્યા. તેમણે મહારાજશ્રીને કહ્યું, 'મહારાજશ્રી, વાડીઓ તો હવે સરસ જામી છે પણ હજુ એમાં થોડીક આપણે વધુ સગવડ કરીએ તો ધાર્યો પાક લઈ શકાય.'

'હા. બોલો ! જરૂર બોલો ! ગુરુકુળની વાડીઓમાં ખેતી વધારવા માટે કોઈ પણ વાત તમે લાવશો તે મારે મંજુર છે.'

મહારાજશ્રીનાં આ વાક્યો સાંભળીને ખેડૂતો ઉત્સાહમાં આવી ગયા. તેમણે કહ્યું :

'મહારાજશ્રી, આપણી વાડીઓમાં ત્રણ કૂવાઓ છે, તેમાંથી બે કૂવાઓમાં તો પાણી પૂરતું છે. આપણે કોશથી તરત પાણી લઈએ છીએ પરંતુ એ બે કૂવાઓ પર મશિન બેસાડીએ તો ધાર્યું પાણી પાકને પાઈ શકીએ. પાક પણ સરસ ઉતરે અને ઉત્પાદન પણ વધે. આપણે બે રીતે ફાયદો થાય ગુણવત્તામાં અને પ્રમાણમાં.'

મહારાજશ્રીને આ વાત ખૂબ જ ગમી ગઈ. બસ વળતે દિવસે જ તેમણે પોતાના બે ચાર ભક્તોને પત્રો લખ્યા. અંદર જણાવ્યું કે વાડીઓમાં બે મશિનો બેસાડવાં છે. તેના જેટલા પૈસા થાય તેટલા મોકલો.

મહિનો માંડ થયો હશે ત્યાં ભક્તો તરફથી મહારાજશ્રીના ચરણોમાં આવીને દશ હજાર રૂપિયા પડ્યા. વાડીઓ પર મશિનો બેસશે એ વાત સૌએ જાણી. મશિનો ખરીદાયાં. મહારાજશ્રી જાતે વાડીઓના બે કૂવાઓ પર હાજરી આપવા લાગ્યા. બીજાઓ સાથે પોતે પણ જાત મહેનત કરવા લાગ્યા. એક વખત તો પોતે કૂવામાં જાતે ઉતર્યા અને નીચે પહોંચી, ક્યાં કેમ કામ કરવું તેની સૂચનાઓ આપવા લાગ્યા.

અને આખરે કૂવાના પાણી મશિન દ્વારા ઉંચે ચડ્યાં, વાડીઓમાં પ્રસર્યા અને વાડીની જમીનને તૃપ્ત કરવા લાગ્યાં. મહારાજશ્રીના આનંદનો પાર રહ્યો નહિ.

એક વખત મહારાજશ્રી વાડીમાં ફરતા હતા. વાડીઓનો ઘેરાવો માઈલોમાં વિસ્તરેલો હતો. મહારાજશ્રી સાથે એક ખેડૂતપણ હતો. ફરતાં ફરતાં મહારાજશ્રીએ ખેડૂતને કહ્યું, 'અહીં આ જમીન થોડી ઓછી રસાંગવાળી કેમ લાગે છે?'

ખેડૂતે કહ્યું, 'મહારાજશ્રી ! અહીં ઢોળાવ વધુ છે એટલે વરસાદ કે

કૂવાનું પાણી જમીનમાં નીચે જવાને બદલે ઢોળાવને કારણે બાજુમાં ચાલ્યું જાય છે. પરિણામે આ આટલા ભાગની ધરતીની રસાંગ ઓછી દેખાય છે.'

મહારાજશ્રીએ તરત પૂછયું, 'તો એનો ઉપાય શો?'

ખેડૂત અનુભવી હતો એની પાસે દ્રષ્ટિ પણ હતી. ખેડૂતે કહ્યું, 'મહારાજશ્રી! જુઓ આ જમીનને છેવાડે એક મોટો બાંધો બાંધવામાં આવે તો પાણી અટકે અને એટલે પછી પાણી જમીનમાં જ ઉતરે અને પરિણામે જમીન લીલી અને રસાંગવાળી બને.

મહારાજશ્રીએ કહ્યું, 'તો એમ કરવાંથી એમાં શું મુશ્કેલી પડે એમ છે?'

ખેડૂત બોલ્યો, 'મુશ્કેલી તો બીજી કંઈ નથી પણ કામ મોટું છે, એટલે મજૂરી વધુ પડે અને મજૂરો ઘણા રોકવા પડે.'

મહારાજશ્રીએ કહ્યું, 'મજૂરો ભલે વધુ રોકવા પડે, ભલે વધુ ખરચ આવે પણ એ કામ થશે જ.'

મહારાજશ્રી આમ બોલી ત્યાંથી ચાલ્યા ગયા અને બાંધાંનુ કામ તાત્કાલિક પુરું કરાવવાના વિચારે ચડ્યા. તેજ સાંજે મહારાજશ્રી હાથમાં દંડ લઈ ફરવા નીકળ્યા હતા. સાંજનો સમય હતો એટલે ગુરુકુળના વિદ્યાર્થીઓ રમતગમતના મેદાનમાં જુદી જુદી રમતો રમી રહ્યા હતા. મહારાજશ્રી ત્યાંથી પસાર થયા, વિદ્યાર્થીઓની રમતગમત જોવા થોડીવાર ત્યાં થોભ્યા. થોડીવાર પછી તરતજ તેમને વિચાર આવ્યો કે, 'વિદ્યાર્થીઓની આ સમૂહશક્તિને કામે લગાડવી હોય તો ?'

બસ, મહારાજશ્રીના મનમાંથી એક સરસ વિચાર પસાર થઈ ગયો. મહારાજશ્રી આનંદમાં આવી ગયા. રમતગમત કરતા વિદ્યાર્થીઓને તેમણે પોતાની પાસે બોલાવ્યા અને કહ્યું, 'બોલો! મહેનત કરવા તૈયાર છો?'

વિદ્યાર્થીઓએ ઉમંગથી જવાબ આપ્યો, 'જરૂર! જરૂર!'

મહારાજશ્રીએ કહ્યું, 'સખત મહેનત કરવી પડશે. તડકો સહન કરવો પડશે. તગારી અને પાવડા ઉપાડવા પડશે.

'કબૂલ! કબૂલ' વિદ્યાર્થીઓએ ઉમંગથી જવાબ આપ્યો. એક વિદ્યાર્થીએ તો એટલે સુધી કહ્યું, 'મહારાજશ્રી, આ તો તમે તગારી ઉપાડવાની વાત કરો છો પરંતુ ડુંગર ખોદવો પડે તોય શું?'

મહારાજશ્રી વિદ્યાર્થીઓથી ખુશ થયા અને તેમણે આજે સૌ વિદ્યાર્થીઓને, ખેડૂતોને અને ગુરૂકુળ તેમ જ આશ્રમવાસીઓને પોતાની પાસે બોલાવ્યા, સૌને કહ્યું, 'આપણે મજૂરી કરીએ, શ્રમ કરીએ અને આ વાડીનો બાંધો બાંધવાનો છે તે બાંધીએ. શ્રમની પ્રતિષ્ઠા વધારીશું તેટલું સારું છે. સૌ સહમત થયા.

રવિવારે આખો દિવસ સૌએ મહેનત કરી. મહારાજશ્રી જાતે પણ તગારી લઈ કામમાં મશગૂલ બન્યા હતા. મહારાજશ્રી કામ કરતા હતા એ જોઈ સૌનો ઉત્સાહ અનેકગણો વધી ગયો અને મધ્યબિંદુ સમા મહારાજશ્રીની આસપાસ સૌ અથાગ મહેનત કરી બાંધો બાંધવા લાગ્યા. વિદાયાર્થીઓએ તો પછી કામ કરતેકરતે સમૂહગાન ઉપાડ્યુંઃ 'માલમ ! કામ કરે સો પ્રામે.'

સમૂહશક્તિ કામે લાગી. બાંધો બંધાઈ ગયો, મહારાજશ્રી ખુશ થતા થતા માનવશક્તિમાંથી ઉભા થયેલા એક નાનકડા સ્વયંસર્જનને હસું હસું થી જોવા લાગ્યા.

અને ગુરૂકુળની ભાવના પાછળ એમનો આદર્શ કેટલો ભવ્ય હતો ? મહારાજશ્રી કહેતા કે, 'ભારતવર્ષની પુરાતન સંસ્કૃતિનો વિકાસ તપોવનો અને ઋષિ-આશ્રમોમાં થયો હતો. ઋષિ-મહાત્માઓ તથા સંત પુરુષોએ નદીઓના સંગમથી અને કોઈક કંદરાઓમાંથી વિશ્વરૂપ પરમાત્મ-શક્તિનું દર્શન કર્યું હતું. વિશુદ્ધ સનાતન સંસ્કૃતિનું પ્રથમ સંગીત તેમની નાની નાની કુટિરોમાંથી જ ગવાયું હતું. સરળ પણ ઉચ્ચ જીવન જીવીને તેઆએ તત્વજ્ઞાનનાં મહાન પ્રશ્નો પર વિચાર કર્યો હતો. તેમની દ્રષ્ટિમાં પ્રેમ, પ્રેમ, વિશ્વપ્રેમ સિવાય કાંઈ જ ન હતું. એટલા માટે જ એમના દ્રષ્ટિમાં બધા જીવો પરમાત્મારૂપ હતા. આજે પણ પુરાતન ઋષિઓની તપશ્ચર્યાને લીધે ભારતવર્ષનું મસ્તક સંસારમાં ઉંચુ છે. ભારતવર્ષનાં ગુરુગૃહો એક સમય તપોવનોમાં હતાં. ત્યાં નિરંતર હોમ ધૂપથી દિશાઓ પવિત્ર રહેતી. બ્રહ્મચારીઓના પવિત્ર વેદધ્વનિથી વનપ્રદેશો ગૂંજી રહેતા, અને અનેકવાર આપણને રામ, લક્ષ્મણ, કૃષ્ણ, સુદામાના પવિત્ર પ્રેમની ઝાંખી ત્યાં મળતી હતી.''

અને મહારાજશ્રીને ભારત દેશ પ્રત્યે કેટલો અપાર-પ્રેમ હતો? તેમણે એકવાર કહેલું કે, 'ભારતવર્ષનું મન ચિરઃકાલ સુધી વિશ્વ પ્રકૃતિઓની સાથે ઘનિષ્ટ સંબંધ હોવાને લીધે ઘડાએલું છે. એટલે જગતની જડ ચેતન સૃષ્ટિ સાથે પોતાને એકાત્મ ભાવથી વ્યાપ્ત કરી દેવું એ ભારતવર્ષને માટે સ્વભાવ સિદ્ધ છે. અગ્નિ, વાયુ, જલ, અને સ્થળરૂપ વિશ્વને વિશ્વાત્મા દ્વારા સહજ પરિપૂર્ણ કરીને જોવું એજ સાચું શિક્ષણ છે. આ શિક્ષણ શહેરોની સ્કૂલોમાં કેવી રીતે આપી શકાય ? કેમકે ત્યાં વિદ્યા શીખવવાના કારખાનામાં આપણે જગતને એક પ્રકારનું યંત્ર સમજતાં શીખી શકીએ છીએ. એટલા માટે જ વન તથા પર્વતોની સમીપ શિક્ષણ સંસ્થાઓ હોવી જોઈએ જ્યાં આદર્શોનો અને બાલમાનસનો વિકાસ ભલી પ્રકારે થઈ શકે. ગુરૂકુળ એટલા માટેજ પોતાનાં બ્રહ્મચારીઓને પ્રકૃતિ માતાની ગોદમાં રાખીને સ્વાધીનતા તથા નિર્ભયતાનો

પાઠ શીખવે છે. બ્રહ્મચારીઓ નિર્ભયતાથી પોતાનું જીવન વ્યતીત કરે છે, અને વિશુદ્ધ પ્રકૃતિમાં રહીને તેઓ ઠંડી ગરમી, વર્ષા, પવન અને તડકો સહન કરવાની શક્તિ પ્રાપ્ત કરે છે. સાત્વિક અને પવિત્ર જીવન ગાળીને જ્ઞાન અને શક્તિની ઉપાસના કરવી એ તેમનો મુખ્ય ઉદ્દેશ છે, બ્રહ્મચર્યના તેજથી તેજસ્વી થઈને મૃત્યુને પાછું ઠેલવું એ એમનું ધ્યેય છે.

મહારાજશ્રીએ ગુરૂકુળોના આદર્શ વિષે ઉલ્લેખ કરતાં એકથી વિશેષ વખત કહ્યું હતું કે, 'ગુરૂકુળોમાં ધાર્મિકતા, રાષ્ટ્રીયતા અને સંસ્કૃતિનો ત્રિવેણી સંગમ સતત વહ્યા કરતો હોવો જોઈએ. અને એમણે આચારમાં પણ એ સિદ્ધ કરી બતાવ્યું હતું. જો તેમ ન હો ત તો સનાતન ધર્મનો હવન, હરિજનોનો આશ્રમ અને ખાદી ઉત્પત્તિ એકજ સ્થળે ગુરૂકુળમાં ત્રિવેણી સંગમ રૂપે વહ્યાં ન હોત.

સમય તે કોઈને માટે થોભતો નથી. ફરી ઠીક એવો સમય નીકળી ગયો. ઈશ્વરરામજી ગુરૂકુળની બધી મિલકત મહારાજશ્રીએ હિંદ સરકારને સોંપી દીધી અને સરકારે ગુરૂકુળ ચલાવવાની તમામ જવાબદારી લઈ લીધી. આમ મહારાજશ્રી એ પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થતાં તેમનું મન ફરી મનન અને ચિંતન તરફ દોડ્યું. અંતરયામીની ખોજ, આત્માની ઓળખ અને પ્રભુદર્શન આ એમના ચિંતનના મુખ્ય તત્વો હતાં. તેમને થયું કે હવે આ ભૂમિ છોડી હવે પતીતપાવની ગંગા મૈયાને કિનારે જગ્યા શોધી લઉં અને ત્યાં આસન જમાવી અધૂરું ચિંતન પૂરું કરું. હવે તો સંજોગો પણ સાનુકૂળ હતા એટલે આખરે મહારાજશ્રીએ હિમાલયથી ઠેઠ હરિદ્વાર સુધી વિસ્તરી આવેલી ગિરિકંદરાની ઓથમાં ગંગા મૈયાને તીરે જઈ વસવાનો નિર્ણય કરી લીધો. મહારાજશ્રીએ હરિદ્વાર જતાં પહેલાં કહ્યું હતું કે, મેં હરિદ્વારમાં જઈ ગંગાજીને કિનારે વસવાનો નિર્ણય કરી લીધો છે. અને આમ ત્યાં જઈ કુટિર બાંધી મારામાં મોક્ષ સાધનામાં જે પણ કંઈ ખામીઓ રહી છે તેની નિવૃત્તિ કરવી છે.'

મહારાજશ્રીનો નિર્ણય એટલે પછી એનો અમલ એ કરવાના જ. માર્ગમાં ગમે તેટલી મુશ્કેલીઓ આવે તો પણ તેનું નિવારણ કરી, લીધેલા નિર્ણયને એ અમલી બનાવવાના જ. એમના દઢ મનોબળનું આ પરિણામ હતું. અને મહારાજશ્રી હરિદ્વાર પહોંચ્યા.

હરિદ્વાર પહોંચ્યા પછી મહારાજશ્રીએ પોતાની પર્ણકુટી બાંધવા માટેનું એકાંત સ્થળ શોધવા માંડ્યું.

મહારાજશ્રી ઋષિકેષ અને લક્ષ્મણઝૂલા પહોંચ્યા. મહારાજશ્રી પોતાના એક ભક્તને કહેતા હતા કે, જ્યારે હું લક્ષ્મણઝૂલા પહોંચ્યો અને પર્વતોમાંથી દર્શન આપતી ગંગામૈયાને મેં જોઈ ત્યારે મારું મસ્તક નમી ગયું. મૂક બની કલાકો સુધી મહારાજશ્રીએ એ દર્શન જોયું. સામે વૃક્ષોના ઝૂંડ, વચ્ચે સ્વર્ગ આશ્રમ, પ્રાચીન મંદિરોના ઊંચા ઊંચા શિખરો અને ગંગામૈયાના વહેતાં નિર્મળા નીર, એ દશ્ય જ અદ્ભૂત હતું. ભારતની પ્રાચીન સંસ્કૃતિ જાણે અહીં સદેહે અવતરી ન હોય એવું એ દ્રશ્ય હતું. હિમાલયની ગોદમાંથી વહેતી ગંગા નદીને કિનારે જ પ્રાચીન ઋષિઓએ પર્ણકુટિઓ બાંધી હતી અને માત્ર ભારતને નહિ પરંતુ સમગ્ર વિશ્વને અજોડ એવી વેદની ઋચાઓ આપી હતી.

આ એ જ ગંગામૈયા હતી કે જેને કિનારે ભારતના ઋષિમુનિઓએ અધ્યયન કરી ભારતનો સર્વશ્રેષ્ઠ એવો આધ્યાત્મવાદ વિશ્વને આપ્યો હતો. હજારો વર્ષ પહેલાં આજે પણ જગતનું જ્યાં મસ્તક નમી પડે છે એવી શ્રેષ્ઠ સંસ્કૃતિ અને ફિલસૂફી આપનારા ઋષિમુનિઓ ત્યારે કેવા હશે ! એમની પ્રતિભા કેવી હશે, એમના જીવન કેવાં હશે ! આવા આવા વિચાર માનવીને આજે સહેજે આવે. કારણ કે જીવન, સમાજ અને સર્જનને એકમેક સાથે સંબંધ છે. સમાજ એ જીવનનું પ્રતિબિંબ છે તો જીવન એ સંસ્કૃતિનું પ્રતિબિંબ છે.

અને આવા વિચારો આવે છે ત્યારે એ સહજ સમજાય છે કે

ગંગામૈયાને કાંઠે આસન જમાવી વિશ્વને ઉપકારક એવું સાહિત્ય આપનાર એ ઋષિમુનિયોનું જીવન કેટલું બધું સ્વસ્થ હશે ? એકાગ્ર હશે ? અને આજે વિનોબાજી એ જ સ્વસ્થતા માનવજીવનમાં પાછી લાવવા માંગે છે ને !

મહારાજશ્રીને એ સ્વર્ગ આશ્રમ અને એ લક્ષ્મણ ઝૂલાવાળો વિસ્તાર એટલો બધો તો ગમી ગયો કે તેમણે અહીં જ આ વિસ્તારમાં પોતાની પર્ણકુટી માટેની જગા મેળવવાનો વિચાર કર્યો. આ વિચાર પછી તેઓ આ વિસ્તારમાં ખૂબ ખૂબ ખૂંદી વળ્યા. અનેક સાધુઓને મળ્યા, સંતોને મળ્યા, સ્વર્ગ આશ્રમના સંચાલકોને મળ્યા. તેમણે રાત દિવસ એક સરખી મહેનત કરી. રહેતા હરિદ્વાર અને છતાં દરરોજ ત્યાંથી આ વિસ્તારમાં આવતા અને રાત દિવસ જગ્યા માટેની સતત શોધ કરતા.

સ્વર્ગ આશ્રમના સંચાલકે મહારાજશ્રી આ વિસ્તારમાં વસવા ખૂબ આતુર છે એ જ્યારે જોયું ત્યાર પછી એમણે મહારાજશ્રીને કહ્યું કે, મહારાજશ્રી ! બદ્રીનાથ કેદારનાથને રસ્તે અહીંથી દશ માઈલ દૂર એક પર્ણકુટી છે. તેમાં એક તપસ્વી છે. અહીંથી પણ વિશેષ એકાંત મળે તે માટે એણે ત્યાં જમીન મેળવી પર્ણકુટી બાંધી છે એટલે અહીંની એની પર્ણકુટી હમણાં ખાલી છે. તો તમે જો ત્યાં જઈ એમની સંમતિ મેળવી લો તો હમણાં તમને અહીંની એમની પર્ણકુટી કામ લાગે.'

મહારાજશ્રીને આ વાત જાણી એટલો બધો આનંદ થયો કે ન પૂછો વાત. એ પર્ણકૂટી આવતાં જતાં વીશ માઈલ થાય. મહારાજશ્રીએ તો એનો કશો જ વિચાર ન કર્યો અને હાથમાં દંડ લઈ ચાલવા માંડ્યું.

માર્ગમાં મહારાજશ્રીએ નૈસર્ગિક સૌંદર્યની પરાકાષ્ઠા જોઈ. લીલીછમ વનશ્રી, વહેતાં નિર્મળ ઝરણાં, પ્રસન્ન હવા અને ઘટાદાર વૃક્ષો પંખીઓનો કિલ્લોલ અને દૂર દૂર ક્ષિતિજને આંબતી નિરુત્તેજી ગિરિકંદરાઓ. આમ અપાર

એવું કુદરતી સૌંદર્ય જોતા જોતા મહારાજશ્રી પંથ કાપતા કાપતા આગળ વધવા લાગ્યા.

આખરે મહારાજશ્રીએ દશ માઈલ કાપ્યા અને તેમને માત્ર પચાશેક ફૂટ ઉંજે એવી નાની ટેકરી પર એક પર્ણકુટી દેખાઈ.

મહારાજશ્રી ધીમે ધીમે એ પર્ણકુટી પાસે પહોંચ્યા. મધ્યાહન તો થઈ ગયો હતો. તડકાનું જોર પણ ઠીક હતું પણ સાથે હવા પણ પ્રસન્ન હતી એટલે તડકાનો તાપ બહુ લાગતો ન હતો; પરંતુ આમ છતાં લાંબુ ચાલ્યાનો થાક તો મહારાજશ્રીને લાગ્યો જ હતો. હળવે પગે તે પર્ણકુટીમાં દાખલ થયા. અંદર એક તપસ્વી બેઠા હતા. તેમની આંખો બંધ હતી. અવસ્થા સમાધિની હતી.

મહારાજશ્રી શાંતિથી પર્ણકુટીમાં એક બાજુ જઈને બેઠા પેલા તપસ્વી તો ધ્યાનસ્થ અવસ્થામાં હતા. અંદર કોઈ ન હતું. અર્ધો એક કલાક એમજ ગયો હશે. મહારાજશ્રીને થયું કે, 'આને ધ્યાન ભગ્ન કેમ કરૂં ?'

મહારાજશ્રએ બીજો પણ અર્ધો કલાક કાઢ્યો. તપસ્વી હજુ એજ અવસ્થામાં હતા. મહારાજશ્રી મુંઝાયા. તેમને થયું કે હવે શું કરવું ? કારણ કે એમને તો પાછા દશ માઈલ ચાલી પાછા ફરવું હતું. આખરે મુંઝવણ ટળી

એક યુવાન જેવો લાગતો બીજો તપસ્વી થોડીવારમાં પર્ણકુટીમાં દાખલ થયો. એના હાથમાં એક સ્વચ્છ પાત્ર હતું. અંદર તાજાં ફળો હતાં.

મહારાજશ્રીને આ નિર્જન જંગલમાં આ પર્ણકુટીમાં જોતાં તપસ્વી પહેલાં તો ચમક્યો, પરંતુ એમની તપસ્વી જેવી પ્રતિભા જોતાં તુરતજ સ્વસ્થ બન્યો અને મહારાજશ્રીને તેણે વંદન કર્યા.

બરાબર આજ સમયે પેલા તપસ્વીએ આંખો ખોલી. મહારાજશ્રીએ જોયું તો આંખોમાં તપનું ભારે તેજ ભર્યું પડયું હતું. મહારાજશ્રીએ એમને નમસ્કાર કર્યાં. તપસ્વીએ પણ સામેથી મસ્તક નમાવ્યું.

મહારાજશ્રીએ જ્યારે સ્વર્ગ આશ્રમ નજીકની તેમની પર્ણકુટી પોતાને આપવાની વાત કરી ત્યારે એ તપસ્વીએ મહારાજશ્રીને ભારે પ્રેમભર્યા અવાજે કહ્યું. :

'આત્મન્, અગર આપ જો દો દિન પહેલે આયે હોતે તો ઠીક હોતા થા. દો દિન પહેલે વો પર્ણકુટી મૈંને દુસરે એક તપસ્વીકો દે દીઆ.'

મહારાજશ્રીએ ફરી નમસ્કાર કર્યા અને કહ્યું : કંઈ હરકત નહિ, હું વળી બીજો પ્રયત્ન કરીશ.'

આમ કહી પાંચેક મિનિટ બેસી મહારાજશ્રી જવા તૈયાર થયા તપસ્વીએ મહારાજશ્રીને બેસાડયા અને 'ભોજન વિના નહિ જવા દઉં' એમ કહી મહારાજશ્રીને બેચાર તાજાં મિષ્ટ એવાં ફળો આપ્યાં. ફળો ખાઈ મહારાજશ્રી પાછા ફર્યા. તપસ્વીએ ફરી આંખો મીંચી દીધી અને પાછા ધ્યાનસ્થ અવસ્થામાં પડ્યા.

માર્ગમાં મહારાજશ્રીને વિચારો આવવા લાગ્યા કે કામ તો ભલે ન થયું, પણ એક તેજસ્વી તપસ્વીનાં દર્શન તો થયાં. મહારાજશ્રીએ સાંભળ્યું તો હતું કે આ સ્વર્ગ આશ્રમ અને લક્ષ્મણઝૂલા વિસ્તારમાં અનેક તપસ્વીઓ છે જે ક્યારેય પણ બહાર નીકળતા નથી અને કોઈને દર્શન દેતા નથી, પરંતુ કેવળ સમાધિસ્થ અવસ્થા ગાળે છે અને ઉંડુ ચિંતન કરી રહ્યા હોય છે. પરંતુ મહારાજશ્રીને એવા એક તપસ્વી આજે આમ જોવા મળ્યા અને એમને એનો

કંઈ ઓછો આનંદ ન હતો.

હરિદ્વારમાં પહેલાં તો તેમણે ગંગાજીને તીરે આવેલા રમાભવનમાં નિવાસ કર્યો પરંતુ અહીં યાત્રીઓની અવરજવર ખૂબ રહેતી હોવાથી મહારાજશ્રીને તેમની ઈચ્છાનુસારનું એકાંત મળતું ન હતું; એટલે આખરે તેમણે ગંગાજીને કાંઠે આવેલા સપ્ત સરોવરની ભૂમિ પર કુટિર બાંધી ત્યાં રહેવાનો નિર્ણય કર્યો. નેપાલવાસી સ્વામી નિગાહીનાથની એ જમીન હતી. મહારાજશ્રીએ પોતાને જોઈતી જમીન એમની પાસેથી ખરીદી લીધી અને ત્યાં ચાર પર્ણકુટિઓ બાંધી તેમાંથી એક પર્ણકુટિમાં રહી પોતાનો યોગાભ્યાસ શરૂ કર્યો.

અનેક પ્રયત્નો છતાં મહારાજશ્રીને સ્વર્ગ આશ્રમના વિસ્તારમાં તો ક્યાંય જગા ન મળી. આખરે મહારાજશ્રીને ખબર મળ્યા કે સપ્ત સરોવર વિસ્તારમાં જગા મળી શકે તેમ છે.

મહારાજશ્રી પછી હરિદ્વારથી ચાલીને સપ્ત સરોવર વિસ્તારમાં ઘૂમ્યા-ખૂબ ઘૂમ્યા અને આખરે એક જગા પસંદ કરી. એ જગા પસંદ કર્યા પછી એ જગાના માલિકને મળ્યા. જગા મેળવવામાં ઘણી મુશ્કેલી હતી પરંતુ એમણે સતત પ્રયાસ અને ધીરજથી એ મુશ્કેલીઓ નિવારી. જગા મેળવી ત્યાં પર્ણકુટી બાંધી અને એ એકાંત સ્થળમાં મહારાજશ્રીએ અધ્યયન શરૂ કર્યું.

મહારાજશ્રીની આ પર્ણકુટિની બાજુમાંથી જ પતિતપાવન ગંગામૈયા વહી રહી હતી મહારાજશ્રી પ્રાતઃકાળે ઉઠી ગંગામૈયામાં સ્નાન કરી અધ્યયનમાં લાગી જતા તે ઠેઠ મધ્યાહન સુધી અધ્યયન કરતા.

કચ્છમાં ઈશ્વર રામજી આશ્રમની ટેકરી પરની તેમની પર્ણકુટીમાં

તેમણે જે કંઈ મેળવ્યું હતું તેનાથી વિશેષ અને અંતિમ કક્ષાનું જ્ઞાન મેળવવા મહારાજશ્રીએ અહીં અધ્યયન આદર્યું, તપ આદર્યું. અને જીવનનો શેષકાળ આમ આપણા પૂર્વજ ઋષિ મુનિઓની જેમ ગંગા નદીને તીરે વીતાવ્યો. સંત ઓધવરામ, રાષ્ટ્રપ્રેમી ઓધવરામ, કેળવણી પ્રેમી ઓધવરામ હવે તપસ્વી ઓધવરામ બન્યા. આવું સર્વાંગી જીવન જીવનાર સંતો કચ્છમાં ઘણા ઓછા હશે અથવા તો વિરલ જ હશે.

કર્મયોગી

(૬)

મહારાજશ્રીએ એક જગાએ લખ્યું છે કે, "હું ગંગાજીને તીરે સપ્ત સરોવરમાં આવેલી મારી પર્ણકુટિમાં યોગનું અધ્યયન કરી રહ્યો હતો ત્યાં કોઈક પૂર્વના પાપથી નેત્રમાં મોતિયો આવ્યો, જેથી લખવા-વાંચવાનું મારૂ બંધ થઈ ગયું. પરંતુ એ પણ મારા ઉપર પ્યારા પ્રભુએ કૃપા કરી કારણ કે યોગાભ્યાસમાં નેત્રવિકાર બળવાન છે, તે પણ નિવૃત થયો, જેથી યોગાભ્યાસનું જે કામ અધુરૂં હતું તે પૂર્ણ થઈ ગયું. ગુરૂપદનાં લક્ષણો મારા મનથી કાંઈક પૂર્ણ થયા. બાકી શાસ્ત્ર વચનાનુસાર ઘણી ખામી છે તે પ્રભુ બાકી આયુષ્યમાં જરૂર પૂર્ણ કરશે."

મહારાજશ્રીએ હરિદ્વારમાં આમ સારો સમય ગાળ્યા પછી તેમને વિચાર આવ્યો કે હું અહીં બેઠો મારા આત્માનું તો ભલું કરી રહ્યો છું પણ કચ્છમાં પણ એવા ઘણા આત્માઓ હશે કે જેઓ શેષ જીવન ઈશ્વર ભજન, મનન અને ચિંતનમાં ગાળવાની ઈચ્છા કરતા હશે. કચ્છના આવા ભક્તો માટે

હરિદ્વારને કિનારે એક આશ્રમ ઊભું થાય તો સંસારથી મુક્ત એવા કચ્છના ઘણા આત્માઓ અહીં વસે અને પ્રભુભજન કરી શકે. અને મહારાજશ્રીએ એ વિચારને આકાર પણ આપ્યો. મહારાજશ્રીના પ્રશંસકો પાસેથી તેમને જોઈતા હતા તે પૈસા મળતા રહ્યા અને ગંગાજીને તીરે, સપ્ત સરોવરમાં મહારાજશ્રીએ પોતાના ગુરુ લાલરામજીના નામ પરથી 'કચ્છી લાલરામેશ્વરાશ્રમ' એવું નામ રાખી ત્યાં આશ્રમ સ્થાપ્યું. આમ નિજના-આત્માના ઉત્કર્ષ માટે હરિદ્વાર આવી ગંગાજીના તીરે વસેલા મહારાજશ્રીએ એ કાર્ય સાથે સાથે સંસારથી મુક્ત એવા કચ્છીજનો માટે હરિદ્વારમાં પણ એક સારૂં એવું કાર્ય કર્યું.

મહારાજશ્રીએ હરિદ્વારના એ આશ્રમમાં દાખલ થવા માટેના જે નિયમો ઘડ્યા હતા એ બતાવે છે કે, મહારાજશ્રીને શ્રમ તથા જાતમહેનત પ્રત્યે કેટલો આદર હતો. ગરીબો પ્રત્યે કેટલી મમતા હતી અને દુર્ગુણો પ્રત્યે કેટલો અનાદર હતો. નિયમોમાં એમણે જણાવ્યું હતું કે, શક્તિમાનને કેવળ રહેવા માટે મકાન મળશે બાકી ખર્ચ તેના પર રહેશે. અહીં કોઈ પણ વ્યસન જોઈશે નહિ અને જે તદ્દન વ્યસન વિનાનો હશે તેને રહેવા મળશે. અહીં આશ્રમમાં રહેનારને શક્તિ અનુસાર બે કલાક શારીરિક શ્રમ કરવો પડશે. પોતાની ક્રિયા પોતાના હાથે કરવી પડશે, અહીં નોકરચાકર નહિ રહી શકે. જે તદ્દન નિરાધાર હશે તેને અન્નક્ષેત્રમાંથી અન્ન મળી રહેશે. ઈર્ષા, દ્વેષભાવ, દંભ, કપટ વગેરે કરનારને અહીં સ્થાન નહિ મળે. મહારાજશ્રીએ આ આશ્રમરચનામાં પણ રેંટિયાને વિસાર્યો ન હતો. તેમણે એ પણ નિયમ કર્યો હતો કે, આશ્રમમાં રહેનાર વ્યક્તિઓને સવાર-સાંજ રેંટિયો કાંતવાનો રહેશે, તેમજ શક્તિ અનુસાર બગાયત અને ખેતીકામ એક કલાક કરવાનું રહેશે. મહારાજશ્રીએ હરિદ્વારના પોતાના આશ્રમ માટે રૂપિયા એક લાખનું દાન કરવાનું એક વ્યક્તિ વિચારી રહી છે ને હાલ પોતાનું નામ પ્રસિદ્ધ કરવા માંગતી નથી એવો ઉલ્લેખ પણ એક જગાએ કર્યો છે.

આમ હરિદ્વારમાં પણ નિવૃત્તિ વચ્ચે પણ મહારાજશ્રીએ પ્રવૃત્તિ ઉભી કરી હતી. એમનો સ્વભાવ જ ગતિશીલ હતો. એક યા બીજા પ્રકારે કર્મ એમની સાથે સતત રહેતું જ હતું. મહારાજશ્રીના જીવનનાં જુદા જુદા પાસાઓનું દર્શન કરીએ તો જણાશે કે મહારાજશ્રીને કાર્યમાં જેટલો જ સતત ઉત્સાહ રહેતો હતો તેટલો જ સારગ્રાહી એમનો સ્વભાવ હતો. આ સંબંધમાં એમના સાન્નિધ્યમાં આવેલા **શ્રી ભીમજી રતનશી રૂપારેલ** એક સરસ દાખલો આપે છે. તેઓ લખે છે :

'પૂ. મહારાજશ્રીનો પ્રથમ પરિચય થયો એ દિવસ મને બરોબર યાદ છે. સંવત ૧૯૯૦ની એ સાલ હતી, અને ૧૯૩૪ એ સન હતી એપ્રિલ માસની દશમી એ તારીખ હતી. શ્રી કૃષ્ણદાસ પંજુઆણી અને સ્વ. વિશનજી મડીઆરના આગ્રહથી હું એમની સાથે ભોજાય ઉત્સવમાં ગયો. એ ઉત્સવ સમારંભમાં હમલામંજલના મહંત શ્રી મંગલરામજી, વાંઢાયના મહંત પૂ. ઓધવરામજી અને હિંગરીઆ વગેરેના મહંતોએ હાજરી આપી હતી. શ્રી પંજુઆણી સાથે તેમના ઉતારે અમે ગયા અને તેમની સાથે પરિચય કર્યો. એ વાત ખરી છે કે, કચ્છનાં ગામડાઓમાં વસતિ પ્રજામાં સાધુ-સંતો-મહંતોએ પણ ભક્તિમાર્ગે રસવૃતિ વધારવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે. અને તેથી કેટલાકના જીવન ધન્ય પણ બન્યાં છે. આમ છતાં પણ સાચી ખોટી લોકવાતોનો પ્રવાહ પણ હંમેશા વહ્યા જ કર્યો છે. કચ્છ નાગ્રેચાના સ્વ. કવિ રાઘવજીભાઈએ કચ્છી ભાષામાં ખેતાબાવની પ્રસિદ્ધ કરી તેમાં સુ-સાધુઓ અને કુ-સાધુઓ પર કાવ્યમય ભાષામાં સખત ટીપણો લખ્યાં છે કે જે કાવ્યો ઘણાં કચ્છીઓને કંઠસ્થ થઈ ગયાનું આપણે જાણીએ છીએ. જેવા કે, 'ગોપીચંદ ગેરૂ ઘસે, તાણે ટકો ટપરમેં; ભભૂત ભુર્સીધલ કર ખપે, બારીંધલ ચુનજા ! અને 'ટકા ભલે કરે, જો કો હલે નીતિ ધરમતે, હેતે હરિ ભજે, તેંઝા પંઢઈ ગુણ ગાઈઝે.' આવા કાવ્યોએ પ્રજામાં ઠીક જાગૃતિ આણી હતી. એની અસર જનસમાજ પર પણ

હતી. આવા કાળમાં આવા મહંતોની સંસ્થાઓ શુદ્ધ, પવિત્ર સંસ્કારપ્રેરિત બને એ જોવાની તાલાવેલી અમુક વર્ગમાં હતી અને તેવું વાતાવરણ ઉભું કરવાના પ્રસંગો આવા ઉત્સવ-સમારંભોથી સાધી શકાય એવી વૃત્તિથી અમે ચાર પ્રશ્નો લખીને, તે પ્રશ્નો પરત્વે ઉત્સવમાં હાજરી આપવા આવેલા સાધુ-સંતો, મહંતોના અભિપ્રાયો જાણીને, જો તેઓ સંમત થાય તો તેની જાહેરાત કરવા આ તકનો ઉપયોગ કરવો એમ અમે વિચાર્યું. અમે નક્કી કરેલા ચાર પ્રશ્નો એ હતા કે, (૧) દરેક સ્ત્રીવ્યક્તિને શિષ્ય બનાવતાં-કંઠી બાંધતા પહેલાં તેની લાયકાત જોવી જોઈએ. સંસ્કારો તે ઝીલી શકશે કે કેમ તે જોવું જોઈએ. ગીતાના અમુક શ્લોકો અર્થ સાથે સમજે તેટલી લાયકાત તેની હોવી જોઈએ. (૨) કોઈ પણ સ્ત્રીવર્ગ મહંતોના ચરણસ્પર્શ ન કરે એવી સ્પષ્ટ મર્યાદા જાહેર કરવી જોઈએ. (૩) આભડછેટમાં મહંતો અને સાધુઓ માનતા નથી એવી સ્પષ્ટ જાહેરાત કરવી જોઈએ. (૪) કોઈ પણ સ્ત્રી મહંતો જમ્યા પછીની જુઠનો પ્રસાદ તરીકે લેવાનો ઉપયોગ ન કરે એવી જાહેરાત પણ થવી જોઈએ.


શ્રી ભીમજી રતનશી રૂપારેલ પછી લખે છે, 'આ પ્રશ્નો લઈ અમે અંગત રીતે બધા મહંતોને મળ્યા અને તેમની સાથે ચર્ચા કરી તેમની સંમતિ લેવાનું નક્કી કર્યું. પૂ. ઓધવરામજીએ વગર આનાકાનીએ તે જ વખતે સંમતિ આપી અને બીજે દિવસે સાત હજાર, માણસોની જાહેરસભામાં પોતાના સ્વમુખે ચારે પ્રશ્નો અંગે સંમતિ બતાવી જનતાને તે પ્રમાણે વર્તવા જાહેર અપીલ કરી. તેમની આ જાહેરાત પછી જનતાની તેમના પ્રત્યે સંપૂર્ણ માનની લાગણી ઉત્પન્ન થઈ અને તે પછી તેમણે થોડા સમયમાં ઈશ્વરરામ આશ્રમમાં અંધ આશ્રમ, અને પોતાના પૂ. ગુરુ શ્રી ઈશ્વરરામજીના નામે સાર્વજનિક ગુરુકુળની સ્થાપના કરી.

શ્રી ભીમજીભાઈ મહારાજશ્રીના અવિરત ઉત્સાહ અને કેળવણી પ્રત્યેના પ્રેમને અંજલિ આપતાં લખે છે કે, 'ગુરુકુળને નિભાવવા મહારાજશ્રીએ

આદર્શ નિયમો બનાવ્યા. અથાગ પરિશ્રમ લઈ ગામડેગામડે ફરી ત્રણથી ચાર લાખ કોરીઓના ખર્ચે ગુરુકુળનાં મકાનો બંધાવ્યાં અને ગુરુકુળમાં એકસોથી વધારે વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શકે તેટલાં સાધનો વસાવ્યાં. તેમણે એક ટ્રસ્ટ પણ બનાવ્યું. થોડા વખત પછી જોયું કે, સંસ્થા ચલાવવા જનતાના વધુ સાથની જરૂર છે એટલે ટ્રસ્ટ વિખેરીને સંરક્ષણ સમિતિની રચના કરી. મારા મિત્ર શ્રી શ્રોફની સલાહથી સંચાલન સમિતિમાં હું પણ સભ્ય તરીકે નિમાયો અને સાધુપુરૂષના સંપર્કમાં આવવાનું થયું. ગુરુકુળમાં આવવાનું થતાં પૂ. મહારાજશ્રી સાથેનો પરિચય વધ્યો હતો. તેમનો નિખાલસ સ્વભાવ, ધર્મ, નીતિ અને દેશ માટે આ દેહે કંઈ કરી છૂટવાની તેમની ધગશ ખૂબ હતી. માનવતાભરી પ્રબળ લાગણી, સર્વ પ્રત્યે સમભાવ એ સાચાં લક્ષણોને કારણે તેમજ ત્યાગ અને આદર્શને કારણે તેઓ જનતામાં પ્રિય બની શક્યા. તેમણે આમ છતાં ક્યારે પણ પોતાની મહાનતા બતાવવાનો પ્રયાસ કર્યો ન હતો.

તેમના અંગત પરિચયમાં સવિશેષ આવેલા શ્રી ભીમજીભાઈ તેમની સાદાઈને અંજલિ આપતાં વધુમાં જણાવે છે કે, 'પૂ. મહારાજશ્રી પોતાની અલ્પ ક્ષતિઓને હંમેશા મહાન ગણતા. પવિત્ર, સાદાઈ ભર્યુ જીવન જીવતા અને ભક્તિભાવમાં બધાને તરબોળ કરી દેતા હતા... કચ્છમાં ખાનાપંથી કણબી જ્ઞાતિ જે અર્ધી હિંદુ અને અર્ધી મુસ્લીમ જેવી થઈ ગઈ હતી તેને શુદ્ધ હિન્દુ સંસ્કારોની પ્રેરણા પાઈ જાગૃત કરવા પ્રબળ પુરુષાર્થ તેમણે કર્યો હતો અને હજારો ભાઈઓને સનાતન ધર્મની દિક્ષા આપી શુદ્ધ કર્યા હતા. તેમણે ગીતાજીના 'કર્મણ્યેવાધિકારસ્તે, મા ફલેષુ કદાચન'ના સૂત્રને સુસંગત રહી જીવનમાં ઉતાર્યું હતું અને નિઃસ્વાર્થ પણે જનતાના કલ્યાણ અર્થે કાર્ય કરવાના ધર્મને જીવનમાં ઉતાર્યો હતો અને સાચી સાધુ સંસ્થાઓના માર્ગદર્શક બન્યા હતા. ગુરુકુળ સંચાલન અંગે અવારનવાર મળતી સભાઓમાં તેમનો ઉદારભાવ અને સમાધાનપ્રિય વલણ ઘણીવાર જોવામાં આવતા હતા. બાળકો પ્રત્યે તેમને

મહારાજ શ્રી ઓધવરામજી સ્મારક સમિતિ, સને ૧૯૫૭



ડાબી બાજુથી ઉભેલાં - પહેલી લાઈન : શ્રી વિશનજી કાનજી શ્રોફ (મંત્રી), શ્રી કૃષ્ણદાસ હીરજી પંજુઆણી (M.P.), શ્રી પ્રેમજી ભવાનજી ઠક્કર, નાયબ પ્રધાન, રસ્તા બંદર અને બાંધકામ ખાતું (મુંબઈ રાજ્ય), શ્રી હરિદાસ વેલજી (પ્રમુખ)

બીજી લાઈન : શ્રી શિવદાસ કાનજી પટેલ (મંત્રી), શ્રી ખીમજી શામજી પોપટ, શ્રી અર્જુન ખીમજી સેજપાલ (મંત્રી), શ્રી છોટાલાલ ધર્મસિંહ જોસી, શ્રી ઠાકરશી નરશી કોઠારી.

છેલ્લી લાઈન : શ્રી પ્રેમજી વેલજી, શ્રી છગનલાલ વેલજી (ખજાનચી).

પહેલી લાઈનમાં છેલ્લે : સ્મારક ગ્રંથના સંપાદક : શ્રી રસિકલાલ જોષી.



અસીમ પ્રેમ હતો. બાળકોમાં સુસંસ્કાર રેડી, તેમને સાચા નાગરિક બનાવી તેઓ ભારતની સેવા કરે એ જોવાની તેમની તીવ્ર મહેચ્છા હતી, આમ તો તેઓ ધાર્મિક સંસ્થાના વડા હતા પરંતુ તે વખતના રાજકીય આંદોલનો પ્રત્યે તેમને ભાવ હતો. તેમણે ખાદી ધારણ કરી હતી અને ચૂસ્તપણે જીવન પર્યંત તેને વળગી રહ્યા હતાં. આભડછેટમાં તેઓ માનતા નહિ અને હરિજનોને મહાન હિંદુ જાતિના અવિભાજ્ય અંગ ગણતા. મહાત્મા ગાંધીજી પ્રત્યે તેમને ખૂબ માન હતું અને પ્રેમ હતો. તેઓ હોંસ ભેર કાંતણ, વણાટ વગેરે કાર્યો સંસ્થામાં ચલાવતા. તેમના શુદ્ધ ચારિત્ર્યબળની જનતા પર સારી અસર હતી.

પૂ. મહારાજશ્રીના પ્રભાવ અંગે શ્રી ભીમજી રતનશી રૂપારેલ ઉલ્લેખ કરતાં જણાવે છે કે, બીજા વિશ્વ યુદ્ધ વખતે મોંઘવારી વધી ગયેલી હોઈ સંસ્થા ચલાવવા માટે આર્થીક મુશ્કેલી ટાળવા તેઓ રૂપીઆ ૧૬,૫૦૦૦/- જેટલું ફંડ એકઠું કર્યુ. એકાદ અપવાદ સિવાય ફંડ અંગે તેમની સમક્ષ કોઈએ આનાકાની કરી નહોતી. ક્યાંથી પણ તેમનો હાથ પાછો ઠેલાયો ન હતો. પાછળથી સંસ્થાની જવાબદારીથી મુક્ત થઈ તેઓ હરિદ્વાર ગયા પણ જેનું ધ્યેયજ કર્મ હતું તે તેઓ કેમ છોડી શકે ? ત્યાં પણ તેમણે પોતાના ભક્તોને છોડી નાદુરસ્ત તબિયતના કારણે તેઓ ફરી કચ્છ આવ્યા અને કચ્છમાંજ પોતાનો નશ્વર દેહ છોડ્યો. તેમના કાર્યો તેમને અમર બનાવી ગયા છે.''

કચ્છના એક વખતના લોકપ્રિય કલેકટર અને હાલ ડાયરેક્ટર ઓફ એમ્પ્લોયમેન્ટ, મુંબઈ રાજ્ય, **શ્રી તુલસીદાસ મુલજી શેઠ** એમ.એ.એલ.એલ.બી., બેરીસ્ટર-એટ-લો; આઈ.એ.એસ. મહારાજશ્રી ઓધવરામજીની સેવાઓને ભવ્ય અંજલિ અર્પતા લખે છે કેઃ મહારાજશ્રી કચ્છની પ્રજાનાં કુલગુરુ હતા. આજે કચ્છમાં એમનુ સ્થાન ખાલી છે.

જનની જણે તો ભક્ત જણ કાં દાતા કાં શૂર,
નહિંતર રહેજે વાંઝણી રખે ગુમાવે નૂર.

આ લોકોક્તિ ઓધવરામજી મહારાજ વિષે અનેક અર્થમાં સાચી પડતી હતી. તેઓ ભક્તજન તો હતા, પણ તેઓ દાતા હતા અને શૂર પણ હતા. એમની જનનીએ સામાન્ય જનની પેઠે એક ગુણ ધરાવતા પુત્રને જન્મ નહોતો આપ્યો પણ ત્રણ ત્રણ ગુણ ધરાવતા પુત્રને જન્મ આપ્યો હતો.

'ઈસર જેઠા દાસ ઈશ્વરજા' એવા મહાત્મા ઈશ્વરરામજીના ગુરૂસંપ્રદાય પૈકીના તેઓ હતા. ઈશ્વરરામજી મહાત્મા સામાન્ય જનતામાં કેટલા પૂજનીય અને આદરણીય હતા તે તો ઉક્ત કવિ ઉક્તિથી જ જણાઈ આવે છે. કવિએ તેમને 'ઈશ્વર' જેવા કહ્યા છે. પશ્ચિમ કચ્છની જનતા ઉપર તેમનો સાર પ્રભાવ હતો. વાંઢાયનો દ્વારો એ સામાન્ય જનસમુદાય વાસ્તે તીર્થસ્થળ હતું. આવા દ્વારાના આદરકા જ્યારે કાળની ગતિને પામે છે ત્યારે અનુયાયી વૃન્દ સ્હેજે ભીતિ અનુભવે છે અને ભવિષ્યને વાસ્તે ચિન્તિત બને છે. ઈશ્વરરામજી મહારાજના ગયા પછી તે સમયના દ્વારાના શિષ્યજનો અને ભક્તો આવાજ પ્રકારની લાગણી અનુભવતા હશે.

પણ થયું શું ? શ્રી ઈશ્વરરામજી મહારાજના કાલગમન બાદ વાંઢાય દ્વારાની પ્રતિષ્ઠા અને મહીમામાં વધારો થશે કે ઘટાડો? અલબત્ત,એ સમયથી આપણે દૂર છીએ એટલે તેનું ખરૂં મૂલ્યાંકન કરવું મુશ્કેલ છે, પણ આટલા દૂર સમય પછી શ્રી ઓધવરામજી મહારાજનો સમય જેમણે જોયો છે તેઓને તો એમ લાગે છે કે શ્રી ઓધવરામજીએ ગુરૂનો મહિમા વધાર્યો. દ્વારાનો મહિમા વધાર્યો અને ઈશ્વરરામજીની ગેરહાજરી શિષ્યવૃન્દ અને અનુયાયીઓને ખાસ ન જણાવવા દીધી. મારા મત મુજબ તેમણે દ્વારાને વધારે પ્રતિષ્ઠા અપાવી અને ગુરૂને વધારે ખ્યાતનામ કર્યા.

પિતા કે ગુરૂના નામ અને કામને આગળ વધારે તે જ ખરો પુત્ર કે શિષ્ય છે. સંસ્કૃત કહેવત છે કે, 'સર્વત્ર જયમ ઈચ્છેત પુત્રાત્ શિષ્યાત્ ઈચ્છેત

પરાજયમ-બીજે બધે જય મેળવવાની અપેક્ષા રાખવી પણ પુત્ર અને શિષ્ય પાસેથી પરાજય મેળવવાની ઈચ્છા રાખવી. પુત્ર અને શિષ્ય, પિતા અને ગુરૂની જ પ્રતિકૃતિ છે એટલે એમના પાસેથી જય કરતાં હાર મળે તેમાં જ પિતા કે ગુરુની શોભા છે, અને તેમના જીવનની ધન્યતા છે. શ્રી ઈશ્વરરામજી પોતાની પાછળ પોતાના જેવો અગર તો પોતાથી પણ શક્તિશાળી શિષ્ય મૂકી ગયા કે જેથી તેમનું શરૂ કરેલું કાર્ય અવિરત રીતે અને વધારે સારી રીતે ચાલ્યું તેમનું જીવન ધન્ય થયું, તેમનું મૃત્યુ પણ ધન્ય થયું.

શ્રી ઓધવરામજી મહારાજ તેમના બહોળા શિષ્ય અને અનુયાયી વર્ગના શ્રદ્ધેય પુરુષ હતા. તેઓ ઈશ્વરમાં અનન્ય શ્રદ્ધા ધરાવતા અને તેમના શિષ્યો તેમનામાં તેવીજ શ્રદ્ધા દાખવતા હતા. તેમના જવાથી કચ્છે એક દીર્ઘદ્રષ્ટિવાળા સમાજ હિતૈષી, ધર્મપ્રેમી અને ધગશવાળા ભક્તજનને ખોયા છે. અત્યારે તો તેમનું સ્થાન ખાલી દેખાય છે.

કોઈ પૂછશે કે શ્રી ઓધવરામજી મહારાજ ભક્તજન ખરા પણ તેઓને દાતા કયા હિસાબે કહો છો? દાન આપવું એ પુણ્ય કર્મ છે અને ઉત્તમ પુરૂષો સ્વેચ્છાથી સુમાર્ગે દાન આપે છે. પણ દાતાઓનો એક વર્ગ એવો છે કે તેઓને કયા માર્ગે અને કેટલું દાન આપવું તે સંબંધી દોરવણીની જરૂર હોય છે. વળી દાતાઓ પણ દાન ત્યારે આપે છે કે જ્યારે એમને ખાત્રી થાય છે કે તેમના દાનનો સુવ્યય થશે.

શ્રી ઓધવરામજી મહારાજ મેં કહ્યુ તેમ અનેકોના શ્રદ્ધેય પુરુષ હતા. તેમણે પોતાની દોરવણી નીચે જુદી જુદી જાતના લોકોપયોગી પ્રવૃત્તિઓ શરૂ કરી હતી. આ પ્રવૃત્તિઓ ચલાવવા તેમને પૈસાની જરૂર પડતી હતી. શ્રી ઓધવરામજી મહારાજની નિગેહબાની નીચે પ્રવૃત્તિ ચાલે છે તે જ્ઞાન માત્રથી કેટલાયે લોકો પોતાના દાનનો પ્રવાહ તે માર્ગે વાળતા હતા. અનેક લોકોને

દાન આપવાના કાર્યમાં તેઓ નિમિત્તરૂપ બન્યા હતા. દાન જાતે આવું કે બીજાઓ પાસેથી અપાવવું એ ખરી રીતે તો એકજ ક્રિયાનાં બે જુદાં અંગો છે. બન્ને એક રીતે જોતાં દાનીઓજ કહેવાય. ઓધવરામજી મહારાજ એ અર્થમાં દાતા પુરૂષ હતાં.

ભક્તજન અને દાતા પુરૂષ હોવા ઉપરાંત તેઓ શૂરવીર પણ હતા. શૂરવીરતા એ ફક્ત શારીરિક ગુણ નથી. શરીર મજબૂત હોય અગર તો બીજા કોઈ પ્રકારની શરીર સંબંધી મજબૂતાઈ બતાવે તેજ માત્ર શૂર છે એવું નથી. વળી આ જમાનામાં શારીરિક બળવાળી શૂરવીરતા ગૌણ બની છે. ખરેખર તો હિમ્મતવાન અને શૂરવીર પુરૂષ તે છે કે જેમાં પૂરતા પ્રમાણમાં નૈતિક હિમ્મત હોય. આજે ઘણે સ્થળે નૈતિક હિમ્મતનો અભાવ જોવામાં આવે છે. 'સત્યમેવ જયતે' એવો જે પ્રજાનો મુદ્રાલેખ છે તે પ્રજામાં અસત્યનો પ્રતિકાર કરવો અગર તો તેને ખુલ્લો પાડવાની હિમ્મત બહુ ઓછી જોવામાં આવે છે. ખોટું થતું હોય, અનીતિ ચાલતી હોય છતાં પણ 'પાંકે કુરો' એ જેમના જીવનમાં વણાઈ ગએલ છે એવા આપણે કચ્છીઓ સામાન્યતઃ 'મરવા ઘોને, 'એના કર્યા એ ભોગવશે' એવા કેટલાક સગવડીઆ સૂત્રોને આધીન થઈ, અનેક પ્રસંગોએ નૈતિક હિમ્મત બતાવી શક્તા નથી. અસત્ય હોય, અન્યાયી હોય, અસ્થાને હોય તેનો વિરોધ ન કરવાથી આપણે અનિષ્ટને ઉત્તેજન આપીએ છીએ, અસત્યને માર્ગ કરી આપીએ છીએ, જ્યારે ન્યાયનો માર્ગ આપણે અવરોધીએ છીએ. આજે આપણે જોઈએ છીએ કે નૈતિક હિમ્મતના અભાવે અનિષ્ટ ફૂલીફાલી રહ્યું છે. મહાત્મા ઓધવરામજીમાં એક ગુણ એ હતો કે તેમને જે સાચું લાગતું તે તેઓ સામે કહી દેતા એટલું જ નહિં પણ સાચું હોય અને બીજાને અપ્રિય હોય તે છતાં તેઓ વસ્તુનો પ્રચાર કરતા હતા. સામાન્ય જનસમુદાયને આથી કોઈ પણ વસ્તુની પરીક્ષા કરવાનું સરળ બનતું. તેમના આ નૈતિક હિમ્મતને કારણે તેઓ લોકોને તે રીતે ઉપયોગી થતા હતા. આમ તેઓ ખરેખરા શૂરા પણ હતા.

સંસારથી વિરક્ત હોવા છતાં, બદલાએલા જમાનામાં લોકોપયોગી સંસ્થાઓ તેમણે ઉભી કરી. સાધુ સમાજે તેમની આ પ્રવૃત્તિ તરફ માયાળુ નજર ન રાખી તો પણ પોતાને ઠીક લાગ્યું તે તેમણે કર્યા કર્યું. લોકશાહી આવતાં પ્રજાના માનસમાં ફેરફાર થયો. લોકોમાં સ્વતંત્રતાને બદલે સ્વચ્છંદતા કયાં ક્યાં દેખાઈ, વાણી સ્વાતંત્ર્યને બદલે વાણીવિલાસ અને કયાં કયાં વાણી વ્યભિચાર દેખાયો. આથી ખિન્ન થઈ આ મહાત્મા પુરૂષે હિમ્મતપૂર્વક આ કડવું સત્ય લોકોને સંભળાવ્યું. લોકપ્રિયતાનો લોભ તેમ કરવામાં તેમને આડે નહોતો આવતો. પ્રજાના આમવર્ગને સાચું કહેવામાં જેમ તેઓ અચકાતા નહોતા તેમ રાજ્યના અમલદારો કે લોકનેતાઓને પણ તેઓ સત્ય કહેવામાં અચકાતા નહોતા.

જૂના કાળમાં દરેક રાજાને કુલગુરૂ રહેતા. આ કુલગુરૂઓ રાજાઓને કુલાચાર ઉપરાંત રાજ્યના સંચાલનમાં યોગ્ય-અયોગ્ય વસ્તુઓ સંબંધી જ્ઞાન અને બોધ આપતા હતા. ચેતવણી આપતા હતા અને રાજ્યના સુસંચાલન સંબંધી યોગ્ય દોરવણી આપતા હતા. રાજાઓ કુલગુરૂની સૂચનાઓ આજ્ઞા સમાન માની તેમનું ચૂસ્તપણે પાલન કરતા હતા.

શ્રી ઓધવરામજી મહારાજ તો કચ્છની પ્રજાના કુલગુરૂ હતા. તેમના જવાથી આપણે એક સાચા સંત, ભક્ત અને ગુરૂ ખોયા છે. આજે કચ્છમાં તેમનું સ્થાન ખાલી છે. તેમના જીવનના બોધપાઠો તેઓ આપણને આપતા ગયા છે. નૈતિક હિંમત અને નિષ્કામ કર્મ, એ બોધપાઠો આપણે આપણી દ્રષ્ટિ સમક્ષ રાખીએ અને તેમણે જે કાર્યની જ્યોત જલાવી છે તે વધારે અને વધારે જ્વલિત કરીએ એજ એમનું સાચું સ્મારક છે, એજ એમનું ખરૂં તર્પણ છે.

મુંબઈની સીટી સીવીલ અને સેશન્સ અદાલતના ન્યાયમૂર્તિ માનનીય **શ્રી ગોરધનભાઈ આણંદજી ઠક્કરને** મહારાજશ્રી ઓધવરામજીનો પરિચય થયેલો મહારાજશ્રીથી તેઓ પ્રભાવિત થયેલા. મહારાજશ્રીનો જોયા-જાણ્યા

પછી એમને થયું કે, 'આ તો કોઈ જુદી જ જાતના સાધુ છે.' એમણે મહારાજશ્રીને જે અંજલિ આપી છે તેમાં લખે છે:

'ભગવદ્ ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણે સંન્યાસી અને કર્મયોગીની ખાસિયતો વર્ણવી છે. સંન્યાસી કર્મ ન કરવા છતાં યે ઘણાં કર્મો કરે છે. અને કર્મયોગી ઘણાં કાર્યો કરે છે, તે છતાંયે કંઈ કરતો નથી. અને એ બન્ને મુક્તિને પામે છે. બન્નેના રસ્તા ભિન્નભિન્ન હોવા છતાં તેઓ એકજ ધ્યેયને વરે છે. પરંતુ બેમાંથી એક પણ માર્ગ બીજાથી ઉચ્ચ નથી. બન્ને હરેક પ્રકારે સરખા છે. કર્મયોગી કાર્ય કરતો રહેવા છતાં એની આસક્તિ પ્રભુમાં છે અને એ જે સઘળાં કાર્યો કરે છે તે પોતે નથી કરતો પણ પ્રભુ કરે છે એમ માને છે. કાર્યમાં રત રહેતો હોવા છતાં એ એનાથી અલિપ્ત રહે છે. એને કોઈ કામના, વાંચ્છના, મોહ તેમજ દ્વેષ નથી.

પૂ. ઓધવરામજી મહારાજ સાચા અર્થમાં કર્મયોગી હતા. તેઓ સદાય કાર્યરત રહેતા પરંતુ એ સઘળાં કાર્યો પ્રભુનાં છે, એમ માનતા હતા. એકાંતવાસમાં બેસી રહી પોતાના આત્માના કલ્યાણમાંજ ન માનતાં તેઓ બીજાના આત્માની ઉન્નતિ માટે સતત્ હરહંમેશ પ્રયત્નશીલ રહેતા હતા. તેઓનું તત્વજ્ઞાન, આ પૃથ્વીનાં માનવો એકજ પ્રભુનાં બાળકો-સંતાન હોવાથી પોતાનાં બાંધવો છે એમ માનતા હતા. અને એ માન્યતાને અનુરુપ તેઓનું ભલું કેમ સધાય, તેઓને ઉપયોગી કેમ થવાય તેનાજ વિચારો નિરંતર કરતા અને તેને અમલમાં મૂકતા હતા. એથીજ હું તેઓને સાચા અર્થમાં કર્મયોગી હતા, એમ કહેવાની હિંમત કરુ છું.

મારો તેમની સાથેનો પરિચય ઘણો મોડો થયેલો. મારા મિત્રો શ્રી કૃષ્ણદાસ પંજુઆણી અને શ્રી ભીમજી રતનશી રૂપારેલના આગ્રહને વશ થઈ હું શ્રી ઈશ્વરરામજી ગુરુકુળની સંરક્ષણ સમિતિમાં જોડાયો હતો. ત્યારબાદ થોડા સમાયમાંજ ગુરુકુળમાં સંરક્ષણ સમિતિની એક સભા યોજવામાં આવી

હતી. એ પ્રસંગે શ્રી ઈશ્વરરામજી ગુરુકુળ જોવાનો તથા મહારાજશ્રી ઓધવરામજીના સંસર્ગમાં આવવાનો અવસર સાંપડ્યો હતો. આથી અગાઉ મારી સાધુ-મહારાજોની કલ્પના કંઈક જુદાજ પ્રકારની હતી એક જાગીર યા મઠના મહંતની કલ્પના તો સૌ કોઈને હશે. તેઓ મોટે ભાગે ગાદી ઉપર સ્થાન જમાવી હુકમોનું પાલન કરાવે અને પોતાની વાહવાહ બોલાવે.

પરંતુ જ્યારે મેં ઈશ્વરરામજી ગુરુકુળની મુલાકાત લીધી ત્યારે મહારાજ ઓધવરામજીની કાર્યપદ્ધત્તિ તદ્દન નિરાળી નિહાળી. તેઓ પોતે જાતે કાર્ય કરતા. નાનામાં નાનું કામ પણ તેઓ જાતે કરતા. અને એમ કરીને બીજાઓને પ્રેરણા આપતા. ઈશ્વરરામજી ગુરુકુળ માટે તેઓને અત્યંત પ્રેમ અને અનુરાગ હતો. એ સંસ્થાને આદર્શ સંસ્થા બનાવવા તેઓ પ્રયત્નશીલ રહેતા અને તેમાં પોતાનો આત્મા રેડતા. સંસ્થાના વિદ્યાર્થીઓને પોતાના બાળકો સમજી તેઓને માતાના હેતની ગરજ સારતા. સંસ્થાના ઉત્થાન અને ઉન્નતિ માટે અવનવી યોજનાઓ સંરક્ષણ સમિતિ સમક્ષ રજુ કરતા અને એનો અમલ કરવા, કરાવવા તત્પર રહેતા. તેઓએ દીનદુઃખીઆને સધીયારો આપવામાં કોઈ દિવસે પાછી પાની કરી નથી. અને એમ કરવાનું મુખ્ય કારણ એજ હતું કે તેઓ સૌને પોતાનાં બાંધવો માનતા. આપણે સૌ એકજ પ્રભુનાં સંતાનો છીએ એ ભાવનાને તેઓએ જીવનમંત્ર માન્યો હતો.

તેઓએ સામાજીક પ્રવૃતિઓ, રાજકારણ, ખાદી અને ગ્રામોદ્યોગ પ્રવૃતિઓ, હરિજન ઉદ્ધાર, શિક્ષણક્ષેત્રે ક્રાંતિ સર્જનારી પ્રવૃત્તિઓ તથા આધ્યાત્મિક પ્રવૃત્તિઓ આદરી અત્યારે ભગવાં વસ્ત્રો પહેરતા સાધુ-સંન્યાસીઓ માટે તેમજ સાચા સમાજસેવકો માટે ઉત્તમ માર્ગદર્શન આપ્યું છે. તેમનાં જીવનમાંથી આપણે સૌ પ્રેરણા લઈ, તેમણે ચીંધેલા માર્ગે જઈ, આપણા બાંધવોને મદદરૂપ થઈ, જન્કલ્યાણની પ્રવૃત્તિઓના અમલ અને વિકાસ માટે કાર્યરત રહીએ તોજ શ્રી ઓધવરામજી મહારાજને આપણે સાચી નિવાપાંજલિ

અર્પી ગણાય. હું ઈચ્છું કે આપણે સૌ એમણે ઉપદેશેલા બોધપાઠને આપણા જીવનમાં ઉતારીએ અને એ અમલમાં મૂકવા નિરંતર પ્રયત્નો આદરતા રહીએ.

શ્રી અર્જુન ખીમજી ઠક્કર મહારાજશ્રીના સાન્નિધ્યમાં ઘણો વખત આવ્યા હતા. મહારાજશ્રી વિષે ઉલ્લેખ કરતાં તેઓ જણાવે છે કે, 'મહારાજશ્રી દરેક કાર્યની શરૂઆત ઈશ્વર ઉપરની અખૂટ શ્રદ્ધા સાથે કરતા અને કહેતા કે, સાચાં કાર્યો ગમે તેવા મુશ્કેલ હોય છતાં ઈશ્વરની સહાય મળતી હોવાથી પરિપૂર્ણ થયા વિના રહેતાં નથી.

શ્રી અર્જુન ઠક્કર મહારાજશ્રીના જીવનને એક કર્મયોગી જીવન કહે છે અને લખે છે કે, 'મહારાજશ્રીના જીવનમાંથી પ્રેરણા લેવા જેવું ઘણુંય છે. જીવનના અનેક ક્ષેત્રો જેમ કચ્છના જાહેરજીવન સાથે પણ તેઓ ઓતપ્રોત હતા. કેટલીક વ્યક્તિઓ પોતે જ સંસ્થારૂપ હોય છે. મહારાજશ્રીનું વ્યક્તિત્વ જ એક સંસ્થારૂપ હતું.

મહારાજશ્રી દુઃખી ભાઈઓના જીવનમાં જીવંત રસ લેતા. તેમને દિલાસો આપતા. એમના તરફથી આશ્વાસન મળતાં કેટલાય ભાઈઓ જીવનથી કંટાળી આત્મઘાત કરતા અટકવાના દાખલા છે. ખુદ એમના જ બે-ત્રણ ભક્તોએ મારી પાસે પોતાના જીવનના એવા પ્રસંગો દિલ ખોલીને રજૂ કર્યા છે,

મહારાજશ્રીને અંજલિ આપતાં શ્રી અર્જુન ઠક્કર લખે છે કે, જ્યારે મહારાજશ્રી કચ્છ છોડીને હરિદ્વાર ગયેલા ત્યારે કેટલાય વિચારક કચ્છી ભાઈઓને કચ્છમાંની એમની ગેરહાજરી સાલતી હતી. મેં એક વખત આ વાત મહારાજશ્રીને કહી કે, મહારાજશ્રી આપ હરિદ્વારમાં પણ કંઈ નિવૃત્તિ લઈને બેઠા તો નથી. ત્યાં પણ આપને આશ્રમ વગેરેની પ્રવૃત્તિ તો છેજ. કચ્છની પ્રજા પર આપનો પ્રભાવ છે. કચ્છમાંથી-આપની કચ્છમાં ગેરહાજરી છે તેથી પ્રજાને આપનો પૂરેપૂરો લાભ મળી શકતો નથી, અને આપની સલાહથી કચ્છના

અર્પી ગણાય. હું ઈચ્છું કે આપણે સૌ એમણે ઉપદેશેલા બોધપાઠને આપણા જીવનમાં ઉતારીએ અને એ અમલમાં મૂકવા નિરંતર પ્રયત્નો આદરતા રહીએ.

શ્રી અર્જુન ખીમજી ઠક્કર મહારાજશ્રીના સાન્નિધ્યમાં ઘણો વખત આવ્યા હતા. મહારાજશ્રી વિષે ઉલ્લેખ કરતાં તેઓ જણાવે છે કે, 'મહારાજશ્રી દરેક કાર્યની શરૂઆત ઈશ્વર ઉપરની અખૂટ શ્રદ્ધા સાથે કરતા અને કહેતા કે, સાચાં કાર્યો ગમે તેવા મુશ્કેલ હોય છતાં ઈશ્વરની સહાય મળતી હોવાથી પરિપૂર્ણ થયા વિના રહેતાં નથી.

શ્રી અર્જુન ઠક્કર મહારાજશ્રીના જીવનને એક કર્મયોગી જીવન કહે છે અને લખે છે કે, 'મહારાજશ્રીના જીવનમાંથી પ્રેરણા લેવા જેવું ઘણુંય છે. જીવનના અનેક ક્ષેત્રો જેમ કચ્છના જાહેરજીવન સાથે પણ તેઓ ઓતપ્રોત હતા. કેટલીક વ્યક્તિઓ પોતે જ સંસ્થારૂપ હોય છે. મહારાજશ્રીનું વ્યક્તિત્વ જ એક સંસ્થારૂપ હતું.

મહારાજશ્રી દુઃખી ભાઈઓના જીવનમાં જીવંત રસ લેતા. તેમને દિલાસો આપતા. એમના તરફથી આશ્વાસન મળતાં કેટલાય ભાઈઓ જીવનથી કંટાળી આત્મઘાત કરતા અટકવાના દાખલા છે. ખુદ એમના જ બે-ત્રણ ભક્તોએ મારી પાસે પોતાના જીવનના એવા પ્રસંગો દિલ ખોલીને રજૂ કર્યા છે,

મહારાજશ્રીને અંજલિ આપતાં શ્રી અર્જુન ઠક્કર લખે છે કે, જ્યારે મહારાજશ્રી કચ્છ છોડીને હરિદ્વાર ગયેલા ત્યારે કેટલાય વિચારક કચ્છી ભાઈઓને કચ્છમાંની એમની ગેરહાજરી સાલતી હતી. મેં એક વખત આ વાત મહારાજશ્રીને કહી કે, મહારાજશ્રી આપ હરિદ્વારમાં પણ કંઈ નિવૃત્તિ લઈને બેઠા તો નથી. ત્યાં પણ આપને આશ્રમ વગેરેની પ્રવૃત્તિ તો છેજ. કચ્છની પ્રજા પર આપનો પ્રભાવ છે. કચ્છમાંથી-આપની કચ્છમાં ગેરહાજરી છે તેથી પ્રજાને આપનો પૂરેપૂરો લાભ મળી શકતો નથી, અને આપની સલાહથી કચ્છના

ભક્તો વચ્ચે મહારાજશ્રી કેટલા પ્રિય હતા તેનો એક દાખલો આપતાં અર્જુન ઠક્કર જણાવે છે કે, મહારાજશ્રીના એક અતિ ગરીબ ભક્ત મારી પાસે આવ્યા અને કહ્યું કે, 'મહારાજશ્રી માટેની સ્મારક સમિતિમાં મારે રૂપિયા અગિયારનો ફાળો આપવાનો છે.' એ ભાઈને હું ઘણા સમયથી ઓળખું છું. એમના કપડાઓમાંથી એકાદ કપડામાં તો થીગડું હોયજ. એ ભાઈને કદાચ બે ટંક જમવાની પણ પૂરી સગવડ નહિ હોય. એ ભાઈ પાસેથી એ રૂપિયા લેવાની મારી હિમ્મત ચાલી નહિ. મેં એમને ઘણા જ સમજાવ્યા પણ તેમણે માન્યું નહિ. એ ભાઈ થોડાક રૂપિયા આપીને જ જંપ્યા. ભક્તોની આ હતી મહારાજશ્રી માટેની લોકપ્રિયતા.

આવો જ બીજો પ્રસંગ પણ છે. મહારાજશ્રીએ આમ તો લાખો રૂપિયા એકઠા કર્યા હતા અને ખર્ચ્યા પણ હતા. પૈસાનો એમણે મોહ ક્યારેક રાખ્યો ન હતો, કારણ કે એમને ઈશ્વરમાં સંપૂર્ણ શ્રદ્ધા હતી. મહારાજશ્રીને છેલ્લી બિમારી હતી ત્યારે તેમણે પોતાના એક ભક્ત મણીબેનને તેમજ એમના પતિને એક પત્ર લખ્યો અને રૂપિયા ૫૦૦ (પાંચસો) તેમણે મંગાવ્યા. મહારાજશ્રીએ પોતાના ભક્ત પર લખેલા એ પત્રમાં લખ્યું હતું કે, 'એ રૂપિયા હું જીવતો હોઈશ તો પાછા આપીશ, નહિતર પિતા સમજીને માંડી વાળજો.' મહારાજશ્રીને આ પૈસા તો તુરત જ મોકલવામાં આવ્યા હતા, પરંતુ મહારાજશ્રીના ભક્તોને મહારાજશ્રી પ્રત્યે કેટલું માન અને આદર હતું એની આથી પ્રતિતી થાય છે.

મહારાજશ્રીનું હ્રદય કરુણાથી ભરેલું હતું. એમને જ્યારે લાગતું કે કોઈ વ્યક્તિને ખરેખર સહાય આપવાની જરૂર છે ત્યાર પછી મહારાજશ્રી એને છૂટે હાથે સહાય આપતા. એમાં ક્યારે પણ એ પાછુ વળીને જોતા નહિ.

આ ઉપરાંત મહારાજશ્રીમાં એક બીજો પણ ઉમદા ગુણ હતો.

સમાજમાં ક્યારેક મહારાજશ્રીને આબરુદાર મધ્યમ વર્ગમાં જવાનો પ્રસંગ પડતો. મહારાજશ્રીની અમીભરી દ્રષ્ટિમાં ઘણીવાર એવી મધ્યમવર્ગની વ્યક્તિઓ આવી જતી હતી કે જેમને જોઈને મહારાજશ્રી ભારે કરુણા અનુભવતા હતા. આવી વ્યક્તિઓ સમાજમાં પોતાના સ્થાનને કારણે બોલી ન શક્તી અને ભારે આર્થિક ભીંસમાં પિસાતી. મહારાજશ્રી આવી વ્યક્તિઓને કોઈને પણ ખબર ન પડે તેમ, ખુદ એ વ્યક્તિને પણ ખબર ન પડે તેમ ગુપ્ત સહાય મોકલી આપતા અને એ રીતે વ્યક્તિઓને મદદરૂપ થતા.

અને મહારાજશ્રીએ આમ સમાજમાં કોઈ ન જાણે તેમ છૂપી રીતે અનેક વ્યક્તિઓના આંસુ લૂછ્યાં છે. આવી વ્યક્તિઓ આજે મહારાજશ્રીને હૃદયપૂર્વક યાદ કરી રહી છે.

મહારાજશ્રીમાં રાષ્ટ્રીય મનોવૃત્તિ સચોટ હતી. મહારાજશ્રી સાથેની વાતચીતથી ઘણાને એ જાણવા મળ્યું છે. સનાતન ધર્મના એ દંડકે રાષ્ટ્રપ્રેમ પ્રત્યે ભારે આદરથી જોયું છે; એટલું જ નહિ પરંતુ જ્યારે જરૂર પડી છે ત્યારે ઝંપલાવ્યું પણ છે.

મુન્દ્રા અધિવેશન મળ્યું હતું. કચ્છ પ્રજાકીય પરિષદના એ અધિવેશનના પ્રમુખસ્થાને સદ્‌ગત યુસુફ મહેરઅલી હતા. શ્રી મહેરઅલીએ અધિવેશનમાં કચ્છની પ્રજા માટે જવાબદાર રાજ્યતંત્ર મેળવવાની હાકલ કરી.

પ્રજાએ હાકલ ઝીલી અને ચારેબાજુથી શ્રી મહેરઅલીને સાથ અને સહકાર મળવાનાં વચન મળવા લાગ્યા; પરંતુ કચ્છી પ્રજાની અજાયબી વચ્ચે ત્યારે એક સંત પણ આગળ આવ્યા એ હતા સાધુવર્ય સંત ઓધવરામજી. એમણે મહેરઅલીને વચન આપતાં કહ્યું કે કચ્છ માટે જે જવાબદાર રાજ્યતંત્રની લડત શરૂ થવાની છે તેમાં હું, મારા શિક્ષકો અને મારા તમામ વિદ્યાર્થીઓ લડતમાં ઝંપલાવવા તૈયાર છીએ. કચ્છી પ્રજાએ ત્યારે હોંશે હોંશે આ જાહેરાતને ઝીલી

હતી. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી પ્રત્યે મહારાજશ્રીને અપૂર્વ એવો પ્રેમ હતો, પૂજ્યભાવ હતો.

રાષ્ટ્રભક્તિ

(૭)

મહારાજશ્રીની ઈચ્છાશક્તિ કેટલી પ્રબળ હતી તેનો અને તેમની સાથેના એવા બીજા પાવક પ્રસંગોનો ઉલ્લેખ કરતાં એમના સાન્નિધ્યમાં વર્ષો સુદી રહેલા ગુરુકુળ સંસ્થાના ભૂતપૂર્વ ગૃહપતિ શ્રી મૂળજ પરમાર તેમની સાથેના એક પાવક પ્રસંગનો તાદશ ચિતાર રજૂ કરે છે. તેઓ લખે છે : 'સંવત ૧૯૯૦માં ઈશ્વર આશ્રમમાં એક નાનકડો ઉત્સવ કરવાની મહારાજશ્રીને ઈચ્છા થઈ. તેમણે પોતાનો આ વિચાર મૈયાજી તથા પોતાના શ્રદ્ધાળુ શિષ્ય કલ્યાણજી વિઠ્ઠલદાસ અને નેણબાઈ પાસે વ્યક્ત કર્યો. સૌએ સંમતિ આપી અને ઉત્સવની તૈયારી શરૂ થઈ. જોતજોતામાં તો ઉત્સવની વાત ચારેબાજુ પ્રસરી ગઈ અને ગામેગામથી લોકોનાં ટોળાં ઉત્સવ પર રવાના થવા લાગ્યાં. માતાઓ, બાળકો, વૃદ્ધો સૌ વાંઢાયને પંથે પડ્યાં. ઉત્સવમાં ભાગ લેવા ગામડાઓમાંથી સંઘો પણ નીકળ્યા. ગુરુકુળને આંગણે જોતજોતામાં હજારોની સંખ્યામાં લોકો એકઠા થયા. પૂ. મહારાજશ્રી આશ્રમના મહંત હતા પરંતુ બીજા મહંતોની જેમ સોનાના આભૂષણાં સજી તેઓ ગાદી પર બેઠા ન હતા: પરંતુ

ખાદીની કફની પહેરી એ કર્મયોગી પુરુષ જનતામાં ઘૂમવા લાગ્યા. મહંત નહિ પણ જનતાના તે સાચા સેવક હતા. પોતાને હાથે લોકોની વ્યવસ્થા કરવા લાગ્યા. લોકોના બળદો માટે આશ્રમની વાડીની કાલરો ખુલ્લી મૂકી દીધી. એ કાલરો પર ચડીને ખુદ મહારાજશ્રી ગાડાવાળાઓને કડબ આપતા હતા. આ દ્રશ્ય જેમણે જોયું તેમને એ સમજાયું કે મહારાજશ્રી એ કેવી અદ્‌ભુત માનવતાથી ભરેલી મૂર્તિ હતા. ઉત્સવમાં સૌને પ્રેમથી આવકારતા, લોકો વચ્ચે ઘૂમતા અને લોકોને ઉપયોગી થવા તત્પરતા બતાવતા. એ મહારાજશ્રી સાચેજ મહંત નહિ પણ જનતામાંના જ એ સેવાપરાયણ માનવી હતા.

શ્રી મૂળજી પરમાર આગળ ચાલતાં લખે છે કે, યોજાએલો ઉત્સવ એ તો એક નાનકડો મર્યાદાવાળો ઉત્સવ હતો પરંતુ અહીં તો ઉત્સવમાં માનવ મહેરામણ છલકાયો. મહારાજશ્રીના નિકટના સેવકો કહેવા લાગ્યા કે હવે કરવું શું ? આશ્રમમાં તો નાણાંની એટલી વ્યવસ્થા જ ક્યાં છે ?

મહારાજશ્રી પાસે જ્યારે આ વાત પહોંચી ત્યારે મહારાજશ્રી હસ્યા. સ્વસ્થતાથી તેમણે સેવકોને કહ્યું, 'વાત સાચી છે, નાણાં નથી. મારી પાસે કોરી દોઢ હજાર માત્ર છે. આશ્રમની એજ પુરાંત છે. પણ તેથી શું? ઈશ્વરરૂપી જનતા મારે ત્યાં ક્યાંથી ? નાણાનું તો થઈ રહેશે. જનતાનો મારે આંગણે આવો અવિરત પ્રવાહ એ જ મોટાં ધનભાગ્ય છે.' મહારાજશ્રી આમ શ્રદ્ધાના બળ સાથે આવાં કામો કરતા હતા. અને શ્રદ્ધા-બળ એ જીવનની સફળતાનું એક મોટું બળ છે.

ઉત્સવમાં આવનાર જનતાએ ઉત્સવમાં તો ઉમંગભેર ભાગ લીધો પરંતુ હજારો લોકોએ મહારાજશ્રીના ચરણોમાં નાણાંના ઢગલા કર્યા. પાંચ, પચીશ, પચાશ, સો, હજાર, બે હજાર એમ એ ઉત્સવમાં મહારાજશ્રીના ચરણોમાં કોરી (ત્યારનું ચલણ) નેવું હજાર એકઠી થઈ ગઈ અને યાદગાર રહી જાય એટલા ઉત્સાહી ઉત્સવ ઉજવાયો.

ધામધૂમથી અને ભારે ઉત્સાહથી ઉજવાએલા આ ઉત્સવનો બીજો એક પ્રસંગ પણ જાણવા જેવો છે, જે બહુ ઓછા જાણે છે.

મહારાજશ્રી એ ભવ્ય ઉત્સવના જનક હતા અને એમની શ્રદ્ધા, મનોબળ અને ઝંખનાના પરિણામે જ કચ્છે ઈતિહાસમાં નહિ જોયેલો એવો ઉત્સવ ઈશ્વર આશ્રમ આંગણે ઉજવાયો હતો.

ઉત્સવ ઉજવાયો ત્યારે મહારજશ્રી આશ્રમના મહંત હતા. મહંત એટલે ગાદીપતિ. ઉત્સવ પ્રસંગે મહંતે રેશમી કિંમતી કપડાં અને આભુષણો પહેરવાંજ જોઈએ એવો રૂઢિગત ચાલ્યો આવતો રિવાજ હતો.

મહારાજશ્રી જો કે આ ઉત્સવ પ્રસંગે એક મહંતની અદાથી ગાદીપર બેઠા ન હતા બલકે વિરાટ કામ કરવાનું હોઈ પોતે પણ કાર્યકરો વચ્ચે ઘૂમતા હતા અને કામ પણ કરતા હતા. કાર્યકરોને કામ કરવાનો ઉત્સાહ આપતા હતા. પરંતુ આમ છતાં તેમણે પોતાના ગુરુ ભાઈઓના અને ભક્તોના આગ્રહથી ભારે કિમંતનાં રેશમી વસ્ત્રો અને ભારે કિંમતનાં સોનાનાં વજનદાર આભૂષણો તો પહેર્યા હતાં. અલબત્ત આમ છતાં સૌને એ ખ્યાલ તો આવતોજ હતો કે એક ગાદીપતિ મહંત લોકો વચ્ચે ઘૂમી પ્રસંશા લાયક કામગીરી કરી રહ્યા છે.

પણ ત્યાં એક પ્રસંગ બન્યો.

આજુબાજુના માઈલોના વિસ્તારમાં આ ઉત્સવની જાણ થઈ ગઈ હતી અને તેથી અનેક ભિખારીઓ અને માગણો ઈશ્વર આશ્રમમાં ઉમટી આવ્યાં હતાં. કાર્યકરો તેમને એક બાજુ રોકી આગળ વધવા દેતા ન હતા.

મહારાજશ્રી ફરતા ફરતા ત્યાં આવ્યા. કાર્યકરોને ભિખારીઓને રોકતા જોઈ તેમણે કાર્યકરોને કહ્યું,

'વ્યવસ્થા જાળવો પણ એમની સાથે વર્તાવ માનવતાભરેલો રાખો. એ પણ આપણા જેવાજ માનવીઓ છે.'

અને પછી એમણે ત્યાં બેઠેલા ભિખારીઓને અને માગણોને કહ્યું, 'તમે બધા અહીંજ શાંતિથી બેસી રહેજો. બીજાને જે ખાવાનું મળશે તેજ તમને મળશે અને પેટ ભરીને મળશે. જરા સબૂરી પકડી બેસજો. તમને બધાને જમાડીને પછી હું જમીશ.' ભિખારીઓ અને માગણો ખૂબ ખૂબ રાજી થયાં. મહારાજશ્રી ત્યાંથી આગળ વધ્યા.

તેઓ ચારેક પગલાં આગળ વધ્યા હશે ત્યાં માગણમાંથી એકે મહારાજશ્રીને કહ્યું,

'મહારાજશ્રી, હાથમાં પાંચ પાંચ વીંટીઓ પહેરી છે તેમાંથી એક ઉતારી મને આપી દોને! મારું દારિદ્રય ફીટી જશે, અને આપને પાંચમાંથી ચાર થશે તો, ખબરેય નહિ પડે. મારી પાસે કંઈયે નથી, આપની પાસે જોઈએ તેના કરતાં વધારે છે.'

મહારાજશ્રી આ વાક્ય સાંભળીને સડક થઈ ગયા. તેમને થયું કે માગણ બોલે છે તે સાચું છે કે જૂઠુ ? મહારાજશ્રી જેમ જેમ વિચાર કરતા ગયા તેમ તેમ તેમને થતું ગયું કે માગણ અક્ષરે અક્ષર સાચું બોલ્યો છે. એની પાસે કંઈયે નથી, મારી પાસે જોઈએ તેના કરતાં વધારે છે. આ સત્ય સમજાયા પછી મહારાજશ્રી ખૂબ અસ્વસ્થ બની ગયા.

તેઓ ફરી કામમાં ગુંથાઈ ગયા અને આમ તેમ કામમાં આંટા મારવા લાગ્યા. આમ છતાં માગણે કહેલા શબ્દો તેમનાથી ભૂલાતા ન હતા. તેમનામાં એ વાતથી અનુકંપા તો જાગી જ હતી પરંતુ માગણે કરેલી વાતની તેમને સત્યતા ભારે વસી ગઈ હતી.

તેઓ વિચાર કરવા લાગ્યા કે મારે શું કરવું જોઈએ? તેમના મનમાંથી એક એવો વિચાર પણ પસાર થઈ ગયો કે હમણાં વીંટી ઉતારી એમને આપી આવું. પણ આ વિચાર કરતાં કરતાં તેમને ફરી વિચારો આવવા લાગ્યા કે, એણે કહ્યું એમ વીંટી ઉતારી આપું તેથી શું? તેથી એનું કદાચ દારીદ્ર ફીટે પણ તેથી શું જે અસમાનતા પ્રવર્તી રહી છે તે દુર થશે કંઈ? મહારાજશ્રીને આમ અનેક વિચારો આવવા લાગ્યા. એક પછી એક વિચારો આવતા ગયા પરંતુ કોઈ પણ વિચારથી મહારાજશ્રીના મનનું સમાધાન થતું ન હતું. એમને કોઈ સાચો ઉકેલ મળતો ન હતો.

મહારાજશ્રી આગળ વધ્યા અને ફરી પોતાના કામમાં મશગૂલ થયા. સાંજે હજારો માણસો ઈશ્વરરામજી આશ્રમના વિશાળ ચોગાનમાં એકઠા થયા. ઉત્સવનો સંદેશ સૌને સાંભળવો હતો. મહારાજશ્રી કામમાં મશગુલ બની આમતેમ ફરતા હતા પરંતુ તેમના દિલમાં શાંતિ ન હતી.

ચાલીશેક માણસોનું ટોળું ઉત્સવનો સંદેશ સાંભળવા ચોગાનમાં આવી રહ્યું હતું. મહારાજશ્રી કંઈ કામ પ્રસંગે એ બાજુ જઈ રહ્યા હતા. માણસોનું ટોળું અને મહારાજશ્રી રસ્તામાં સામા મળ્યા. ટોળામાંથી દશ પંદર ભાઈઓ મહારાજશ્રીને ઓળખતા હતા. આ ભાઈઓએ નજીક આવી મહારાજશ્રીને વંદન કર્યા.

પરંતુ બાજુમાં ઉભેલા બીજા વીશેક ભાઈઓમાંથી કોઈ એકે મહારાજશ્રીને જોયા અને કોણ જાણે કેમ એણે ટીકા કરતાં કહ્યું, 'ધનનાં ધીંગાણાં.'

મહારાજશ્રીએ એ વાક્ય બરાબર સાંભળ્યું. સવારથી તેમનું મન અસ્વસ્થ તો હતુંજ પરંતુ અત્યારે તેમને કાને પડેલા ઉપરના શબ્દોએ તેમનું

મન વધુ અસ્વસ્થ બનાવ્યું. તેમને વિચાર કરતાં એ તરતજ સમજાયું કે એક વાત ચોક્કસ છે કે લોકોને આ ઠઠારો ગમતો નથી, અને તેમને એ પણ લાગ્યું કે લોકો કહે છે કે માને છે તે ખોટું પણ નથી.

મહારાજશ્રીને વિચારો આવવા લાગ્યા કે જો મારે સેવાનો માર્ગ લેવો છે તો શરીર પરનો આ ઠઠારો શા માટે? અને એ શા કામનો? હું મહંત છું, ગાદીપતિ છું એ ખરૂં પણ તેથી શું આ રેશમી વસ્ત્રો અને અલંકારોની જરૂર છે ખરી ? એ શરીર પર ન હોય તો પણ હું મહંત છું, અને શરીર પર એ બધું હોય તો પણ હું મહંત છું. ચાલતી આવતી રૂઢી પ્રમાણે વર્તવું જોઈએ એમ મારા ગુરુભાઈઓ કહે છે. મારા ભક્તો પણ એમ કહે છે અને તેથીજ તો મેં શરીરે આ ઠઠારો કર્યો છે; પણ ના, મારે એ મંજુર નથી. મારે એ રૂઢીગત માન્યતાઓ જોઈતી નથી એ રૂઢીઓ બંધાઈ હોય ત્યારે જે પરિસ્થિતિ હોય તે! પણ આજે તો પરિસ્થિતિ ઝડપભેર બદલાતી જાય છે. પરિસ્થિતિ પ્રમાણે પરીવર્તન જરૂરી છે. એમ નહિ કરીએ તો પાછળ રહી જવાશે. નહિ ! નહિ ! આ રેશમી વસ્ત્રો અને આ અલંકારો મને નથી જોઈતાં, એ નકામાં છે, કશાંજ ખપનાં નથી. આમ કહી મહારાજશ્રી ઉતાવળે ઉતાવળે પોતાના નિવાસ તરફ ગયા અને નિવાસમાં જઈ રેશમી વસ્ત્રો અને અલંકારો ઉતારવા લાગ્યા,

મહારાજશ્રી પોતાના નિવાસમાં જઈ રેશમી વસ્ત્રો અને સોનાનાં આભૂષણોને દૂર ફેંકી રહ્યા છે એ વાતની તેમના ગુરુભાઈઓ અને ભક્તોને ખબર પડી ત્યારે સૌ મહારાજશ્રીના નિવાસ તરફ દોડી આવ્યા, અને મહારાજશ્રીને કહેવા લાગ્યા,

'મહારાજશ્રી, આ શું કરી રહ્યા . . ?'

મહારાજશ્રીએ જવાબ આપ્યોઃ 'જેની જરૂર નથી તેને દૂર ફેંકી રહ્યો છું.

ભક્તોએ કહ્યુઃ 'પણ મહારાજશ્રી આ તો ચાલતી આવતી પ્રણાલિકાની પરંપરા છે. એનો વિચ્છેદ કેમ થાય ?'

મહારાજશ્રીએ કહ્યું, 'મારે પરંપરા તોડવી છે, એના ચૂરેચૂરા કરી નાખવા છે એટલે આમ કરી રહ્યો છું.'

મહારાજશ્રીની મક્કમતા જોઈ બધા શાંત થઈ ગયા. આખરે તેમના એક ગુરૂભાઈએ કહ્યુંઃ

'પણ મહારાજશ્રી, આપ મહંત છો. આપના મોભા પ્રમાણે વસ્ત્રો અલંકારો તો જોઈએજ ને!

મહારાજશ્રીએ હસતાંહસતાં જવાબ આપ્યો, 'એ મોભો અને એ પ્રતિષ્ઠા આપણે ઉભાં કર્યા છે. આપણે ધારીએ તો બીજી રીતે પણ મોભો અને પ્રતિષ્ઠા ઉભાં કરી શકીએ અને સાદાઈ, નમ્રતા અને સુઘડતાનો મોભો આપીએ.'

આમ કહી મહારાજશ્રીએ કેવળ એક ખાદીની કફની ધારણ કરી લીધી ને પછી એ જીવનભર તેમની સાથી રહી. અને મહારાજશ્રીએ પછી હજારોની એકઠી થયેલી માનવમેદનીને ઉત્સવનો સંદેશ આપવા બહાર નીકળ્યા.

અને મહારાજશ્રીની રાષ્ટ્રભક્તિ પણ કેટલી અપાર હતી ? એ સંત હતા, સાધુ હતા તેવાજ રાષ્ટ્રસેવક પણ હતા. શ્રી. મુળજી પરમાર લખે છે કે, 'કચ્છની જનતા જ્યારે જવાબદાર રાજતંત્ર લેવા તત્પર બની હતી, આઝાદીનો નાદ જ્યારે ગામડે ગામડે ગુંજવા લાગ્યો હતો અને સ્વ. મેહેરઅલીના પ્રમુખપદે મુંદ્રામાં અધિવેશન મળ્યું હતું ત્યારે મહારાજશ્રીનું રાષ્ટ્રભક્ત હૈયું માત્ર ઈશ્વરની ભક્તિ કરવા બેઠું કેમ રહે ? ગુરુકુળના વિદ્યાર્થીઓ અને અમે શિક્ષકો બધા

મહારાજશ્રીના આજ્ઞાથી એ અધિવેશનમાં સ્વયંસેવકો તરીકે જોડાયા. મહારાજશ્રી પણ અધિવેશનમાં આવ્યા. અધિવેશનની પ્રેરણાત્મક કાર્યવાહી, રાષ્ટ્રભક્તિના ઉત્તેજનાભર્યા ભાષણો, દેશને જવાબદાર રાજતંત્ર અપાવવાની તાલાવેલી એ બધું જોઈ મહારાજશ્રીનું હૃદય હલી ઉઠ્યું. ખુલ્લા અધિવેશનમાં તેઓશ્રીની વાણી ગાજી ઉઠી. તેમની વાણીનો પ્રવાહ આ હતો; 'મારા કચ્છ દેશને માટે મારો આ દેહ આપવા હું તૈયાર છું. જે દેશનું મેં લૂણ ખાધું છે, જે જનતાએ મને પોષ્યો છે, તે જનતાની સેવા કરવા હું અને મારી સંસ્થાના તમામ શિક્ષકો તથા વિદ્યાર્થીઓ આ લડતમાં જોડાવા તૈયાર છીએ નોંધો લડતમાં પહેલું મારૂંનામ અને પછી નોંધો મારી સંસ્થાના શિક્ષકો તથા વિદ્યાર્થીઓના નામો.' તેમની આ રાષ્ટ્રપ્રેમી વાણી સાંભળીને કચ્છની જનતા સ્તબ્ધ બની અને કહેવા લાગી કે મહારાજશ્રી એકલા સંત નથી પણ રાષ્ટ્રપ્રેમી પણ છે.

અધિવેશનમાંથી પાછા ફરતાં ગુરુકુળમાં રાત્રે શિક્ષકો અને વિદ્યાર્થીઓની સભા બોલાવી અને કહ્યું કે, હું તો મુન્દ્રા પરિષદમાં લડતમાં જોડાવાનું વચન આપી આવ્યો છું. તમારા બધાની કેવી મરજી છે તે મારે જાણવું છે. હું તમારા પર સંપૂર્ણ વિશ્વાસ રાખી તમને પૂછ્યા વિના લડતમાં જોડાવાનું વચન આપી આવ્યો છું. મારામાં શ્રદ્ધા હોય તો મારી પાછળ આવજો. જેલ અને લાઠીઓ તો ખરી, પણ ગોળીઓ ખાવાની તૈયારી હોય તો મારી પાછળ આવજો. પ્રભુભક્તિ વિષે મારા ખ્યાલો એ છે કે, પ્રભુભક્તિ કાયરતા શીખવતી નથી. મારા પ્રભુને ગુલામી પસંદ નથી. પ્રભુના આદેશથી હું તો લડતમાં જઈશ. મારી પાછળ જેને આવવું હોય તે આવજો. બોલો! કોણ આવવા તૈયાર છે ?' અને તમામ હાથો ઊંચા થયા. મહારાજશ્રીએ આ જોઈ ગદગદકંઠે કહ્યું: 'હવે મને સંતોષ થયો. ગુરુકુળનું શિક્ષણ માત્ર પેટ ભરવા માટેનું શિક્ષણ નથી પણ વખત પર આત્મભોગ આપવાની વીરતા પણ એમાં ભરેલી છે. પરિષદ તરફથી આદેશ આવતાંની સાથે જ આપણે બધાએ જવાનું છે.'

જો કે પછી તો લડતનાં વહેણ બદલાયાં અને લડત મોકુફ રહી. પણ મહારાજશ્રીના રાષ્ટ્રભક્ત હૈયાંની પરખ સમગ્ર કચ્છી જનતાને થઈ.

મહારાજશ્રીના ભક્તોનો મહારાજશ્રી પ્રત્યે અસીમ સદ્‌ભાવ હતો અને મહારાજશ્રીના જીવનની સફળતાની એ મોટામાં મોટી મૂડી હતી. એક વખત મહારાજશ્રી ગુરુકુળ માટે કચ્છ તથા મુંબઈ વગેરે સ્થળે ફરીને કચ્છ આવ્યા. મહારાજશ્રી કચ્છ આવી મંજલ પહોંચ્યા અને સાધ્વી મૈયાજીને મળ્યા. મહારાજશ્રી મૈયાજીને કહે, 'માતાજી ! હું ભિક્ષુક તરીકે આવ્યો છું. આ ઝોળીમાં આપ શું આપો છો ?'

અને મહારાજશ્રી જેવા સાધુ પુરુષ જ્યારે ઝોળી ધરે ત્યારે મૈયાજી કેમ પાછળ રહે ! મૈયાજી એક આશ્રમ ચલાવતાં હતાં. આશ્રમમાં વિધવા બહેનો રહેતી હતી તેમને શિવણકામ અને અન્ય કામો સાથે પ્રભુભક્તિનું શિક્ષણ અપાતું હતું. આ આશ્રમ ચલાવવા માટે મૈયાજી પાસે જે પણ નાણાં હતાં, આશરે પાંચ હજાર કોરી હતી, તે બધી રકમ લઈને મૈયાજીએ મહારાજશ્રીના ચરણોમાં ધરી અને કહ્યુ, મારા આશ્રમની આ તમામ મિલ્કત છે. તે હું આપના ચરણોમાં ધરૂં છું. મારૂં આશ્રમ પ્રભુ ચલાવે છે. તેમ ચલાવશે જ. આપ આ નાણાંનો ગુરુકુળ સંસ્થામાં ઉપયોગ કરો.'

મહારાજશ્રી આવી ભક્તિ જોઈ ગળગળા થઈ ગયા. બોલ્યા, 'હું પૈસા લેવા નથી આવ્યો. ઈશ્વરે મને કેવા ભક્તો આપ્યા છે તે જોવાજ આવ્યો હતો. નાણાં મારે નથી જોઈતાં. બીજા ઘણા ભક્તો છે કે જ્યાંથી મને જરૂર પડે નાણાં મળી રહે છે. કોરીઓ તમે પાછી લઈ લો.'

પણ મૈયાજી એમ માને એમ ન હતું. છેવટે મહારાજશ્રીને એ રકમમાંથી એક હજાર કોરી તો લેવી જ પડી.

ગુરુભક્તિનો એક બીજો પ્રસંગ પણ નોંધવા જેવો છે.

સદ્‌ગત માંડણ ભાણજીએ મહારાજશ્રી સાથે રહી ગુરુકુળ સંસ્થાને ખૂબ કામ આપ્યું હતું. પરંતુ પછી ધંધા અર્થે માંડણભાઈ પરદેશ ગયા. બે ત્રણ વર્ષ થઈ ગયા. પરદેશમાં માંડણભાઈ બિમાર પડ્યા. માંડણ ભાણજીના નામથી મહારાજશ્રીને એક તાર મળ્યો. તારમાં લખ્યું હતું. 'તમારા શિષ્યને આશીર્વાદ આપો.' મહારાજશ્રીએ તાર કરી આશીર્વાદ તો મોકલાવ્યા પરંતનુ તેમનું હૃદય વલોવાઈ જતું હતું. આ જગત છોડતી વખતે પણ ગુરુના આશીશ લઈ જગત છોડવાની ઝંખના એ ગુરૂ ભક્તિનું એક કેવું ભવ્ય દ્રષ્ટાંત છે? તાર તો કરી દીધો પરંતુ પછી મહારાજશ્રીનું અંતર હાથ ન રહ્યું. તેઓ ખૂબ રડ્યા-કલાકો સુધી રડ્યા અને બીજે દિવસે માંડણભાઈના અવસાનનો તાર મહારાજશ્રીને મળ્યો.

સદનવાડી સંસ્થાના એક વખતના નિયામક **શ્રી પ્રભુલાલ ધોળકીયા** મહારાજશ્રીના વર્ષો સુધી નિકટવર્તી હતા. મહારાજશ્રીને અંજલિ આપતાં તેઓએ મહારાજશ્રીને 'પરમાર્થી ઓધવરામજી' કહ્યા છે. તેઓ લખે છે કે, 'સદનવાડી અને વાંઢાય એટલાં પાસે પાસે કે સદનવાડીમાં ચાલતી સરસ્વતી સદનની પ્રવૃત્તિઓ અને વાંઢાયની ઈશ્વરરામજી ગુરુકુળની પ્રવૃત્તિઓનો સહવાસ એટલો નિકટ હતો કે ઉંડાણીથી ન જોઈએ તો બન્ને સંસ્થાઓની પ્રવૃત્તિઓ વચ્ચેનો તાત્વિક ભેદ ભાગ્યેજ દેખાય. સરસ્વતીસદન સંસ્થા સ્થપાઈ તેમાં મહારાજશ્રીનો ફાળો નોંધપાત્ર છે. સદનવાડીના સ્થાનની જમીન મહારાજશ્રીને તેમના એક કુકમાવાસી ભક્ત પાસેથી મળેલી. આ જમીન શ્રી જસાણીભાઈઓને તેમણે વેચાણ આપીને ત્યાં સંસ્થા સ્થાપવાની અનુકુળતા કરી આપેલી. આમ સરસ્વતીસદન સંસ્થા સ્થાપવાની અનુકૂળતા કરી આપેલી. આમ સરસ્વતીસદન સંસ્થા સ્થપાયા પછી તેઓ સંસ્થાના સંચાલનમાં અને કારભારમાં હંમેશાં ખૂબ રસ લેતા અને આ નવી કેળવણીની પ્રણાલિ તરફ

મમતા રાખતા.

મહારાજશ્રીના સ્નેહને બિરદાવતાં **શ્રી પ્રભુલાલ ધોળકીયા** લખે છે કે, 'મહારાજશ્રી સાથેના અમારા સહચાર અને સ્નેહસંબંધની સાંકળ કેળવણીની વિચારસરણીમાં અમારી દ્રષ્ટિ જુજવી હોવા છતાં અતૂટ રહેતી. તેમના સ્વભાવની મધુરતા અને ખેલદિલીથી સંસ્થાઓ વચ્ચેના વ્યવહારમાં કદીએ માનદુઃખ થયાનું કારણ રહ્યું નથી. સંસ્થાના સંચાલકો લખે છે; અમે સૌ સાથીઓની જેમ મળતા, ચર્ચા વિચારણા કરતા, એકબીજાના દ્રષ્ટિબિંદુ સમજવા કોશિશ કરતા અને પરસ્પરને ગળે વાત ન ઉતારી શકાય ત્યારે પણ મિઠાશથી છૂટા પડતા અને ફરી એવાજ પ્રેમભાવથી ભેગા મળી વિનિમય કરતા.

મહારાજશ્રીમાં અભૂતપૂર્વ એવી નમ્રતા હતી. પોતે સ્થાનપર આવ્યા પછી પણ તેવાજ નમ્ર આજીવન રહ્યા હતા. શ્રી ધોળકીયા તેમની આ નમ્રતાને અંજલિ આપતાં જણાવે છે કે, 'સાંપ્રદાયિક મઠ કે જગ્યાઓના સંસાર-ત્યાગી ગણાતા સાધુ ને સ્ત્રીઓનાં જીવન સમાજને પ્રેરણા આપે એવાં ભાગ્યેજ રહ્યાં છે. બલ્કે કોઈ કોઈ ધર્મસ્થાનો અધર્મના અખાડા જેવાં બન્યાં છે. ઓધવરામજી મહારાજે સંત ઈશ્વરરામજીની ધર્મનિષ્ઠ પરંપરા જાળવીને પોતાની જગ્યાનું મહત્વ વાધાર્યું છે. સમાજમાંથી દંભ નાબૂદ કરવાની વાત ભારે મોટી છે દંભથી સમાજનું પતન થાય છે. ઈશ્વર રામજીનો એ ઉપદેશ મહારાજશ્રીએ જીવનમાં વણેલો. તેમણે પોતાની જાતને કદી લોકોત્તર તરીકે જાહેર કર્યાનું જાણ્યું નથી. સભા-સંમેલનોમાં અનેક પ્રસંગે અમે સાથે રહ્યા છીએ ત્યારે સંત પુરુષોની વાણીના પોતે પ્રચારક છે એમ તેમને કહેતા સાંભળ્યા છે. એમની પ્રાસાદિક છતાં લોકભોગ્ય એવી ગામઠી વાણીમાં પોતે કોઈ ત્યાગી કે મહાત્મા નથી, પણ સંતમહંતના આદેશોના એક અદના ઉપદેશક છે એમ કહેતા. તેમની આ નમ્રતા અને નિખાલસતા સાંપ્રદાયિક જડસુઓને રૂચતી નહિ. રૂઢિપરાયણતાથી મળતી સસ્તી કીર્તિ મેળવવા તરફ તેમને નફરત હતી. તેઓ મહંત સ્થાને હોઈને

સંસ્થામાં ખેતી, ગોપાલન જેવી પ્રવૃત્તિઓ જાતે જોતા અને ઘણીવાર તે માટે શ્રમ પણ કરતા. આ તેમના રૂઢિચૂસ્ત એવા અનુયાયીઓને રૂચતું નહિ. તેમને મહારાજશ્રી કહેતા, ''જ્ઞાનીએ પોતાને સત્ય લાગતા કાર્યો કરતા રહેવું જોઈએ. જાતે આવાં સામાજિક કાર્યો કરવાથી પોતાના શિષ્યો અને અનુયાયીઓની તે કરવા તરફની વૃત્તિ કેળવાય છે. પડ્યા રહેવાથી આળસ અને અહંતા વધે છે.'' આમ રૂઢ એવી સાંપ્રદાયિક રીતિનીતિઓમાં રાચતા તેમના સંપ્રદાયના ભાઈબહેનોના જીવતરમાં એમણે જાતે કર્મણ્ય રહીને તેજ પૂર્યું છે અને કર્તવ્યનું ભાન જાગૃત રાખ્યું છે.

રાષ્ટ્ર પ્રત્યે મહારાજશ્રીને અપાર આદર હતો તેનો એક દાખલો ટાંકતાં શ્રી. ધોળકીઆ જણાવે છે કે, 'ગાંધીજયંતિના એક સમારંભમાં સદનવાડીની એક સભામાં પ્રમુખસ્થાનેથી પૂર્ણાહુતિનાં વચનો કહેતાં કહેતાં ગદ્‌ગદ્ કંટે તેમણે ખાદી પહેરવાનું વ્રત જાહેર કરેલું તે પ્રસંગ હું ક્યારે પણ નહિ ભૂલું. હૃદયના ઊંડાણમાંથી લીધેલા એ વ્રતને તેમણે દીપાવ્યું અને દેવગત થયા ત્યાં સુધી તેનું પાલન કર્યું. એ વ્રત લીધા પછી તેમણે પોતાના હરેક ધાર્મિક વ્યાખ્યાનમાં ખાદી અને સ્વદેશીવ્રતને ધર્મ્ય લેખે પ્રમાણ્યાં છે. મહારાજશ્રીનો કર્મયોગ જોઈને હરકોઈને તેઓ સંપ્રદાય કે વાડાબંધીથી પર લાગતા હતા. કોઈ સાંપ્રદાયિક મઠાધિપતિએ લોકસેવાની આટલી ચિરંજીવી પ્રવૃત્તિઓ હાથ ધરી હોય એવું ઓછું જોવા મળે છે. અંધશાળા, ગુરૂકુળ, ગોશાળા જેવી લોકોપયોગી સંસ્થાઓ સ્થાપીને તેમણે આપણી જગ્યા-જાગીરના અધિપતિઓને માટે મહામૂલો આદર્શ મૂક્યો છે. સાધુ-સન્યાસીઓ લોકસેવાની આહલેક જગવીને ધર્મની સાચી દિક્ષા પોતાના ભાઈઓને જાગૃત કરીને અનુયાયીઓને આપી શકે છે એવો બોધપાઠ તેમણે જીવતરથી આપ્યો છે. અજ્ઞાનમૂલક એવા મતપંથોનાં ઝાળાંમાંથી પાડીદાર ભાઈઓને જાગૃત કરી તેમણે ભારે મોટી સમાજસેવા કરી છે. હરિજન અને પીડિત લોકો તરફ તેમના દિલમાં ભારે કરુણા ભરી હતી તેમણે પોતાના બહોળા અનુયાયી વર્ગમાંના અનેક રૂઢીચુસ્ત

ભાઈબેનોને કચવાવીને પણ અસ્પૃશ્યતાને પોતાના અંગત વ્યવહારમાંથી રૂખસદ આપી હતી. અસ્પૃશ્યતાને કચ્છમાંથી સદંતર નાબૂદ કરવાની તેમની તીવ્ર ઈચ્છા હતી. તેમણે કહેલું: ''કચ્છમાં હવે આભડછેડની જડ હલી ગઈ છે તો તેને તરત નેસ્તનાબૂદ કરવા માટે હું ગામેગામ ફરીને ઝુંબેશ કરીશ.'' પરંતુ તેમની આ આખર અવસ્થાની મનીષા મનમાં જ રહી. તેમનો દેહ વિલય થયો તેથી મહિના માસ પહેલાં અમે તેમને મળેલા ત્યારે તેમણે શ્રી છગનભાઈ જોષીની પાસે ઉપરના શબ્દોમાં પોતાની ઈચ્છા વ્યક્ત કરી હતી. પરમાર્થી ઓધવરામજીએ જીવીને પ્રેરક દ્રષ્ટાંત અનુયાયીઓ સામે મૂક્યું છે.

મહારાજશ્રીને એમના ઘણા અનુયાયીઓએ પરમાર્થી કહ્યા છે અને તે સંપૂર્ણપણે સાચું છે. મહારાજશ્રીએ પોતાના સુખ કરતાં સદા બીજાના દુ:ખનો વધારે વિચાર કર્યો હતો. અને તેઓ જીવનભર પરમાર્થી રહ્યા હતા.

એક વખત મહારાજશ્રી વાંઢાય નજીક આવેલા દેશલપુર ગામની વાડીઓમાં ફરવા ગયા. ખેતીપ્રેમી મહારાજશ્રી વાડીઓ અને ખેતરોમાં ફરવાનું વધુ પસંદ કરતા. દેશલપુરની વાડીઓમાં મહારાજશ્રી ફરતા હતા. ફરતા તે એક વૃદ્ધ ખેડુતની વાડીએ આવ્યા. ખેડુત કોષ હંકારતો હતો. મહારાજશ્રીને જોતાં તેણે કોષ હાંકવાનું બંધ કર્યુ અને તેમની પાસે જઈ ચરણસ્પર્શ કર્યો.

મહારાજશ્રીએ પૂછયું, 'કાં, ખેતી કેમ ચાલે છે?' ખેડુતે હસીને જવાબ આપ્યો, 'મહારાજશ્રી, બધું જમાના પ્રમાણે ચાલે છે.'

મહારાજશ્રીએ એક અભ્યાસભરી દ્રષ્ટિ વાડી પર નાખી અને પછી કહ્યું,

'વાડીનું પડું તો જોરદાર છે, અને જમીનનો કસ પણ સારો દેખાય છે.'

ખેડુતે બે હાથ જોડ્યા અને કહ્યું,

'મહારાજશ્રી આપના આર્શીવાદનો એ બધો પ્રતાપ છે. પણ ઠીક છે, ભગવાન આવો વ્યવહાર અટકાવતો નથી.'

વૃદ્ધ ખેડુતે વાડી પાછળ જે મહેનત કરી હતી તે જોઈ મહારાજશ્રી ખુશ થયા. તે મનમાં ને મનમાં કહેવા લાગ્યા કે ખેડુ મહેનતુ બને છે તો ધરતીને પણ એ નવું જીવન આપી શકે છે. આમ વિચારતાં વિચારતાં મહારાજશ્રીની નજર વૃદ્ધ ખેડુની બળદની જોડ પર પડી. મહારાજશ્રીએ જોયું કે જોડીમાં એક બળદ સશક્ત અને યુવાન છે જ્યારે બીજું બળદ અશક્ત અને વૃદ્ધ છે.

મહારાજશ્રીએ આ જોઈ પૂછ્યું, 'આ બળદની જોડી એક સરખી કેમ નથી?

ખેડુતે કહ્યું, 'શું કરૂં? બેમાંથી એક બળદ મારી જેમ ઘરડો થયો છે. પરંતુ તેને કંઈ નાખી તો ન દેવાયને? એટલે હલવે રાખું છું અને બીજો નવો બળદ લેવા જેટલા પૈસા પણ નથી.'

મહારાજશ્રીએ જોયું કે મદદ કરવા યોગ્ય ખેડુત છે-પાત્ર છે. આમ વિચારી મહારાજશ્રી આશ્રમમાં ગયા અને બીજે દિવસે એ વૃદ્ધ ખેડૂતને નવો બળદ ખરીદવા જોઈતા પૈસા મોકલી આપ્યા.

થોડા દિવસ પછી મહારાજશ્રી ફરી એ વાડીએ ગયા તો પહેલો વૃદ્ધ ખેડૂત બન્ને યુવાન બળદો સાથે ખેતી કરી રહ્યો હતો. મહારાજશ્રીને એ જોઈ ખૂબ સંતોષ થયો. તેમણે મનને કહ્યું, 'કોઈ બીજાનું નાનું મોટું દુઃખ આપણે દૂર કરવા શક્તિમાન થતા હોઈએ તો એ કેટલું સરસ છે!'

એક વખત ભારે વરસાદ પછી મહારાજ વાંઢાય ગામમાં ગયા. જોયું તો કેટલાંક મકાનો પડી ગયાં હતાં. તેમાં પણ એક હરિજનની હાલત ભારે કફોડી હતી. હરિજન, તેની પત્ની અને ચાર બાળકો. જર્જરીત જેવું મકાન વરસાદથી સાવ બેસી ગયું હતું, અને આખું કુટુંબ રઝળતું થઈ ગયું હતું. મહારજશ્રીને એ દ્રશ્ય જોઈ ભારે આઘાત થયો. હરિજનને કહે:

'નવું પાકું ભૂંગું બનાવતાં કેટલો ખર્ચ લાગે?'

હરિજને કહ્યું, 'મહારાજશ્રી, બસો રૂપિયા લાગે!'

મહારાજશ્રીએ કહ્યું, 'એમ કર. સો રૂપિયા રોકડા મારી પાસેથી લઈ જા. બાકીનું, તારૂં કુટુંબ અને તારા એકાદ બે સાથી મિત્રો મળી મહેનત કરો અને ભૂંગું તૈયાર કરો.'

હરિજન ખૂશ થયો. ઈશ્વરરામજી આશ્રમમાં જઈ મહારાજશ્રીએ તેને રૂપિયા એકસો રોકડા આપ્યા.

થોડા દિવસો નીકળી ગયા. મહારાજશ્રીને તો હતું કે એ હરિજન પાકું ભૂંગુ બાંધી અંદર હવે સુખેતી રહેતો હશે; પરંતુ થોડા દિવસ પછી મહારાજશ્રી પાસે ફરિયાદ આવી કે એ હરિજન અને એનું કુટુંબ તો હજુ એ ભૂંગા વિના એમજ રઝળે છે.

મહારાજશ્રીને આ જાણી નવાઈ લાગી. પોતે તો એકસો રૂપિયા આપી દીધા હતા અને છતાં આમ કેમ થયું હશે? મહારાજશ્રી ગામમાં ગયા. હરિજન તો ન હતો પરંતુ એની પત્ની અને બાળકો હતાં. મહારાજશ્રીએ પૂછયું, 'કાં, હજી ભૂંગું કેમ તૈયાર નથી કર્યું ? રૂપિયા એકસો તો મેં ક્યારના આપી દીધા છે !'

હરિજનની પત્નીએ સાચી વાત કહી દીધી. એ બોલી, 'ઘરમાં ખાવા ધાન ન હતું એટલે એ રૂપિયા સો અમે ખાઈ ગયા.'

મહારાજશ્રી કંઈ બોલ્યા નહિ. ત્યાંથી તે વખતે ચાલ્યા ગયા. બીજે દિવસે પાકા ભૂંગા માટે જોઈતો બધો માલ પોતે મંગાવ્યો ભૂંગુ બાંધવા મજૂરો રોક્યા. પોતે સવાર થતાં જ માથે ઉભા. બે દિવસ પછી ભૂંગું તૈયાર થયું. મહારાજશ્રીએ જાતે એ હરિજન કુટુંબને અંદર બેસાડ્યું અને કહ્યું:

'લો ! હવે પાકું સારૂં ભૂંગું મળ્યું ને! હવે બરાબર મહેનત કરો અને પેટ ભરજો!'

મહારાજશ્રીને તે દિવસે ખૂબ સંતોષ થયો. એક ગરીબ હરિજનને પૈસા આપ્યાનો નહિ પરંતુ પોતાની જાતને બીજા માટે થોડી ઘસાવા બદલનો. મહારાજશ્રીને આ બધા કારણોને લીધે જ એમના અનુયાયીઓ પરમાર્થી કહેતા.

એક વખત ઈશ્વરરામજી ગુરુકુળના વિદ્યાર્થીઓમાં ભારે મેલેરીયા તાવ ફાટી નીકળ્યો. ગુરુકુળમાં સાઠથી સીત્તેર વિદ્યાર્થીઓ હતાં, અને લગભગ બધા જ તાવમાં પટકાયા હતા. કોઈ કોઈની ચાકરી કરે તેવી સ્થિતિ ન રહી. પરિવાર ગૃહ, શિક્ષકો, તેમના કુટુંબીઓ બધા જ મેલેરીયા તાવમાં ઝડપાયા.

પરંતુ આવી મુશ્કેલી પરિસ્થિતિ વચ્ચે પણ મહારાજશ્રી અસ્વસ્થ બન્યા નહિ. એ દિવસોમાં રાત ને દિવસ તેઓ વિદ્યાર્થીઓ વચ્ચે ગાળવા લાગ્યા. કોઈનું માથું દાબેતો કોઈના પગદાબે કોઈને દવા પાય તો કોઈને પવન નાખે. આમ એકધારા પંદર દિવસ સુધી મહારાજશ્રીએ રાત દિવસ સતત ઉજાગરા કરીને વિદ્યાર્થીઓની અને શિક્ષકોની સેવા કરી અને પછી જ્યારે પરિસ્થિતિ હળવી બની ત્યારે પોતે દ્વારામાં જઈને રહ્યા.

તાવનું જોર પછી તો નરમ પડ્યું હતું. ગુરુકુળના આચાર્યોએ તેમની પાસે વાત મૂકી કે હવે તાવનું જોર નરમ પડ્યું છે તો આપણે બાવીસેક દિવસનું વેકેસન પાડી દઈએ જેથી સૌ વિદ્યાર્થી પોતાને ગામ જાય, હવાફેર થાય અને તે પાછા પૂર્વવત્ તંદુરસ્ત બની ગુરુકુળમાં આવે.

મહારાજશ્રી પાસે જ્યારે એ વાત આવી ત્યારે તેમણે કહ્યું, 'વેકેશન એક માસનું આપો તેમાં મને વાંધો નથી પરંતુ તે હમણાં નહિ. વિદ્યાર્થીઓ અહીં હતા તેવા તંદુરસ્ત તેમને અહીં જ બનાવો. દુધ, ઘી છૂટથી આપો અને વિદ્યાર્થીઓ પહેલાની તંદુરસ્તી મેળવે પછી વેકેશન ભલે પાડો. હમણાં જો વિદ્યાર્થીઓને આવી હાલતમાં તેમને ગામ મૂકશો તો મારી આબરૂ જશે અને ગુરુકુળ વગોવાશે. વિદ્યાર્થીઓના વાલીઓ કહેશે કે આ અમારા સંતાનો ગુરુકુળમાં આવા દૂબળા કેમ પડી ગયા?'

અને ત્યારપછી મહારાજશ્રીએ પોતે દરેક વિદ્યાર્થીની તંદુરસ્તી માટે ખાનપાનમાં અંગત રસ લીધો. સૌ વિદ્યાર્થીઓને તેઓ પૂર્વવત્ હતા એવા કર્યા અને પછી એક માસનું વેકેશન પાડ્યું. મહારાજશ્રીનું જીવન ગુરૂકુળ અને વિદ્યાર્થીઓ સાથે આમ ભારે ઓતપ્રોત હતું.

વેકેશનમાં વિદ્યાર્થીઓ તો ઘેર ગયા પરંતુ મહારાજશ્રીને ચેન પડ્યું નહિ. તેમને થયું કે આવી સ્વચ્છ હવા વચ્ચે આવું આલિસાન મકાન, સગવડો બધું છે અને આમ છતાં ગુરુકુળમાં મલેરીયાએ આટલું બધું જોર કેમ કર્યુ ?

આ વિચાર મહારાજશ્રીના મનમાં એટલો બધો તીવ્ર બન્યો કે તેમણે ગુરુકુળમાં ફરી મેલેરીયા તાવના હુમલો ન થાય તે માટે છૂટે હાથે પૈસા ખર્ચી અનેક ઉપચાર કર્યા અને ખરચ કરી મેલેરીયાનો એક ખાસ નિષ્ણાત ડૉક્ટર ગુરુકુળમાં બોલાવ્યો. મહારાજશ્રી જાતે એ ડૉક્ટર સાથે ગુરુકુળ વિસ્તારનો

ખૂણેખૂણો ફર્યા અને ડૉક્ટરને બધી પરિસ્થિતિ સમજાવી. ડૉક્ટરે મેલેરીયાને ડામવા જે જે ઉપાયો સૂચવ્યા તે તમામ ઉપાયો મહારાજશ્રીએ યોજ્યા અને તેમ ફરીને ગુરુકુળના આંગણેથી મેલેરીયાને નાબૂદ કરવા એક મહાન પ્રયાસ કર્યો.

અને મહારાજશ્રીના આ પ્રયાસોનું શુભ પરિણામ પણ આવ્યું. પછીના વર્ષોમાં જો કે મેલેરીયા આવીને દેખાવ દઈ જતો હતો, પરંતુ અસહ્ય એવો તેનો હુમલો તો ક્યારેય નહોતો થયો. મહારાજશ્રી ત્યારે કહેતા કે માનવી ધારે અને અવિરત તેની પાછળ પડે તો તે કોઈ પણ પરિસ્થિતિને કાબૂમાં લઈ શકે છે.

પરમાર્થી

(૮)


'સાધુ પુરુષનો તમારો આદર્શ શો છે ? એમ મને કોઈ પૂછે તો હું નિઃસંદેહ રીતે મહારાજશ્રી ઓધવરામજીનું નામ દ્રષ્ટાંત તરીકે આપું. અર્વાચીન સાધુનો મારો ખ્યાલ તેઓ વાસ્તવિક સ્વરૂપે પૂરો પાડે છે.' આવા શબ્દોમાં કચ્છના આગેવાન **શ્રી ગુલાબ શંકર અમૃતલાલ ધોળકીયા** એ શ્રી મહારાજશ્રીને અંજલિ આપીને જણાવ્યું હતું કે, 'હરિદ્વારથી થોડા વખતને માટે તેઓશ્રી કચ્છ આવ્યા ત્યારે ખેડૂત સંમેલનનાં સમારંભમાં મેં એમને કહ્યું હતું કે, અત્યારના સમયમાં તેમની હાજરીની કચ્છમાં પહેલાં ક્યારેય નહોતી એટલી અત્યારે જરૂર છે. કેટલીક વ્યક્તિઓ જાતે જ સંસ્થારૂપ હોય છે. મહારાજશ્રી પણ તેવી જ વ્યક્તિઓમાંના એક હતા. સંત ઓધવરામજી સામાન્ય જનસમાજ પૈકીના એક તરીકે જન્મયા અને જીવ્યા, અને એમણે તેમની આસપાસના માનવબંધુઓ, જનસાધારણને માનવતાના પાઠ શીખવી, માનવજીવનમાં અને સામાજિક જીવનમાં સર્વાંગી વિકાસ સાધી, તેને ઊંચે લાવવાની જે તળપદી કળા સાધી હતી અને તેનો ઉપયોગ ધાર્મિક, આર્થિક

અને સામાજિક ક્ષેત્રમાં જ નહિ પરંતુ રાજકીય ક્ષેત્રમાં પણ તેઓ સફળતાથી કાર્ય કરી શક્યા હતા તે એમની એક વિશિષ્ટ લાક્ષણિકતા હતી. તેમના પ્રાચીન ઈશ્વરરામજી ગુરુદ્વારાને અર્વાચીન સ્વરૂપ આપવામાં તેમની કર્તવ્યનિષ્ઠા અને જાહેર નૈતિક હિંમતની સુંદર પ્રતિતી આપી.

શ્રી ગુલાબભાઈ તેમની સાધુતાનું એક સરસ દ્રષ્ટાંત આપે છે. તેઓ લખે છે કે, 'ભચાઉ ખાતેના કચ્છી પ્રજાકીય પરિષદના અદિવેશનમાં હાજરી આપવા આગેવાન વ્યક્તિઓને આમંત્રણ આપવામાં આવેલાં. અધિવેશનની તારીખની આગલી સાંજે પ્રતિનિધિઓ અને મહેમાનો માટેના કેમ્પની છેલ્લી સજાવટ થઈ રહી હતી ત્યાં ભચાઉ સ્ટેશને એક સાધુમંડળી ઉતરી અને હું સામે નજર કરૂ તો ભજનોની ધૂન સહિત કેમ્પ તરફ એ મંડળી આવી રહી હતી. મંડળી નજીક આવતાં એ બધાં કોણ છે તે જોવા હું સામે ગયો પરંતુ ત્યા તો મંડળના મહંતશ્રીનાં મને દર્શન થયાં. મેં ત્યાં સાધુ ઓધવરામજીનાં દર્શન કર્યા અને હું નમસ્કાર કરૂં તે પહેલાંજ કહે, 'બોલો, ગુલાબભાઈ ! આ સાધુઓની જમાતને ક્યાં ઉતારો આપો છો ?' અને પછી એક સાદો પણ અલગ ખૂણો પસંદ કરી કહે, 'અમને બીજી સગવડ શું જોઈએ ? જમીન અને ઉપર ઢાંકણ જોઈએ.'

રાજકારણમાં સાધુઓએ ભાગ લેવો જોઈએ કે કેમ એ પ્રશ્ને તેમને કદીય મુંઝવ્યો નથી. તેમને રાજકારણમાં પણ માનવહિત દેખાઈ રહ્યું હતું અને રાજકારણની કલુષિતતાઓથી પર રહીને, તેઓ રાજકારણમાં સક્રિય સાથ આપી શકેલા, એટલુંજ નહિ પણ, સાધુવેશની લોકમાનસ પરની પ્રબળ અસરથી જનતાને સાત્વિક રીતે સુયોગ્ય માર્ગદર્શન પણ આપી શક્યા. આશ્રમો અને સંસ્થાઓનું સર્જન તેમને સહજ હતું. છેલ્લે છેલ્લે હરિદ્વારમાં તેમણે સ્થાપેલા આશ્રમનો લાભ જેમણે લીધો હશે તેમને ધર્મ અને વ્યવહારના સમન્વય સાધક પ્રયાસોમાં આ સાધુએ પોતાનું તમામ જીવન કેમ ઓતપ્રોત કર્યું હતું તેનો ખ્યાલ





આવી શકશે.

મહારાજશ્રી સાથેનો છેલ્લામાં છેલ્લો પ્રસંગ શ્રી ગુલાબશંકર ધોળકીયા આ પ્રમાણે આલેખે છેઃ 'છેલ્લે મારાં પત્નીની બિમારી અંગે હું મુંબઈથી ભુજ તરફ આવતો હતો. નવલખી સ્ટેશને ઉતરતાં તબિયતે નંખાઈ ગયેલા, આંખે અપંગ લાગતા એક સફેદ વસ્ત્રધારી સાધુ ડબ્બામાંથી નીચે ઉતરતા મેં જોયા. ઠીક ઠીક લાંબો પ્રસંગ છતાં શંકા થઈ. પછી તો મહારાજશ્રી ઓધવરામજીને ઓળખ્યા અને તેમની અંગત સેવાનો થોડો મને પણ લાભ મળ્યો. નવલખીકંડલાની લૉંચમાં ઘણી ઘણી વાતો કરવાનો પણ મેં લાભ લીધો. આ વાતોમાં તેમણે એક આગાહી કરી કે, 'આ કાળ દેશને માટે ભારી જાય છે. આવી સ્થિતિ લંબાશે પણ અંતે તો સત્‌નો જય છેજ. આપણા ભારતને સારા દિવસો આવશે.' તેમની સાથેનો આ પ્રસંગ છેલ્લો હતો અને છેલ્લોજ રહ્યો.'

શ્રી ગુલાબભાઈ એમને અંજલિ આપતાં લખે છે કે, 'મહારાજશ્રી ઓધવરામજીના પ્રસંગમાં જેમને આવવાનો લાભ મળ્યો હશે તેઓ તેમની સાધુતા, માનવસેવાની ભાવના અને વ્યવહારદક્ષતાથી પ્રભાવિત થયા વગર રહ્યા નહિજ હોય! મને પણ તેમના સુભગ સંપર્કનો જાહેરસેવાના કાર્યોના અનેક પ્રસંગોએ જે મહામૂલો લાભ મળ્યો છે તે માટે હું મને ધન્ય માનું છું.'

શ્રી છોટાલાલ જોષી મહારાજશ્રી સાથેના બે પાલક પ્રસંગોનો તાદ્રશ ચિતાર રજૂ કરે છે. આ પ્રસંગો એ કહી જાય છે કે મહારાજશ્રીનું મનોબળ કેટલં દ્રઢ હતું. શ્રી છોટાલાલ જોષીએ આલેખેલા પ્રસંગોમાંનો એક પ્રસંગ આ રહ્યો. તેઓ જણાવે છે કે, સારસ્વત જ્ઞાતિ સામાન્ય રીતે આર્થિક દ્રષ્ટિએ બહુ પછાત હોવાથી શિક્ષણ, વેપાર, ઉદ્યોગ વગેરે બાબતોમાં તો તેનું સ્થાન ઓછું હોય તેમાં વિવાદ નથીજ. આ સ્થિતિ તેના કાર્યકરો બરાબર જાણતા હોઈ જ્ઞાતિને શિણક્ષ, વેપાર, ઔદ્યોગિક દ્રષ્ટિએ પ્રગતિકારક કરવા વર્ષોથી પ્રયત્નો

કરતા હતા. પણ દરેક કાર્ય માટે ફંડ પહેલાં જોઈએ એટલે કામ ઠેલાતું આવતું હતું. પ્રભુકૃપાએ ફંડની શરૂઆત થઈ. યોગ્ય જમીન મળી. મકાન બાંધકામના ખર્ચનો અડસટ્ટો લગભગ રૂા. ૫૦,૦૦૦/-નો હતો પણ વધુ સારૂં કરવા જતાં લગભગ રૂા. ૭૦,૦૦૦/- પહેલાજ વખતે થયા અને પછી મુંઝવણ શરૂ થઈ. જ્યાંથી મળી શકે ત્યાં બધે ફરી વળ્યા પણ તકલીફ તો એવીજ રહી. પણ ત્યાં સાંભળ્યું કે, મહારાજશ્રી મુંબઈ આવે છે. આ સમાચાર જાણી થોડી હિંમત આવી અને મહારાજશ્રીને મળી કોઈ રસ્તો કાઢવા વિચાર્યું. મહારાજશ્રી મુંબઈ આવ્યા એટલે તેમને મળ્યા. બધી વાત કરી અને પછી વિનંતી કરી કે, અમે સારૂં કરવાં જતાં આમ મુશ્કેલીમાં મૂકાઈ ગયા છીએ માટે કંઈ માર્ગ કાઢી આપો તો સારૂં.

આમ મહારાજશ્રી પાસે વાત મૂકી. મહારાજશ્રીએ મનમાં કંઈ ગણતરી કરી લીધી અને પછી કહ્યું, 'હું વિચારી જરૂર માર્ગ કાઢી આપીશ.' પછી વળતે દિવસે મહારાજશ્રી મારી સાથે ચાલ્યા. મેં તેમને અમારી સરસ્વતી વાડી દેખાડી, બધી વિગતો સમજાવી. વાત બરાબર સમજાય તે માટે તેમણે જરૂરી પ્રશ્નો મને કર્યા. બધું સમજી લીધા પછી પ્રસન્નતા અનુભવતાં તેમણે મને કહ્યું, 'છોટાલાલભાઈ ! તમે મારા કહેવાથી ઘણા વર્ષો સુધી ઋણ અદા કરવાનો મને સમય આવ્યો છે. મને અહીં મારા ભક્તોએ રૂા. ૫૦૦/- હરિદ્વારામાં ગંગા કંઠે ખરચવા આપ્યા છે. પરતુ આજે જ્યારે હું આવું સારૂં કાર્ય થએલું જોઉં છું કે મારી ગંગા હરિદ્વારમાં નહિ પણ અહીં જ છે. હું આ રૂા. ૫૦૦/- તમને આપું છું અને બાકીની રકમ તમે આજે જ ભેળી કરી આપીશ.

મહારાજશ્રીના આત્મબળનું દર્શન આનાથી વિશેષ શું હોઈ શકે? એમણે કહ્યું, 'આજે જ સાંજે સભા ભરો.' અને તે સાંજે સભા મળી. એ મહાપુરુષે સભામાં પોતાની વેધક વાણી શરૂ કરી. સંપૂર્ણ શાંતિથી એમના શબ્દો ઝરતા જાય અને સભાજનોના મસ્તક ડોલતાં જાય. સેંકડો માનવીઓમાં અદ્‌ભુત

એવી તન્મયતા એમણે પોતાના શબ્દોથી ઊભી કરી. મહારાજશ્રીએ અંતમાં કહ્યું, 'મને વિશ્વાસ છે કે ખૂટતી રકમ ભેળી કરીને જ આપણે અહીંથી ઉઠીશું. અને પછી મહારાજશ્રીએ એક કેળવણીની સંસ્થા ખાતર ત્યાં એકઠા થયેલા સ્ત્રી, પુરુષો, બાળકો-બધા સમક્ષ પોતાનો હાથ લંબાવ્યો.'

અને ત્યાં નાણાનો વરસાદ થયો. બે જણ નામો લખવા બેઠા. લખનાર થાક્યા પરંતુ રકમ જાહેર કરનારા એક પછી એક ઉભા થતા જ ગયા. માત્ર એક કલાકમાં જ ત્યાં ઘટતી રકમ રૂા. ૧૮,૦૦૦/-ની એકઠી થી ગઈ. મહારાજશ્રીનો લોકો પર કેવો અદ્ભુત પ્રભાવ છે તેની આથી સૌને પ્રતીતિ થઈ, અને સ્વાર્થરહીત, સેવાપરાયણ અને સાદાઈભર્યું જીવન જ લોકો પર આવો પ્રભાવ પાડી શકે ને !

મહારાજશ્રીએ ગુરુકુળ સંગીન પાયાપર મૂક્યા પછી બીજા ભાઈઓને વ્યવસ્થા ચલાવવા સોંપ્યું. એક વ્યવસ્થા સમિતિ નીમાઈ અને સંચાલન થવા માંડ્યું. પરંતુ ગુરુકુળ એ તો મહારાજશ્રીનું પોતાનું એક અનોખું સર્જન હતું. તળપદી પ્રણાલિકાઓ દ્વારા. અનોખી રીતે મહારાજશ્રીએ એ સર્જન કર્યું હતું એટલે થતી વ્યવસ્થાથી મહારાજશ્રીને જોઈએ એવો સંતોષ થતો ન હતો. ગુરુકુળ ચલાવનારા કાર્યકર્તાઓ તો સારી મહેનત લઈ સંસ્થા ચલાવતા હતા પરંતુ મહારાજશ્રીની કલ્પનાની એ વ્યવસ્થા ન હતી અને તેથી એ મુંઝવણ અનુભવતા હતા. તેમના માટે ધીમે ધીમે પરિસ્થિતિ એવી ઉભી થઈ કે કંઈ કહેવાય નહિ અને કંઈ સહેવાય નહિ. શ્રી છોટાલાલ જોસી લખે છે કે, 'આ પરિસ્થિતિથી અકળાઈ મહારાજશ્રીએ પછી મને એ દર્દભર્યો કાગળ લખ્યો અને કચ્છ બોલાવ્યો. મહારાજશ્રીની ઈચ્છા તો સર્વ કોઈને માટે શિરોમાન્ય હોયજ. હું કચ્છ પહોંચ્યો. મારી સાથે ખૂબ ચર્ચા કરી અને લાંબી ચર્ચા પછી આનાશક્તિ યોગને ગ્રહણ કરતાં એ સંત પુરુષે કહ્યું, 'છોકરીને સાસરે મોકલ્યા પછી તેમાં માથું મારવું, ત્યાં વધુ જવું-આવવું, નજીક રહેવું એજ ઘર્ષણનાં કારણો છે. હું

હવે ગુરુકુળની બાજુની ટેકરી પર ઝુંપડી બાંધીને રહીશ અને જરૂર હશે ત્યારેજ આવીશ.' આમ કહી એમણે મનને મજબૂત કરી લીધું અને પછી સંસ્થાના ભલા માટે ઝુંપડીમાં બેસી પ્રભુ પ્રાર્થના કરવામાંજ સમય ગાળતા, શાંતિ અનુભવતા અને પ્રસન્ન રહેતા.'

આ ગુરૂકુળ જ્યારે સરકારને સોંપાયું ત્યારે મહારાજશ્રી બહુ પ્રસન્ન થયા હતા. પ્રસન્નતાના એમના ઉદ્‌ગારો હતા કે, 'તારા હાથમાં મારૂં બાળક સોંપાયું. હવે એ હંમેશને માટે ખીલશે, પ્રસન્ન રહેશે અને આનંદ અનુભવશે.'

મહારાજશ્રી ટેકરી પરની પર્ણકુટિના આગળના ચોગાનમાં ઉભા હતા. ગુરુકુળ સરકારને સોંપ્યાનો મહારાજશ્રીને આનંદ હતો. તેઓ ટેકરી પરથી દૂર દૂર ઉભેલાં આલિશાન મકાનો પર નજર નાખતા હતા તો વળી સામે દેખાતી લીલીછમ વાડીમાં પણ નજર ઠેરવતા હતા. ક્યારેક આશ્રમના મંદિરો પર ફરફરતી ધ્વજા જોતા હતા તો વળી ઈશ્વરસાગરમાં હિલોળા લેતા નીરને જોવામાં તેઓ લીન થતા હતા.

મહારાજશ્રી નજર સામે જે સમૃદ્ધ ચિત્ર જોતા હતા એ એમનું જ સર્જન હતું. આજે તો એ સર્જન ફાલ્યું-ફૂલ્યું હતું પરંતુ એ સર્જન કરવા પાછળ જે ભૂતકાળ પડ્યો હતો અને એ ભૂતકાળના પ્રસંગોને મહારાજશ્રી યાદ કરવા લાગ્યા ત્યારે એની પાછળ વર્ષોની સાધના અને મહેનત હતી. આ સાધના અને મહેનત એમની આંખ આગળ તરવરવાં લાગ્યાં.

મહારાજશ્રી સામે આવીને એક ચિત્ર ઉભું. વર્ષો પહેલાંની એ વાત. ગુરૂકુળનું મકાન બંધાતુ હતું. નીચે પત્થરમાં પાયો નંખાતો હતો. ભારે અઘરૂં કામ મહારાજશ્રી જાતે તડકામાં કલાકો સુધી ત્યાં ઉભા રહેતા અને સુરંગથી પત્થરને ઉડાડી દેવા માટે મજૂરો જે મહેનત કરતા તેને પ્રોત્સાહન આપતા.

ઘણા આવીને મહારાજશ્રીને કહેતા કે મહારાજશ્રી આ કામ ઘણું અઘરૂં છે, એ નહિ થાય. ગુરૂકુળના મકાનનો પાયો બીજે કોઈ સ્થળે નાખો. પરંતુ મહારાજશ્રીએ તેટલી જ મક્કમતાથી કહ્યું કે, ગુરૂકુળના મકાનનો પાયો આ ટેકરી પર જ પડશે. મારે આ ઉંચી જગા પરજ એ મકાન બંધાવવું છે.

મહારાજશ્રીના સાન્નિધ્યમાં ત્યારે રહેલા તેમના અનુયાયીઓએ કહ્યું હતું કે ત્યારપછી મહારાજશ્રીએ પોતાનો નિવાસ જ લગભગ ત્યાં કર્યો. સુરંગો દ્વારા પત્થરો ઉડાડી પાયો નાખવાનું કામ સારૂં એવું કપરૂં હતું, પરંતુ તેઓ હિમ્મત હાર્યા નહિ. ક્યારેક ક્યારેક તો ખુદ મકાન બાંધનાર અને મજૂરોની હિમ્મત પણ ડગી જતી પણ મહારાજશ્રી તેની સામે એવા ને એવા અડગ અને અણનમ ઉભા રહેતા અને તેમનામાં ફરી વિશ્વાસ અને શ્રદ્ધા ઉત્પન્ન કરતા. મહારાજશ્રી કહેતા નાહિંમત ન થાઓ, હિંમત હશે તો ભગવાન પણ મદદ કરશે. આપણે તો મરીને પણ આ કામ પુરૂં કરવું છે.

આખરે અથાગ મહેનત પછી ગુરૂકુળનો પાયો નંખાયો. સૌ ખુશ થયા અને મહારાજશ્રીના નિશ્ચયબળની તારીફ કરવા લાગ્યા.

મહારાજશ્રીએ જ્યારે જોયું કે પોતે ઉછરેલું બાળક સુરક્ષિત હાથમાં મૂકાયું છે ત્યાર પછી તેમણે ગુરૂકુળ છોડી હરિદ્વાર જઈ શેષ જીવન ગાળવાનો નિર્ણય કર્યો. હરિદ્વાર જવા માટે નીકળવાનો વખત આવ્યો ત્યારે મહારાજશ્રીના દિલમાં ભારે મથામણ જાગી. એ મથામણ એ ગુરૂકુળ સાથેના વર્ષોના પ્રેમ-બંધનનું કારણ હતું.

મહારાજશ્રી હરિદ્વાર જવાની તારીખ નક્કી કરતા જતા હતા અને વળી પાછી એ તારીખ ઠેલતા જતા હતા. એક રાત્રે અર્ધી રાત્રે મહારાજશ્રી ઉઠીને બહાર ટેકરી પર મેદાનમાં આવ્યા. તેમને ઊંઘ આવતી ન હતી. ગુરૂકુળ

છોડી શેષ જીવન હરિદ્વારની તળેટીમાં ગાળી આત્મ-દર્શન કરવું એવો એક વિચાર વધુને વધુ દ્રઢ બનતો જતો હતો; જ્યારે બીજી બાજુ ગુરૂકુળ પ્રત્યેના પ્રેમનું બંધન એમને અહીં જકડી રાખતું હતું. આમ ખેંચતાણમાં તેઓ ભારે મુંઝવણ અનુભવી રહ્યા હતા. બહાર ઉભા ઉભા તેઓ વિચાર કરતા હતા કે સ્થિતપ્રજ્ઞ અવસ્થાનું મહાત્મ્ય તો હું રોજ વાંચુ છું, અનાશક્તિ યોગ વિષે તો મેં પોતે વ્યાખ્યાનો આપ્યાં છે તો પછી આ બધું મારે માટે શું થઈ રહ્યું છે ?

વિચાર કરતાં કરતાં વળી એમને એવા વિચારો પણ આવવા લાગ્યાં કે વાત્સલ્ય પ્રેમ એ પાપ તો નથી પણ અવગુણ પણ નથી. મને અહીં જે વસ્તુ જકડી રાખે છે તે આવો પ્રેમજ છે. તો સાચું શું ?

મહારાજશ્રીએ તે રાત્રે ખૂબ ખૂબ વિચાર કર્યો અને છેવટે તેમણે મનને કહ્યું: 'હવે થોડું સમજાય છે કે હું અહીં શા માટે જકડાઈ રહ્યો છું.' વાત્સલ્યપ્રેમની વાત તો સાચી પણ એ પછી એ એક ચીજ છે જે મને અહીં જકડી રાખે છે અને તે ચીજ એ છે કે આ બધું સર્જન મારૂં છે એવું મને સતત્ ભાન રહ્યા કરે છે. પણ હું એ કેમ ભૂલું છું કે હું તો માત્ર નિમિત્ત છું, કરનારો તો મારો રામ છે; અને એણે જ આ બધું કર્યુ છે તો એની ચિંતા પણ હવે એ રાખશે. હું હા માટે રાખું?

ઉપરોક્ત વિચારોથી મહારાજશ્રીને થોડી શાંતિ મળી અને બીજે દિવસે જ તેમણે હરિદ્વાર જવા માટેની તારીખ જાહેર કરી.

પણ માનવી વાત્સલ્ય પ્રેમને કયારેય ઉવેખી શકયો નથી. મહારાજશ્રી જવા તૈયાર થયા. તેમણે હાથમાં એમનો દંડ લીધો અને ધીમે ધીમે પગલે ટેકરી ઉતરી, શાંત ડગ ભરતા ગુરૂકુળના ચોગાનમાં આવ્યા.

મહારાજશ્રી ચોગાનમાં આવી ઉભા. એક પછી એક અનુયાયીઓ

અને શિષ્યવર્ગ આવી તેમના પગમાં પડવા લાગ્યા. ફરી વાત્સલ્યપ્રેમી હૃદય હલી ઉઠ્યું અને મહારાજશ્રીની આંખોમાંથી ચોધાર આંસું વહેવાં લાગ્યાં.

મહારાજશ્રીએ ફરી થોડા ડગ આગળ માંડ્યા અને ત્યાં કંઈ સાંભળ્યું હોય તેમ પાછા ફરી ગૌશાળામાં પહોંચ્યા. ગૌશાળામાં એકએક ગૌમાતાની પીઠ પર તેમણે હાથ ફેરવ્યો અને વાત્સલ્ય ભરી દ્રષ્ટિ ગાયો પર નાખી. કેટલીક ગાયોને તો તેમણે આપેલા નામો પ્રમાણે તેમણે બોલાવવા માંડી અને ફરી પાછી આંખોમાં આંસુ સાથે તેમણે ત્યાંથી વિદાય લીધી.

આમ મમતાનું બંધન મહારાજશ્રીએ આખરે તોડી નાખ્યું અને હરિદ્વાર જઈ વસ્યા; પરંતુ કોણ જાણે કેમ, અગમચેતીના એંધાણ એમણે પારખ્યાં હશે કે પોતાનો સમાપ્ત થતો જીવનકાળ એ જોઈ શકતા હશે-એ ગમે તે હો, પરંતુ જીવનના અંતિમ કાળે એ ગુરૂકુળમાં પાછા ખેંચાઈ આવ્યા અથવા તો સમજી વિચારીને પોતે આવ્યા; પરંતુ એમણે છેલ્લા શ્વાસો તો ગુરૂકુળની ધરતી પર આવીને લીધા અને એજ ગુરૂકુળની ધરતીમાતાનાં ગોદમાં સમાઈ ગયા.

સંકલ્પ મૂર્તિ

(૯)

મહારાજશ્રી સાથેના સંભારણાને **સ્વામી માધવતીર્થ** પ્રેમભાવે યાદ કરે છે. તેઓ તેમના સ્મરણો આલેખતાં લખે છે કે: મહારાજશ્રી ઓધવરામજીનો પહેલો પરિચય મુંબઈમાં વીશનજીભાઈ કાનજીભાઈ શ્રોફને ત્યાં થયો હતો. અમારા બન્નેના જીવનમાં કેટલીક સામ્યતા પણ હતી. મહરાજશ્રીએ ત્યારે કહેલું કે, જ્ઞાનનો પ્રચાર કરવા માટે અને આશ્રમમાં આવી સંસારી માણસો દિવ્ય વાતાવરણનો લાભ લઈ શકે તે માટે પૈસાની જરૂર પડે છે. અને તે માટે કેટલાક મહાત્માઓને મુંબઈ આવવું પડે છે. અમને પણ તે વાત સાચી લાગે છે. કારણ કે ધર્મનો પ્રચાર કરવો હોય તો પુસ્તકો લખવા પડે, આશ્રમ રાખવો પડે અને પત્રવ્યવહાર પણ રાખવો પડે અને તે માટે પૈસા જોઈએ. જો માત્ર અવધૂત કોટિમાં રહેવું હોય અને જ્ઞાનનો પ્રચાર કરવો ન હોય તો પૈસાની જરૂર નથી. પણ હાલના સમાજવાળા અને રાજ્યના પ્રધાનો એવા સાધુઓને પસંદ કરતા નથી. પંડિત જવાહરલાલ નેહરૂ તો એમ પણ કહે છે કે, જે સાધુઓ લોકો પાસેથી અન્ન અને વસ્ત્રો વગેરે લઈને પ્રજાને ધર્મ તરફ વાળતા નથી તે પાપ કરે છે.

આ પછી સ્વામી માધવતીર્થ લખે છે કે, મહારાજશ્રી ઓધવરામજીએ અમને કહ્યું કે કંઈક ઉપદેશ સંભળાવો અમે કહ્યું કે કોઈને કાંઈ પ્રશ્ન હોય તો તે ઉપર કાંઈક વ્યાખ્યાન આપી શકાય. એટલે મહારાજશ્રી ઓધવરામજીએ અમને એવો પ્રશ્ન પૂછ્યો કે, ''બ્રહ્મજ્ઞાન થયા પછી જ્ઞાની પુરુષ એ દશા ટકાવી કેમ શકતા નથી?''

અમે નીચે પ્રમાણે ખુલાસો તે વખતે કર્યો હતો. આ બાબત પર વધારે વિચાર કરીને સમજાવીએ તો તેનો નીચે પ્રમાણે ત્રણ રીતે ખુલાસો થઈ શકે છે:

૧. કર્મની દ્રષ્ટિથી
૨. ભક્તિની દ્રષ્ટિથી
૩. જ્ઞાનની દ્રષ્ટિથી

કર્મની દ્રષ્ટિથી જોતાં એમ જણાય છે કે, માણસ તેના ભૂતકાળના સંસ્કાર તરત ભૂલી શક્તો નથી અને તેથી જ્ઞાનમાં સ્થિતિ થતી નથી. ગીતામાં પણ કહેલ છ. કે, 'જ્યારે માણસ બધી ઈચ્છાઓ છોડી આત્માથી આત્મામાં રહે છે ત્યારે તે સ્થિતપ્રજ્ઞ થાય છે.' એ કામ અઘરૂં છે. ભરત રાજા રાજ્ય છોડી જંગલમાં ગયા તોયે એક હરણના બચ્ચાનું પાલન કરવામાં તેને એવી આસક્તિ થઈ હતી કે, તેને હરણનો જન્મ આપ્યો હતો. ને પછી ત્રીજા જન્મમાં જડભરત રૂપે તે બ્રહ્મનિષ્ઠ થયા હતા. તેથી ગીતામાં કર્મના ત્રણ પ્રકાર સમજાવેલ છે. તેને સાત્વિક કર્મ, રાજસ કર્મ અને તામસ કર્મ કહે છે. ઘણા માણસો સારા કર્મ કરવાની ઈચ્છા રાખે છે અને કરે છે પણ કર્મનો કર્તા કોણ તે સમજવાનો પ્રયત્ન કરતા નથી.

જૂના સંસ્કારોનું જોર પણ તરત જતું નથી. હિંદ સરકારે હાલમાં નવું ચલણ દાખલ કરેલ છે પણ માણસોને જૂના ચલણની એવી ટેવ પડી

ગયેલ છે કે, સરકારે શરૂ કરેલ નવું કેલેન્ડર ઘણા પાળતા નથી. અંગ્રેજી ભાષા પણ તરત છોડી શકાતી નથી. તેવીજ રીતે અદ્વૈત બ્રહ્મની વાર્તા સાંભળ્યા પછી બ્રહ્મની વાર્તા સાચી લાગે છે. પણ જૂની ટેવને લઈને નવું ચલણ ચાલુ કરી શકાતું નથી. છતાં કેટલાક મહાત્માઓ બ્રહ્મદશાનો પરિચય વ્યવહારમાં પણ આપી શકે છે.

હવે ભક્તિમાર્ગની દ્રષ્ટિથી જોઈએ તો બધા પ્રાણીમાત્ર ભગવાનના સ્વરૂપ છે. છતાં બધા સાથે તેવી રીતે વર્તન કરવામાં બહુ મુશ્કેલી શરૂઆતમાં આવે છે. બધા ભગવાનનું રૂપ હોવાથી બધાને નમસ્કાર કરવા જોઈએ અને ફૂલ ચડાવી પૂજા પણ કરવી જોઈએ. પોતાનું ધન પણ ભગવાનનું છે એમ માનીને વાપરવું જોઈએ. નીતિમાં રહવું હોય તો પરસ્ત્રીને મા કે બેન માનવી જોઈએ; પણ ભક્તિ કરવી હોય તો પોતાની સ્ત્રીને પણ મા માનવી જોઈએ. તે સિવાય ભગવદ્નિષ્ઠા થશે નહિ. શ્રી રામકૃષ્ણ પરમહંસ પોતાની સ્ત્રીને મા માની હતી અને શ્રી આનંદમયી માએ તેના પતિને પિતાજી માન્યા હતા. આ ભક્તિમાર્ગના ઉત્તમ નમુના છે.

ઉત્તમ ભક્ત બધામાં આત્માને અથવા ભગવાનને જુએ છે, ને ભગવાનની નિત્ય લીલામાં બધાને નિત્ય રહેલા જુએ છે, અને જેઓ અજ્ઞાનમાં પડ્યા હોય તેમને ભગવાને વિરહ દશા આપેલ છે એમ માને છે. તે દશામાંથી નીકળવાનો તરફડાટ પણ ભગવાનની લીલામાં ઉપયોગી છે. જેમ પિતા પુત્ર રૂપે થાય છે તેમ ભગવાન અનેક રૂપ થયા છે. એવા અખંડ સ્વરૂપનું જ્યારે ભાન થાય છે ત્યારે કોઈ પ્રકારનો ભય રહેતો નથી.

જ્ઞાનદ્રષ્ટિથી બ્રહ્મનિષ્ઠાનો વિચાર કરીએ તો બીજા માણસના જીવનનો વિચાર કરવો તે ખોટું છે. સ્વપ્નમાં જેમ બીજા માણસના જીવનનો વિચાર કરવો તે નકામું છે તેમ જાગ્રત દશામાં પણ એવું છે. જ્ઞાની પોતાની આખી અવસ્થાનો વિચાર કરે છે અને તેમાં બીજાની અવસ્થા પણ સમાઈ જાય

છે. વાસ્તવમાં દરેક માણસ માત્ર પોતાની અવસ્થાજ જુએ છે. જ્ઞાન થાય ત્યારે જાગ્રતની માયા દૂર થાય છે. જાગ્રત તુચ્છ થાય છે, તેથી અદ્વૈત રહે છે. બીજા માણસો કેવા છે તેનો વિચાર જ્ઞાનીને માટે રહેતો નથી. જો માણસ બીજાની પંચાતમાં પડે નહિ તો તેને જરૂર ભગવાનના દર્શન થાય અથવા બ્રહ્મ નિષ્ઠા થાય.

હિંદમાં જે વખતે સાહિત્ય અને શિક્ષણ ઓછું હતુ ત્યારે નીતિ વધારે હતી અને હાલના કાળમાં સાહિત્ય અને શિક્ષણ વધ્યું છે છતાં નીતિ ઓછી થએલ છે તેનું કારણ એ છે કે પહેલાં લોકો પાસે આખા જીવનની યોજના હતી. હાલમાં બહારની કેટલીક સગવડો વધી છે પણ તે સાથે અંતઃકરણમાં ચિંતાઓ પણ વધતી જાય છે.

ધર્મ દ્વારા ભગવાનની સાથે માણસનો સંબંધ થાય ત્યારે અપૂર્ણ જીવને પૂર્ણ પરમાત્માની સાથે સંબંધ થાય છે અને તે વખતે અહંકારનો નાશ થાય છે. સમાજમાં સામાન્ય રીતે એક અપૂર્ણ માણસનો સંબંધ બીજા અપૂર્ણ માણસ સાથે થાય છે.

માણસના જીવનમાં સંબંધ અથવા સંગ ઉપર ઘણો આધાર છે. તેનાથી દર્શન ફરે છે અને જ્યારે દર્શન ફરે છે ત્યારે દ્રશ્ય પણ ફરે છ. . સામાન્ય દર્શનમાં જ્ઞેય પ્રમાણે જ્ઞાન રહે છે. બ્રહ્મદર્શનમાં જ્ઞાન પ્રમાણે જ્ઞેય રહે છે. જેવું સ્વપ્નમાં બને છે તેવું જાગ્રતમાં પણ બને છે.

જ્ઞાનમાર્ગમાં પણ તરત બ્રહ્મ સ્થિતિ આવતી નથી. તેથી યોગ વાસિષ્ઠમાં જ્ઞાનની સાત ભૂમિકા આપેલી છે. તેને શુભેચ્છા, વિચારણા, તનુમાનસા, સત્વાપતિ, અસંસક્તિ, પદાર્થાભાવિની અને તુરીયા કહે છે. જ્ઞાન ચોથી ભૂમિકાએ થાય છે પણ જ્ઞાનની સ્થિતિ માટે અને આનંદની તારતમ્યતા માટે છેલ્લી ત્રણ ભૂમિકા કલ્પેલી છે.

ટૂંકમાં, કોઈ પણ રીતે નવું ચલણ સ્વીકારવું પડશે. જૂના ચલણ માટે સરકારે બે ત્રણ વર્ષની છૂટ આપી છે, છતાં નવી ટેવ જેમ જલ્દી પાડીએ તેમ લાભ છે. તેવીજ રીતે બ્રહ્મ ભાવે રહેવાની ટેવ પાડવી જોઈએ. હું માણસ છું એ ખોટું ચલણ છે અને જુનું ચલણ છે. તે ઊંઘમાં, અને મનોરથમાં ફરી જાય છે તે લાંબો વખત ચાલશે નહિ, તેથી સત્સંગ કરીને નવું ચલણ ચાલુ કરવું જોઈએ.''

શ્રી વિશનજી કાનજી શ્રોફને મહારાજશ્રીમાં આ યુગના યુગપ્રવાહો ઝીલતા સંતના દર્શન થયા હતાં. શ્રી.શ્રોફ એક પ્રસંગ વર્ણવતાં લખે છે કે, 'મહારાજશ્રી એક વખત મુંબઈ આવ્યા. હું એમને મળવા ગયો. રસ્તામાં મને વિચાર તો આવતા હતા કે ધર્મની વાતો કહેનારા એ કોઈ સાધુ પુરૂષ હશે. હું ત્યાં પહોંચ્યો ત્યારે મહારાજશ્રી ભજન ગાતા હતા. ભજનમાં એવા તો તલ્લીન હતા કે આજુબાજુ શું ચાલી રહ્યું છે એનો એમને ખ્યાલ પણ ન હતો.

ભજન પુરૂં થયા પછી એમણે માનવધર્મ પર પોતાના વિચારો દર્શાવ્યા. એમણે કહ્યું કે, 'આત્મવત્ સર્વ ભૂતેષુ' એજ સિધ્ધાંતને લક્ષમાં રાખીને માનવીએ માવજાત માટે પોતાની સેવા આપવી જોઈએ. પણ પછી એમણે કહ્યું, 'ભુખ્યાને અન્ન, માંદાની માવજત, બાળકોને વિદ્યાદાન એ રીતે સમાજને, દુઃખીઆઓને ઉપયોગી થવું એ એક મોટો માનવધર્મ છે, એક મહંત પાસેથી આવી વાણી સાંભળી મને બહુ નવાઈ લાગી. મહંત પાસે તો ધાર્મિક માન્યતાઓ, ધર્મગ્રંથના પાઠો, ચર્ચા, પૂજાવિધિ, જપ-મંત્રવગેરેના ઉપદેશની આશા રખાય, પરંતુ તેને બદલે અહીં તો જનતા જનાર્દનની સેવા કરવાના નગદધર્મનો ઉપદેશ મળ્યો. આથી હું એમના પ્રત્યે ખૂબ આકર્ષાયો. તેમાં પણ વળી મેં એમને ખાદીના પહેરવેશમાં જોયા. આમ બધાં કારણોને લઈને મને એમના પ્રત્યે ખૂબ આકર્ષણ જાગ્યું અને મેં એમને મારા પૂજ્ય ગણ્યા.

શ્રી શ્રોફ જણાવે છે કે, પછી તો એમની સાથે મારો પરિચય ખૂબ વધ્યો અને એ સંબંધ એક પિતા પુત્ર જેવો બન્યો. મારા સામાજિક અને વ્યવહારિક જીવનમાં એમણે મને ખૂબજ માર્ગદર્શન આપ્યું હતું અને મારી ઘણી મુંઝવણો ટાળી હતી. એમના નિકટ સહવાસમાં આવ્યા પછી અધ્યયન તરફ એમણે મને સારી રીતે રસ લેતો કર્યો હતો.

શ્રી. શ્રોફ વધુમાં લખે છે : મહારાજશ્રી ઓધવરામજી વાંઢાય ઈશ્વર આશ્રમના મહંત હતા છતાં મહંત તરીકેની મહત્તા તેમણે ક્યારેય દર્શાવી નથી. આશ્રમમાં ઉજવાતા ઘણા સમારંભોમાં એક સામાન્ય સેવક તરીકે સેવા આપતા તેવીજ રીતે ઈશ્વરરામ ગુરૂકુળના એઓશ્રી આદ્ય સ્થાપક તથા મુખ્યાધિષ્ઠાતા હોવા છતાં ગુરૂકુળનાં દરેકે દરેક કાર્યમાં નાનામાં નાનું કાર્ય કરવામાં પણ એમણે ક્ષોભ અનુભવ્યો નથી. એમણે સ્થાપેલી તેમજ એમની સંચાલિત સર્વ સંસ્થાઓમાં એઓશ્રીએ તન, મન, અને ધનથી સહર્ષ અજોડ સેવા આપી છે. સાધુ તરીકે એમને સર્વ વર્ગ પ્રત્યે સમાન દ્રષ્ટિ હતી છતાં પણ કચ્છી જનતા પ્રત્યે એમને વિશેષ પ્રેમ હતો, કારણ કે કચ્છની જનતાનો મોટો ભાગ ગરીબ અને અલ્પ શિક્ષણવાળો હોવાથી પ્રજાનાં શિક્ષણ અને સંસ્કારનો વિકાસ કેમ થાય એ સદાય એમનું દ્રષ્ટિબિંદુ હતું જ. એઓ નિવૃત જીવન ગાળવા માટે શ્રી હરિદ્વાર ગયા. ત્યાં થોડો સમય રહ્યા બાદ એમને કચ્છી જનતા માટે ખાસ કોઈ સ્થળ ન હોવાથી કચ્છીઓ પોતાનું સ્થાન માને એવું એક આશ્રમ સ્થાપવાની ઈચ્છા કરી. તે માટે જાતે પરિશ્રમ કરી હજારો રૂપીઆ એકત્ર કરી એક આદર્શ આશ્રમની સ્થાપના કરી-જ્યાં કચ્છી જનતા અગર અન્ય વર્ગમાંથી કોઈને પણ વાનપ્રસ્થ અને શાંતિમય જીવન ગાળવું હોય તો તે ગાળી શકે એ મુજબનો પ્રબંધ છે. તેમણે ઘણા સાધુઓ અને કેટલીક ગરીબ બહેનોને ખાસ કચ્છમાંથી બોલાવી તે પ્રદેશની તીર્થયાત્રા કરાવી છે.

ગરીબો પ્રત્યે એમને ખૂબજ પ્રેમ હતો. એમનામાં વચન-સિદ્ધિ હતીજ. એ માટે એમને અભિમાન ન હતું. એવી એક સત્ય ઘટના પાંચ છ વરસ પહેલાં-સને ૧૯૫૩માં બની હતી જે નીચે મુજબ છેઃ એમનાજ એક શિષ્ય અને મારા મિત્ર આર્થિક સ્થિતિને કારણે ખૂબજ મુંઝાએલા હોવાથી ઘર છોડી ક્યાંક ચાલ્યા ગએલા. એમને માટે ઘણા સ્થળોએ તપાસ કરવામાં આવી પણ એમનો પત્તો ન મળ્યો. કેટલાક માસ પછી જ્યારે મહારાજશ્રી મારા નિવાસ સ્થળે રોકાયા હતા ત્યારે એમના પત્ની મહારાજશ્રી પાસે આવી ખૂબજ આક્રંદ કરવા લાગ્યા. મહારાજશ્રીનું હૃદય દયાળુ હતું જ. એમણે થોડી પળો ધ્યાનસ્થ થઈ તે બહેનને થોડા સમય માટે એક વ્રતનું સેવન કરવા કહ્યું, અને એમનાં પતિ ત્રણ માસની અંદર ઘરે આવશે એવું આશ્વાસન આપ્યું. એ બહેને એ વ્રતનું શ્રદ્ધાપૂર્વક પાલન કર્યું અને બરાબર દોઢ મહિનામાં એમના પતિની ભાળ લાગી અને એ ભાઈ ઘરે આવ્યા. એ બંનેએ મહારાજશ્રીનો બહુજ આભાર માન્યો. આજે પણ એ ભાઈ આનંદથી પોતાના કુટુંબ સાથે જીવન વ્યતિત કરી રહ્યા છે.

શ્રી કૃષ્ણદાસ પંજુઆણી મહારાજશ્રી ઓધવરામજીને એક સંકલ્પમૂર્તિ તરીકે અંજલિ આપે છે. સંકલ્પની સિદ્ધિ સમા આ સાધુ પુરુષને અંજલિ આપતાં તેમણે લખ્યું છે કે, મહારાજશ્રી જીવનની હરેક પળમાં કર્મરત રહેતા અને એમના રોમરોમમાં સાધુતા ભરી હતી. ગુરુકુળની સંસ્થાને કારણે હું એમના નિકટ સમાગમમાં આવ્યો હતો અને મને એ સ્પષ્ટ દેખાયું હતું કે એમની સાધુતા માત્ર બાહ્ય ક્રિયાકાંડમાંજ ન હતી પણ જનકલ્યાણ અર્થે સતત કર્મરત રહેવામાંજ એમણે સાચી સાધુતા માની હતી. ગુરુકુળ સંસ્થા સામે ઝંઝાવાતો આવ્યા હતા પરંતુ મહારાજશ્રીએ સંસ્થાના પાયામાં શુદ્ધ ચારિત્ર્ય અને નિર્મળ તથા નિઃસ્વાર્થ સેવાવૃત્તિ પૂર્યાં હતાં અને તેથીજ સંસ્થાની સામેના ઝંઝાવાતો ટકરાઈને પાછા વળતા હતા.

મહારાજશ્રીએ ગુરુકુળ માટે મુંબઈમાં દોઢ લાખનું ફંડ તાત્કાલિક એકઠું કર્યું હતું તે તેમની સંકલ્પ સિદ્ધિનુંજ સીધું પરિણામ હતું. શ્રી પંજુઆણી લખે છે કે, મહારાજશ્રીમાં સંકલ્પ બળની શક્તિનો ખૂબ સંચાર થયો હતો. જ્યારે જ્યારે એઓશ્રી કોઈ પણ કાર્ય કરવા માટે સંકલ્પ કરતા ત્યારે ત્યારે એ કાર્ય પૂરૂં કરતાજ. મહારાજશ્રી ઈચ્છતા કે ગુરૂકુળ કાયમ રહેવું જોઈએ અને એમનો આ સંકલ્પ એટલો દ્રઢ હતો કે, સરકારને સોંપાયુ ત્યાં સુધી ગુરુકુળને એમણે ચલાવ્યુંજ. મહારાજશ્રીએ આમ અતૂટએવા સંકલ્પ બળનું સાધુ સમાજ માટે એક અનોખું દ્રષ્ટાંત પુરૂં પાડ્યું છે.'

મહારાજશ્રીના જે અનુયાયીઓ હતા, જે ભક્તો હતા તે મહારાજશ્રી પ્રત્યે અતૂટ એવી શ્રદ્ધાથી જોતા હતા. આ શ્રદ્ધા આવા ભક્તોને ઘણી વાર મહારાજશ્રીમાં ચમત્કારો જોતી હતી પરંતુ ખરી રીતે તો આ અતૂટ એવી શ્રદ્ધાનું પરિણામ હતું. એને લગતો એક પ્રસંગ આલેખવા જેવો છે.

મહારાજશ્રી ઓધવરામજી એક વખત મુંબઈમાં હતા ત્યારે તેમના એક પરમ ભક્ત આશારીઆ કરશને તેમને પોતાને ત્યાં વરલી પરના મકાન પર નોતર્યા. મહારાજશ્રીનું પ્રવચન મકાનમાં ત્રીજે માળે રાખવામાં આવ્યું હતું અને ત્યાં મંડપ બાંધવામાં આવ્યો હતો. ખૂબ ગરમીના એ દિવસો હતા. મહારાજશ્રીને સાંભળવા મોટો સમુદાય એકઠો થયો હતો પરંતુ ગરમી એટલી અસહ્ય હતી કે એ ગરમી કાઈથી સહન થઈ શક્તી ન હતી એટલે લોકો ધીમે ધીમે મંડપ છોડી નીચે ખુલામાં જવા લાગ્યા. મહારાજશ્રીના ભક્ત આશારીયા કરશનને આ રૂચ્યું નહિ એટલે તે લોકોને આજીજી કરતા કહેવા લાગ્યા કે, જરા બેસો, મહારાજશ્રી આપણને કાંઈક બોધ કરશે એટલે તેમને સાંભળવા બેસીએ. પણ આશારીઆને બહુ દાદ મળી નહિ અને લોકો જવા લાગ્યા એકાદ જણાએ આશારીઆને ચોક્ખું પરખાવી દીધું કે, હેડી ગરમી મેં કેર મરધોં.

મહારાજ કે ત ધંધો નાય, વરી કીં ઉંપાધિ ખણી આયા હુંધા. અસાંજા છોકરા હેડી ગરમી મેં રીંગણે વારીજી બાફાઈ વંજે તાં' મહારાજશ્રીના ભક્ત આશારીયા મુંઝાઈ પડ્યા અને નિરુત્સાહ થઈ એક બાજુ થઈ બસી રહ્યા. મહારાજશ્રી ભક્તની આ મુંઝવણ જાણી ગયા અને કહેવા લાગ્યા, તમે લોકોને શું કામ રોકો છો? જેમને પ્રેમ હશે તે જરુર બેસશે પરંતુ જબરદસ્તીથી તમે બેસાડશો તો તે બેસશે છતાં તેનું ચિત્ત તો બીજે હશે તો તેને પ્રવચનથી કશો લાભ થવાનો નથી. માત્ર ચાર શ્રોતાઓ હશે તો પણ હું પ્રવચન કરીશ. પ્રેમથી પ્રવચન સાંભળનારા ચાર ભક્તો બેચિત્ત રહીને સાંભળનારા ચારશો કરતાં વધુ છે. અને પછી મહારાજશ્રીએ પોતાના ભક્ત આશારીઆને આશ્વાસન આપતાં કહ્યું કે,

મનકી જાણે તનકી જાણે, જાણે ચિત્તકી ચોરી
ઉસકે આગે ક્યા છુપાઈએ, જીસકે હાથમેં દોરી

ગરમીથી કંટાળી લોકો ખુલ્લામાં તો ગયા પરંતુ ત્યાં તો થોડી વારમાંજ પવન જોરથી ફૂંકાવા લાગ્યો અને વાદળ ચડી આવ્યાં અને મુશળધાર વરસાદ પડ્યો. ગરમીથી કંટાળી મહારાજશ્રીના પ્રવચનને સાંભળવા લાગ્યા. મહારાજશ્રી હસ્યા, સૌને આર્શીવાદ આપ્યા અને મીઠી ટકોર કરતાં કહ્યું કે, તમે ભક્તનું કહ્યું નહોતા માનતા પરંતુ ભગવાનની લાકડી લાગી એટલે પોતાની મેળે દોડતા આવ્યા.' આ એક અકસ્માત હતો પરંતુ મહારાજશ્રીના ભક્ત આશારીઆને મન એ ચમત્કાર નીવડ્યો અને તેમણે ગદ્‌ગદ્‌ થઈ મહારાજશ્રીને પ્રણામ કર્યા મહારાજશ્રીએ તે દિવસ પછી બે કલાક સુધી એકધારું પ્રવચન કર્યું.

મહારાજશ્રી શ્રેષ્ઠ એવી જીવનશક્તિ ધરાવતા હતા. એમણે હરિદ્વારથી હિમાલના ચાર ધામ-બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી અને જમ્નોત્રી તીર્થની ૬૦ માઈલની પદયાત્રા કરી હતી. એમની સાથે આ પદયાત્રા કરનારા ઠા.

પરશોત્તમ પ્રેમજી પણ હતા. એ કહે છે કે, પૂ. ઓધવરામજી સાથે હરિદ્વારથી હિમાલયના ચાર યાત્રાધામોમાં પગપાળો પ્રવાસ કરવાનો સુઅવસર મને પ્રાપ્ત થયો હતો. મહારાજશ્રી સાથે આમ છસો માઈલની પગપાળા મુસાફરી મેં કરી હતી. મહારાજશ્રી સાથે ખૂબજ ઉત્સાહથી પહાડોમાં અમે પર્યટન કરતા હતા અને મહારાજશ્રી યુવાનોને પણ શરમાવે તેવા તનમનાટ અને તરવરાટથી અમારાથી આગળ ને આગળ રહેતા હતા. મહારાજશ્રીની પદયાત્રા વેળા પણ રાત્રે અમે ચટ્ટીમાં આરામ કરતા ત્યારે ઉપદેશ કરતા હતા અને અમને વારંવાર કહેતા હતા કે, 'પરહિતસરીસ ધર્મ નહિં ભાઈ.'

મહારાજશ્રીએ જ્યારે જ્યારે પણ પોતાના શિષ્યોને શીખ આપી હતી ત્યારે ત્યારે જનકલ્યાણની ભાવનાને તેમણે હંમેશા મોખરે રાખી હતી. તેઓ તેમના શિષ્યો તેમજ ભક્તોને કહેતા કે 'આ દેહ કંઈ એશઆરામ માટે નથી પરંતુ માનવ સેવા માટે છે! તેઓ એમ પણ કહેતા કે માનવ દેહ હરહંમેશ આવવાનો નથી. માનવ દેહ એ આ દુનિયાના વહેતા કાળપ્રવાહમાં વહી જતું સામાન્ય તણખલું નથી પરંતુ દીર્ઘ દ્રષ્ટિથી, પ્રબળ પ્રવાસ કરી, દુનિયાના સારાનરસા કાળપ્રવાહમાંથી બચાવી લઈને, સતત માનવ સેવા કરી સલામત કિનારે પહોંચાડવાની આ દેહ નૌકા છે.' અને આ સંત પુરુષે એ માત્ર કહીને નહિ પણ કરીને બતાવ્યું.

સોલંકી માલશી જીવરાજે મહારાજશ્રીના સાન્નિધ્યમાં ઘણો સમય ગાળ્યો છે. તેઓ લખે છે કે, 'પૂ. મહારાજશ્રી અનેક સંકલ્પોની સિદ્ધિ સમા હતા. આ જગતના અલ્પ અને ગરીબ જીવો પ્રત્યે આ મહાન સંતની તીવ્ર આનુકંપા હતી. કોઈ પણ નિરાધાર, અલ્પ જીવને તેઓ દુઃખી દેખતા કે, તેમનું મહાન દયાળુ હૃદય દ્રવી ઉઠતું. અને તે માટે તેમણે 'ઈશ્વરરામજી દ્વારા'માં પ્રસાદીની ગોઠવણ રાખી હતી અને કોઈ પણ ક્ષુધાતુર માનવી આ દ્વારાથી પાછો ગયો હોય એવું કદી પણ બનવા પામ્યું નથી. ક્ષુધાતુરને અન્નથી માત્ર

સાંત્વન તેઓ ન આપતા પરંતુ સાથે સાથે તેના મનના દુઃખોનું પણ નિવારણ કરવા પ્રયાસ કરતા.

શ્રી સોલંકી જણાવે છે કે, 'પૂ. ઓધવરામજીના આધ્યાત્મિક પ્રવચનનો પ્રભાવ ભારે હતો. આધ્યાત્મિક પ્રવચન અને ભજન વડે મહારાજશ્રી ગમે તેવા માનવીને પીગળાવી નાખતા. તેઓ જ્યારે ભજન કરવા બેસતા ત્યારે ભજનાનંદમાં એવા ભાવાવેશમાં આવી જતા કે, તેમના નેત્રોમાંથી અશ્રુપ્રવાહ વહેવા લાગતો અને બેઠેલા તમામ ભાવિક ભક્તોને એવા ભાવમાં લાવી મુક્તા કે જાણે ત્યાં હાજર રહેલો માનવ સમુદાય જાણે સમાધિમાં ગરકાવ થયેલો ન હોય ? આવું અદ્‌ભુત વાતાવરણ તેઓ ભજન વખતે સર્જી શક્તા.' મહારાજશ્રીના ભક્તો કહેતા કે આ તેમની યોગ સિદ્ધિની પરાકાષ્ઠા હતી પણ ખરી રીતે એ તન્મયતાની જ પરાકાષ્ઠા હતી.

તેમની રાષ્ટ્રીય ભાવનાને અંજલિ આપતાં શ્રી સોલંકીએ જણાવ્યું છે કે, આધ્યાત્મિક ક્ષેત્રે તેમની મહાન સિદ્ધિઓ હોવા છતાં રાષ્ટ્રીય ક્ષેત્રે પણ તેમની ભાવના તેવીજ વિશાળ હતી. રાષ્ટ્રીય કાર્યોમાં પણ આ સંત પુરુષે અનોખી ભાવનાઓનું સર્જન કરાવી રાષ્ટ્ર પ્રત્યે પણ આપણને જે ફરજો બજાવવાની રહે છે તે પૂર્ણપણે સમજાવવાનો તેમણે પ્રયત્ન કર્યો હતો. અને સાથે સાથે તેઓ પોતે પણ જ્યાં જ્યાં જરૂર જણાઈ ત્યાં ત્યાં રાષ્ટ્રસેવા કરવાનું ચૂક્યા નથી. દુષ્કાળ, રેલ સંકટ કે અન્ન સંકટ વખતે પણ તેઓ માનવ પ્રત્યેની દયા ભૂલ્યા નથી.

અને મહારાજશ્રી સ્પષ્ટ વક્તા પણ હતા. ગમે તેવા માનવીને તેઓ તેને શુદ્ધ સ્વરૂપમાં પોતાને જેવો દેખાય તે રીતે વર્ણવી બતાવતા. અને ભૂલો તેમને સ્પષ્ટપણે કહી તેમના દોષોનું નિવારણ કરવાનું કહેતાં તેઓ જરા પણ અચકાતા નહિ. તેમના તરફથી નિખાલસ ભાવે આ રીતે મળતી સત્ય શિખામણથી ઘણા માનવીઓનો ઉદ્ધાર અને સત્‌કાર્યો થવાં પામ્યાં છે. આ

તેમની વિશિષ્ટ સિદ્ધિ હતી.

બાળક પ્રત્યે મહારાજશ્રી બાળક જેવું હૃદય રાખી તે રૂપ બની જતા. મોટા પ્રત્યે મોટાનું હૃદય, અને મહાન પ્રત્યે મહાનનું હૃદય, સંત પ્રત્યે સંતનું હૃદય, એમ જેવી જેવી ભાવનાઓ તેવું તેવું તેમનું હૃદય. આમ જે જે માનવ સમુદાય તેમના પરિચયમાં આવતો તે તે ભાવનાવાળા પ્રત્યે તેઓ તે રૂપ બની જતા અને તેથી દરેકને આ સંત મારા છે એ ભાવના રહેતી. માનવમાત્ર પ્રત્યે તેઓ એ રૂપ બની જતા અને તેથી દરેકને તેમના પ્રત્યે શ્રદ્ધા રહેતી. માનવ માત્ર પ્રત્યે સહિષ્ણુતા અને અનુકંપાએ તેમના વિશાળ હૃદયની સાક્ષીરૂપ હતાં.

મહારાજશ્રીને લાગ્યું કે પોતે હવે અનંતના યાત્રી બનવાને પંથે છે અને તેથી તેઓ હરિદ્વાર છોડી કચ્છમા આવ્યા. અને ઈશ્વરરામજી ગુરુકુળમાં રહેવા લાગ્યા. થોડા સમય પછી તેમણે હરિદ્વારથી પોતાના શિષ્ય વાલરામજીને કચ્છમાં બોલાવ્યા. એમના એ શિષ્ય લખે છે, તા. ૧૨.૯.૫૬ ના હું દશેક દિવસ માટે પૂ. મહારાજશ્રીના પત્ર મૂજબ કચ્છ વાંઢાય આવ્યો. તે વખતે પૂ. મહારાજશ્રી એ કહ્યું કે હવે શ્રી. ગુરુ અને દાદાગુરૂની સમાધી અહીં છે અને હવે અહીં તેમના ચરણોમાંજ હું રહીશ મને ઘણું દુઃખ લાગ્યું. મેં કહ્યું કે, આપની તબિયત સારી થાય એટલે તુરત હરિદ્વાર પહોંચી આવશો. એમણે મને સમજાવી શાંત પાડ્યો. હરિદ્વાર આશ્રમ બાબત મને કહ્યું કે, તને સોંપી દઉં (મહંત બનાવું) કે કમિટિને સોંપુ. મેં કહ્યું કે આપની આજ્ઞા હું પાળીશ. મેં પૂછયું કે, આપને શું યોગ્ય લાગે છે. તેઓશ્રીએ કહ્યું કે, ઉપાધિ જોઈએ તો મહંત બનો અને શાંતિથી ભજન કરવું હોય તો આશ્રમ કમિટિને સોંપો. મને તેમણે પછી આજ્ઞા આપી કે આશ્રમની સેવા તે મારી ચરણ સેવા સમજજો.'

અને આ સંત પુરુષ, આ યુગના આ સંત પુરુષ તા. ૧૩.૧.૫૭ ના અનંતના યાત્રી બન્યા. બ્રહ્મ નિર્વાણ પામ્યા. ઈશ્વરરામજી ગુરુકુળમાં પોતાના ગુરુ અને દાદાગુરૂની જોડે એમણે પણ અનંત એવી સમાધિ લીધી.

પૂ. મહારાજશ્રીના બ્રહ્મનિર્વાણ થવાથી તેમના સંખ્યાબંધ ભક્તોને અને અનુયાયીઓને પારાવાર દુઃખ થયું છે અને તેમના અસંખ્ય ભક્તોએ પોતાની તળપદી ભાષામાં એ દુઃખ વ્યક્ત કર્યું છે એ બધું અહીં લઈએ તો પાનાંનાં પાનાં ભરાય. આમ છતાં ભક્તોના એ દુઃખની થોડીક પંક્તિઓ અહીં લીધી છે.

એમના એક **ભક્ત માવજી જયરામ** એમને અંજલિ અપતાં કહે છેઃ-

'ઉંચ નીંચના ભેદ ભૂલી ને, કરી સેવા નિષ્કામ
અજ્ઞાનિયોનાં અંતરે રેડયાં, પ્રભુ પ્રેમ પેગામ.'

એજ ભક્ત અંજલિ આપતાં કહે છે કે,

'જીવન હતું જયાં લગી, મથીઓ પરને કાજ
હરિતણી હાકલ થતાં, એણે અપની છોડી લાજ

* * *

દુઃખીયું હતું અંતર જેનું, દુઃખીજનોને કાજ
પરાર્થે કસોટી પંડની લીધી સજી સેવાના સાજ

એમના એક બીજા ભક્ત **દેવદાસ** ગ્લાનિ વ્યક્ત કરીને જણાવે છે કે,

'ઓધવરામ ગુરુ તુમ બીના કેમ જાશે ઘડી,
તમે ગયા અમર લોકમાં, દાસ રહ્યા છે પડી.'

વૈદ્ય વજાંગ મા. પરમાર એમને શ્રધ્ધાંજલિ આપતાં કહે છે.

'મનતણા મહેરામણને
વળી દિલ તણા દરિયાવ ત્હમે
દયા ધર્મ તણા ધુરંધર ને
તપ-ત્યાગ તથા મહાભાર ધરે

***

સત્યતણા સુપૂજકને
શીલ ગુણ તણા ભંડાર ત્હમે
સુધીર સુવીર ગંભીર અને
ગુરુ જ્ઞાની મહા સમર્થ તમે

***

ત્યાગનું ભાળ્યું તમારૂં
તેજ સૌ સંસારીએ
બ્રહ્મચર્યનું ભાળ્યું ભિષણ વ્રત
(આ) જગતમાં નરનારીએ

***

સમદ્રષ્ટિની દીઠી છટા
વસુધૈવ કુટુમ્બકમ્
જીવતર થકી જીવી ગયા
રે....સંત ઓધવરામ આ

પૂ. મહારાજશ્રીના એક ભક્ત માવજી ભાનુશાળી મહારાજશ્રીને પુષ્પાંજલિ અર્પતા ઉદગાર કાઢે છે કે :

ધન્ય એ ધરતી મયા (જ્યાં તું સમ જન્મયો મહાત્મા
સત્ય ત્યાગ જડ્યાં ક્ષમા તું ઉર ઓધવરામજી
મુકવી જે મુશ્કેલ માયા જબરી જાળ
તેં કીધાં ખાંડા ખેલ, અળગાં ઓધવરામજી

***

અજ્ઞાની અબુજ, અણ દેખતાં આવ્યા ઘણાં
સાચી તેને સુજ, આપી ઓધવરામજી
નિર્મળ ગંગા નીર, વાણીએ વહેતાં હતાં

એ હિમાળાનાં હીર, આવ્યાં ઓધવરામજી
વડલા સમ વિશાળ, છાંયોને રૂપ અર્પતો
જોગી સમ એ ઝાડ, ઉખડ્યો ઓધવરામજી
ઘડનારે સૃષ્ટિ ઘડી, માનવ સરજ્યાં મૂલ
તેમાં રહ્યો અમૂલ, અજાણ ઓધવરામજી

બારોટ ગોપાલ ધનરાજે પુ. મહારાજશ્રીને અંજલિ આપીને કહ્યું છે કેઃ

'ઉત્તમ કોટી અવતર્યો, જોતી રૂપ સુજાન
સફલ જનમ સંસાર મેં, ઓધવ કીનો આજ

***

પરિશ્રમ બિન જન પરમપદ, મૃગ મૃગજાલ ભૂમંત
નિગમ તત્વ તેં નિગૃહ્યો, ઓધવસમા અનંત

***

ત્રિગુણ રૂપ ગુન તત્વ હો, તું ઋણ નિગમ નિદાન
ભવ માનુષ ઉઋણ ભયો, પુરણ બ્રહ્મ પિછાન

***

દેહિક જનક વદેહ જ્યો, નિસ્પૃહી નિર્લેપ
કમલ જળવત્ જગ જીવી, ઓધવ રહ્યો અલેપ

પુ. મહારાજશ્રીના ભક્ત ચંદ્રસિંહજી જાડેજા મહારાજશ્રીની યાદમાં કહે છે :

ઘણા માર્ગ ભુલ્યા એવા માનવીઓ કુપંથને રાહે ગયા'તા ચડી
વિવેકથી વાળીને વશ કર્યા, શુધ્ધ સત્ય સનાતન ધર્મ ભણી
જંસેવાની મેખ એ મહંતતણા જાણે જીવન સાથ હતેલ જડી
ઉપદેશક ઉધ્ધવરામ જતાં, એની આજ ખરેખર ખોટ પડી

પૂ. મહારાજશ્રી આજે સદેહે તો અનંતના યાત્રી બન્યા છે. પરંતુ એમના કાર્યો અને એમાંથી નિષ્પન્ન થતી સુવાસ તો સદાકાળ જીવંત રહેશે.

સંત ઓધવરામજીના પરમ ભક્ત શેઠ હરિદાસ વેલજીને એમનો નિકટતમ્ પરિચય હતો. શ્રી હરિદાસભાઈ મહારાજશ્રીના ગાઢ સંબંધમાં આવ્યા હતા. સંત ઓધવરામજીને એમણે 'મહાન શક્તિશાળી' સેવાભાવી કહીને અંજલિ આપી છે. તેઓ લખે છે : ''ઈશ્વરા કે પરમેશ્વરા'' સાંભળી જેમ વંદનીય પૂજ્ય સ્વ. શ્રી ઈશ્વરરામજી મહારાજ યાદ આવી જાય છે તેમ 'હરિ ૐ'' ઉચ્ચારણ સાંભળતાં જ પરમ પૂજ્ય સ્વ. શ્રી ઓધવરામજી મહારાજ નજર સામે ખડા થાય છે.

સંન્યાસાશ્રમમાં દાખલ થનારે ભગવાં વસ્ત્રો પહેરવાં જોઈએ એવી માન્યતા જે જમાનામાં પ્રવર્તતી હતી તે વખતે પણ મહારાજશ્રી ઓધવરામજી સ્વચ્છ સફેદ સાદી કફની પહેરતા તેથી તેમન પવિત્રતા અને આડંબરથી દૂર રહેવાની ભાવના કેવી હતી તે જાણી શકાય છે.

વાંઢાય આશ્રમના ગાદીપતિ હતા તે વખતે તેઓએ ખરેખરી માનવ સેવા કરી. સંન્યાસાશ્રમમાં રહેનાર માયાથી દૂર રહે છે અને છેવટે આ સંસારથી વિમુખ બની જાય છે. મહારાજશ્રીએ તો સંન્યાસી બની બતાવી આપ્યું કે માનવ કલ્યાણ કેમ થાય છે. સંસારથી કે સમાજથી દૂર રહીને નહિ પણ સમાજમાં ઓતપ્રોત થઈને, સંસારીઓને હરઘડીએ યોગ્ય દોરવણી આપીને, સંસારીઓને ઉપયોગી થાય તેવી સંસ્થાઓ ઉભી કરવામાં અને તેવી ઉપયોગી સંસ્થાઓ વધુ વિકાસ પામે તેના માટે તન, મન અને ધનનો ભોગ આપનારાઓને શોધી કાઢવાનું નિસ્વાર્થી કાર્ય તેઓએ જીવનના વિલય સુધી કર્યું. તેમના હાથેથી જે કંઈ થયું છે તે આજે પણ આદર્શ ગણાય છે અને ફુલતું ફાલતું રહ્યું છે.

મહારાજશ્રીનો અભ્યાસ મામુલી હતો પણ તેમને આશ્રમમાં જે આધ્યાત્મિક તાલીમ અને સંતોની સેવા કરવાનો મોકો મળ્યો તે કારણે તેઓ મહાન શક્તિશાળી વ્યક્તિઓની પંક્તિમાં ગણી શકાય. આશ્રમનું વ્યવસ્થિતસંચાલન, શ્રી ઈશ્વરરામજી ગુરૂકુળની સ્થાપના અને પ્રગતિ, અંધશાળા, ખેતી વિભાગ, વગેરે અન્ય પ્રવૃત્તિઓ જેમણે નજરે જોઈ હશે તેને એમ જરૂર લાગ્યું હશે કે તેઓ ખરેખર કુશળ વહીવટકર્તા હતા.

આશ્રમમાં હોવા છતાં તેઓ રૂઢિચૂસ્ત ન હતા. તેમની આથી અનેક ટીકાઓ થતી પણ હિંમતથી તેઓ સાચી વસ્તુને સમજ્યા પછી રૂઢિના કારણે પડતી ન મૂક્તાં વળગી રહેતા. હરિજન ભાઈઓને કેટલાક કાર્યમાં રોકી તેમણે બતાવ્યું કે ઈશ્વરના સર્જેલા માનવી માત્ર એક સરખાંજ છે. હિંદુ ધર્મમાં અન્ય કોઈને યોગ્ય સ્થાન છે એવો પ્રચાર પોતાના જાનના જોખમે કર્યા કર્યો.

સમાજના અંગો મજબૂત બનાવવા સામાજીક સંસ્થાઓ કેમ ફૂલેફાલે તેની તેઓ કાળજી રાખતા. ગમે તે વર્ગના ભાઈ સામાજીક સંસ્થા અંગે તેમની દોરવણી માંગતા. એ સંસ્થાઓની તેથી પ્રગતિ જાણી તેમનો આત્મા પ્રફુલ્લિત થતો. કચ્છમાં ખાસ કરીને તેમણે ઘણી જ્ઞાતિઓ-સમાજમાં પ્રાણ પૂર્યા છે અને પ્રકાશનો દીવો સળગાવી આપ્યો છે.

શ્રીમંત વર્ગને તેઓ હંમેશાં પડકાર કરતા હતા. સાથોસાથ ગરીબોના બેલી હતા. સર્વોદયનો સિદ્ધાંત તેમના અંતરાત્મામાં જડમૂળથીજ ઘર કરી ગયો હતો દરેક વર્ગને માનવસેવા અર્થે કંઈક રટવાનો મંત્ર આપતા. કોઈને પાઈ ન આપનાર શ્રીમંતો પાસેથી તેમણે સારા દાન કરાવ્યાના દાખલાઓ છે. ચાલુ માણસો પાસેથી સારા દાન કરાવી તેઓએ ઘણાંને આશ્ચર્યમાં મૂકી દીધાં છે.

નિખાલસતા અને સત્યવક્તાપણું એમનાં લોહીના અણુએ અણુમાં

વ્યાપક હતું. નાજુક પરિસ્થિતીમાં નિખાલસતાથી ઉંધુ વળી જશે એમ બધાને ભય લાગેજ પણ તે વખતે પણ તેઓ અડગ રહી વર્તતા અને ધાર્યું કરી શકતા. હૃદયને કઠોર કરી સાચું બોલી નાખતા અને ઉપસ્થિત થએલા પ્રસંગને ઉકેલતા. સાચું બોલવાથી કોઈના દીલને દુઃખ થશે કે કોઈ દુભાશે તેમની ચિંતા તેમને ન રહેતી આથી સૌનો પ્રેમ જીતી શક્યા હતા.

મહારાજશ્રી ઓધવરામજી મહાપુરુષ હતા એમ હરિદ્વારમાં પણ તેમના પરિચયમાં આવનાર કહી રહ્યા છે. સાધુ વર્ગે એક મહાન સાધુ ગુમાવ્યો છે. સામાજીક સંસ્થાઓએ એક ખરો પ્રાણ ખોયો છે. શ્રીમંત વર્ગનો એક સહૃદયી સલાહકાર અદ્રશ્ય થયો છે. ગરીબોનો ભેરુ જતો રહ્યો છે. ધર્મનો એક સ્થંભ તૂટી ગયો છે. સેવાનો એક દીવડો ઓલવાઈ ગયો છે. ભાનુશાલી જ્ઞાતિનો એક વીર લાડકો ઈશ્વરના ઘરઆંગણે પહોંચી ગયો છે.

પૂ. મહારાજશ્રીની આત્મકથા માંથી ...

(મહાત્મા શ્રી ઓધવરામજીએ પોતાના જીવનકાળ દરમ્યાન અમૂલ્ય ઉપદેશો આપ્યાં હતાં. એમની ભાષા સરળ અને સચોટ હતી. એઓ જે કંઈ કહેતા અને લખતા તે સ્પષ્ટ રીતે કહેતા. પૂ. ઓધવરામજીએ જનસમૂહ માટે કેટલુંક ઉપદેશાત્મક લખ્યું છે એ લખાણ એમની આત્મકથામાં મૂળ હિંદીમાં છે. અહીં એ ઉપયોગી સમજીને એમના કેટલાક લખાણમાંથી અનુવાદ કરીને મૂકીએ છીએ. સંત ઓધવરામજીના ભક્તોને એ મર્ગદર્શક થઈ પડશે એ નિ:શંક છે.)

દૈનિક ક્રિયા પ્રકરણ

दुर्लभो मानुषो देहो ।

શ્રીમદ્ ભાગવતમાં જનક રાજાએ કહ્યું છે કે, ચોર્યાસી લક્ષ યોનિમાં મનુષ્ય દેહ અતિ દુર્લભ છે; અને દેવતાઓ પણ આ ભારત ભૂમિમાં મનુષ્ય જન્મ લેવાની ઈચ્છા કરે છે. આવા ઉત્તમ મનુષ્ય દેહને પ્રાપ્ત કર્યા પછી કેટલાક મંદભાગ્ય જીવો દૈનિક ક્રિયા ન જાણતા હોવાથી પોતાનું આયુષ્ય વ્યર્થ રીતે વ્યતિત કરતા હોય છે. આવા મનુષ્યો ખાવું, પીવું, મોજમજા કરવી અને તેને માટે ધન કમાવું એનેજ દૈનિક ક્રિયા સમજતા હોય છે અને એજ ક્રિયામાં તેઓ પોતાનું સારૂં એવું જીવન વ્યતિત કરે છે. અને આવા મૂરખ મનુષ્યો, શાસ્ત્રીય પદ્ધતિએ દૈનિક ક્રિયા કરતા મનુષ્યો કરતાં પોતાને મોટા જ્ઞાની માનતા હોય છે, અને સુધારક કહેવડાવે છે.

આવા સુધારકોની દૈનિક ક્રિયા હું અહીં સંક્ષિપ્તમાં બતાવું છું.

તેઓ સવારે આઠ અથવા નવ વાગે ઊઠે છે અને ઊઠીને તરત જ વર્તમાનપત્ર જુએ છે; પછી ચા પીએ છે અને એક બીજા સાથે ગપાટા મારે છે: અમેરિકા, ફ્રાન્સ, રશિયા, જર્મની, જાપાન વિ. દેશોમાં યુદ્ધ ફાટી નીકળ્યું છે, આપણાં ભારતમાં બંગાલમાં નુકશાન થયું છે, ગુજરાતમાં વધુ વરસાદને લીધે નુકશાન થયું છે અને કપાસમાં મંદી આવી છે, અને એરંડામાં તેજી આવી છે; આવી આવી વાતો કરી સમયનો વ્યય કરે છે. દશ-અગિયાર વાગે સ્નાન કરે છે, પછી ભોજન કરે છે, પછી ગાડી અથવા મોટરમાં પેઢી પર જાય છે. ત્યાં જઈને પોતાના ધંધામાં લીન થઈ જાય છે. પાંચ વાગ્યા સુધી ધંધો-ઉદ્યમ કરી, હવા ખાવા જાય છે અને ત્યાંથી ઘેર ભોજન પતાવી સિનેમા-નાટક જોવા જાય છે. અથવા કામાંધ બનીને વિષયો-આસક્ત બને છે. આમ એક-દોઢ વાગે પાછા ઘરે આવે છે અને નિંદ્રાધીન બને છે. આવી રીતે પોતાનું આયુષ્ય વ્યર્થ રીતે ઓછું કરીને મહા આનંદ માણે છે. આમ પશુવત્ જીવન વ્યતિત કરતા હોય છે.

જેવી રીતે પશુ આહાર, નિદ્રા, ભય મૈથુન વગેરેમાં દિન-રાત પસાર કરતા હોય છે એવીજ રીતે આવા મનુષ્યો દિનરાત દૈનિક ક્રિયા કરતા રહે છે. ભૂલ-ભૂલમાં પણ તેઓ ક્યારેય પ્રભુ ભજન કરતા નથી. તેઓ દેવદર્શન, કથા કિર્તન અને સત્સંગને પાખંડ માનતા હોય છે; અને દેવ-દર્શન કરવાવાળાની મશ્કરી કરતા હોય છે. આવી રીતની દૈનિક ક્રિયા કરવાવાળા આ વર્તમાન સમયમાં અનેક છે. આથી જેઓ ભાવિક, શ્રદ્ધાળુ અને સાત્વિક જીવો છે તેઓ માટે પરંપરાથી ચાલી આવતી ઋષિ-મુનિઓ અને ધાર્મિક ગૃહસ્થોની શાસ્ત્રીય પદ્ધતિ અનુસાર દૈનિક ક્રિયા બતાવું છું.

પ્રાતઃકાલમાં બ્રાહ્મમૂર્તમાં (૪ વાગે) ઉઠીને પ્રથમ પોતાના બંને હાથ અરસ-પરસ મેળવીને જોવા અને નીચેનો મંત્ર બોલવો:

कराग्रे वसते लक्ष्मीः करमूले सरस्वती ।
करमध्ये तु गोविंदः प्रभाते करदर्शनम् ।।

એમ બોલીને હથેલીનું દર્શન કરવું, કારણ કે હાથના અગ્ર ભાગમાં લક્ષ્મીનો વાસ છે, હાથના મધ્ય ભાગમાં સરસ્વતીનો વાસ છે. હાથના મૂળ-પ્રદેશમાં ગોવિંદનો વાસ છે. આમ ઊઠીને હસ્ત-દર્શન કરવું; કારણ કે જેના-તેના મુખના દર્શનથી આખોય દિવસ વિક્ષેપમાં જાય છે.

આમ હસ્ત-દર્શન કર્યા પછી પાણીથી કોગળા કરી આસન પર બેસી પાંચ-દસ મિનિટ પ્રભુધ્યાન કરવું; અથવા પ્રભુના નામનો ઉચ્ચાર કરવો. પછી દાંત સાફ કરવા તથા શૌચાદિ ક્રિયા પતાવવી. શૌચ ગયા પછી માટી અને પાણીથી હાથ ધોવા. ત્યાર પછી ઠંડા અથવા ગરમ પાણીથી સ્નાન કરવું સ્નાન કર્યા પછી પ્રભુ અથવા ગુરૂની મૂર્તિ સન્મુખ રાખી આસન પર બેસી પૂજા કરવી અને ગીતા વિ. નો સમય પ્રમાણે પાઠ કરવો.

ત્યાર પછી સ્વચ્છ વસ્ત્રો ધારણ કરીને માતા-પિતાને તથા ઈતર વડીલોને નમસ્કાર કરવા, પોતાનાથી નાના હોય તેને 'જયહરિ' અથવા 'રામરામ' કહી બોલાવવા અને ત્યાર પછી પોતાના ઘરમાં દૂધ કે જે કંઈ ઉપલબ્ધ હોય તે પોતાના બાળકો, ભાઈ-બહેનો સાથે બેસીને ગ્રહણ કરવું. દશ-અગિયાર વાગે નિયમ મુજબ ભોજન લેવું. નિયમિત અને સમયસર ભોજન લેવાથી શરીરમાં રોગ આવતા નથી. અનિયમિતતાથી તંદુરસ્તી બગડે છે. ભોજન બાદ અરધો કલાક આરામ કરવો પછી પોતાના ધંધા-ઉદ્યોગમાં લાગી જવું. સાંજે કામ ધંધેથી પાછા ઘરે આવીને દેવ-દર્શન કરવાં, પછી રાત્રિ ભોજન કરવું અને પછી કુટુંબના બધા સભ્યો સાથે બેસીને રામાયણ અથવા ભગવદ્ગીતા અથવા અન્ય કોઈ ધાર્મિક ગ્રંથનું વાંચન કરવું. પછી દસ વાગે-સૂઈ જવાના સમયે પોતાની પથારીમાં બેસી નિંદ્રા આવે ત્યાં સુધી પ્રભુના નામનું સ્મરણ કરવું.

ઉપરોક્ત ગૃહસ્થો માટેની દૈનિક ક્રિયા વર્ણવી; તેથી વ્યવહાર અને પરમાર્થ બંને સિદ્ધ થાય છે, મનુષ્ય જીવન સફળ થાય છે. જગતમાં કીર્તિ વધે છે. આથી ભાવિક ભકતોએ ઉપર કહી એ રીતે જ પોતાનુ જીવન વ્યતીત કરવું અને કોઈની દેખાદેખી કરવી નહિ. પોતાના વડિલોની પદ્ધતિ અનુસરવી અને શાસ્ત્ર-મર્યાદા જાળવવી; કારણકે જે જીવો જેવાં કર્મ કરે છે તે અનુસાર તે તે જીવોને તેવાં ફળ પ્રાપ્ત થયા કરે છે.

જેવી કરે છે કરણી તેવી તમામ ફળે છે,
ભલા બુરાનો બદલો અહીંનો અહીં મળે છે.

+++

બીજી લોકોક્તિ છે કે -

ગઈ પલ પાછી ફેર ન આવે
મૂરખ મૂઢ ગમાર

+++

અને બીજુ એક વાક્ય -

કાલ કરે સો આજ કર, આજ કરે સો અબ,
અવસર બીત્યો જાત હૈ ફીર કરેંગે કબ ?

+++

આથી મારાં પ્રિય ભાઈઓ અને બહેનો, ઉપરોક્ત રીતે દૈનિક ક્રિયા કરશો.

(૨)

મારા પ્યારા સુજ્ઞ બંધુઓ તથા બહેનો, આપની સમક્ષ ગુરૂકૃપાથી ઉદ્‌ભવિત યથાર્થ જ્ઞાન હાર્દિક રીતે રજૂ કરું છું. એ જ્ઞાનને આપ આપની નિર્મલ અને સ્થિર બુદ્ધિ વડે અને શુદ્ધ ભાવનાથી સાર ગ્રહણ કરશો એની મને સંપૂર્ણ શ્રદ્ધા અને ખાતરી છે. જે રજૂ કરવાથી મારું જીવન સફળ થશે, એ મારા આ જીવન દરમિયાન મહા અનુભવી વૃદ્ધો અને મહાપુરુષોના સત્સંગ દ્વારા તથા શાસ્ત્રોના અભ્યાસ થકી મેં જે કાંઈ મેળવ્યું છે તે આપને કહું છું.

એ મહાન વસ્તુ એવી છે કે જેની પ્રાપ્તિ વડે બધીજ પ્રાપ્તિ થાય છે; અને જેને માટે ચક્રવર્તી રાજાઓ રાજ છોડીને ઉત્તરા ખંડમાં જઈને મહાન તપશ્ચર્યા કરવા માંડે છે, અને યોગી, યતિ, સંન્યાસીઓ પણ જપ-તપ, વ્રત તીર્થ, સંયમ અને નિયમ મેળવવા સર્વ ભોગ-વિલાસ છોડીને અથાગ પ્રયત્ન કરે છે, તો પણ ભાગ્યવશાત્ કોઈકને જ તે પ્રાપ્ત થાય છે, સંસારી લોકો પણ તેટલા માટેજ દાન-પુણ્ય કરે છે; પરંતુ તેની પ્રાપ્તિ થતી નથી અને ઈંદ્રાદિ દેવો પણ તેને માટે મહાન પ્રયત્નો કરે છે; છતાં પણ તેની પ્રાપ્તિ થતી નથી, જેના સમાન ત્રણેય લોકમાં એકેય એવી વસ્તુ નથી, એને પ્રાપ્ત કરનારા ભારતના મહાન પુણ્યશાળી આત્માઓ જેવા કે, પ્રહ્‌લાદ, ધ્રુવ, અંબરિષ, હરિશ્ચંદ્ર, મીરાં અને નરસી મહેતા આદિ અનેક ભક્તજનોની અખંડ કીર્તી ભારતમાં પ્રસિદ્ધ છે. અને તે વસ્તુની પ્રાપ્તી વડે જ કૃતકૃતાર્થ બન્યાં છે. ત્રણેય લોકમાં રિધ્ધિસિદ્ધિ તે વસ્તુને આધીન છે. આથી મનુષ્ય જન્મ મેળવીને તે વસ્તુ પ્રાપ્ત કરવાના પ્રયત્નો કરવા તે બુદ્ધિમાન મનુષ્યોનું કામ છે; અને નહિકે પામર મનુષ્યોનું. આથી સુજ્ઞ અને વિચારવંત મનુષ્યોએ તેની પ્રાપ્તિ માટે પ્રયત્નો કરવા જોઈએ.

હવે એ વસ્તુ શું છે તે આપને વિદિત કરૂં છું; જેનું નામ છે. ઈશ્વર પ્રસન્નતા. હવે તેની પ્રાપ્તિ માટેનાં સાધનોનું વર્ણન કરૂં છું. જેમાંનું એક મુખ્ય સાધન છે. એ સાધન બધાને મળવું મુશ્કેલ છે. કોઈક પુણ્યશાળીને પૂર્વજન્મના પ્રભાવે કે વૃદ્ધ માતા-પિતા, દિનદુઃખિયા અથવા સંતપુરુષની સેવાના ફળરુપે પ્રાપ્ત થાય છે. આ એકજ સાધન વડેજ ઈશ્વર પણ ભક્તોને આધીન બની જાય છે, ભક્તોની પાછળ પાછળ ફરે છે અને નૃત્ય કરે છે. ઈશ્વર સર્વસ્વ પોતાના ભક્તને આપી દે છે. અને પોતાની માયા જે લક્ષ્મી છે તથા પોતાના ભાઈ જે બલભદ્ર છે તેનો પણ ત્યાગ કરી દે છે. ઈશ્વર આ સાધનવાળા ભક્તોની સમક્ષ રહ્યા કરે છે, એક ક્ષણ પણ તેને છોડતો નથી. આ એક એવું સાધન છે જેનો મહિમાં મીરાં, નરસી મહેતા તથા ગોપીઓએ જાણ્યો હતો. આ મહિમાને જાણવાવાળા ભારત-ભૂમિમાં અધિક તો નહિ; પરંતુ ક્યાંક ક્યાંક પવિત્ર ભૂમિમાં છે ખરાં, અને તેને ભાગ્યશાળી જીવોજ ઓળખી શકે છે. આવું આ એક સાધન છે-એ શું છે ?

જેનું નામ પ્રેમ છે, જેને આધીન ઈશ્વર પ્રસન્નતા છે. હવે આ પ્રેમ-પ્રપ્તિ માટે ઈતર સાધનોનું હું વર્ણન કરૂં છું.
પ્રેમનો મહિમા સંત તુલસીદાસજી નીચેના શબ્દોમાં ગાઈ ગયા છેઃ

राम राम सब कोइ कहे
ठग ठाकुर अरु चोर,
विना प्रेम रीजे नहि,
तुलसी नंद किशोर ।।

વિદ્યા એ મનુષ્યનું ભૂષણ છે અને ગુપ્ત ધન છે. અને આથીજ સ્વામીશ્રી શંકરાચાર્યે વેદ-પઠનની પ્રથમ શીખામણ આપી છે. હવે વેદ શું છે એ સમજવાની ઘણીજ જરૂર છે.

આ કલિકાળમાં દંભી લોકોએ પોતાના સ્વાર્થને ખાતર, વેદના સાચા સિદ્ધાંતો જાણતા હોવા છતાં, અનેક પંથ અને મતમતાંતર, પોતાની આધીન રાખવા માટે પોતાને વેદરૂપ મનાવ્યા છે, અને આમ પોતાના પંજામાં ભાવિકોને ફસાવીને ધન એકઠું કરે છે આવા તો હજારો લોકો છે. આથી વેદ શબ્દ શું છે તે પ્રથમ જાણવું જોઈએ. સાક્ષર પુરૂષો તો ઈતર ગ્રંથોના વાંચન-પઠનથી જાણી લે છે; પરંતુ તદ્દન નિરક્ષર લોકો-ગામડામાં રહેવાવાળા લોકો માત્ર બળદ ચલાવવાનું અને ખાવા-પીવાનું જ જાણે છે. આટલું જ જાણવાવાળા ખેડૂતા પાસે જઈને દંભી લોકો પોતાની વાણીના પ્રભાવથી તેમને ફસાવે છે. માટે 'વેદ' શબ્દ પ્રથમ જાણી લેવો બહુ જરૂરી છે. આથી હવે હું તે પક્ષપાત રહિત યથાર્થ કહું છું.

વેદનો મૂળ મંત્ર પણ વેદજ છે. અને ઉપનિષદ્ તથા ષટ્શાસ્ત્ર, અઢાર પુરાણ તથા અનેક ઋષિ-મુનિઓ પ્રણિત ગ્રંથને વેદ કહેવાય છે. આમાં અનેક ભાષા-ગ્રંથો પણ છે તેમજ મહાત્માઓની વાણી અને ભજનો પણ વેદ કહેવાય છે.

આમાં લોકો ભ્રમણામાં પડી જાય છે. આથી નિષેધનો ત્યાગ અને શુભનું ગ્રહણ એવો તાત્પર્ય જે વાણીમાં હોય તેને વેદ માનવા જોઈએ. વેદનો પણ અભિપ્રાય એવો જ છે. ભગવાને શ્રી ગીતામાં અર્જુનને દૈવી સંપત્તિ અને આસુરી સંપત્તિ કહી છે. દૈવી એટલે શુભ અને આસુરી એટલે અશુભ. શુભ-અશુભ જાણ્યા વિના ત્યાગ-ગ્રહણ થઈ શકતું નથી. અશુભનો ત્યાગ અને શુભનો ગ્રહણ વગર જીવ ઉચ્ચ ગતિને પ્રાપ્ત કરતો નથી. આથી જ સ્વામીજીએ બહુજ ભારપૂર્વક વેદ-પઠન માટે કહ્યું છે. આથી મારા પ્યારા ભક્તજનો, તમે વૃદ્ધ હો તો પણ અક્ષરજ્ઞાન જરૂર લેજો અને તમારા સંતાનોને તો કરજ કરીને પણ સારી રીતે વિદ્યાભ્યાસ કરાવજો. એના જેવું પુણ્ય કાર્ય બીજું કોઈ નથી. આ વિદ્યાથી વ્યવહાર અને તેને લગતાં ધન-માન પ્રાપ્ત થાય છે, અને જેના





realpatidar.com

વડે પ્રભુ-પ્રસન્નતા પ્રાપ્ત છે એવો પ્રેમ ઉત્પન્ન થાય છે. મૂળ સાધન વિદ્યા છે.

વેદમાં કહ્યું છે કે કર્મો સારી રીતે કરવાં અને સ્વામીજીની પણ એવીજ આજ્ઞા છે. હવે કર્મ કોને કહે છે તેનું અહીં વર્ણન કરું છું. શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રીભગવાન કૃષ્ણે ત્રણ પ્રકારના કર્મો બતાવ્યાં છેઃ જેવાં કે કર્મ-વિકર્મ-અકર્મ; આમાંથી પ્રથમ હું અ-કર્મ બાબત કહું છું-જેનું નામ નિષિધ કર્મ છે અને તેનાં બીજાં નામો દુષ્ટ કર્મ અથવા ખરાબ કર્મ છે. આ નિષિધ કર્મ ક્યારેય ભૂલેચૂકેય કરવાં નહિ, કારણ કે તેનાં ફળ દુઃખદાયી છે. નિષિધ કર્મ એ શું છે તેનું વર્ણન સારી રીતે ગીતાજીમાં ભગવાન શ્રીકૃષ્ણે આસુરી સંપત્તિ નામ રાખીને કર્યું છે. આ ઉપરાંત રામાયણ આદિ ગ્રંથોમાં તેનું વર્ણન છે; જેવું કે દારુ પીવા પર, પર-સ્ત્રી ગમન પર અને હિંસા કરવા પર, તદ્ઉપરાંત કામ, દંભ, ઈર્ષા, નિંદા, આશા, તૃષ્ણા, ચોરી, મશ્કરી, દ્રોહ કરવો, પરધન લઈ લેવું વગેરે સઘળાં નિષેધ કર્મો છે. આવા બધાં કર્મોને વેદ-શાસ્ત્રોએ અને મહાપુરુષોએ ન કરવાની આજ્ઞા કરી છે એ બધાં નિષેધ કર્મો અથવા અ-કર્મો છે. એમાંથી કોઈ ગમે તેવી મહાન આપત્તિમાં પણ કરવાં નહિ. કારણ કે કરતી વખતે તે બહુ સારા લાગે છે; પરંતુ તેનાં ફળ બહુ વિપરિત ભોગવવાં પડે છે. અને ચોર્યાસી લાખ અવતારોમાં કેટલાક અવતારોમાં કેટલાંક અવતારો બહુ કષ્ટદાયગ હોય છે; જેવા કે અશ્વ, ઉંટ, હાથી, બળદ, ગધેડાં, કુતરાં વગેરે આ બધા જ અવતાર અતિ પાપનાં ફળ છે; કારણ તેઓ ખાવા-પીવામાં પણ પરતંત્ર છે અને મનુષ્યને આધીન રહેવું પડે છે.

આવા પ્રાણીઓને બોજ ઉપાડીને રાતદિન ચાલવું પડે છે અને ખાવા-પીવાની ઈચ્છા હોય તો પણ મળતું નથી ભુખ-તરસથી વ્યાકુળ હોવા છતાં અને શારીરિક બીમારી હોવા છતાં બોજ ઉઠાવીને ખેંચવો પડે છે. અંતરમાં અત્યંત કષ્ટ હોય છે પરંતુ જિવ્હા ઈંદ્રિય વગર કોને કહે ? પોતાના પૂર્વ જન્મના

નિષેધ કર્મોનાં ફળ રોતાં રોતાં ભોગવે છે અને એવી જ રીતે મનુષ્યો પણ પોતાના નિષેધ કર્મોનાં ફળ ભોગવે છે. જાગવા છતાં તેવા મનુષ્યો એ નિષેધ કર્મોને છોડતા નથી. આથી સજ્જનોએ અકર્મોથી દૂર જ રહેવું અને કોઈ પણ પરિસ્થિતિમાં તેવાં કર્મો કરવાની ઈચ્છા થાય તો પણ દાંતમાં દાંત ભરાવીને તેવી ઈચ્છાનો ત્યાગ કરવો એનું જ નામ પુરુષ-પ્રયત્ન. પુરૂષાર્થવાદિ બનીને નિષેધ કર્મોનો ત્યાગ કરવો.

હવે વિકર્મ કોને કહેવાય તે બતાવું છું :

વ્યવહારિક કામોમાં જેનો ઉપયોગ હોય તેને વિકર્મ કહેવાય છે. આવાં વિકર્મો વગર દેહાદિકા વગેરે નો નિર્વાહ થઈ શકતો નથી. આથી પ્રાણી માત્ર તે કર્મો કરે છે. જેમ કે કેટલાક ખેતી કરે છે, કેટલાક વેપાર કરે છે, કેટલાક નોકરી કરે છે. પ્રાણી માત્ર-રાજા, રંક, સાધુ-સંન્યાસી, બ્રહ્મચારી, પોતપોતાનું અને પોતાના કુટુંબનું ભરણપોષણ કરવા માટે ઉદ્યોગ કરે છે આવા ઉદ્યોગ વડે ધન પ્રાપ્ત થાય છે, અને એ ધન વડે ખાવાપીવાની અને પહેરવા-ઓઢવાની વસ્તુઓની પ્રાપ્તિ થાય છે. આવો વ્યવહાર પરંપરાથી ચાલ્યો આવે છે. આમાં એટલો ભેદ છે કે જે બુદ્ધિમાન પુરૂષ છે તે પોતાના દેહ અને કુટુંબના નિર્વાહ પુરતું ધન મેળવે છે અને સાત્વિક જીવન ગુજારે છે. જેના વડે કોઈને દુઃખ ન પહોંચે, શાસ્ત્રોનો વિરોધ ન થાય, એવી રીતે સાત્વિક પણાથી ઉદ્યોગ કરી સાત્વિક ધન પેદા કરે છે, અને કુટુંબનુ પાલન કરે છે, તથા દાન-પુણ્ય પણ કરે છે. કેટલાક લોકો માત્ર પોતાના કુટુંબનું પાલન થઈ શકે એટલું જ ધન કમાય છે; જ્યારે કેટલાક તામસી જીવો આશા-તૃષ્ણાના મોહમાં તણાઈને આખીય જિંદગી ધન કમાવામાં વેડફી નાખે છે. કરોડપતિ બન્યા પછી પણ તેઓને સંતોષ થતો નથી અને આ મોદ-પ્રમોદમાં એ ધનનો વ્યય કરે છે પરંતુ કોઈને પણ એક કોડી પણ આપતા નથી; તેમજ ધર્મ અને ઈશ્વરને જાણતા પણ નથી, અને આખી ય જિંદગી એવા વિકર્મોમાં વ્યતિત કરીને આ સંસારચક્રમાં ઘુમતા રહે છે.

આથી બુદ્ધિમાન મનુષ્યોએ અતિસૂક્ષ્મપણે વિચાર કરવો જોઈએ. અને એ સૂક્ષ્મ વિચાર દ્વારા પોતાના અલ્પ આયુષ્યનો વિચાર કરીને જીવન ટકાવવા માટે જરૂરતથી વધુ ધનનો સંગ્રહ નથી કરતા. માત્ર દેહનો નિર્વાહ કરવાં પૂરતાં વિકર્મો કરે છે-નિર્વાહ કરે છે. કેટલાક જેઓ પૂર્વજન્મના સંસ્કારી યોગભ્રષ્ટ છે તેઓ તો ઈશ્વર રચિત પ્રયત્ન વિના જ સિદ્ધ રીતે વિકર્મો કરે છે-નિર્વાહ કરે છે અને પોતાનું આયુષ્ય ઈશ્વર-ભજનમાં ગાળે છે. તેઓ વસ્ત્રો, સ્થાન કે ભોજનની પરવા કરતા નથી. એટલે તેઓ વિકર્મ કરતા નથી પરંતુ ખુદ ઈશ્વર જ કરે છે. પરંતુ આવી દ્રઢતા દરેકમાં હોતી નથી તેથી વ્યવહારિક કર્મો દેહાદિક નિર્વાહ માટે અવશ્ય કરવાં.

હવે કર્મોનું ફરી વર્ણન કરૂં છું. જેથી મળ-દોષ એટલે કે પાપ-નિવૃત્તિ થાય અને ઈશ્વરની પ્રસન્નતા મેળવવાવાળાને ઈશ્વરમાં પ્રેમ ઉત્પન્ન થાય-ભક્તિ ઉદ્‌ભવે અને તેનું નામ કર્મ છે. જેનું કર્મ-કાંડ વડે વેદોમાં પણ પ્રથમ વર્ણન આવે છે, અને જે ખૂબ જ વિસ્તારપૂર્ણ છે તેને સ્વામી શંકરાચાર્યે ''કર્મ'' શબ્દથી બતાવ્યું છે, અને આજ્ઞા આપી છે કે જે કાંઈ કર્મો,-દાન, પુણ્ય, યજ્ઞ, તીર્થ, વ્રતકરો તે વેદોક્ત રીતિ અનુસાર જ કરો, વેદોથી વિરુદ્ધ નહિ.

દ્રષ્ટાંત દરીકેઃ-એક રાજા છે. તેને નોકર-ચાકર અનેક છે. તેમાંથી કોઈ અંગત સેવા કરે છે, કોઈ સફાઈ કરે છે, કોઈ પાણી કાઢે છે, કોઈ મળ-મૂત્ર સાફ કરે છે, કોઈ ચોકી કરે છે, કોઈ ભોજન બનાવે છે, કોઈ કચેરીમાં કામ કરે છે, આમ અનેક પ્રકારે રાજાની સેવા કરે છે. રાજા એમ માને છે કે તે બધાં જ કર્મો પોતે કરે છે, અને તે બધાં કર્મો કરનારાઓ પર પ્રસન્ન રહે છે. આવું જ ઈશ્વરનું સમજવું. કોઈ મંદિરની સેવા કરે છે, તો કોઈ ધ્યાન ધરે છે, કોઈ જપ કરે છે, તો કોઈ વ્રત, કોઈ તીર્થ કરે છે, તો કોઈ માર્ગ સમરાવે છે, તો કોઈ કૂવો-તળાવ ખોદાવે છે, કોઈ પાઠશાળા બંધાવે છે, તો કોઈ દવાખાનું

ખોલાવે છે, કોઈ કૂતરાંને ખવરાવે છે, કોઈ પક્ષીઓને ચણ નાખે છે; આમ દરેક પોત-પોતાની રુચિ અનુસાર ઈશ્વરની પ્રસન્નતાની પ્રાપ્ત માટે કર્મો કરતા રહે છે. આ બધા પ્રાણીઓ વડે કરાએલાં ભિન્ન ભિન્ન કર્મોનો ઈશ્વર અંગીકાર કરે છે, અને કર્મો અનુસાર ફળ આપે છે. આટલા માટે કર્મો કરો એવો સ્વામી શંકરાચાર્યજીનો આદેશ છે, અને મારું એવું મંતવ્ય છે કે એ એક ઉત્તમ માર્ગ છે.

જે અજાચક છે, કુટુંબ-કબીલાવાળા છે, દિન-દુઃખી અને અશક્ત છે તેમને ગુપ્ત રીતે મદદ કરો. ગુપ્ત રીતે મદદ કરવાથી અંતરની પ્રસન્નતા થાય છે, અને જેના વડે ઈશ્વરની પ્રસન્નતા પ્રાપ્ત કરી શકાય છે. આવી પ્રસન્નતાની પ્રાપ્તિ લાખો ઘીની આહુતિઓ આપવાથી પણ નથી થતી. આથી દિન-દુખિયાની સેવા સમાન ઉત્તમ કર્મ બીજું એકેય નથી. મનુષ્ય સેવા એ મુખ્ય કર્મ છે, અને ઈશ્વરની પ્રસન્નતા-પ્રેમ પ્રાપ્તિ માટેનું એ બીજું સાધન છે.

સ્વામીજીએ કહ્યું છે કે કર્મો વડે ઈશ્વરની પૂજા એટલે કે સેવા કરો. હવે આ પૂજા એટલે કે સેવાનું વિવરણ કરું છું.

ઈશ્વરના બે સ્વરૂપ છે. એક છે નિરાકાર અને બીજું છે સાકાર. આમાંથી નિરાકારની પૂજા સ્થૂલ પદાર્થો વડે થઈ શક્તી નથી; કારણ કે તેને રૂપ રંગ, આકાર એમાંનું કશું જ નથી. એ અજન્મા, નિરાકાર અને નિરંજન છે. એથી તેની સ્થૂલ પદાર્થોની પૂજા થઈ શક્તી નથી તેથી સંતજનો અને ભક્તજનો તેની સાકાર મૂર્તિની પૂજા કરે છે.

હવે સાકાર રૂપમાં ઈશ્વરની અનંત મૂર્તિઓ છે, આથી જે ભક્તોને જે જે મૂર્તિમાં જેની ભાવના છે, તેઓ તે તે મૂર્તિની પૂજા કરે છે. સર્વ સ્વરૂપ

ભગવાન પોતાના ભક્તની ભાવના અનુસાર એ પ્રકારનો આકાર ગ્રહણ કરીને ભક્તના બધા મનોરથો પૂર્ણ કરે છે. એમાં જેને અચલ કહેવાય તે પ્રભુની પ્રતિમા અને ચલ છે તે સંત પોતેજ. આ ચલમૂર્તિ-સંતની સેવાથી પ્રભુ-પ્રસન્નતા પ્રાપ્ત કરી શકાય છે. આથી બુદ્ધિમાન, વિવેકી અને ઉત્તમ અધિકારીજન વિશેષ કરીને ચલ મૂર્તિ એટલે કે સંતની જ સેવા કરે છે અને એનાથી પણ વિશેષ ઉચ્ચ વૃત્તિવાળા અધિકારીજનો તો સચરાચર જીવ માત્રને ચલ-મૂર્તિ સમજીને પ્રાણી-માત્રની સેવા કરે છે. આ રીતે પોત-પોતાના અધિકાર અનુસાર પ્રભુસેવા કરે છે. આ બધા ઉપર પ્રભુની કૃપા થાય છે; કારણ કે કર્મ અને ઉપાસના બંને ઈશ્વરનો પ્રેમ મેળવવાના મુખ્ય સાધન છે. આથી સ્વામીજીએ આજ્ઞા આપી છે કે કર્મ કરો અને પૂજા-સેવા કરો.

કામ એટલે કે ઈચ્છા વડે થયેલાં કર્મો કામ્ય કહેવાય છે. સ્વામીજીની આજ્ઞા છે કે એ કામ્ય કર્મોમાં જે ધન, રાજ્ય, પુત્ર, સ્ત્રી, હાથી-ઘોડા, સ્વર્ગ, બ્રહ્મલોક વગેરે મેળવવાની જે અદમ્ય ઈચ્છા સમાયેલી છે એનો ત્યાગ કરો. આ બધી આશા સાથે જે જે કર્મો કરવામાં આવે તેને કામ્ય કર્મો કહેવામાં આવે છે. અને આથી જ આચાર્યશ્રીએ આવાં કામ્ય કર્મો ન કરવા માટેનો ઉપદેશ આપ્યો છે; કારણકે તેનાં ફળ અલ્પ-અતિ અલ્પ હોય છે; માટે તેનો ત્યાગ કરો.

સમગ્ર પાપોનો નાશ કરો હવે આ પાપ એ શું છે એનું હું અહી વિવરણ કરું છું.

જેનું ફળ દુઃખ છે તેને પાપ કહેવામાં આવે છે, અને જેના વડે બીજા જીવોને દુઃખ પહોંચે છે એને પણ પાપ કહેવામાં આવે છે. આથી મન, બુદ્ધિ કે શરીરથી કોઈ પણ પ્રાણીને દુઃખ થાય એવાં કર્મ કરવાં નહિ. કારણ પાપનું મૂળ નિષેધ કર્મ છે. આવાં નિષેધ કર્મો, જેવાં કે, શરીરથી કોઈ પ્રાણીની હિંસા

કરવી, કઠોર વાણી વડે કોઈને દુઃખ આપવું અથવા દુષ્ટ ભાવાન યુક્ત મન વડે કોઈ પ્રાણીને હાનિ પહોંચાડવાની ઈચ્છા કરવી. આ બધાં જ પાપ છે. આથી મન-કર્મ વચનથી કોઈને દુઃખ આપવું નહિ પરંતુ પ્રાણીમાત્રની પ્રસન્નતા મેળવવી, અને પોતાને બીજાથી નાના સમજવાનો પ્રયત્ન કરવો તેમજ ક્ષમાશીલ અને નિરાભિમાની બનવું. અને આથી પણ વિશેષ દૈવી-સંપત્તિના ગુણો જ્યારે અંતરમાં પ્રગટ થાય ત્યારે સમજવું કે હવે પાપોનો નાશ થયો છે; અને આમ સર્વ પાપોની નિવૃત્તિ કરવી.

ભવ એવું નામ સંસારને આપવામાં આવ્યું છે, જેનો ક્ષણે ક્ષણે ઉત્પન્ન અને નાશ થાય છે. આવા અનિત્ય સંસારના સુખ પણ અનિત્ય એટલે કે નાશવંત જ હોય કારણ વગર કાર્ય ઉદ્ભવતું નથી. આમ મૂળમાં જ જ્યાં સંસાર સ્થિર નથી ત્યાં એમાં ઉત્પન્ન થવાવાળાં સુખો તો ક્યાંથી જ સ્થિર હોય ? આથી જ ભાવના કરવી; કારણ કે તે બધાં સુખો જીવને બંધનમાં નાખીને ઉપર ઉપરથી મનુષ્યને સારા બતાવવાનો ડોળ કરીને છેવટે તો પતિત જ કરે છે. આમ પતિત થવાથી જીવ પોતાના અખંડ-આનંદ નિજ સ્વરૂપને ભૂલી જાય છે; અને અનિત્ય સંસાર સુખ એટલે કે વિષયાનંદમાં મગ્ન બને છે; અને પરિણામ તેનું શું આવશે તે એ જાણી શક્તો નથી. જે કારણો વડે જીવ એવા સુખમાં ફસાઈ જાય તે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ છે. આ પાંચ વિષયોમાં પાંચ અલગ અલગ જીવો ફસાઈ જાય છે. જેવી રીતે કે, હાથી સ્પર્શમાં, પતંગ રૂપમાં, મીન રસમાં, ભ્રમર ગંધમાં અને મૃગ શબ્દમાં ફસાય છે. એક એક અલગ જીવ એક એક વિષયના સંપર્કમાં આવે છે ને બંધનમાં આવી જાય છે, તો જે જીવ પાંચેય વિષયોના સંપર્કમાં આવે એની તો શી ગતિ થાય ? આથી જ આચાર્યશ્રીએ કહ્યું છે કે સાંસારિક સુખોમાં દોષો જુઓ.

આત્મા એટલે કે જીવ, જે ઈશ્વરના અંશ-ચૈતન્ય શક્તિ સમાન છે અને જેના વડે આ દેહની ઈંદ્રિયો તથા પ્રાણ, મન, બુદ્ધિ વિ. પોતપોતાની

ક્રિયાઓ કરે છે. જેવી રીતે લોખંડ જેમ લોહચુંબક વડે નૃત્ય કરે છે. જ્યારે આ ચૈતન્યશક્તિ આ શરીરમાંથી નીકળી જાય છે ત્યારે શરીર સુકાયેલા લાકડા સમાન બની જાય છે, અને એને જ આપણે મૃત્યુ કહીએ છીએ.

જ્યાં સુધી જીવ શરીરમાં રહે છે ત્યાં સુધી દરેક ઈંદ્રિયો પોત પોતાનો યથાશક્તિ ધર્મ બજાવે છે; જેમ કે સાંભળવું, જોવું, ખાવું-પીવું, હાલવું-ચાલવું, બોલવું-શ્વાસ લેવો, સૂંઘવું ઈત્યાદિ. આ ક્રિયાત્માઓના સંચાલકને આત્મા કહે છે. હવે આ આત્મા એ શું છે એનો વિચાર કરવો જોઈએ એટલે કેએને યથાર્થ ઓળખવો જોઈએ.

એ આત્મા ક્યા રહે છે ક્યાંથી આવે છે, ક્યાં જાય છે, એનું રૂપ કેવું છે, ક્યાંથી ઉત્પન્ન થાય છે. વિ. જાણવાની ઈચ્છાને જિજ્ઞાસાવૃત્તિ કહે છે, શુભેચ્છા પણ કહે છે. અને સાત ભૂમિકામાંથી તેને પ્રથમ ભૂમિકા પણ કહે છે. આથી સ્વામીજીની આજ્ઞા છે કે આત્માને જાણવાનો-ઓળખવાનો પ્રયત્ન કરો.

વેદાંતના સિધ્ધાંત પ્રમાણે પૂર્વોક્ત આત્માને અધિકારી જ જાણી શકે છે. વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ અને મોક્ષ-ઈચ્છા આ ચાર સાધનોથી જે મનુષ્ય સંપન્ન છે એજ અધિકારી કહેવાય છે, એમ સ્વામીજીએ પ્રથમ શ્લોકના ઉપરોક્ત વાક્યોથી સમજાવ્યું છે અને આ અંતિમ વાક્યથી વૈરાગ્ય વિષે સમજાવ્યું છે. જીવ ''ઘર છોડીને એકાંત પવિત્ર સ્થાનમાં જઈને આત્માનો વિચાર કરે' એમ જે સ્વામીજી કહે છે એનો મુખ્ય અર્થ તો એ છે કે જ્યાં સુધી જીવ ઘરમાં હોય ત્યાં સુધી પુત્ર-પરિવાર, ભોગવિલાસથી મુક્ત નથી થવાતું અને તેથી તે આત્મા વિષેનો વિચાર નથી કરી શકાતો. આથી વૈરાગ્યની જરૂર અવશ્ય છે જ. વૈરાગ્યની ઉત્પત્તિનું કારણ સત્ય અને અસત્યને જાણવું. સત્ય અને અસત્યને જાણવાથી જ વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. અને તેથી ઘર આદિ

છોડવું ઘણું સહેલું બને છે. આવા ત્યાગ-બળથી મનુષ્ય આત્મ-વિચાર કરવા શક્તિમાન થાય છે. આવા વિચારથી મનુષ્યને ઈશ્વરમાં પ્રેમ ઉત્પન્ન થાય છે, અને એ પ્રેમ વડે ઈશ્વર પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. આવી ઈશ્વર-પ્રસન્નતાથી જન્મ-મરણમાંથી નિવૃત્તિ મળે છે અને પરમ આનંદની પ્રાપ્તિ થાય છે. આથી સ્વામીજીએ પ્રથમ શ્લોકમાં અધિકારીના સાધન તરીકે વિવેક અને વૈરાગ્ય બતાવ્યા છે.

સ્વામીજી કહે છે કે ઘરનો ત્યાગ કરીને સત્ પુરૂષાનો સંગ કરો.

હવે સંત પુરૂષો કોને કહેવાય એ બતાવું છું.

રામાયણ, મહાભારત, ગીતા તથા બીજાં અનેક શાસ્ત્રો અને મહાપુરૂષોના બતાવેલાં ભજનોમાં સંત અને અસંતના લક્ષણો વિસ્તાર પૂર્વક કહેવામાં આવ્યાં છે. અહીં સામાન્ય જિજ્ઞાસુ જન સમજી શકે એવા સંતોના લક્ષણ કહું છું.

સરળ સ્વભાવવાળા, ક્ષમાવાન, વૈરાગ્યવાન, કરુણાવાન, સુખ-દુ:ખમાં સમતા જાળવી શકે તેવા, તથા નિરાભિમાની, પ્રભુપ્રેમી, જનસેવાભાવિ, પરદુ:ખે દુ:ખી, પરોપકારી, આસ્તિક, બ્રહ્મશ્રોત્રિય, બ્રહ્મનિષ્ઠ વિ. દૈવી સંપત્તિથી યુક્ત હોય તેઓને સંત માનવા.

ઉપરોક્ત કહ્યા તેવા સ્વભાવવાળા સંતોનો સમાગમ કરવો એવો સ્વામીજીનો આદેશ છે. આવા સંતોના સમાગમથી પ્રભુની ભક્તિ પ્રાપ્ત થાય છે.

ભગવાનની દ્રઢ ભક્તિને ધારણ કરો. ભક્તિ અનેક પ્રકારની છે. એમાં મુખ્ય ભક્તિ નવધા ભક્તિ છે. ભાગવત્માં પ્રહ્લાદનું વાક્ય છે કે:-

श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पाद सेवनं ।
अर्चनं वंदनं दास्यं सख्यमात्म निवेदनम् ॥

શ્રવણ ભક્તિ રાજા પરિક્ષિતે કરી. કીર્તન ભક્તિ મુનિ નારદ અને શુકદેવજીએ કરી; સ્મરણ ભક્તિ પ્રહ્લાદજી અને ધ્રુવજીએ કરી; પાદ સેવન-ભક્તિ લક્ષ્મીજીએ કરી; અર્ચન ભક્તિ પૃથુ રાજાએ કરી; વંદન ભક્તિ અક્રુરજીએ કરી; દાસ્ય ભક્તિ હનુમાનજીએ કરી; સખા ભક્તિ અર્જુને કરી; આત્મ-નિવેદન ભક્તિ બલિ રાજાએ કરી; અને દસમી ભક્તિ-પ્રેમ લક્ષણા ગોપીઓ, મીરાં, નરસી મહેતા તથા અંબરિષે કરી. આ બધી ભક્તિમાં પ્રેમ-લક્ષણા ભક્તિ સૌથી ઉત્તમ છે. પ્રેમ-લક્ષણા ભક્તિથી જેવી ઈશ્વર-પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. એવી ઈશ્વર-પ્રસન્નતા બીજી ભક્તિથી થતી નથી. પરંતુ આમાં ભેદ એક છે. એના બે પ્રકાર છે. એક દ્રઢ અને બીજી અ-દ્રઢ. દા. ત એક પતંગી રંગ અને બીજો મજીઠીઓ રંગ પતંગી રંગ પ્રથમ તબક્કે બહુ સારો લાગે છે પરંતુ ટકતો નથી, જ્યારે મજીઠીઓ દેખાવમાં એટલો સારો નથી લાગતો પરંતુ કપડું ફાટી જાય તો પણ રંગ જતો નથી રહેતો. આવું જ ભક્તિમાં પણ છે તેથી તેનું દ્રઢ અને અ-દ્રઢ પણું સમજી લેવું. દ્રઢ ભક્તિવાન જીવ પ્રાણનો ત્યાગ કરી દે છે પરંતુ ભક્તિનો એટલે કે દ્રઢપણાનો ત્યાગ કરતો નથી. રાજા હરિશ્ચંદ્ર, રતિદેવ, નરસી મહેતા, પ્રહ્લાદ, મૌરધ્વજ, મીરાં વગેરે ભક્તોએ દ્રઢ ભક્તિનો પ્રભાવ બતાવ્યો છે. આચાર્યજી દ્રઢ ભક્તિનો ઉપદેશ આપે છે, અને આજ્ઞા કરે છે જે શાંતિ આદિ દૈવી સંપત્‌ના ગુણોને ગ્રહણ કરો સંચય કરો.

હવે ઉપરોક્ત વાક્યનું હું વર્ણન કરું છું. ચાર મુખ્ય સાધનોમાંથી આચાર્યજીએ બે કહ્યાં. હવે ઉપલા વાક્યથી ત્રીજું સાધન ષટ્સંપત્તિ બતાવ્યું છે. જેમ કે શમ, દમ, તિતિક્ષા, શ્રદ્ધા, ઉપરતિ અને સમાધાન. આનું નામ

ષટ્સંપત્તિ છે. શમ એટલે મનનો નિગ્રહ, દમ એટલે ઈંદ્રિયોનો નિગ્રહ, તિતિક્ષા એટલે કે સુખ-દુઃખ, માન-અપમાન રાગદ્વેષ વગેરે સહન કરવું-સમાન ભાવથી રહેવું.

શ્રદ્ધા એટલે ગુરૂદેવ-સંતના શાસ્ત્રોક્ત વાક્યોમાં વિશ્વાસ રાખવો ઉપરતિ એટલે સાંસારિક વિષય-ભોગોથી ઉદાસીન રહેવું અને સમાધાન એટલે એ વિષયોને દૂર કરી મનનો નિગ્રહ કરવો, તેનાથી અંતરમુખ બનવું. આમ ષટ્સંપત્તિનો સંગ્રહ કરો એવી સ્વામીજીની આજ્ઞા છે. હવે તેનાથી આગળનું વાક્ય જોઈએ.

જે જે કર્મો કામના થકી કરવામાં આવે તેને કામ્ય કર્મો કહેવાય છે. જેવાં કે, યજ્ઞ, દાન, પુણ્ય, જપ, તપ, તીર્થ, વ્રત, કરૂણા, વિ. આવાં કર્મો કરવાથી બહુ ધન મળશે, સારી સ્ત્રી મળશે, રાજ્ય મળશે, મૃત્યુ પછી સ્વર્ગ મળશે, સ્વર્ગમાં અપ્સરાઓ સાથે વિમાનમાં બેસીને ફરવાનું મળશે, આવી અનેક ઈચ્છાઓથી પ્રેરાઈને જે જે કર્મો કરવામાં આવે છે તેને કામ્યકર્મ કહેવામાં આવે છે. આવા કર્મોનો ત્યાગ કરવાની સ્વામીજીની આજ્ઞા છે.

હવે આ દરેક કર્મનો વિચાર કરવાની આવશ્યકતા છે. કર્મ પાંચ પ્રકારના છે કે આ પ્રમાણે છેઃ નિત્ય, નૈમિતિક, પ્રાયશ્ચિત, કામ્ય અને નિષેધ. આમાંથી પ્રથમ ત્રણ કર્મો અધિકારીઓએ નિષ્કામનાથી કરવાં અને બાકીના બેનો ત્યાગ કરવો એવી સ્વામીજીની આજ્ઞા છે અહીં સ્વામીજીએ બાહ્ય કર્મો જ્યાં સુધી સાધન સંપન્ન ન બને ત્યાં સુધી કરવા, પછી તેનો ત્યાગ કરવા માટે, અંતઃરંગ સાધનની સાધના કરો એમ કહે છે. આચાર્યજીની આજ્ઞા છે કે કર્મનો ત્યાગ કરો અને અંતઃરંગ સાધનની વૃદ્ધિ કરો.

દ્રષ્ટાંત તરીકે, એક મનુષ્ય અચાનક એક કૂવામાં પડી ગયો. એ કૂવામાં પાંચ માથાવાળો નાગ પડ્યો છે, જે કૂવામાં પડનારનું ભક્ષણ કરી જાય

તેમ છે. પરંતુ સંજોગવશાત આ મનુષ્યને પીપળાના વૃક્ષનું મૂળ હાથમાં આવી જાય છે અને તે પકડીને અધર લટકી રહે છે. એવામાં ઉપરથી બીજા મનુષ્યની તે કૂવામાં નજર પડે છે; આથી તેને બચાવવા માટે તે ઉપરથી જાડી રસ્સી નાખે છે. હવે કૂવાની અંદરનો મનુષ્ય એક હાથે જ્યાં સુધી રસ્સીને મજબૂત પકડી શક્તો નથી ત્યાં સુધી મૂળિયાં છોડતો નથી, પરંતુ રસ્સી જેવી મજબૂત રીતે એક હાથે બરાબર પકડાઈ ગઈ એટલે તરતજ મૂળ છોડી દઈને બંને હાથે રસ્સી પકડી લે છે અને ઉપર આવે છે. અને દુ:ખથી મુક્ત બને છે આમ પ્રથમ સંપત્તિ સાધીને પછી બાહ્ય કર્મોનો ત્યાગ કરો એમ સ્વામજી કહે છે. હવે આગળ અધિકારીએ શું કરવું તે સ્વામીજી સમજાવે છે.

દરરોજ બ્રહ્મશ્રોત્રિય, બ્રહ્મનિષ્ઠ મહાત્મા પાસે જવું અને તેની પાદુકાઓનું સેવન કરવું.

સાધન-સંપન્ન બનીને બ્રહ્મવેત્તાને શરણે જાઓ અને એની સેવા કરો.

મારા કોઈ ગત્ જન્મના પુણ્ય પ્રભાવથી આપનું શરણ લીધું છે. તો દયા કરીને હે પ્રભુ, મને આ સંસારચક્રમાંથી બચાવો અને હું કોણ છું, ક્યાં જઈશ, મારૂં સ્વરૂપ શું છે એનાથી હું અજ્ઞાત છું, તો હે પ્રભુ, દયા કરીને મારો કલ્યાણમાર્ગ મને ચીંધો. આમ ગુરૂ પાસે વિનયયુક્ત પ્રશ્ન કરે છે ત્યારે જ્ઞાની, તત્વદર્શી જ્ઞાનનો ઉપદેશ કરે છે અને તેનાથી દુ:ખની નિવૃત્તિ થાય છે. આવો ઉપદેશ આચાર્યજીએ ગુરૂ-શરણે જવાનો બતાવ્યો છે. હવે આગળ સ્વામીજી શું કહે છે તે જોઈએ :-

ૐ રૂપ એકાક્ષર બ્રહ્મનું અર્થ સહિત ચિંતન કરો. સર્વના મસ્તકરૂપ સર્વોત્તમ ઉપનિષદ્ વાક્યોનું ગુરૂમુખે શ્રવણ કરો. આવી આજ્ઞા આચાર્યજીએ આપી છે.

હવે આ વાક્યનું તાત્પર્ય બતાવું છું.

બ્રહ્મ એ વેદનું બીજું નામ છે. અને વેદ એ ૐકાર સ્વરૂપ છે. આથી વારંવાર ૐકારનો ઉચ્ચાર કરો પરંતુ ઉચ્ચાર બરાબર અર્થ સમજીને કરો એવી સ્વામીજીની આજ્ઞા છે. આ વાક્યમાં સ્વામીજીએ નામોચ્ચારણ કરવાનું બતાવ્યું છે કારણ કે નામ સ્મરણ એ અતિ ઉત્તમ છે. ઈશ્વરના અનંત નામો છે. જેવાં કે રામ, કૃષ્ણ, ગોવિંદ, માધવ, વિષ્ણુ, દામોદર, શંકર, શંભુ, ઈત્યાદી એનો અર્થ સમજીને ઉચ્ચાર કરો. ઓમકારવત્ સર્વ નામો બ્રહ્મ સ્વરૂપ છે. એમાં કશો જ ભેદ નથી. પરંતુ અલ્પ બુદ્ધિવાળા તેમાં ભેદ માને છે. જ્યારે વિચારવાન આત્મદર્શીઓ જરાય ભેદ માનતા નથી. આથી અભેદવાદી બનીને નામોચ્ચાર કરો, અને સર્વ શાસ્ત્રોના મુગુટ સ્વરૂપ ઉપનિષદોના વાક્યોનું ગુરૂમુખેથી શ્રવણ કરો. કારણ કે સમુદ્રનું ખારૂં પાણી જેમ વાદળો દ્વારા અમૃત તૃલ્ય બને છે તેમ ગુરૂમુખે શ્રવણ કરેલાં બ્રહ્મ વાક્યો અમૃત તુલ્ય બને છે. માટે બ્રહ્મવેત્તા ગુરૂને મુખેથી શ્રવણ કરવાથી કલ્યાણ માર્ગ મળે છે અને ગૂઢ તત્વાર્થ સમજાય છે. પોતાને જ વિદ્વાન સમજીને, અભિમાની બનીને શાસ્ત્રોનો વિચાર કરશો તો ક્યારેય પણ તેનો સાચો અર્થ નહિ સમજાય, અને સઘળો પરિશ્રમ વ્યર્થ જશે, જેવી રીતે ધાન્ય વિનાના ફોફાં કૂટવાથી ફળ નથી મળતું તેવી રીતે ગુરૂમુખે શ્રવણ કર્યા વિનાં ફળ નથી મળતું.

આવું તાત્પર્ય સ્વામીજીના વાક્યનું છે જ્ઞાનના અંતરંગ સાધન આઠ છે. એમાંથી પ્રથમ ચાર સ્વામીજીએ બતાવ્યાં છે; જેવાં કે વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ અને મુમુક્ષા. હવે બાકીનાં ચાર જેવાં કે શ્રવણ, મનન, નિદિધ્યાસન અને તત્-ત્વંનો વિચાર. આ ચાર માંથી શ્રવણ વિષે સ્વામજીએ બતાવ્યું. હવે ત્રીજા શ્લોકમાં મનન વિષે બતાવ્યું છે, જેનું હવે હું વર્ણન કરું છું.

હવે આચાર્યજી મનન વિશે કહે છે.

तत्वमसि ઈત્યાદિ ચાર વેદોના જે ચાર વાક્યોમાં અર્થ છે તેનો વિચાર કરો અને શ્રુતિશિર એવું ઉપનિષદ્ એનો પક્ષ એટલે કે સિધ્ધાંત, તેનો સ્વીકાર કરો. **दुस्तर्क** એટલે કે શાસ્ત્ર-સિદ્ધાંત વિરુદ્ધ જે છે તેનો ત્યાગ કરીને શ્રુતિ અનુસાર શંકા કરો. આ શંકાનું નિવારણ ગુરુ-પ્રેમથી થાય છે. સ્વામી શંકરાચાર્યનો આવો ઉપદેશ છે. હવે એનું વિશેષ તાત્પર્ય મારી બુદ્ધિ અનુસાર હું કહું છું.

તત્વમસિ આદિ જે ચાર વેદનાં ચાર વાક્યો છે, તે જીવ-બ્રહ્મની એકતા બતાવે છે. જેવી કે તું બ્રહ્મ સ્વરૂપ છે, ઉપાધિથી લીન દેખાય છે પરંતુ લીન છે નહિ. જેવી રીતે લગભંગ આખું આકાશ ઉપાધિથી ઘટાકાશ, મઠાકાશ, જલાકાશ-ઉપાધિથી યુક્ત બને છે; પરંતુ ઘટ, મઠ અને જલની ઉપાધિથી નિવૃત્ત થતાં જેવું સ્વચ્છ આકાશ છે તેવું જ દેખાય છે, તેવી જ રીતે જીવને માટે અવિદ્યા અને માયાની નિવૃત્તિ થતાં જીવ અને ઈશ્વર બ્રહ્મરૂપ જ છે, એવું મનન અવશ્ય કરવું જોઈએ. મનનથી સંકલ્પ દ્રઢ બને છે. એ મનનમાં શંકા ઉપસ્થિત થાય તો શ્રુતિના સિધ્ધાંતો અનુસાર કરવી પરંતુ શ્રુતિ વિરુદ્ધ, કાલ્પનિક શંકાઓ ન કરવી. કારણ કે તેમ કરવાથી બુદ્ધિ ભ્રષ્ટ બને છે. અને સત્ય બ્રહ્મમાં નિશ્ચયવાળા થઈ શકાતું નથી. આ વ્રત આચાર્યજીએ દયા કરીને બતાવ્યું છે. તર્ક કરો પરંતુ દુસ્તર્ક ન કરો, અને તર્ક કરો તે પણ શ્રુતિ અનુસાર જ કરો. દા.ત. ગુરૂજીએ શિષ્યને કહ્યું કે, હે પુત્ર, આ જે સંસાર છે તે વંધ્યાનાં

પુત્ર સમાન અસત્ છે. ત્યારે શંકા કરવી કે હે ગુરૂ, આપનાં વાક્યો સત્ય છે, પરંતુ મને તો જે દેખાય છે તે સત્ય ભાસે છે, પછી હું કેવી રીતે માનું? મારા અંતરમાં આપના બોધનો નિશ્ચય થતો નથી, આપ જેવાના કહેવાથી આપ કહો છો તે હું માની લઉં છું બાકી મારા અંતરમાં પ્રકાશ નથી પડતો, શંકાની નિવૃત્તિ નથી થતી. માટે દયા કરીને કંઈ બીજી યુક્તિથી સમજાવો તેથી હું નિશ્ચિત બની શકું. આથી પ્રસન્નતા સહિત ગુરૂ કહે છે કે, હે બેટા ! સ્વપ્ન સૃષ્ટિ, ઓંસનું પાણી, દોરડીમાં સર્પનું ભાસવું, તથા નૌકાના ચાલવાથી વૃક્ષોનું ચલન ભાસે છે વગેરે દ્રષ્ટાંતોનો વિચાર કરો અને નિશ્ચય કરો કે જગત જે દેખાય છે-ભાસે છે તે મિથ્યા છે જેવી રીતે ઉપરોક્ત પદાર્થો ન હોવા છતાં સત્ય દેખાય છે. આ માત્ર ભ્રાંતિ વડે અને અજ્ઞાનતાથી જ ભાસે છે, તેવી જ રીતે આ આખો સંસાર પણ અજ્ઞાનતાથી જ દેખાય છે. મૂળમાં તો છે જ નહિ. માત્ર કલ્પના છે. માટે ખૂબ મનન કર, વિચાર કર અને પછી નિશ્ચય કર એમ જ્યારે ગુરૂએ કહ્યું ત્યારે શિષ્યને મનન કરવાથી કે ખુબ વિચાર કરવાથી પણ શંકા દૂર ન થઈ ત્યારે શિષ્યે ફરી શંકાપૂર્વક ગુરૂને પૂછ્યું કે:

ઓંસના પાણીથી તૃષા છીપે છે, માટે આ સંસાર સત્ય છે, એવી મને જે પ્રતિતિ થાય છે તે મિથ્યા છે એવો મારાથી નિશ્ચય થઈ શકતો નથી. માટે હે ગુરૂ, દયા કરીને બીજી કોઈ યુક્તિથી મને સમજાવો.

ગુરૂએ શિષ્યને કહ્યું: હવે તું બરાબર ધ્યાન દઈને સાંભળ. હવે હું એવી યુક્તિથી તને સમજાવું છું કે જેથી તારા મનનું સમાધાન થઈ શકે: તને સંસાર સત્ય ભાસે છે, તે ઠીક છે, પરંતુ જેમ ઈશ્વર સત્ય છે તેમ આ સંસાર ઈશ્વર-સ્વરૂપ છે. ઈશ્વરથી અલગ એવી કોઈ વસ્તુ નથી. જેવી રીતે ખાંડનાં રમકડાં, લોખંડના શસ્ત્રો, સુવર્ણના દાગીનાં, માટીનાં વાસણો, લાકડાંનાં દરવાજા, વગેરે જેવી રીતે તદરુપ છે. આદિ, અંત અને મધ્યમાં સુવર્ણ કે માટી છે; જ્યારે નામ અને રૂપ માત્રના ફેરફારથી તે ભિન્ન ભિન્ન પ્રકારની લાગે છે

પરંતુ મૂળગત રીતે જોતાં તે ભિન્ન ભિન્ન નથી, તેવી રીતે આ સંસાર, નામ, રૂપ, વર્ણ, જાતિ, સ્ત્રી, પુરૂષ, પશુ, વૃક્ષ, પહાડ, નદી ઈત્યાદિ ભિન્ન ભિન્ન દેખાય છે પરંતુ સર્વમાં ઈશ્વર છે, જ ઈશ્વર વિનાની એક પણ વસ્તુ નથી. માટે હે બેટા, તું સૂક્ષ્મ રીતે વિચાર કર. બળદ જેમ જંગલમાં જઈને ઘાસ ખાય છે તેમ તું જ્યાં સુધી મનન અને ફરી ફરી મનન નહિ કરે ત્યાં સુધી તને નિશ્ચય નહિ થાય.

હવે ત્યાર પછીના વાક્યથી સ્વામીજી નિદિધ્યાસન તથા તત્વનો વિચાર અને તેના અંતરંગ સાધનને બતાવે છે જેનું હું હવે વર્ણન કરું છું.

બ્રહ્મ જે સચ્ચિદાનંદ છે એ હું જ છું એવી રાત દિવસ ફરી ફરીને ભાવના કરો. અને ગર્વ એટલે કે મમતાનો ત્યાગ કરો, દેહમાં જે અહં બુદ્ધિ છે તેને છોડો અને બુદ્ધિમાન વિદ્વાન પુરૂષો સાથે વાદ-વિવાદ કરો છો તેનો પણ ત્યાગ કરો. આવો ઉપદેશ આચાર્યજી કરે છે. હવે એનું વિવરણ થોડા વિસ્તારથી હું કરું છું.

હું બ્રહ્મ છું, હું અજન્મા છું, નિર્વિકાર છું, અવિકારી, અછેદ્ય, અદાહ્ય, અકલેદ્ય, અશોચ્ય, પરિપૂર્ણ અને સર્વનો અધિષ્ઠાતા તથા સર્વરૂપ હું છું એવી ભાવના નિરંતર કરો. એટલે કે ખાવું પીવું, પહેરવું વગેરે શારીરિક, માનસિક, વાચિક ક્રિયાઓ કરતાં કરતાં પણ ચૂક્યા વગર આમ ચિંતન કર્યા કરો તેનું જ નામ નિદિધ્યાસન છે. જેમ આંખમાં કણું પડ્યું હોય, પગમાં કાંટો લાગ્યો હોય તે બધી ક્રિયાઓ કરવા છતાં ભૂલી શકાતું નથી તેમ નામસ્મરણ ભૂલવું નહિ. જેમ ભમરીએ દંશ દીધો હોય અને તે દંશ ભૂલી શકાતો નથી પણ ભમરીરૂપ બની જવાય છે તેવી રીતે ઈશ્વરરૂપ બનીને નિદિધ્યાસન કરશો તો જ બ્રહ્મમય બનશો. આ વાતના સમર્થન રૂપે ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં અર્જુનને કહ્યું છે કે :-

અંતકાલમાં જે જાતિની સ્મૃતિ રહે છે એ પદાર્થમાં જીવ જાય છે અને તેવી તેની ગતિ થાય છે. તેથી દિનરાતે ક્ષણે ક્ષણે તેનો અભ્યાસ કરવો. આને નિદિધ્યાસન કહે છે.

મમતા અને અહંભાવ બંને બંધનકર્તા છે. આથીજ કહ્યું છે કે **अहं ममेति बंधनाहं ममेति मुक्तः** આથી સ્વામીજીએ કહ્યું છે કે સ્ત્રી, પરિવાર, નોકર-ચાકર વિ. જે કાંઈ ઘરમાં પદાર્થો છે તેમાંથી મમતા છોડો એટલે કે ગર્વનો ત્યાગ કરો અને દેહમાં જે કાંઈ અહં પણું છે, જેમ કે, હું કૃષ્ણ-શ્વેત છું, હું મોટો છું, બળવાન છું, રાજા છું, બ્રાહ્મણ છું, વૈશ્ય છું, ક્ષત્રિય છું, શુદ્ર છું, ગૃહસ્થ છું, બ્રહ્મચારી છું, વાનપ્રસ્થ છું, સંન્યાસી-યોગી-યતિ છું, હું ભક્ત છું, હું જન્મું છું-મરું છું, આવી આવી ભાવનાને અહંકાર કહે છે, તેનો ત્યાગ કરો. અને બુદ્ધિમાન બ્રહ્મનિષ્ઠ મહાત્મા સાથે વાદ-વિવાદ ન કરો કારણ કે વાદવિવાદ કરવાથી બુદ્ધિ ચંચળ બની જાય છે અને છિદ્રાળુ થઈ જાય છે, જેના વડે કરેલો પુરૂષાર્થ પણ નિષ્ફળ જાય છે. સ્વામીજીએ આ પ્રમાણે ઉપદેશ આપ્યો છે. આ ત્રણ શ્લોક સુધીમાં ચોથી ભૂમિકા જે **सत्वापति** છે, તે બતાવી છે. આ ભૂમિકાને પ્રાપ્ત કરવાવાળા ફરી સંસારમાં આવતા નથી, અને મનુષ્ય જન્મ સફળ અને સિદ્ધ થાય છે. એને માટે પછી બીજું કશું જ કરવાનું રહેતું નથી. માત્ર જ્યાં સુધી આયુષ્ય હોય ત્યાં સુધી જીવવું પડે છે એટલું જ. દેહાદિકને લગતી ક્રિયાઓ પણ કરવી પડે છે કારણ કે આયુષ્યનું નિર્માણ શરીરની સાથે થઈ ચૂક્યું છે. આથી એને પુરું કરવું જ રહ્યું. મુખ્ય કાર્ય હતું-બ્રહ્મને યથાર્થ રીતે જાણવાનું એ જાણી લીધા પછી શરીર સાથેનો સંબંધ રહે કે ન રહે એ બધું જ સરખું છે. શરીરને હાનિ થાય કે લાભ એ પણ એટલું જ સમાન છે; પરંતુ આયુષ્યનું નિર્માણ શરીર સાથે હોવાથી જ્ઞાની કે અજ્ઞાનીએ શરીરનું પાલન કરવું રહ્યું. આથી સ્વામીજીએ જ્ઞાન થયા પછી એટલે કે ચોથી ભૂમિકાએ પહોંચ્યા પછી કેવી રીતે રહેવું તે બતાવ્યું છે. આત્મધનની પ્રાપ્તિ

તો થઈ ગઈ; પરંતુ તેને લૂંટી લેવાવાળા બળો અનેક છે. આથી જ્ઞાન પ્રાપ્ત થયા પછી અસંભાવના અથવા વિપરિત ભાવના પેદા ન થાય એટલા માટે તેના સતત અભ્યાસ દ્વારા રક્ષા કરવી. જેવી રીતે ચમારના પડોશમાં રહેતા બ્રાહ્મણે પોતા-પણું બચાવવું જોઈએ તેવી રીતે શરીરમાં રહેવાવાળા જીવે પણ પોતાનાં શુદ્ધ સ્વરૂપને સાચવવું જોઈએ. આથી સ્વામીજી હવે એ બતાવે છે કે શારીરિક ક્રિયાઓ કરવાથી બંધન ન આવે. અને તે વસ્તુ હવે હું વિસ્તારપૂર્વક આપ સૌને કહીશ જે આપ સાવધાનીપૂર્વક નિશ્ચય મનથી ધારણ કરશો.

બ્રહ્મ પ્રાપ્તિનો માર્ગ

ક્ષુધારૂપી વ્યાધીની સારવાર કરો. પ્રતિદિન તેને ઔષધિ (ભોજન) આપતા રહો. સ્વાદિષ્ટ ભોજનની યાચના ન કરો. પ્રારબ્ધવશાત્ જે કાંઈ મળે તેનાથી સંતુષ્ટ થાઓ.

આ પ્રમાણે ઉપરોક્ત વાક્યો સ્વામીજીના છે હવે એનો વિસ્તૃત અર્થ સમજાવું છું :

મનુષ્યના આયુષ્યનું નિર્માણ તેના જન્મની સાથે જ વિધાતાએ કરી દીધું હોય છે. ઈશ્વરે આ સૃષ્ટિની એવી નીતિ રચી છે કે, જેનું જે પ્રકારે નિર્માણ થયું એનું એજ પ્રકારે થતું રહે. એમાં તલમાત્રનો પણ ફેર નથી પડતો. જેવી રીતે શીત-ઉષ્ણ ઋતુ, રાત-દિવસ ને સૂર્ય-ચંદ્ર આદિ નિયમિત પોતપોતાનું કાર્ય કર્યા કરે છે તેવી રીતે જેનું જેટલું આયુષ્ય એટલું એણે ભોગવવું પડે છે તે એમાં જીવની ઈચ્છા-અનિચ્છા કામ નથી આવતી. જે કામ માટે જીવ આ જગતમાં આવ્યો છે, એ કામ એ પુરૂં કરે કે ન કરે; પરંતુ ઈશ્વરની નીતિ બદલતી નથી. આવી રીતે સમજવાવાળા અલ્પ આયુષ્યવાળાએ પોતાનું પ્રથમ મુખ્ય કર્તવ્ય, જે પોતાના સ્વરૂપને ઓળખવાનું છે તે ઓળખવા માટે સત્ગુરૂના ઉપદેશ દ્વારા જાણીને, સત્સંગ દ્વારા ગ્રહણ કરીને, તુચ્છનો ત્યાગ કરીને, મહાન પુરુષાર્થ વડે જન્મ-મરણમાંથી નિવૃત્તિ અપાવવાવાળી ચોથી ભૂમિકા પ્રાપ્ત કરવી અને શેષ આયુષ્ય શરીરમાં સાથે રહીને વ્યતિત કરવું. આ

આત્મરૂપી ધનને ઝૂંટવીજવાવાળા બહુજ હોશિયાર અને ઠગ હોય છે. સાધનનો અનેક રૂપોદ્વારા નાશ થાય છે. ક્યારેક ક્ષુધા, ક્યારેક તૃષા-આમ રૂપ-રૂપાંતર વડે તે ઠગાઈ જાય છે. આથી આચાર્યજી ચોથી ભૂમિકા પ્રાપ્ત કરેલા જીવો પ્રતિ દયા લાવીને તેમને બાકીનું શેષ જીવન કેમ વ્યતીત કરવું તેનાં સાધનો બતાવે છે. હે અધિકારી, આ શરીર અન્નથી ઉત્પન્ન થયું છે અને અન્ન વડે જીવશે. માટે ભૂખને શાંત કરવા અને પ્રાણનું રક્ષણ કરવા માટે અન્ન ગ્રહણ કરજે. પરંતુ તે અન્ન ભિક્ષાનું હોવું જોઈએ કારણ કે અન્નક્ષેત્રોનું અન્ન અધિક પવિત્ર છે. તું આત્મચિંતન કરવાવાળો અધિકારી છે માટે તે તારા માટે નિર્દોષ છે. પરંતુ જેઓ આત્મચિંતન નથી કરતા અને આળસુ અને પ્રમાદી છે અને કમાવું નથી તથા પારકું અન્ન ખાઈને બેસી રહેવું છે તેમને માટે ભિક્ષાનું અન્ન બહુ ખરાબ છે, કારણ કે :-

संसारीका टुकडा लंबे वाके दांत
भजन करे उग रे नहि तो काढे आंत ।

એટલા માટે ઘણા ગ્રંથોમાં ઈશ્વરના સાચા ભક્ત, સંત, સાધુ, બ્રાહ્મણ વગેરે માટે પણ ભિક્ષાનું અન્ન નિષેધ ગણ્યું છે; ત્યારે બીજાની તો ક્યાં વાત રહી? અને અત્યારે વીસમીસદીમાં જન્મેલા તો કોઈને પણ ભિક્ષા આપવાની જ મનાઈ કરે છે. કામ-ધંધો કરીને ખાઓ એવો પ્રચાર કરે છે અને કોઈ ભિક્ષા માંગવાવાળાને ભિક્ષા આપતા નથી. કારણ કે અત્યારે કળિયુગ છે અને કળિયુગમાં દંભી લોકો પણ બહુ થઈ ગયા છે. સાચા ભક્તો તો ભાગ્યવશાત્ જ સાંપડી આવે છે. આથી આધુનિક જમાનાવાળાને દોષ નથી. પરંતુ સર્વને સમાન સમજવા જઈએ આથી પોતે પોતાની કમાઈ કરીને ખાવું એ પ્રાણીમાત્ર માટે સુખનું સાધન છે. જેઓ અન્ન ખાઈને માત્ર પ્રાણ ટકાવી રાખવા ઈચ્છે અને આત્મચિંતન કરે છે તેમને માટે ભિક્ષાનું અન્ન વધારે સારું છે. માત્ર ભેદ એટલો કે તેમણે સ્વાદિષ્ટ ભોજનની ઈચ્છા કરવી જોઈએ નહિ એવો

સ્વામીજીનો આદેશ છે. પોતાના પ્રારબ્ધવશાત્ જેવું મળે તેવું પછી તે મીઠું હોય, કે ખાટું હોય, ગંધારું હોય, કડવું હોય કે સ્વાદિષ્ટ હોય-તેનાથી સંતોષ માનવો અને પ્રેમથી ગ્રહણ કરવું અને ઈશ્વર ભજન કરવું. એવી જ રીતે પહેરવા માટેના વસ્ત્રોનું પણ સમજવું. પ્રાણ નિર્વાહક ઘણા પદાર્થો છે, જેના વગર પ્રાણ ટકતો નથી, તેનું ગ્રહણ કરી લેવું તે વિધિયુક્ત છે એમ સ્વામીજી કહે છે.

હવે તેને માટેના સાધન બતાવે છે.

શીત-ઉષ્ણ, સુખ-દુઃખ, હાનિ વગેરેને સહન કરો, વ્યર્થ વાતો ન કરો, અને ઉદાસીનતાને ગ્રહણ કરો અને લોકોની કૃપારૂપી નિષ્ઠુરતાનો ત્યાગ કરો.

હવે ઉપરોક્ત વાક્યોને વિસ્તૃત અર્થમાં હું વર્ણન કરું છું.

જ્યાં સુધી અનાત્મ શરીર સાથે જીવને સંબંધ છે ત્યાં સુધી ઠંડી-ગરમ, સુખ-દુઃખ, હાનિલાભ, વિજ્ઞાની અથવા અજ્ઞાનીએ અવશ્ય ભોગવવાના જ રહે છે. આથી આચાર્યજી યોગી, જ્ઞાની અને ભક્તને માટે સાધનોની પરંપરા બતાવે છે. મનુષ્ય ચાર પ્રકારનાં છે. પામર, વિષયી, જિજ્ઞાસુ અને જ્ઞાની. એમાંથી પામર અને વિષયીને છોડીને જે જિજ્ઞાસુ અને જ્ઞાની છે તેમને માટે આ ઉપદેશ છે. કારણ કે તેઓ સત્ શાસ્ત્રોના અવલોકન કરીને, ગુરૂમુખી બનીને, સાંસારિક ભોગ-વિલાસોને નશ્વર સમજીને પોતાન આત્મ-કલ્યાણ માટે પ્રયત્ન કરે છે. ઈશ્વર-કૃપા અને પોતાની કૃપાથી સાધન-સંપન્ન બનીને અભ્યાસ દ્વારા અત્મચિંતનમાં લાગી રહે છે. આ બેમાંથી જે જ્ઞાની છે તેણે પોતાનું યથાર્થ સ્વરૂપ જાણી લીધું હોય છે, અને જે જિજ્ઞાસુ છે તે જાણી લેવાનો પ્રયત્ન કરતો હોય છે. આ બંનેને તેમની જીવન-મુક્તિના સુખ માટે અને પ્રયત્ન વડે પ્રાપ્ત થયેલી આત્માની ઓળખની રક્ષા માટે આજ્ઞા કરે છે.

કેટલાંક સ્ત્રી-પુરૂષો એવાં હોય છે કે તેમને રાત દિવસ બકબકાટ

કરવાનો સ્વભાવ હોય છે. જે વાતોથી વ્યવહારિક કામો પણ નથી થતાં અને પરમાર્થ પણ સિદ્ધ નથી થતો એવી વ્યર્થ વાતોથી કેવળ જીવન ઓછું થાય છે; આથી વ્યર્થ વાતો કરવી નહિ. એમ છતાંએ વાતો કરવાની ઈચ્છા થાય તો ઈશ્વરે જે માયા વડે પૃથ્વી અને ધર્મ માટે અવતારો લીધા અને લીલા એટલે કે કર્મો કર્યા તેની વાતો-ચર્ચા કરવી જોઈએ. પરંતુ અર્થહીન વાતો ન કરવી જોઈએ; અને ઉદાસીનતા એટલે કે ઉપરામતા કેળવવી જોઈએ, અને શાંતિમાં રહેવું જોઈએ-અખંડ આત્માનંદ એટલે કે બ્રહ્માનંદમાં લીન રહેવું જોઈએ.

મનુષ્યોની કૃપા એ મહાન અભ્યાસી હાનિકારક છે. આને માટે એક લોકોક્તિ છે કે :-

लोका केरी प्रितडी, अवगुन है गुन नाहि
पहेले चडावे पाटले पछी ध्रूसकावे ध्रो मांही

જેવી રીતે ગુર્જર કન્યાઓ ''દિવાસરા''માં દેવીની મૂર્તિ બનાવીને તેને વસ્ત્ર-આભુષણ પહેરાવીને ખૂબ આનંદપૂર્વક નગરની શેરીઓમાં ફરે છે અને પછી જ્યારે સૂર્યાસ્ત થાય છે ત્યારે આભૂષણો ઉતારી લઈને નદી અથવા કૂવામાં ફેંકી દે છે એવા જ પ્રકારની લોકોની પ્રીત-કૃપા સમજવી. આથી એવી પ્રીતિરૂપ નિષ્ઠુરતાનો ત્યાગ કરવો. લોક-વાસના જેવી ખરાબ વાસના બીજી એકેય નથી. ઘણા લોકો પ્રથમ વૈરાગી બનીને પોતાના દેશ, ગામ, જાતિ, માતા-પિતા, ભાઈ, સંબંધી, ઘર, ધન વગેરેનો ત્યાગ કરીને જંગલમાં જતા રહે છે અને પોતાનો ઉદ્ધાર કરવા બ્રહ્મ વિદ્યાનું અધ્યયન કરે છે અને પોતાની ઈચ્છા અનુસાર દિક્ષા પણ લે છે અને કોઈ સંપ્રદાયના સાધુ-સંન્યાસી બનીને વિચરે છે; લોકોને કથા સંભળાવે છે, લોકો તેની પ્રશંસા કરે છે, પૂજા કરે છે, ધન આપે છે. આમ એ લોકોના સંગથી પેલો વૈરાગી પોતાનું કર્તવ્ય છોડીને માયામાં ફસાઈ જાય છે અને મોટાં મોટાં મકાનો બંધાવે છે, શિલ્પો કોતરાવે છે, ખેતી કરે છે, ગાયો રાખે છે અને અન્ય પ્રકારનો વેપાર પણ કરે છે. આમ

ગૃહસ્થોથી પણ અધિક ધનવાન બની મોટો શ્રીમાન પોતાને કહેવડાવે છે. હવે વિચારીને જુઓ કે પ્રથમ એ તદન વૈરાગી હતો પરંતુ લોકોની કૃપારૂપ નિષ્ઠુરતાથી તે ફરી ભ્રષ્ટ થયો આથી સ્વામીજીની આજ્ઞા છે કે તેનો ત્યાગ કરો, નહિ તો પતિત થઈ જવાય છે.

હવે પાંચમાં શ્લોકમાં સત્વાપતિથી ઉપર જે ત્રણ ભૂમિકા છે જેવી કે અસંશક્તિ, પદાર્થ-અભાવના અને તુરીયા જેના વડે જીવન મુક્તિનું સુખ માણી શકાય છે તેના માટેનાં સાધન સ્વામીજી બતાવે છે.

સુખપૂર્વક એકાંત સ્થાનમાં બેસો અને અખંડ આનંદરૂપ પ્રભુમાં ચિત્તનું સ્થાપન કરો.

એકાંતનો અર્થ અહીં એ છે કે, ગંગા આદિ નદીનો કિનારો અથવા જ્યાં શીતળ મધુરાં જલનું તલાવ અને કૂવો હોય, જ્યાં મચ્છર આદી જંતુઓનો ત્રાસ ન હોય, ઋતુઓની અનુકૂળતા હોય, જ્યાં માણસોની ભીડ થતી ન હોય, જ્યાં દેહ-નિર્વાહ માટેના સાધનોની સુગમતા હોય અને જ્યાં સત્સંગ કરવા માટે સાધુ પુરૂષોનું સ્થાન હોય, આવી જ્યાં સામગ્રી હોય તેવા દેશ-સ્થાનમાં સુખપૂર્વક સર્વ ચિંતાઓ છોડીને પ્રીતિયુક્ત મનવાળા થઈને બેસવું. કેવળ એકાંતમાં બેસવાથી કંઈ નહિ વળે. કારણ કે ઘણા પશુ-પંખીઓ પણ એકાંતમાં રહે છે, પરંતુ તેમને કશું ફળ નથી મળતું. આથી સ્વામીજીએ કહ્યું છે કે, એકાંત સ્થાનમાં બેસી, આત્મચિંતન દ્વારા, સર્વથી પર બનીને, આત્મ સ્વરૂપ બ્રહ્મમાં ચિત્તને સ્થાપન કરો. કારણ કે અંતર મુખ બન્યા વગર આનંદની પ્રાપ્તિ થતી નથી. અને બ્રહ્માનંદની પ્રાપ્તિ વિના સર્વ શ્રમ તદન નિરર્થક છે. આથી એકાંતમાં બેસીને ચિત્તને પ્રભુમાં જોડો અને વધુમાં કહે છે કે :-

આ સંસારને પૂર્ણ બ્રહ્મ સ્વરૂપ જાણો અને એ પરબ્રહ્મને કલ્પિત જાણો.

હવે ઉપરોક્ત વાક્યનો વિસ્તૃત અર્થ કહું છું.

નેત્રો વડે જેને જોઈ શકાય છે અને કાનો વડે જેને સાંભળી શકાય છે. એવા સ્થાવર અને જંગમ ઉદ્‌ભિજ, જરાયુ, સ્વેદજ અને અંડજ એવા ચાર પ્રકારે જેની ઉત્પત્તિ છે તે પ્રાણી માત્ર જંગમ કહેવાય છે, અને પહાડ-પર્વત જે હાલી-ચાલી નથી શકતા તેઓ સ્થાવર કહેવાય છે. જેને પ્રત્યક્ષ નેત્રો દ્વારા જોઈ શકાય છે તે સર્વ તથા અને જે શાસ્ત્રો વડે કાને સાંભળેલા સાત નીચેના લોક, જેવા કે, સુતલ, અતલ, પાતાલ, તલાતલ, વિતલ ઈત્યાદિ તથા ઉપરના લોક, ભૂઃ, ભૂવઃ, સ્વઃ, જનઃ, મહઃ, તપઃ, અને સત્યઃ આમ ઉપરના ચૌદ લોકો એટલે કે સ્વર્ગ, મૃત્યુ અને પાતાલ એ સર્વ પૂર્ણ બ્રહ્મમય છે.

ઈશ્વર વિનાની કોઈ વસ્તુ નથી. જેમ વસ્ત્ર તંતુમય છે તેમ સંસાર બ્રહ્મમય છે. સંસાર એ કલ્પના માત્ર છે, માત્ર જોઈ શકાય છે. વિચાર કરીએ છીએ તો કશી વસ્તુ સિદ્ધ હોતી નથી. જેવી રીતે કેળાનું વૃક્ષ. કારણ કે ઈશ્વર જગતના વિવૃત ઉપાદાન કારણ છે. એનો અર્થ એ કે જે મૂળમાં હોય નહિ અને અન્ય રીતે બની દેખાય. જેવી રીતે દોરડીમાં સર્પ દેખાય છે, તેવી જ રીતે આ સંસારમાં સચ્ચિદાનંદ પ્રભુ પોતાના સ્વરૂપથી ન્યારા રહીને જગત-આકારે દેખાય છે. આનું નામ વિવૃત-ઉપાદાન. આથી આચાર્યજીએ કહ્યું છે કે તેને કલ્પિત સમજો. આ વાકયથી આચાર્યજીએ અસંશક્તિ ભૂમિકા બતાવી. હવે ઉપરની બે ભૂમિકા બતાવે છે.

પૂર્વનાં જે કર્મો છે તેને જ્ઞાનના બળથી બાળો અને વર્તમાન કર્મો સાથે ચાલો નહિ, પ્રારબ્ધ કર્મો ભોગવો, અને બ્રહ્મસ્વરૂપ બનીને સ્થિર રહો.

હવે ઉપરોક્ત વાક્યોનો વિસ્તૃત અર્થ હું કહું છું :-

કર્મ ત્રણ પ્રકારના છે : સંચિત, ક્રિયમાણ અને પ્રારબ્ધ જે આ જન્મ

અગાઉ થયેલાં છે તે સંચિત કહેવાય છે, જે આ વર્તમાન જન્મમાં શરીર, મન અને વાણીથી દરરોજ થાય છે તેને ઉત્તર કર્મ એટલે ક્રિયમાણ અને શરીરની ઉત્પત્તિ વખતે વિધાતાએ નક્કી કરેલાં જે સંચિત કર્મોમાંથી ચાલુ જન્મમાં કેટલાં કર્મ કરી શકશે, કેટલું આયુષ્ય ભોગવી શકશે વિ.-લોકો જેને વિધાતાના લેખ કહે છે તેનું નામ પ્રારબ્ધ કર્મ છે આમ ત્રણ પ્રકારનાં કર્મો છે.

દ્રષ્ટાંત તરીકે એક ખેડૂતે ખેતી કરી તો ચારસો મણ અનાજ પેદા થયું. તેમાંથી બસો મણ અનાજ રાખમાં ભેળવીને, દબાવીને કોઠારમાં રાખી દીધું. આમ દર સાલ એ કરતો ગયો હવે ખાવા ઉપરાંત જે અનાજ વધ્યું તેનો સંગ્રહ કર્યો તે થયું સંચિત કર્મ અને જે ખાધું તે થયું પ્રારબ્ધ કર્મ અને નવીન ઉત્પન્ન કરતો ગયો તે થયું ક્રિયમાણ કર્મ.

સંચિત કર્મનો નાશ જ્ઞાનરૂપી અગ્નિથી થાય છે. ગીતામાં ભગવાને કહ્યું છે કે.

ज्ञानाग्नि दग्ध कर्माणी ।

અને પ્રારબ્ધ ભોગવ્યા સિવાય નિવૃત્તિ થતી નથી ગીતાના માહાત્મ્યમાં કહ્યું છે કે **प्रारब्ध भुज्य मानस्य ।** ઘણે ઠેકાણે ગ્રંથોમાં કહ્યું છે કે પ્રારબ્ધ કર્મ ભોગવ્યા વગર છુટકો નથી. જે જ્ઞાની છે તે આનંદપૂર્વક ભોગવે છે અને જે અજ્ઞાની છે તે રુદન કરતાં કરતાં ભોગવે છે; પરંતુ અવશ્ય ભોગવવાં પડે છે. તેમજ ક્રિયમાણ કર્મ શ્રીકૃષ્ણને અથવા બ્રહ્મને અર્પણ કરી દેવાથી ફળ નથી મળતું. જેનું નામ નિષ્કામ કર્મ રાખવામાં આવ્યું છે અને ભગવાને અર્જુનને જે નિષ્કામ કર્મ યોગ બતાવ્યો છે તથા વેદાંતના ગ્રંથોમાં અને ઉપનિષદોમાં જે રીતે નિષ્કામ કર્મ કરવાની આજ્ઞા આપી છે તે પ્રમાણે કરવાથી તેનું ફળ જ્ઞાન મળે છે અને જ્ઞાનનું ફળ શાંતિ એટલે કે મુક્તિ મળે છે.

આ પ્રકારે કર્મોનું વર્ણન બીજા અનેક ગ્રંથોમાં આપવામાં આવ્યું છે માટે જે જિજ્ઞાસુઓને જાણવાની ઈચ્છા હોય તેમણે તે ગ્રંથો દ્વારા જાણી લેવું. અહીં સ્વામીજીએ એ સંક્ષેપમાં બતાવ્યું છે. સ્વામીજીએ અંતમાં કહ્યું છે કે બ્રહ્મ સ્વરૂપ બનીને રહો એટલે કે અભેદપણાને ધારણ કરીને જીવન વ્યતીત કરો. આટલો ઉપદેશ આચાર્યશ્રોએ ઉપદેશ-પંચક દ્વારા બતાવ્યો છે. આચાર્યશ્રીના બનાવેલ આ પંચકનો પુરેપુરો અર્થ કરવામાં કોઈ વિદ્વાન પણ સમર્થ નથી તો હું તો તુચ્છ, અલ્પ બુદ્ધિવાન શું કરી શકું ? પરંતુ નિરક્ષર કચ્છી ગ્રામ્ય નિવાસી આ સ્થુલ ઉપદેશ સમજી શકશે તો એથી મારો પરિશ્રમ સફળ થશે.

હવે ઉપ-સમાપ્તિ કરું છું.

પ્રથમ કહ્યું કે ઈશ્વરની પ્રસન્નતા માટે મુખ્ય પ્રેમ અને ભક્તિની જરૂર છે. પછી એ ભક્તિની ઉત્પત્તિ માટે ઈતર સાધનોની જરૂર છે. એ સાધનોનું યથા બુદ્ધિ અનુસાર વર્ણન કર્યું અને એ સાધનો દ્વાર ઈશ્વર-ભક્તિની પ્રાપ્તિથી જ્ઞાન, અને જ્ઞાનથી અખંડ બ્રહ્મની પ્રાપ્તિ થાય છે તે બતાવ્યું. બ્રહ્મ પ્રાપ્તિ એજ ઈશ્વરની પ્રસન્નતાનું ફળ છે. એનાથી અધિક બીજુ કશું જ આ બ્રહ્માંડમાં નથી. આથી હે પ્રેમીજનો ! આ ભારત ભૂમિમાં મનુષ્ય જન્મ પામીને પોતાનો ઉદ્ધાર કરવા માટે અવશ્ય પ્રયત્નશીલ થજો. ભારતની જનતા માટે આવા ગ્રંથની કંઈ જરૂર નહોતી, પરંતુ કચ્છી ગ્રામ્ય ભાઈ-બહેનોના મારા પ્રત્યેના અદ્ભુત પ્રેમ અને વિશ્વાસને લીધે એક પત્ર સમાન માનીને ભાવિકોને મોકલું છું- અન્ય કશું જ પ્રયોજન નથી.

ભજન-પ્રસાદી

પૂ. શ્રી ઓધવરામજી મહારાજે ભજનો પણ લખેલાં. એમનાં સ્વરચિત ભજનોમાંથી પ્રસાદી રૂપે અહીં થોડાંક ઉતાર્યાં છે.

(રાગ-પરજ તાલ દીપચંદી)

૧

ધરજે ધરજે હરિનું ધ્યાન, ધીરજ મન આણીરે,
મૃગજળ જેવો આ સંસાર, એવું નિશ્ચે જાણીરે—ટેક.

સ્વાર્થ સારૂં કરે સૌ સ્નેહ, જગતની એ રીતી રે,
વિશ્વનાથ વિષે ચિત્ત ધાર, પૂરણ કર પ્રીતિ રે-૧

સમજી લેવુ ચતુર સુજાણ, માયા ઠાઠ ખોટાં રે,
એને જાતાં ન લાગે વાર, પાણી પરપોટા રે.-૨

આ છે ચંચલ ચપલા જેમ, આયુ અસ્થિર તારી રે,
અંતે જાવું એકાએક, હરિ લે સંભારી રે-૩

એવું સમજી ચેત અચેત, પ્રભુ સ્મરણ કરવું રે,
એમ કહે છે ઉધ્ધવદાસ, બીજું પરિહરવું રે-૪

(રાગ-રામગરી તાલ દીપચંદી)

૨

રામ ભજો રૂડી રીતથી, સુખ નિજાનંદ લેવા,
અંતર ટોળા આપદા, કરો હરિ ગુરૂની સેવા-ટેક

વાચ્ય વિલાસને પરહરિ, ધ્યાન સમયને વીતો;
કામ ક્રોધાદિ વેરી મોક્ષનાં, શુભ વૈરાગ્ય જીતો-૧

પૂર્ણ પરિબ્રહ્મને જુઓ, વેદ શાસ્ત્ર વિચારી,
સત ચિત આનંદ રૂપને, લ્યો અંતરમાં સંભારી-૨

ગજ ગણિકા ને ભીલડી, પાપી અજામિલ જેવા;
ભજન પ્રતાપે ઉગર્યા, અધમ હતા તે કેવા-૩

ભજન મહિમા શું કહું, શેષ પાર ન પાવે;
ઉદ્ધવદાસ કહે હરિ ભજો, ફરી જન્મ ન આવે-૪

(રાગ-રામગરી તાલ દીપચંદી)

૩

અખંડ સ્વરૂપી આત્મા, મન વાણીમાં નાવે.
નેતિ નેતિ કરીને સ્તવે, વેદ પાર ન પાવે-ટેક.

ઋષિ મુનિ સૌ તેને કહે, નામ રૂપથી ન્યારો;
અકળ અનાદિ અનંત છે, વર્ણ બાવનથી બહારો-૧

દૃશ્ય પદારથ માનજો, રજ્જુ ભુજંગની રીતે,
એક અખંડિત બ્રહ્મ છે, જુઓ વિચારી પ્રીતે-૨

વૃક્ષ છાયા વૃક્ષરૂપ છે, બાળ બુદ્ધિ ભિન્ન માને;
અનુભવી સંત વિવેકથી, કાર્ય કારણ કરી જાને-૩

સ્વપ્ન પદારથ સ્વપ્નમાં, દ્રષ્ટા રૂપ જ જાણો;
ઉધ્ધવદાસ તેમ વિશ્વને, બ્રહ્મ અભિન્ન પ્રમાણો-૪

(રાગ-રામગરી તાલ દીપચંદી)

૪

ઉલટ ફરીને ગોતજો; વસ્તુ છે નિજ ઘરમાં;
બહાર ગોતેથી નહિં જડે, જાગી જુઓ અંતરમાં-ટેક

કસ્તુરી મૃગ નાભીયે; ગોતે વનમાં ઘાસે;
અજ્ઞાને તેમ આથડે, સર્વ પ્રકાશી પાસે-૧


શશી ચાહે જેમ શીતને, ભાનુ તેજને ચાહે;
તેમ ચાહે છે બ્રહ્મને, જોયા વિણ પોતા માંહે-૨

ગુરૂગમ સાર વિચારજો, બેસી ચોક્કસ સ્થાને;
સમદમ સાધન સાધીને, સોહં ને ધરો ધ્યાને-૩

દ્વૈત ભરરમનો ભાસ તે, એક ઘડીમાં નાશે;
સત ચિત આનંદ આત્મા, ઉદ્ધવ ઉરમાં પ્રકાશે-૪

પૂ. મહારાજશ્રીના હસ્તાક્ષર

★



મહારાજશ્રી ઓધવરામજીએ પોતાના એક શિષ્ય પર લખેલા પત્રમાંથી...

realpatidar.com





શ્રી વાલરામ ચાલીસા

: દોહા :

વિઘ્ન વિનાશક વંદઉ વરદાયક ગણરાય ।
પ્રસન્ન હો હે શારદા ગુરૂવર લાગું પાય ॥૧॥
વાલરામ વર દીજીયે દર્શન દીજો આય ।
ઓધવરામ અંતર વસો જો ગુણલા નિત ગાય ॥૨॥


: ચોપાઈ :

વાલરામ વંદઉ વરદાયી, તુમ્હરી કૃપા માનુજ તન પાયી ॥૧॥
સફલ જનમ કરહું ગુણ ગાઈ, ઐસા વર દો હે વરદાયી ॥૨॥
વાલરામ જય વિજય તુમ્હારી, નામ તુમ્હાર હૈ મંગલકારી ॥૩॥
જો જન લેત હૈ શરણ તુમ્હારી, દુઃખ મિટ હી સુખ પાવત ભારી ॥૪॥
માત ગોમતી કે તુમ્હ જાયા, પિતા ગાંગજી સબ મન ભાયા ॥૫॥
ધર્મ સ્થાપને કો તુમ્હ આયા, અધર્મ નસાવન હે ગુરૂરાયા ॥૬॥
ભકતજનો કે દુઃખ કો હર્તા, સબ જીવો કે તુમ હો ભર્તા ॥૭॥
તુમ કારણ હો જગ કે કર્તા, સત્ય કહહું પ્રભુ આપ અકર્તા ॥૮॥
વાલરામ વર દો હે દાતા, જનમ સફલ કરહું વરદાતા ॥૯॥
તુમ્હરે દ્વાર પે જો જન આતા, સુખ પાકર મન હી હરખાતા ॥૧૦॥
શ્વેત વસ્ત્ર ઉર કફની ધારી, મનહર મૂરત મંગલકારી ॥૧૧॥
ભુજ પ્રલંબ નિજ જન ભયહારી, મુખ મંડલ જની મદન મુરારી ॥૧૨॥
કરકમલ લક્ષ્મી વરદાયક, તુમ્હ સમ નહીં કહું ઓર સહાયક ॥૧૩॥
નહિં મૈં ભક્ત નહિ મૈં લાયક, તદપિ વરણ કરો વરદાયક ॥૧૪॥
વાલરામ જય જય હો તુમ્હારી, યોગેશ્વર તુમ્હ સારંગ ધારી ॥૧૫॥
ચક્ર સુદર્શન પંચ-જન ધારી, મિત્ર મુરારી કો ગાંડિવ ધારી ॥૧૬॥
સુરમુની દનુજ મનુજ યશ ગાતે, અષ્ટ સિદ્ધિ નવ નિધિ કો પાતે ॥૧૭॥
આઠોં પ્રહર તુમ્હરે ગુણ ગાતે, ભુક્તિ મુક્તિ સબ સંપત્તિ પાતે ॥૧૮॥
વાંઢાય તીરથધામ સુહાયે, કચ્છ કી કિરત કોટી બઢાયે ॥૧૯॥
ભારત કે ગુણ સુરજન ગાયે, વાલરામ તુમ્હ યહાં પગુ ધાયે ॥૨૦॥
હરિદ્વાર હરિહર કર વાસા, કચ્છી આશ્રમ આપ નિવાસા ॥૨૧॥
વાલરામજી ઘાટ મનોહર, ગંગધાર અરૂ સપ્તસરોવર ॥૨૨॥
મૂરચબાણ ભૂમિ મન ભાવન, પતિતન કો કરતી અતિ પાવન ॥૨૩॥
મૂરત મનોહર મદન લુભાવન, દર્શન કરતે લોગ લુભાઈન ॥૨૪॥
પાછે ક્ષેત્રપાલ અતિ વીરા, મેટત જન્મ પત્ર ગ્રહ પીડા ॥૨૫॥
જહાં પદ પડ્યો ધન્ય ભઈ ધરણી, પદરજ કણકણ કોટિક તરણી ॥૨૬॥
નારાયણસર તીર્થ મનોહર, વાલરામજી દિવ્ય સરોવર ॥૨૭॥
જીવન્હ હિત ભયે મનુજ સ્વરૂપા, તદપિ ચિન્મગ બ્રહ્મ સ્વરૂપ ॥૨૮॥
તુમ્હ બ્રહ્મા હો વિષ્ણુ મહેશા, તુમ્હ સચરાચર હો જગદીશા ॥૨૯॥
કલિયુગ કે દુઃખ દોષ નસાવન, કરન આયે પતિતન કો પાવન ॥૩૦॥
વાલરામ મધુમંગલનામા, લીલા તૈં પ્રગટે સુખધામા ॥૩૧॥
ધામધરા પુત આપ પ્રદાતા, સંકટ મોચન મુક્તિ કો દાતા ॥૩૨॥
દૈહિક દૈવિક ભૌતિક તાપા, મિટઈ મૂલ તવ ચરણ પ્રતાપા ॥૩૩॥
ઓધવરામ કે શિષ્ય કહાયે, સબ શિષ્યન કે મન કુ ભાયે ॥૩૪॥
ગૌ બ્રાહ્મણ સંતન્હ મન ભાયે, સાધક સિધ્ધ સુરન્હ ગુન ગાયે ॥૩૫॥
પ્રેત પિશાચ ભૂત ભગાયે, રાગરોગ દંભ દોષ નસાયે ॥૩૬॥
સદ્‌ગુરૂ ચરણ શરણ જીન્હ લીન્હા, સહજ સુલભ મુક્તિ કર લીન્હા ॥૩૭॥
યહ ચાલીશા રચ્યો રચાયો, મૈં ઉર અંતર જાકર પાયો ॥૩૮॥
શ્રદ્ધા સહિત જો સુને સુનાયે, અનાયાસ ભવ જલ તર જાયે ॥૩૯॥
વાલરામ પ્રભુ આપ ગુંસાઈ, હરિ ! દાસ ઉર રહો સદાઈ ॥૪૦॥

: દોહા :

વાલરામ ગોમતી સૂત હૈ ! મતિ ગતિ મોરે આપ વાણી અન્ય ન ઉચ્ચરે જપે તુમ્હારા જાપ

ગુરૂવર વાલરામ કી જય, ગુરૂવર ઓધવરામ કી જય, બોલો ભાઈ સબ સંતન કી જય


ॐ
realpatidar.com
ઓધવ ગ્રાફિક્સ - મુંબઈ
ફોન : ૩૨૯૩ ૬૧૬૩ / ૯૮૬૯૦ ૮૦૩૪૫
realpatidar.com